

F. Spiegel.





Eugen Wilhelm.

ખોર્દેહ અવસ્તા,

એરન સી. દી હાર્લે, દાકતર ઑાવ લિત્રિચર,

તે લુવેનુની, પાઠશાળાના એક પ્રોફેસર,

એઓએ કરેલા અવસ્તાના ફ્રેંચ તરજુમાં ઉપરથી

ગુજરાતી તરજુમો,

ખુલાસાની પુષ્કળ નોટો સાથે.

ગુજરાતીમાં ભાષાંતર કર્તા

અર્એપત્ મેહેરજીભાઈ પાલનજી માદન,

તે પેરીસની એશ્યાતીક સોસાયતિ, ઇત્યાદીનો સભાસદ તથા

યજશ્નને અને ગાથાઓ તથા વન્દિદાદનો ફ્રેંચ ઉપરથી

તરજુમો કરનાર.

મુંબઈ:

મુંબઈ સમાચાર છાપખાનામાં,

માણેકજી બરજોરજી મીનોચેહેર હોમજીનાએ છાપ્યું છે.

સને ૧૮૮૭.

30460

KHORDEH AVESTA

TRANSLATED INTO GUJARATI

FROM

AVESTA, LIVRE SACRE ZOROASTRISME TRADUIT DU TEXTE ZEND PAR

BARON C. DE HARLEZ, LL.D.,

PROFESSEUR A L' UNIVERSITIE DE LOUVAIN,

WITH COPIOUS EXPLANATORY NOTES.

BY

AERPAT MEHERJIBHÁI PÁLANJI MÁDAN,

MEMBER, SOCIETE ASIATIQUE, PARIS, AND AUTHOR OF A GUJARÁTI TRANSLATION OF THE VENDIDAD AND YAÇNA AND THE GÁTHÁS.

Bombay:

PRINTED BY MANECKJI BARJORJI MINOCHERHOMJI AT THE "BOMBAY SAMACHAR" PRESS.

1887.

નેકનામ શેઠ ફરાંમજીં દીનશાહજી પીટીટ.

જેઓ

પોતાના માનવંતા પિતાને પગલે ચાલી જરથોશ્તી
ધર્મના અભ્યાસને ખીલવવાની વખાણવા
જોગ ઉલટ ધરાવે છે

તેમને

આ પુસ્તક

કર્ત્તાએ માનપૂર્વક અર્પણ કર્યું છે.

સુચના.

સર દીનશાહજી માણેકજી પીટીટ, નાઈટનો, સર જમશેદજી જીજીભાઈ ત્રાન્સ્લેશન ફંડના ત્રસ્તી સાહેબોનો અને બીજા સાહેબોનો, તેઓએ આ પુસ્તક તૈયાર કરવામાં આપેલી મદદ માટે આભાર માનવાની રજા લઉં છું.

મેં૰ પા૰ મા૰

પ્રોફેસરો શ્પીગલ, હાર્લે અને વિલહેમ.

જરથોસ્તી ધર્મને લગતી શોધખોલ કરનારા યુરોપ ખંડના જે નામીચા વિદ્વાનોનાં નામો પારસીઓને આ તરફ જાણીતાં છે, તેઓ માહેલા ત્રણ ગ્રહસ્થોની છબી આ પુસ્તકની શરૂઆતમાં આપવામાં આવી છે. એઓમાંનો પેહલો દાકતર શ્પીગલ, વન્દિદાદ તથા યજશ્નને અસલ જંદ ભાષામાં તેમની પેહેલવી શરેહ સાથે છપાવી બાહાર પાડવા તેમજ તમામ અવસ્તાનો તરજુમો જબાનશનાસીને કાયદે પેહેલવેહેલો રચવા માટે મશહુર થયલો છે. અવસ્તા ભાષાના આજના તમામ યુરોપ્યન વિદ્વાનો તરફથી તેઓ એક પિતા સમાન માન મેળવે છે, અને તેઓમાંના ઘણા ખરા તેમના શિષ્યો થાય છે. ઘણી બુજોર્ગ વયે પોહોંચવા છતાં એરલાંનગનની નામીચી જરમન પાઠશાળામાં એઓ હજી પણ ઇરાની સાહીત્યનો અભ્યાસ કરાવે છે, તથા અવાર નવાર જરથોસ્તી ધર્મના સવાલો વિષે ચોપાન્યાંઓમાં લખાણ કરતા રહે છે.

પ્રોફેસર હાર્લે લુવેનની પ્રખ્યાત પાઠશાળામાં ઇરાની સાહીત્યના શિક્ષાગુરૂ છે, અને તેમનો કેટલોક હેવાલ વન્દિદાદના મારા તરજુમામાં હું આપી ગયો છું.

પ્રોફેસર વિલહેમ પ્રોફેસર શ્પીગલના જમાઈ થાય છે, અને તેઓબી યેનાની જરમન પાઠશાળામાં અવસ્તા ભાષાના શિક્ષા ગુરૂ છે. એઓએ અવસ્તા ધર્મને લગતાં ઘણાંક લખાણો બાહાર પાડયાં છે, અને એમની કાબેલ્યતની યુરોપમાં ઘણી વખાણ થાય છે.

દીબાચો.

ખોર્દેહ અવસ્તા અથવા નાહાના અવસ્તા અને અવસ્તા સાદે યાને મોટા અવસ્તા વચ્ચે ફરક એ છે કે, પાછલામાં અથોરનાનો તરફથી જરથોશતીઓની નઇયતે, રોજ અથવા કોઇ ઠરાવેલ દિવસે, અને દરેમેહેરમાં આતશના કેબલા નજદીક કરવામાં આવતી, યજશ્ને વગેરે બંદગીની જાહેર ક્રિયાઓ સમાવવામાં આવેલી છે, ત્યારે ખોર્દેહ અવસ્તાની બંદગી ખાસ ભક્તિભાવ મેલવનારી, ઘરમાં ખાનગી કરવાની, તથા સઘલા દિવસોને માટેની મુકરર કરેલી હોય છે. ખોર્દેહ અવસ્તાને રોમન કેઠલીકોની *Missel* અને *Breviaire* સાથે અને અવસ્તા સાદેને તેમની *Rituel* સાથે સરખાવી શકાય.

ખોર્દેહ અવસ્તાને બે મુખ્ય ભાગોમાં વેંહેંચી શકાય: (૧) યસ્તો કે જેઓ ઘણોજ મોટો અને ઘણોજ અગતનો ભાગ રોકે છે, અને (૨) અને બીજી નાહાની બંદગીઓ.

યસ્ત: "યસ્ત" શબ્દ "યસ્ન" શબ્દને લગતાજ ધાતુ "યજ્"=વખાણ ગાવી, આરાધના કરવી ઊપરથી નીકલે છે; કદાચ એ બંને શબ્દો એકજ છે, અને છેડેનો "ન" અક્ષર વાંચણમાં બગડીને "ત" થયો છે; પણ વધારે સંભવીત બનાવ "યજ્" નો ભૂતકૃદંત "યસ્તૅમ્" થઇને પછી તે ઊપરથી "યસ્ત" શબ્દ બનવાનો લાગે છે.

ખોર્દેહ અવસ્તા અને યસ્તો હંમેશ અવસ્તા સાદેનાં જેટલું માન ધરાવતા આવ્યા નથી, કારણ કે જ્યારે વન્દિદાદ અને યજશ્નેનો પેહેલિવમાં તરજુમો કરવામાં આવેલો છે, ત્યારે એમનો તરજુમો થયો નથી. ખોર્દેહ અવસ્તાના કેટલાક ભાગોનો બી તરજુમો થયલો છે ખરો, પણ તે ઘણા પાછલા વખતનો અને જુદા જુદા જમાનાનો છે; પરંતુ એ તરજુમો સામાન્ય રીતે અવસ્તા સાદેના તરજુમાથી ઊતરતો નથી. દરેક મજદયસ્ની યજતની ખાસ યસ્ત છે, પણ આપણી પાસે એમનામાંની માત્ર ૨૨ યસ્તોજ રહેલી છે. જેમનામાંની બે યસ્તો ખુદ યસ્નમાં દાખલ થયલી છે; એમાંની એક હઓમને લગતી છે, કારણ કે હઓમની ક્રિયા યજશ્નેમાં મુખ્ય ભાગ બજાવે છે; અને બીજી સ્રઓષ (યસ્ત રાતની વડી) છે, અને તેને યસ્તમાં દાખલ કરવાનું કા-

રણ એ છે કે, તેને પવિત્ર દીનની તાબેદારી, ધર્મની ક્રિયાઓ વફાદારીથી અમલમાં મેળવવાને લગતી અગત્યની બાબતનો અલંકાર આપેલો છે.

ઓર્દેહ અવસ્તાની ૨૦ યસ્તો ઘણાજ બળવંત ગણાતા યજતોનું વર્ણન ધરાવે છે. સીરોજાને લગતા યજતો જેમને મહિનાના દિવસો અર્પણ કરેલા છે, તેમનાં સંબંધમાં તેઓ જોડાએલી છે.

યસ્તો માત્ર ધર્મ સંબંધી બારયતજ ધરાવતી નથી, તેઓમાં માત્ર સઘળી સાદી અને સ્વચ્છ બંદગીઓજ નથી, પણ તેઓમાં ચોકસ પ્રકારની અલંકારી કવિતાઓ સમાયલી છે; અને તેમને જોડનારાઓ પોતે અંદર કેટલીક દંતકથા દાખલ કરવાનો વિચાર રાખતા ન હતા, એમ કહેવું મુશ્કેલ લાગે છે. દાખલા તરીકે મિથ્રની રથ વિષેનું જે વર્ણન આપવામાં આવ્યું છે, તેમાં કેટલોક અલંકાર દાખલ કરવાને તેના કર્તાનો ખચીત ઇરાદો હોવો જોઇએ.

સઘળી યસ્તો એકજ ગોઠવણથી અને એકજ સમુદાય તરીકે રચાયલી નથી. તેમનામાની ઘણીકો જુદાં જુદાં ગાયણોની અને જુદા જુદા ફકરાઓની બનેલી છે, અને તેમાંનાં કેટલાંકનું લખાણ વળી બગડેલું લાગે છે. દાખલા તરીકે ૧લી અહુરમજદ યશ્તમાં એકજ મતલબના બે ભાગો ૧થી૧૨ અને ૧૩થી૩૦ સુધીના ફકરાઓના જોવામાં આવે છે. જેઓમાં ખોદાતાલાના કીર્ત્તિમંદ નામો અને તેમના ગુણો દર્શાવવામાં આવેલા છે. એ પછી ૩૧થી ૪૯ સુધીના ફકરાઓ એક બીજાથી છુટા અને કાંઇબી સંબંધ વિનાના છે, અને તેમને અહીં શા માટે દાખલ કર્યાં છે, તે સમજાતું નથી. હફતન યસ્ત યાને બીજી અમેશાસ્પેન્તઓની યશ્તમાં થોડોજ ભાગ ૧થી ૪ અને ૬ થી ૮ સુધીના ફકરા તેમની તારીફમાં છે; સેવટનો ભાગ તો માત્ર મંત્રની બંદગીનો છે.

અષવહિશ્તં અને હઉર્વતાત અમેશાસ્પેન્તઓની ખાસ યસ્તો છે, અને તેમની બંદગી બુરા મિનોઓને હાંકી કાહાડવા માટે ઉપયોગી છે.

પાંચમી અર્દ્વિસૂર અનાહિત યસ્તનો સરૂઆતનો ભાગ કવિતામાં રચાયલું એક કીર્ત્તન છે, જે યસ્નના ૬૪માં હામાં પણ જોવામાં આવે છે.

૧૦ મી મિથ્ર યસ્તમાં એ યજતની રથ તથા સરઘસનાં બેવર્ણનો છે, જે બંને એકસરખાં નથી અને તેથી તે બે જુદા જુદા કવિઓનાં બનાવેલાં લાગે છે. સરખાવો એ યશ્તના ૬૭ થી ૭૨ સુધીના અને ૧૨૪ થી ૧૨૮ સુધીના ફકરાઓ. ૧૭નુ યસ્ત પણ બે છુટા કકડાઓની બનેલી છે.

યસ્તો આપણને જાણવાજોગ અને અગતની એટલા માટે છે કે, તેમાં જરથોશ્તી ધર્મનું મૂલ જોવામાં આવે છે. એમાં અસલ ઈરાંનની કવિતાઓ, અને તેને લગતી દંતકથાઓ આપણી આગળ ધરવામાં આવે છે. તેઓ પેહેલવાનોને આપણી સનમુખ ધરી લડાઈમાં અને પરાક્રમો કરવામાં તેમને મદદ આપે છે; ઈરાંની પ્રજાને ઉત્તર તરફના જાહુકના લુંટારાઓ તથા જુલમગારો સામે હંમેશ લડાઈમાં રોકાયલી આપણે તેમાં જોઈએ છીયે. એ યસ્તોમાં જે યજતઓને વખાણવામાં આવે છે, તથા જેઓ તેમાંની દંતકથામાં મોટો ભાગ બજાવે છે, તેઓ તે વખતના છે કે જ્યારે ઈરાંનીઓ હજી ઘણા દેવતાઓને માનતા હતા અને જે વખતે તેઓ આર્ય હીંદુઓ સાથે જોડાયલા રેહેલા હતા. એ યજદો હઓમ, વાયુ, મિથ્ર છે. અવસ્તાના આ ભાગોને તેમજ અવસ્તા સાદેના એવાજ પ્રકારના ભાગો (જેવા કે યજશ્નેના હા ૯, ૧૦, ૧૧, ૬૪ વગેરે)ને ઘણુંકરી જરથુશ્ત્રનાં ચોખ્ખાં ફર્માનો દર્શાવનારા ગાથાઓ સાથે સરખાવવાથી, યસ્તોમાં ઈરાંનનો અસલી મહજબ તથા જરથુશ્ત્રએ નહીં ફરમાવેલા દેવતાઓ દાખલ થયલા જણાઈ આવશે. ગાથાઓ માત્ર ખોદાતાલા અહુરમજદ અને ઘણા ઉત્તમ ખાસ્યતના યજદો જેવા કે, અષ, વોહુમનો અને આર્મઈતિ તથા સરોષ વિષેજ જાણે છે. વળી, પાછલથી ઘુસાડવામાં આવેલા દીસતા બે ભાગો (હા ૩૦ ના ફકરા ૨થી૬ અને હા ૪૪નો ફકરો ૨) જેમાં બંને મિનો લગભગ એકસરખી શક્તિના ચિતાર્યા છે, તે સિવાય ગાથામાં સઘલે ઠેકાણે બુરા મિનોને ખોદાતાલાથી ઊતરતો, અને તેની સત્તાને સદનતર તાબેદાર બતાવેલો છે. એજ બેશક માઝ્દયસ્નનો ખરો તત્વ છે. વળી ગાથામાં કાંઈ ખુદ આતશની આરાધના નથી; તેને લગતી જે આરાધનો છે, તે કાંઈજ નહીં પણ અહુરમજદની બંદગી અને ભેટોનું વર્ણન છે; બળતા આતશ વિષે તેમાં એકજવાર બોલવામાં આવ્યું છે. આ અગતની બાબત ઊપર અમે જરથુશ્તના સાગીર્દોનું સઘલું ધ્યાન ખેંચે છીએ.

યસ્તો કયા જમાનામાં જોડાઈ હતી, તે આપણને જણાયલું નથી. તેનો થોડોક ભાગ ઘણાજ પુરાતમ વખતનો, જરથુશ્ત્રનીબી આગમચનો જોડાયલો હોવો જોઈએ, કારણકે, તેમાં એકથી વધુ જગોએ આઠ આઠ પદના શ્લોકોમાં કીર્ત્તન બનેલાં જોવામાં આવે છે, જે કીર્ત્તનોની લીટીઓમાં "અહુર-ધાત," "મજદ-ધાત" જેવા શબ્દો, જરથુશ્ત્રનાં ફરમાનોને બેસતા થવા માટે પાછલથી ઊમેરાયલા હોવાથી, એ લાઈનો ગાવામાં તુટી જાય છે. પણ ઘણો મોટો ભાગ એકીમેનિદ (હખમની) વંશના રાજાઓના વખતમાં જોડાયલો

દીસે છે. દાખલા તરીકે ૫મી યશ્તના ૧૨૬થી ૧૨૯માં ફકરાઓમાં અર્દ્વિસૂર યજતનાં બાહાવલાંનો ચીતાર આપવામાં આવેલો છે, અને આપણે જાણીયે છિયે કે, પાદશાહ બીજા આર્તાક્ષરક્ષિસે શહેરોમાં અનાહિતનાં બાહાવલાં દાખલ કર્યાં હતાં. એટલા માટે એ યસ્ત એ જમાનાની હોય એમ લાગે છે.

યશ્તોનો મોટો ભાગ શ્લોકોમાં લખાયલો છે પણ સઘળા ભાગને તેવી હાલતમાં લાવવા માટે તેમાંના શબ્દો કહાડી નાખવાને થતી કોશેશ ઘણી ખોટી છે.

ખોરદેહઅવસ્તાના બાકી ભાગમાં જુદા જુદા પ્રકારની બંદગીઓ છે, જેમની મતલબ તેમાંથીજ માલમ પડશે. પણ એ મધેના બે ભાગ ખાસ વર્ણનને લાયક છે. પેહેલો આફ્રીગાન ગાહમ્બારના ૭ થી ૧૩ ફકરાઓને લગતો છે, જેમાં રતુ (યાને દસ્તુર) પોતાના નીભાવનું એક સાધન, જે તેમાં દર્શાવેલો અર્પણ કરવાની યોજના છે, તે અર્પણ કરવા માટે જરથોસ્તીઓને ફરજ પાડવાને જે સત્તા ધરાવેછે તેને લગતી બાબત વિષેનો છે. કમનસીબે તેમાં વાપરેલા શબ્દો ઘણા અનિશ્ચિત છે. પેહેલા ત્રણ અને છેલ્લા વાકયમાં ભેટ અર્પણ નહીં કરનારને ન્યાત બાહાર મેલવાની સત્તા રતુને આપેલી છે. ચોથા અને પાંચમામાં તેની કેટલીક મતા જપત કરી લેવાની અને તેને સરકારે રક્ષણ નહીં આપવાની સજા ફરમાવી છે.

બીજો ભાગ હાદોખ્ત નસ્કને લગતો છે, જેમાં મરણ પછીની રવાનની સરજત અને ભવિષ્યના બદલાનો ખુલાસો કરવામાં આવેલો છે. મજદયસ્ની ધર્મના ઘણોજ વખાણને લાયકના ફત્વાઓમાંનો એ એક ફત્વો છે. પણ એ લખાણ ઘણુંજ પુરાતન દીસતું નથી, કારણકે તેમાં અને વન્દિદાદની ૧૯ મી ફરગર્દ વચ્ચે કેટલોક તફાવત માલમ પડે છે, કે જેમાં એજ બાબતનો ટુંકમાં પણ જુદીજ રીતે ખુલાસો કરેલો છે. વળી **હુમત, હુખ્ત** વગેરે બેહેસ્તની જગાઓનો જે તફાવત બતાવયો છે તે કાંઈ પુરાતન નથી. એ નસ્કમાંથી એક મોટો ભાગ ખોવાઈ ગયો છે, જે સારે ભાગ્યે મિનોખિરેદમાં જલવાઈ રહેલો છે. ચિન્વતપુલ વિષે અથવા કયામત પછી નવી દુન્યા થતી વખતે સઘળાંઓને માફી બખ્ખવામાં આવશે, એવું જે મિનોખિરેદમાં જણાવ્યું છે, તે હાદોખ્ત નસ્કમાં નથી; એ વીચાર બેશક, એ નસ્કના જમાનામાં હજી ફેલાવો પામેલો નહીં હતો. એ નસ્ક અવસ્તા શાહીત્યનો એક ઘણોજ સુંદર ભાગ છે; પણ દલગીરીની વાત છે કે, અશો રવાંનોને મળતા બદલાની વીગત દરશાવનારું લખાણ અંધકાર હાલતમાં રહેલું છે.

સી. દી હાર્લે.

લુવેન, જુલાઇ ૧૮૮૬.

સાંકળ્યું.

યશ્તો.

ન્યાયિશો.

આફ્રિગાનો.

ગેહો.

યશ્તો.

૧. અહુરમજ્દ યશ્ત.

પવિત્ર દીનનો કયો ભાગ ઘણોજ બળવંત અને ઘણોંજ મદદગાર છે તે વિશે અહુરમજ્દ જરથુશ્ત્રને શિખવે છે. એ ભાગ તેનાં નામોની આરાધનાનો છે. કે જે તમામ બુરા મિનોઓ ઉપર ફત્તેહ મેલવે છે, §૧થી૧૧.—અહુરમજ્દનાં બીજાં નામો અને તેમનું બળ §૧૨થી ૩૨.—જુદા જુદા ફરેસ્તાઓને નમસ્કાર, §§૩૩થી૩૬.—અમેશા-સ્પેન્તઓ અહુરમજ્દના પેદા કરેલા છે, § ૩૭.—દુન્યાની આખેરી; માંથ (મંત્ર) વાનીઓ. § ૩૮થી૪૪.

બંને દુન્યાઓનો મૂળ પાયો અહુરમજ્દ છે. તેના આકારનું વર્ણન કરવું ઘણુંજ મુશ્કેલ છે, કારણ કે તેને ધર્મને લગતાં ત્રણ ઘણાંજ જુદાં જુદાં–ઘણા દેવતાઓને લગતા, બે ઇશ્વરી અને વલી એક ઇશ્વરી મહજબોનાં ધોરણોમાં ગુંચવી નાખેલો છે.

અવસ્તામાં સામાન્ય રીતે તેજ એકલો મિનોઇ, સર્વ શકિતવાંન, સર્વ જ્ઞાની, પેદા કરનાર ઇશ્વર તરીકે માલમ પડે છે. તેના મુખ્ય ગુણો આલાકી, બુદ્ધિ, અશોઇ છે. તેને અશો અને સર્વેથી ફાયદેમંદ મિનો "સ્પેન્ત-મઇન્યુશ," દાનાવ સાહેબ "અહુર-મજદાઓ" અથવા માત્ર સાહેબ "અહુર," દાનાવ "મજદાઓ" કેહેવામાં આવે છે.

સઘલી સંપૂર્ણતા તેનેથીજ છે, સઘલી ન્યામતો તેનીજ છે. (જુઓ યજશ્નેના હા ૧ તથા ૭.)

તેની પેદાએશોની હદ સામાન્ય રીતે હાડમંદ દુન્યા.(ગએથનાંમ્ અસ્તવઇતિનાંમ્) માંજ રાખી છે, પણ કેટલાક ફકરાઓમાં તેને અમેશાસ્પે-

ન્તઓ જેવા બુલંદ દરજ્જાના ભલા મિનોઓ, મિથ્ર, વૅરેથ્રઘ્ન (બે-હેરામ) ને પેદા કરનારે તરીકે ઓળખવામાં આવ્યો છે. (જુઓ યશ્ત ૧ ફકરો ૩૭, યશ્ત ૧૦ ફકરો ૧, યશ્ત ૧૪ ફકરો ૧ ઇત્યાદી). એ ફકરાઓ, ખરૂં છે કે, ઘણું કરીને ઘણાજ પાછલા વખતના છે.

એક ઇશ્વરી મઝહબનાં ધોરણમાં અહુરમજ્દ એવા પ્રકારનો છે. બે ઇશ્વિરી મઝહબનું ધોરણ તેનાં બજુ ઉપર ઘણો આંકોશ મેલે છે, તથા તેને હલકું પાડે છે. એ ધોરણ મુજબ તે રોશ્નીનો દેવતા છે, પણ તેનામાં બેહદપણું નથી; આકાશ તથા હંમેશગીની રોશણી તેનું રેહેઠાંન છે; ખરૂં છે કે તેનો આકાર સર્વથી ખુબસુરત છે, પણ તેનો બાંધો સદંતર મિનોઇ બાશ્યત ધરાવતો નથી.

અહુરનીજ માફક હંમેશગી ધરાવનાર બુરા મિનોની હેયાતી ખાસ કરી તેની સત્તા ઊપર આંકોશ મેલેછે, અને ગોયા તેના એક હરીફ દાખલ તે ઊભો રહે છે. અહ્રેમઇન્યુશ યા તેના હજુર્યાઓ અને અંધારાંને લગતા મિનોઓ જેઓ હંમેશ તેની સામે લડે છે, તેનાં કામની આડે આવે છે તથા તેની બનાવતોનો નાશ કરે છે (જુઓ વન્દિદાદ ફર્ગરદ ૧ તથા ૨૨) તેમને તેણે પેદા કર્યા નથી. દુન્યામાં બુરો કેમ દાખલ થયો તે બાબદ મજદ-યસની ધર્મ જે ખુલાસો આપે છે તે રોશ્ણીના મિનોની સત્તાને વધારે ને વધારે આંકોશમાં મેલે છે.

ફરેસતાઓને લગતી અસલ આરાધના જે છેલ્લા એકેમેનિદોના વખતમાં પાછી તાજી કરવામાં આવી હતી તેને લગતાં લખાણો અવસતામાં ઇશ્વિરની જે સર્વથી ચહડતી પંકતી બતાવી છે, તેને વધારે ઊતારી પાડે છે. એ બીના મુખ્ય કરી બે રીતોથી માલમ પડેછે. એક હાથ ઊપર ઊતરતા દર-જ્જાનાં ફરેસતાઓને લગભગ તેમના વડાની પંકતી ઊપર ચઢાવવામાં આવે છે; બીજા હાથ ઊપર તેઓ અહુરથી સદનતર સ્વતંત્ર રીતે કેટલાક ચમતકારો નીપજાવેછે. દાખલા તરીકે હોમની આરાધના કરવાથી અને નહીંકે આકાશના સાહેબની આરાધનાથી પોઊરુષસ્પ જરથુશત્રનો બાપ થવાનો ફાયદો મેલવી શક્યો હતો (જુઓ યજશ્નને હા ૯ ફકરો ૪૩); મિથ્ર પોતાની મરજીમાં આવે તે રીતે તેની ઇતરાજીમાં આવનાર મુલકનો નાશ કરે છે (જુઓ યશ્ત ૧૦, ફકરો ૨૭, ૬૨, ૧૦૧, ઇત્યાદી.)

અહુરમજ્દને કોઈ વાર માત્ર યજતઓમાં સર્વથી ચહડતો કરી ઓ-ળખવામાં આવે છે. કેટલીક યશ્તોમાં તેને પોતાથી ઊતરતા દરજ્જાના ફરેસ્તાઓની આરાધના કરતો અથવા તેના મુખ્ય હમનબદની ખરા-

બીઓ સામે તેમની મદદ મેલવવાને વીનંતી કરતો બતાવ્યો છે. તેને સાત અમેશાસ્પેન્તઓમાં એક ગણવામાં આવેલ છે, તો જોકે તેજ વેલાએ તેને તેમ ગણાવનાર ફકરાઓમાં અમેશાસ્પેન્તઓના પેદા કરનાર તરીકે લેખ્યોછે.

વળી એને લગતા કેટલાક છુટા ફકરાઓ ઇરાનીઓની આગમચના ધર્મ સંબંધી કેટલાક વીચારોની યાદ આપે છે. દાખલા તરીકે યજશ્નેના ૩૦ મા હા ના ૫ મા ફકરામાં નક્કર અને કદી નહી ફેરવાય એવા તત્વોનાં બનેલાં આકાશમાં અહુરમજદને રેહેતો બતાવ્યો છે; યજશ્નેના ૧લા હા માં સૂર્યને અહુરમજદની આંખ તરીકે લેખ્યો છે.

કેટલાક વિદ્વાનો આ છેલ્લા તેમજ એવીજ જાતના બીજા ફકરાઓને આધારે એવું બતાવવા માગે છે કે, અહુરમજદ પ્રથમમાં કોઇજ નહીં પણ આપણને દેખાતું આકાશ હતો. યજશ્નેના ૩૮ મા હામાં 'ગેના' ઓનું વર્ણન છે તે 'ગેના' ઓને તેઓ તેની બાયડીઓ બનાવે છે અને તેમને તેઓ વાદલાંનાં પાણી તરીકે લેખે છે; અને આકાશી પાણી જે અહુરાનીને નામે ઓલખાય છે તેને તેઓ તેની દીકરી બનાવે છે.

પણ એ લખાણોની મતલબ એ અનુમાનની સદનતર વિરૂદ્ધ જાય છે. અહુરમજદ અચળ આકાશમાં રેહે છે એટલા માટે તે પોતે આકાશ ઠરતો નથી. આતશને અને મુખ્ય કરી તેનેજ અહુરમજદના છોકરા તરીકે વર્ણવવામાં આવે છે. પણ આતશને કાંઇ રૂપ આપવામાં આવ્યું નથી; તે કાંઈ ફરેસ્તો નથી. તે માત્ર એક મૂળ તત્વ છે. જુદા જુદા ફરેસ્તાઓ સાથ સંબંધ બતાવવાને બાપ દીકરી વગેરે જે શબ્દો વાપરવામાં આવેછે તે ખચીત અલંકાર રૂપે છે. દાખલા તરીકે ૪૪મા હાના ૪થા ફકરામાં આર્મઇતિને અહુરની દીકરી કહી છે અને એજ હાના સેવટના ફકરામાં તેને આથ્રવનનો ભાઇ તેમજ પિતા લેખ્યો છે. વળી અષિસવંઙ યશ્તમાં આર્મઇતિને અષિની માતા અને રશ્નુ, સરઓષ તથા મિથ્રને તેના ભાઇ તથા મજદયસની દીનને તેની બેહેન તરીકે લેખવામાં આવી છે. આ રીતે માલમ પડે છે કે એ સગાઇને લગતા શબ્દો માત્ર અલંકાર રૂપે વાપરેલા છે.

બેહિસ્તુનના લેખમાં દરાયસના આકારને માથે જે આકાર છે તે માત્ર એ પાદશાહની ફ્રવષિનો છે. તેને અહુરમજદનો આકાર લેખવો, એ તો સઘલી તવારિખને ખોટી પાડવા બરાબર છે કે જેમાં જણાવવા મુજબ કમબાઇસિસ તથા ક્ષરક્ષિસ જેવા ઇરાની પાદશાહો ઇજીપશ્યને તથા ગ્રીક દેવતાઓની મુરતીઓનો નાશ કરવા પાછલ મજબુતીથી લાગ્યા હતા.

૦ ખુશાલ રહો અહુરમજ્દ! યજદોનો સાહેબ અહુરમજ્દ (જેનાં) નામથી (હું આ શરૂ કરૂં છું) તેની કીરતી તથા જોરની વૃદ્ધિ થાઓ! નુરમંદ અને પ્રકાશીત મિનોઓનો મિનો, ઊત્તમ દરજ્જાનો દાદાર અહુરમજ્દ (અમારી મદદે) પોહોંચો! સઘલા ગુનાહોથી (માટે) હું પશેમાન થાઊં છું. (આ) દુન્યામાં જે સઘલા બુરા વિચારો મેં વિચાર્યા હોય, જે બુરા સુખનો હું બોલ્યો હોઊં, જે બુરાં કામો મેં કર્યા હોયે, મારાથી જે બુરૂં નીપજ્યું હોય અથવા જેની પેહેલ મારાથી થઈ હોય તે તમામ મનને લગતા, વચનને લગતા, કરણીને લગતા તથા તન અને રવાંનને લગતા, આ દુન્યાને લગતા તેમજ મિનોઈ જેહાંનને લગતા ગુનાહો માટે, ઓ સાહેબ! હું પશેમાન થાઊં છું. ત્રણ સુખનો (યાને મનશ્ની, ગવશ્ની અને કુનશ્ની) થી હું તે માટે પશ્ચાતાપ કરૂં છું. ખુશાલ રહો અહુરમજ્દ! જે કોઈ ઉત્તમ ખાહેશ સાચી રીતે બજાવે છે તેનથી[1] અંગરો-મઇન્યુશ ધીઃકારાયલો રહો! અષેમ વોહૂને હું વખાણું છું. તમામ ભલા વિચારો, તમામ ભલા સુખનો અને તમામ ભલાં કામોને હું મનશ્ની, ગવશ્ની અને કુનશ્નીથી વખાણું છું. તમામ ભલા વિચારો, સુખનો અને કામોને હું વલગું છું. તમામ બુરા વિચારો, તમામ બુરા સુખનો અને તમામ બુરાં કામોને હું ત્યાગ કરૂં છું. ઓ અમેષાસ્પેન્તઓ હું તમને આ યજશને અને ન્યાએશ (યાને આરાધના તથા વખાણ) અર્પણ કરૂં છું: મારી મનશ્ની, ગવશ્ની અને કુનશ્નીથી, મારાં અંતઃકરનથી, મારાં પોતાનાં શરિરના જાંનને હું તમને અર્પણ કરૂં છું.[2] અશોઇને હું વખાણું છું. મજ્દની પરસ્તેશ કરનાર, જરથોસ્તી, દેવોનો દુશ્મન, અહુરમજ્દના તરીકા મુજબ ચાલનાર (છું એમ) અશોઈની દુન્યાના અશો સરદાર હાવનિની તેમજ અશોઇની દુન્યાના અશો સરદારો સાવઙહિ તથા વીસ્યની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીરતી માટે, તેમજ નુરમંદ અને પ્રકાશીત અહુરમજ્દની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીરતી માટે હું એકરાર કરૂં છું. જોતી 'યથા અહૂ વઇર્યો

---

૧. પેહેલવી સરેહ કરનાર એનો અર્થ આ મુજબ કરે છે: 'જરથુસ્ત્રની જે સર્વેથી ચઢીયાતી ખાહેશ હતી (યાને જેને માટે તેણે ઘણીજ આતુરતાથી હુકમ આપેલો હતો) તે જે કોઇ પવિત્રાઇથી ખરેખરી બજાલાવે છે તેનથી'

૨. પેહેલવી સરેહ કરનાર નીચે મુજબ અર્થ કરે છે: 'જો મારાં રવાંનને ખાતર મને મારો જીવ આપવો જોઇતો હોય તો હું તે આપીશ.'

અથા રતુશ્ અષાતચિત્ હચ્ય.' મને કહે (સમજાવે); અશો (અને) વિદ્વાન (જોતી) તે બોલે.[1]

૧ (૧) જરથુશ્ત્રએ અહુરમજ્દને પૂછયું: હાડમંદ દુન્યાના પેદા કરનાર ઓ ઘણાજ પવિત્ર મિનો, ઓ અશો અહુરમજ્દ!

૨ (૨) પવિત્ર માંથ્ર (મંત્ર) વાનીનો કયો ભાગ ઘણોજ બળવંત, ઘણોજ મજબુત રક્ષણ કરનાર, ઘણોજ નુરમંદ, ઘણોજ અસરકારક, સંપૂર્ણ ફત્તેહવાળો, ઘણોજ તન્દરોસ્તી આપનાર, દેવો તથા (બુરા) માણસોના કપટને તોડી નાખનાર છે? (માંથ્રવાનીનો) કયો ભાગ હાડમંદ દુન્યામાં બુદ્ધીને મદદ કરવા માટે ઘણોજ લાયક છે, કયો ભાગ હાડમંદ દુન્યામાં માણસને પવિત્રાઇ આપવાને ઘણોજ લાયક છે?

૩–૪ (૩) ત્યારે અહુરમજ્દએ જવાબ દીધો: ઓ અશો જરથુશ્ત્ર, અમારાં યાને અમે અમેષાસ્પેન્તઓનાં નાંમો;[2] તે (નામો) પવિત્ર માંથ્રવાનીનો ઘણોજ બળવંત, ઘણોજ મજબુત રક્ષણ કરનાર, ઘણોજ નુરમંદ, ઘણોજ અસરકારક, સંપૂર્ણ ફત્તેહવાલો, ઘણીજ તન્દરોસ્તી આપનાર, દેવો તથા (બુરા) માણસોનાં કપટને તોડી નાખનાર ભાગ છે; તે હાડમંદ દુન્યામાં બુદ્ધિને મદદ કરવા માટે ઘણોજ લાયક છે, તે હાડમંદ દુન્યામાં માણસને પવિત્રાઈ આપવાને ઘણોજ લાયક છે.

૫ (૪) ત્યારે જરથુશ્ત્ર બોલ્યો: ઓ અશો અહુરમજ્દ! ત્યારે તો તારૂં કયું નામ ઘણુંજ મોટું, ઘણુંજ સંપૂર્ણ, ઘણુંજ પ્રકાશીત, ઘણુંજ અસરકારક, ઘણુંજ ફત્તેહમંદ, ઘણીજ તન્દરોસ્તી આપનાર, દેવો તથા (બુરા) માણસોનાં કપટને ઉખેડી નાખવા માટે ઘણું જ લાયક છે તે મને કહે?

---

૧ સરૂઆતથી અહીં સુધીનો ભાગ તમામ યશ્તોને સામાન્ય છે.

૨ [ખોદાયતાલાના નામોનાં ભેદી બળ વિષેનો ખ્યાલ તમામ ઓરીયાતીઓમાં સામાન્ય છે. એ નામોની સંખ્યા વખત જતાં વધતી ગઇ હતી: દસ્તુર નોશિરવાને ખોદાયનાં ૧૦૧ નામો વિષે લખ્યું છે, જયારે દસ્તુર મરજબાંને ૧૨૫ નામો વિષે લખ્યું છે. મુસલમાનો મુજબ અલ્લાહનાં ૧૦૦૧ નામો છે.—તરજુમો કરનાર.]

૬ (૫) જેથી દેવો તથા બુશઓને હું મારૂં, જેથી હું તમામ યાતુઓ (જાદુગરો) અને પઇરિકા (પરી) ઓને હું ઉખેડી કાહાડું અને કોઇ નહીં, નહીં દેવ, નહીં માણસ, નહીં યાતુ કે નહીં પઇરિકા મને મારી શકે.

૭–૮ (૬) અહુરમજદએ ત્યારે કહયું: મારૂં પેહેલું નામ તે છે કે જેની સલાહ લેવાવી જોઇએ (અથવા જેને સવાલો પુછાવા જોઇએ.)[1] મારૂં બીજું નામ ભરવાદ[2] છે. મારૂં ત્રીજું નામ તન આપનાર (યાને પ્રાણીઓ બનાવનાર)[3] છે. મારૂં ચોથુ નામ સંપૂર્ણ પવિત્રાઇ[4] છે. મારૂં પાંચમું નામ મજદની પેદા કરેલી પવિત્ર મૂળની તમામ ન્યામતો છે. મારૂં છઠ્ઠું નામ (એ છે કે) હું બુદ્ધિ પોતે છું. મારૂં સાતમું નામ (એ છે કે) હું બુદ્ધિમાનછું. મારૂં આઠમું નામ (એ છે કે) હું ડાહપન પોતે છું મારૂં નવમું નામ (એ છે કે) હું ડાહપનવાળો છું. મારૂં દશમું નામ (એ છે કે) હું વૃદ્ધિ પોતે છું. મારૂં અગ્યારમું નામ તે છે કે જે વૃદ્ધી આપે છે. મારૂં બારમું નામ અહુર (યાને સાહેબ) છે.[5] મારૂં તેરમું નામ (તે છે કે જે) ફાયદો કરે છે. મારૂં ચૌદમું નામ (તે છે કે જે) દુઃખવિનાનો છે. મારૂં

---

૧ [દિન શિખવનાર; જરથુશ્ત્ર સવાલો પૂછી અહુરમજદથી દિનને લગતા સવાલો શિખતો હતો. એવી રીતે હાંસલ થતા ઇલમને 'સ્પૅન્તો–ફ્રશ્ન' એવાં નામથી ઓળખવામાં આવે છે. જુઓ વન્દિદાદ ફર્ગરદ ૨૨ ફકરો ૧૯.—તરજુમો કરનાર.]

૨ માણસો તથા ગોસ્પન્દોનો સરદાર,

૩ [પેહેલવી સરેહ કરનાર એનો અર્થ 'જોરેમંદ યાને દીનનાં કામો માટે જોરેમંદ' એવો કરે છે. નર્યોસંઘ પોતાના સંસકૃત તરજુમામાં એનો અર્થ 'જોરેમંદ યાને પેદા કરવાનું જોર ધરાવનાર' કરે છે. સ્પીગેલ એનો અર્થ આસપાસ ફેલાવનાર, દાર્મેસ્તેતે જોરેમંદ અને એરવદ કાવસજી કાંગા સર્વવ્યાપક કરે છે.—તરજુમો કરનાર.]

૪ [અષવહિશ્ત, એ ત્રીજા અમેંષાસ્પૅન્તનું પણ નામ છે. સરેહ કરનાર એનો ખુલાસો એવો કરે છે કે, 'મારી પોતાની હૈયાતીજ સઘલી પવિત્રાઇ છે.'—તરજુમો કરનાર.]

૫ [સરેહ કરનાર અતરે વધારે છે કે, જે કોઇ ઊપર જણાવેલા બાર ગુણો ધરાવતો ન હોય તે પાદશાહ થવાને લાયક નથી.—તરજુમો કરનાર.]

પંદરમું નામ અચળ (દ્રધ સ્વભાવનો) છે. મારૂં સોલમું નામ (માણસોનાં સારાં નરસાં કામોના) બદલાની ગણત્રી કરનાર છે. મારૂં સત્તરમું નામ સઘલી જણસોની વ્યવસ્થા કરનાર છે. મારૂં અઢારમું નામ તન્દરોસ્તી આપનાર છે. મારૂં ઓગણીશમું નામ (એ છે કે) હું પેદા કરનાર છું. મારૂં વીસમું નામ (એ છે કે) હું મંજદ (યાને જ્ઞાની) છું.

૯ (૭) મને, ઓ જરથુશ્ત્ર ! દિવસે તેમજ રાતે ક્રિયાથી લવાયલી ભેટો વડી આરાધ. (૮) હું અહુરમજદ તારી કને મદદ તથા ખુશાલી (તનેઆપવા) માટે પોંહોંચીશ. ભલો અને અશો સ્રઓષ તારી કને તારી મદદ તથા ખુશાલી માટે પોંહોંચશે. પાણીઓ તથા ઝાડપાંનો અને અશો લોકોની ફ્રવષિઓ તારી કને તારી મદદ અને ખુશાલીને માટે પોંહોંચશે.

૧૦-૧૧ (૯-૧૧) ઓ જરથુશ્ત્ર ! જો તું ઇચ્છે કે, દેવો તથા બુરા માણસોનાં, યાતુઓ તથા પઇરિકાઓનાં, જુલમગારોનાં, કવિઓનાં અને કરપનોનાં,[1] બે પગવાળા દુષ્ટ લોકોનાં, બે પગવાળા અષમઓઘાઓનાં,[2] ચાર પગવાળાં વરૂઓનાં, મોટા વિસ્તારનાં, મોટાં

---

૧ [કવિઓ તથા કરપનો યાને આંધલાં તથા બેહેરાં તે લોકો છે કે જેઓ ખોદાતાલાનાં ફરમાનો જોતાં કે સાંભલતાં નથી. નાસતીક લોકોને માટે સાસાન્યન પાદશાહોના વખતમાં ધર્મશાસ્ત્રનાં સંબંધમાં એ શબદો વપરાતા હતા. ત્રિજા યજદગરદે (ઇ. સ. પાંચમી સદીમાં) આરમીન્યામાં રાજ્યના ધર્મ તરીકે જરથોસ્તી મઝહબ સથાપવાને જે હુકમનામું બાહાર પાડયું હતુ તેમાં નીચે મુજબના શબ્દો જણાવેલા હતા: તમારે જાણવું જોઇએ કે જે કોઈ શખ્સ મજદના ધર્મ પ્રમાણે ચાલતો નથી તે આંધલો, બેહેરો અને આહરિમન દેવથી ઠગાયલો છે. (જુઓ *Elisacus, The war of Vartan.* —તરજુમો કરનાર.]

૨ [ધર્મને નુકસાન પોંહોંચાડનારા આસમોગો. આસમોગો ત્રણ જાતના વર્ણવેલા છે; ઠગાઇ કરનાર (ફ્રિફ્તાર), પોતાનીજ હુજત પુરી પાડનાર (ખોત-દોશક) અને ઠગાયલો (ફ્રિફ્તાક). પેહેલો અને સર્વેથી ખરાબ આસમોગ તે છે કે જે જાણીજોઇને લોકોને આડે માર્ગે ઉતારે છે, જે કરવાંનું ઘટતું છે તેની મનાઇ કરે છે અને જેની મનાઈ છે તેને કાયદેસરનું ઠરાવે છે; બીજો તે છે કે જે દસ્તુરની સલાહ લેવા વિના પોતાનીજ મરજી

વાવતા[1] વાળાં, ઊંચે પકડેલા ઊંચા વાવતાં વાળાં, ખુનખાર વાવતો લઈ ચાલનારાં દુશ્મન લશ્કર તરફનાં દુઃખોને તું દૂર કરે તો (૧૨) આ નામો તું યાદ રાખી તમામ દીવસો તથા રાતોએ તે ભણ.

૧૨ (૧૩) હું રક્ષણ કર્ત્તા છું, હું પેદા કરનાર અને પોશણ આપનાર છું, હું જ્ઞાની, ઘણાજ દાંહપનવાળો મિનો છું. (૧૪) મારૂં નામ તન્દરોસ્તી આપનાર છે, સઘલાંઓ કરતાં સરસ તન્દરોસતી આપનાર હું કેહેવાવું છું. મારૂં નામ આથ્રવન (અથોરનાન)[2] છે, મારૂં નામ શ્રેષ્ટ આથ્રવન છે; મારૂં નામ અહુર (યાને સાહેબ) છે, મારૂં નામ મજ્દ (યાને જ્ઞાની) છે. ૧૫ હું અશો કેહેવાવું છું. હું સર્વેથી અશો કેહેવાવું છું, હું નુરમંદ કેહેવાવું છું, હું સર્વેથી નુરમંદ કેહેવાવું છું. (૧૬) હું ઘણું જોનાર કેહેવાવું છું, હું સર્વેથી ઘણું જોનાર કેહેવાવું છું, હું દૂર સુધી જોનાર કેહેવાવું છું, હું સર્વેથી દુર સુધી જોનાર કેહેવાવું છું.

૧૩ (૧૭) હું ચોકીઆાન કેહેવાવું છું, હું પરોપકારી કેહેવાવું છું, હું પેદા કરનાર, રક્ષણ કર્ત્તા, પોશણ આપનાર કેહેવાવું છું, હું જ્ઞાની કેહેવાવું છું, હું સર્વેથી જ્ઞાની કેહેવાઊં છું. (૧૮) હું આબાદી આપનાર કેહેવાવું છું, હું તે નામવાળો છું કે જેનો માંથ્ર (કાયદો) આબાદી આપે છે, હું મરજી પ્રમાણે હકુમત કરનાર કેહેવાવું છું, હું ઘણોજ મરજી પ્રમાણે હકુમત કરનાર કેહેવાવું છું. (૧૯) હું નામાકીત પાદશાહ કહેવાવું છું. હું ઘણોજ નામાકીત પાદશાહ કહેવાવું છે.

૧૪ કોઇને નહિ ઠગનાર એવાં નામવાળો હું કહેવાવું છું, જુઠાઈનો નાશ કરનાર હું કહેવાવું છું. (૨૦) સરદારોનો રક્ષણ કર્ત્તા હું

અને અક્કલ મુજબ ચાલે છે; ત્રિજો તે છે કે જેને બીજાઓએ આડે માર્ગે ઊતારેલ હોય છે.—તરજુમો કરનાર.]

૧ [દાર્મેસ્તેતે સંસ્કૃતને આધારે એનો અર્થ હથ્યાર, ભાલા કરે છે: સંસ્કૃતમાં એનો અર્થ शस्त्र કરવામાં આવ્યો છે. ફારસીમાં એનો અર્થ વાવતો તેમજ ભાલો થઇ શકે છે.—તરજુમો કરનાર.]

૨ કશ્યપ અહીં એનો અર્થ આતશનો સાહેબ થાય છે. એની પછીજે બોલ આવે છે તે એ વિચારને ટેકો આપે છે, કારણ કે 'આથ્રવસ્તૅમ' શબ્દ કાંઈ 'આથ્રવન'ની પ્રાકાશ્રા કોટી નથી.

કહેવાવું છું. બુરાઓને સજા કરનાર હું કહેવાવું છું. હું (બુરાઓને) મારનાર કહેવાવું છું. હું તમામ (બુરાઓ)ને તોડનાર કહેવાવું છુ. હું જગતનો બનાવનાર કહેવાવું છું. (૨૧) તમામ દબદબા ધરાવનાર હું કહેવાવું છું. હું પુષકલ ચલકાઠ કહેવાવું છું. હું નુરમંદ કહેવાવું છું.

૧૫. હું તમામ ઊપયોગ ઊત્પન્ન કરનાર કહેવાવુંછું. હું તમામ વૃદ્ધિ ઊત્પન્ન કરનાર કહેવાવું છું. હું ફાયદો કરનાર કહેવાવુંછું. (૨૨) હું પેહેલવાન કહેવાવું છું. હું ઘણોજ ફાયદો કરનાર કહેવાવું છું. હું અશો કહેવાવું છું. હું બુલંદ કહેવાવું છુ. (૨૩) હું પાદશાહી સત્તા ધરાવનાર કહેવાવું છું. હું ઘણીજ બુલંદ પાદશાહી સત્તા ધરાવનાર કહેવાવું છું. હું ઘણોજ જ્ઞાની કેહેવાવું છું. હું ઘણેજ દુર સુધી જોનાર કહેવાવું છું.

૧૬-૧૭. (૨૪-૨૬) એ મારાં નામો છે. જે કોઈ આ હાડમંદ દુનિઆમાં એ મારાં નામોને દિવસે યા રાત્રે ઊઠતાં અથવા સૂતાં, સૂતાં અથવા ઊઠતાં, કુસ્તી બાંધતાં અથવા કુસ્તી છોડતાં, ઘરમાંથી અથવા ગામમાંથી અથવા દેશમાંથી જતાં અથવા બીજા દેશમાં આવી પહોંચતાં યાદ કરે અને ભણે તે શખ્સને,

૧૮. તે દિવસે અથવા તે રાત્રે (૨૭) અઍશ્મએ તોડેલાં (યાને ખોજવાતમાં આવેલાં) મનમાં વાસો કરનાર જુઠાઇનો દેવ કશી ઈજા કરી શકે નહિ, નહિ તીક્ષણ પોલાદ, નહિ ગોફનો, નહિ તીર, નહિ છરી, નહિ ગુરૂજ, નહિ પથરા, તેને ઈજા કરવાને પહોંચી શકે.

૧૯ (૨૮-૩૦) આ નામો ભણવામાં આવેછે ત્યારે તેઓ (એ નામો) જુઠાઈના દેવ સામે, વરૅન્યન બુરાઈ સામે, અપવિત્ર કરવાની કોશેશ કરનારા નાપાક સામે, સઘળાઓને દુ:ખદરદ આપનાર બુરા અહ્રેમઈન્યુશ્ સામે, જે પ્રમાણે એક હજાર માણસો એકલાં માણસને કચ્ડી નાંખી શકે તે પ્રમાણે હથિયાર તથા કિલ્લા તરીકે તે કામ લાગે છે.

૨૦ (૩૧) (ઓ અહુર) તારી આરાધનાના દુશ્મનોને તારી દીન મારફતે કોણ શીકસત આપશે? દુનિઆઓને તેમનો સરદાર[1] (બતા-

---

૧. અહુર અથવા જરથુશ્ત્ર.

૦ પેવા) માટે બચિંતાઇથી મને ડહાપણ શીખવ. જે કોઇને માટે તું ઇચ્છે છે તેની તરફ સંઓષ ભલાં મન સાથે પહોંચે.

૨૧ (૩૨) બાદશાહી (કવિ) ખોરેહને[1] નેમાજ; અઇર્યન-વએજ[2] ને નેમાજ; મજ્દની પેદા કરેલી સઓકને નેમાજ; દાઇત્ય (નદી)ના પાણીને નેમાજ; પવિત્ર અર્દ્વિસૂરના પાણીને નેમાજ; અશોઇની દુનિઆને નેમાજ.

૨૨ (૩૩) અમે અહુનવઇર્યને વખાણ્યે છીએ; ઘણાજ પ્રકાશીત, અમગ, અષવહિશ્તને અમે વખાણ્યે છીએ. અમે કૈવતને, આબાદીને, સત્તાને, ફત્તેહને, નૂરને તથા જોરને વખાણ્યે છીએ. નુરમંદ તથા ખોરેહમંદ અહુરમજ્દને અમે વખાણ્યે છીએ.

૨૩ હૈયાત લોકોમાંના જેઓ આરાધના કરે છે તેમને તેમની પવિત્રાઇને લીધે અહુરમજદ પીછાંણે છે. એઓમાંના નર તથા નારીઓને અમે વખાણ્યે છીએ. ઓ તું પોતાની મેલે પેદા થયલા અહુરમજ્દ!

---

૧ [કવિનો અર્થ પાદશાહ થાય છે, અને એ "બાદશાહી ખોરેહ"નો એલકાબ ખાસ કરી ઇરાંનનાં બીજાં પાદશાહી વંશને લાગુ કરેલો છે. પરધાત અથવા પેશદાદયન વંશ પછી કવિ અથવા કયાંની વંશ સરૂ થયું હતું તેનો છેલ્લો પાદશાહ દરાયસ કોદોમેનીસ ધારવામાં આવે છે. કવિ વંશના મુખ્ય રાજાઓની ટીપ ફરવરદીન યશ્તમાં ૧૩૨ મા અને તે પછીના ફકરાઓમાં આપી છે. ખૂરેનો (ખોરેહ) ત્રણ પ્રકારનાં છે: એક આથ્રવનોનું છે, જેને "આદર પરા" (આદર ફરોબા) નાં નામથી ઓળખવામાં આવે છે; એમાં આથ્રવનોની વિદ્યા સમાયલી છે અને તેનથી તેઓ કામેલ તથા બાહોશ થાય છે. (જુઓ આતશ ન્યાએશનો સંસ્કૃત તરજુમો.) બીજું પાદશાહ પેહેલવાનોને લગતું છે, જેને "આદર ગુષસ્પ" અથવા "આદર ગુશ્નસ્પ" કરી કેહેવામાં આવે છે. એ ખોરેહની મારફતે પાદશાહ કૈખુશ્રુએ ચએચસ્ત સરોવર નજદીક આવેલાં મુર્ત્તિપુંજક મંદીરો તોડી નાખ્યાં હતાં. ત્રિજું ખોરેહ એહુતોને લગતું છે, જે "આદર બુર્જિન મિહિર"નાં નામથી ઓળખાયછે અને જે એહુતોને તેમનો હુનર શિખાડેછે.—તરજુમો કરનાર.]

૨ [ઇરાંનવેજ, એ આદરબઇજાંનમાં આવેલું છે; જુઓ બન્દિહશ ફર્ગરદ ૧લી—તરજુમો કરનાર.]

માણસ તથા માણસ જાતની અને બીજી સઘલી જાતની પેદાએશની એ વૃદ્ધિ કરનાર, સઘળા ભલી દીનના શખ્શોની એ વૃદ્ધિ કરનાર, હું મજ્દયશ્નાનોમાંના બેહેદીનને દીનની આગાહી, દીનપર ઊસ્તવાર રહેવું અને નેકી પહોંચો. આમીન !

(બહમન યશ્ત.)[1]

૨૪ (૩૪) ઓ જરથુશ્ત્ર ! જે માણસ તારા તરફ પ્યાર રાખે તેનું તું હંમેશ તેના તરફ દુશ્મની ધરાવનાર બુરા મિનોથી રક્ષણ કર. (૩૫) સખત ફટકાઓને તું તેને સોંપતો ના (યાને તેને સખત ફટકા પડવા દેતો ના). ખરાબીને પોહોંચાયલો તેને થવા દેતો ના. (૩૬) જે કોઈ અમે અમેષાસ્પેન્તઓને અર્પણ કરવા ઠરાવેલી આરાધનાની મુખ્ય ક્રીયાઓનો ઘણોજ થોડો ભાગ અર્પણ કરે તેને કાંઈ પણ બક્ષેસ ઇચ્છતો ના.

૨૫ (૩૭) અહીં ઓ જરથુશ્ત્ર મારો પેદા કરેલો વોહુમનો (બેહેમન) છે, અહીં મારો પેદા કરેલો અષવહિશ્ત (અર્દિબેહેશ્ત) છે, અહીં મારો પેદા કરેલો ક્ષથ્રવઈર્ય (શેહેરેવર) છે, અહીં મારી પેદા કરેલી સ્પૅન્તઆર્મઇતિ (સપન્દાદ) છે, અહીં હઉર્વતાત અને અમૅરૅતાત છે, જેઓ, ઓ જરથુશ્ત્ર ! મિનોઈ દુન્યામાં પોંહોંચેલાં અને મારાં પેદા કરેલાં અશો લોકોનો બદલો છે.

૨૬ (૩૮) એ કેમ થશે તે, ઓ જરથુશ્ત્ર ! તું જાણ. જે પ્રમાણે દુન્યાની સરૂઆત મારી બુદ્ધિથી, મારાં ડાહપનથી બનેલી છે, તેજ પ્રમાણે તેનો અંત આવશે.

---

[1] [અહીંથી છેડે સુધીનો ભાગ બહમન યશ્તનો ધારવામાં આવે છે, અને તે ઘણોજ બગડેલો છે. તેમાં વિચારોનો કાંઇ સંબંધ માલમ પડતો નથી, પણ ૨૮ અને ૨૯ મા ફકરાઓ ઊપરથી અહુરમજ્દ તથા હારિમન વચ્ચેની સેવટની મારામારી અને દેવોના નાશને લગતી એક બીના ખુલ્લી રીતે માલમ પડે છે, અને જો તેમ હોય તો તે પેહેલવી બહમન યશ્તનાં લખાણ સાથ મલતું થાયછે, કે જેમાં પણ એજ બાબદ આવેલી છે. જો એ મલતાપણું ખરૂં જ હોય તો ૨૬ મો ફકરો પેહેલવી બહમન યશ્તના સરૂઆતના ભાગ સાથે સંબંધ ધરાવી શકે કે જેમાં અહુરમજ્દ જરથુશ્ત્રને આખતો વખત તથા દુન્યાનું સેવટ બતાવે છે.—તરજુમો કરનાર.]

૨૭ (૩૯) હજારગણા તન્દરોસ્તીના ઇલાજે, દશ હજારગણા તન્દરોસ્તીના ઇલાજે (મને પોહોંચો!) ઓ અહુરમજદ ! સારૂં બનાવેલું, સારાં ઘટમનું ફત્તેહમંદ, મજદનું પેદા કરેલું કૌવત અને ફત્તેહમંદ સરસાઈ તથા પવિત્ર હાહપન આપવાને માટે મારી મદદે પોંહોંચ.

૨૮ (૪૦) સ્પૅન્તઆર્મઇતિ (હાહપન) ની મારફતે તેઓ (દેવો) ની ખરાબીનો તમે નાશ કરો; તેમની બુદ્ધિને અંધકારમાં નાખો, તેમના હાથ બાંધો, તેમનાં ઘુંટણ ભાંજો, દેવોને બેડીથી બાંધો. (૪૧) અશો માણસ, ઓ મજદ ! બુરાને કેમ શીકસત આપે ? જુઠાણાં ઊપર, દ્રુજે ઊંપર તે કેમ ફત્તેહ મેળવે ? (૪૨) પવિત્ર માંથ્રવાની સમજવા માટે અહુરમજદની બુદ્ધિને અમે વખાણ્યે છિયે; તે (માંથ્ર) યાદ રાખવા માટે તેની અક્કલને અમે વખાણ્યે છીયે. માંથ્ર ભણવા માટે મજદની જુબાનને હમો વખાણ્યે છીયે. બુદ્ધિ આપનાર માહાડ ઉષિદર્ૅન[1]ને અમે વખાણ્યે છિયે. દીવસે તેમજ રાતે યજશ્નેમાં લવાયલી જ઼ઓથ્રઓની ભેટોથી અમે (એ સઘલાંને) વખાણ્યે છીયે.

૨૯ (૪૩) જરથુશ્ત્રએ કહયું: ઓ ઘાતકી હું તને જમીનની અંદર બંધ કરવા ઇચ્છું છું, કે જેથી સ્પૅન્ત–આર્મઇતિ (હાહપન)ની આંખોથી તું અશક્ત થાય. હજારગણા તનદરોસ્તીના ઇલાજે, દશ હજાર ગણા તન્દરોસતીના ઇલાજે (મને પ્રાપ્ત થાઓ).

---

૧ [એ પાહાડને પાછલા વખતનાં શાહીત્યમાં ઓશ્દાસ્તાર યાને બુદ્ધિ રાખનાર કરી કેહેવામાં આવ્યો છે. બુન્દેહેશ મુજબ તે સીસ્તાનમાં આવેલો છે. ઊંચા પાહાડો આકાશની છેક નજદીક હોવાથી દંતકથામાં તેઓ આકાશી લોકો અથવા ખજાંનાની જગા ગણાય છે. એક પાહાડનાં મથાલાં ઊપરથી અહુરએ દીન જાહેર કરી હતી. જુઓ વન્દિદાદ [ફર્ગરદ ૨૨ ફકરો ૧૯ (૫૩)]; પેહેલા માનવી અને રાજા ગયોમરદે એક પાહાડ ઊપર રાજ્ય કરયું હતું અને તે ઊપરથી તેને ગરશાહ યાને પાહાડનો રાજા કરી કેહેવામાં આવેછે. ક્યાંની પાદશાહ કયકોબાદને અલબોર્જ પાહાડ ઊપરથી ઇરાંનીઓ તેડી લાવ્યા હતા.—તરજુમો કરનાર.]

૩૦-૩૧ (૪૪) અસ્મો-ખ્વન્વન્ત[1] નામવાળા તે અશો મરદને અમે વખાણ્યે છિયે. મજ્દના પેદા કરેલા બળવંત ગઓકૅરન[2]ને પસંદ કરનારને બીજા અશો લોકો કરતાં હું વધારે વખાણું છું. મજ્દના પેદા કરેલા બળવંત ગઓકૅરનને અમે વખાણ્યે છિયે. [અહીં પાછો ૨૮ (૪૨) ફકરો આવે છે.]

૩૨. હાહૂપનને, સ્પૅન્ત-આરમઇતિને, તેની પેદાએશને તેમજ પવિત્રાઇ અને પવિત્રાઇમાં શ્રેષ્ઠ તમામ પવિત્ર પેદાએશોને અમે વખાણ્યે છિયે.

૩૩. બુરા મિનો અહ્રેમન્યુશને મારવા માટે, ઘાતકી તથા ઝનુની અએશ્મને મારવા માટે, માજન્યન દેવોને મારવા માટે તમામ દેવોને અને અપવિત્ર ઇચ્છાઓવાળાં (બુરી ઇલિતનાં) બુશંઓને મારવા માટે, (ગના મિનો તુટેલો થાઓ! સો હજારગણી લ્યાનત હારિમન ઉપર પડો!) નુરમંદ અને ખોરેહમંદ અહુરમજ્દની વૃદ્ધિ માટે, અમેષાસ્પૅન્તઓની વૃદ્ધિ માટે, નુરમંદ અને ખોરેહમંદ તિશ્ત્રય સેતારાની વૃદ્ધિ માટે, અશો મરદની વૃદ્ધિ માટે, અને સ્પૅન્ત મઇન્યુશની તમામ અશો પેદાએશની વૃદ્ધિ માટે, અહુરમજ્દને તમામ ચીજોના મોટા સાહેબ અને સરદાર તરીકે અમે અત્રે સ્વિકાર્યે છિયે. અષૅમવોહૂ.

૩૪. તેને દોલત અને દબદબો થાય, તેને શરિરનું કૌવત અને તનદરોસ્તી થાય, તેને ચાલાકી, તનનું ફત્તેહમંદ જોર થાય. તેને પુશ્કલ ન્યામતો, પુશ્કલ નુર, જાતી અક્કલનું ફરજંદ, લાંબી જીંદગી તું આપ. પ્રમાણીક લોકોની ઉત્તમ દુન્યા, તમામ દબદબા સાથની પ્રકાશીત દુન્યા (યાને બેહેસ્ત) તેને આપ. આમીન. હજારગણા તનદરોસ્તીના ધલાજો, દશ હજાર ગણા દનરોસ્તીના ધલાજો (તેને મલે). ઓ મજ્દ!

---

૧. [જરથુશ્ત્રનો પેહેલો સાગેર્દ; ફ્રવરદીન યશ્તમાં જુદા જુદા અશો મરદોનાં ફરોહરો આરાધ્યાં છે તેની ટીપમાં એનું નામ પેહેલું આવે છે-તરજુમો કરનાર.]

૨ [એનું બીજું નામ સફેદ હોમ કેહે; એનો રસ પીધાથી અમર્ગી મલે છે.-તરજુમો કરનાર.]

મારી મદદે તું પોંહોંચ. સારાં બનાવેલાં, દબદબાવાળાં બલ, મજદના પેદા કરેલા વૅરેથ્રઘ્ન, (બુરાઓને) તોડનારી સરસાઈ, રાંમ ખાસ્ત્ર, ઉત્તમ કામવાલા અને બીજી પેદાએશોમાં ઊંચે ગએલા પવનની (મદદ મને પોંહોંચે). ઓ વાયુ! તું જે સ્પેન્તમઇન્યુશને લગતો છે (તેને અમે વખાણયે છિયે.) કુદરતી રીતે ફરતાં આકાશ, હદ વિનાની મુદતથી, લાંબી મુદતથી પોતાની મેલે ચાલતા વખતની (મદદ મને પોંહોંચે.) પાપનાં નિવારણ માટે સવાબનાં કામોનો બદલો હું મેલવું અને રેવાંનના પ્યારને માટે હફ્તે કેશ્વર જમીન ઊપર વસનારા સઘલા સવાબકારો અને તમામ ભલાઓને, જમીનની ફરાખી જેટલી, નદિની લંબાઈ જેટલી, ખુરશેદની બુલંદી જેટલી અશોઈ પુરતી રીતે પોંહોંચે! અશો મરદ લાંબો વખત સુધી જીવે! આમીન. ફલાણા રોજે, ફલાણા મહિનામાં અને ફલાણી ગેહેમાં દુન્યાની તમામ પેદાએશને પેદા કરનાર દાદારને નેમાજ! ખુશાલ રેહો અહુરમજ્દ! જે કોઈ ઉત્તમ ખાહેશ સાચી રીતે બજાવે છે તેનેથી અઙ્રોમઇન્યુશ ધીઃકારાયલો રેહો! અષેમ વોહૂને હું વખાણું છું. યજ્દોના સાહેબ ઓરેહમંદ અને નુરમંદ દાદાર અહુરમજદનું નુર તથા ઓરેહ જયાદે થાઓ! કૈવતમંદ અને ફત્તેહમંદ સાહેબ મારી હીંમત તથા ફત્તેહ માટે પોંહોંચે. ભલી માજદયસની દીનનો તરીકો, તેનું ગ્નાન અને પ્રખ્યાતી હફ્તકેશવર જમીન ઊપર થાય! આમીન! માજદયસની દીન અને જરથોસ્તનો તરીકો સઘલી દુન્યાને પેદા કરનાર દાદાર અહુરમજદ તરફથી મલેલો છે. ઓ પવિત્ર, ઘણીજ ફાયદેમંદ અને નિર્મલ અર્દિવસૂર તને નેમાજ! મજદનાં પેદા કરેલાં ઓ ભલાં ઓવૅર તને નેમાજ! નુરમંદ તથા ઓરેહમંદ અહુરમજદને અમે વખાણયે છીયે. યજ્દોના સાહેબ ઓરેહમંદ અને નુરમંદ દાદાર અહુરમજદ (અમારી મદદે પોહોંચે)!

૩૫ ઓ દાદાર અહુરમજદ! નાશ કરનાર હારિમન તથા દેવોને હું શીકસત પમાડું; રસ્તા ખીજ તથા તનપશીન ઊપર હું બીગુમાનછું.

૨. હપ્તન યશ્ત યાને સાત અમેંશાસ્પેંન્તઓની યશ્ત.*

અહુરમજ્દ, અમેંશાસ્પેંન્તઓ અને બીજા મુખ્ય ફરેસ્તાઓની આરાધના. દુજે સામે મંત્રની બંદગી.

અમેંશાસ્પેંન્તઓ અથવા "અમર્ગ પરેહજગારો"નો સમુદાય છ ફરેસ્તાઓનો છે, જેઓ ગોયા અહુરમજ્દના દરબારીઓ જેવા છે. આ સમુદાય સદનતર મજ્દયસ્ની અથવા જરથોસ્તી ઊત્તપત્તીનો છે અને હીંદુધર્મમાં તેને મલતું કશું જોવામાં આવતું નથી. તેમને વેદિક આદીત્યઓ સાથે સરખાવવાને ફોકટ કોશેશ કરવામાં આવેછે. તપાસ કરતાં તેઓ વચ્ચે એકમલતાપણું ટકી શકતું નથી; તેઓ વચ્ચે અત્યંત અને પાયાથીજ તફાવત છે; તેઓ વચ્ચે સરખાપણું કાંઈજ નથી. આદિત્યઓની સંખ્યા કાંઈ વળી ચોકસ નથી; કોઈક વાર તેમની સંખ્યા એની, કોઈ વાર ત્રણની, કોઈ વાર પાંચની અને કોઈ વાર બારની પણ લેખાવવામાં આવેછે. ઋગ્વેદમાં એક ઠેકાણે તેમની સંખ્યા સાતની અને બીજી વાર આઠની ગણાવવામાં આવી છે. અમેંશાસ્પેંન્તઓને મજ્દયસની ધર્મે ઉત્તપન્ન કર્યાં છે; આર્ય દંતકથામાં તેમનું કશું મૂળ જડતું નથી. તેમની સંખ્યા પ્રથમમાં છની હતી, અને તે છનીજ રહી છે. માત્ર પાછલા જમાનાની કેટલીક યશ્તોમાં તેમની સંખ્યા સાતની જણાવવામાં આવી છે. પ્રથમમાં તેઓ નીતીને લગતા કેટલાક વિચારોનું અલંકારી રૂપાંતર હતું. છેલ્લા ચારનાં નામ હજી પણ ગાથાઓમાં ભાવવાચક રૂપે મલે છે. એ કીર્તનો (ગાથાઓ)માં તેમને વોહુમનો (ભલો મિનો), અષ (પવિત્રાઈ, સચ્ચાઇ), ક્ષથ્ર (બળ, સત્તા), આર્મઇતિ (ડાહપન), હઊર્વતાત્ (સંપૂર્ણતા, તન્દરોસ્તી), અને અમેંરેતાત્ (અમર્ગી)નાં નામથી ઓળખવામાં આવેછે. ત્યાં તેઓ સઘલા સાથે આવતા નથી; છેલ્લા બેજ ઘણું કરીને હંમેશ સાથે આવેછે; અમેંષાસ્પેંન્ત શબ્દ ત્યાં કદી જણાયલો નથી; અને ત્યાં અષ સર્વથી મોટો ભાગ બજાવે છે. મજ્દયસ્ની ફત્વાઓનું એક ઢોરણ થયું તે વેલાએ

---

* આ હપ્તન યશ્ત યાને સાત અમેંષાસ્પેંન્તઓની યશ્ત મહિનાના પેહેલા સાત દિવસો ઉપર ખાસ ભણવા ઠરાવેલું છે.

એ "અમેર્ગ પરેહજગમરે"ને જે હાલતમાં અવસ્તાના ઘણાક ફકરાઓમાં આ-પણે હાલ જોઈયે છીયે તેજ હાલતમાં તેમને ઉભા કરવામાં આવ્યા હતા, તથા તેજ વખતે તેમનું કામકાજ અને તેમની સંખ્યા ચોકસાઈથી નક્કી કરવામાં આવી હતી. તેઓને અહુરમજદની પેદાએશના ગણવામાં આ-વ્યા હતા. કોઈવાર તેમનાં નામ સેહેજ ફેરફાર થઈને વોહુમનો, અષવહિશ્ત, (અશોઈ. સંપૂર્ણ પવીત્રાઈ), ક્ષત્રવઈર્ય (પસંદ કરવા જોગ, ઉત્તમ બળ), સ્પૅન્ત આર્મઇતિ (પવિત્ર ડાહપન), અને હઉર્વતાત્ અને અમેરેતાત થાયછે.

તેમને સોંપવામાં આવેલું કામ અહુરની પેદાએશની બાંધની કરવા, ખીલવવા, દેખરેખ રાખવા અને તપાસવાનું છે. કોઈ તેમને ખોટી રીતે હાડમંદ દુન્યાની ચીજો પેદા કરવામાં એક ભાગ આપે છે, અને તેનું કારણ એ છે કે, તેઓ "દાતર" શબ્દથી ગુંચવાય છે, જેનો અર્થ પેદા કરનાર તેમજ આપનાર એ બંને થાયછે. વળી અવસ્તાને લગતી કેતાબો રચનારા દરેક જણે તેમને પોતપોતાની મરજી મુજબના ગુણોવાળા તથા કામો કરનારા બતાવ્યા છે. સર્વેથી પાછલા જમાનાના લખનારે અહુરમજદને પણ તેમની પદ્વિનો લખ્યો છે, પણ તેઓ કદીબી પોતાના ખોદાની બરોબરયા થઈ શકતા નથી. એથી ઊલટું તેઓ તેના પેદા કરેલા અને તેની મરજીને તાબે થનાર છે. તેમના સરેસ્તાના એતાબ "હુક્ષત્ર" યાને ભલા સાહેબ, "હુધાઓંહ" યાને દાનાવો, ભલી વિદ્યાવાળા, કોઈવાર વળી "આહૂઈર્ય" યાને અહુરના તાબે-દાર, "યવએજય" હંમેશ જીવનારા, "યવએસવ" યાને હંમેશ ફાયદો કરનાર અથવા આબાદી કરનાર છે. છેલ્લા બે એતાબો બીજી દુન્યાના પ્રમાણીક (અશો) લોકોને પણ લગાડવામાં આવે છે.

કેટલાક ઘણાક પાછલા વખતના ફકરાઓમાં અમેષાસ્પૅન્તઓની સંખ્યા સાતની કરવામાં આવીછે. અહુરમજદને તેઓમાં એક ગણવામાં આવેલો છે. એ (અમેષાસ્પૅન્ત)નો એતાબ ખરચીત તેને લાયક થાય છે કારણકે તે "સ્પૅન્ત" અને "અમેષ" નો બનેલો છે. પણ વળી એજ ફકરાઓમાં અહુરને તેમનો (અમેષાસ્પૅન્તઓનો) પેદા કરનાર જણાવ્યો છે, જેને લીધે તેની સાથે એ એતાબ મળતો થતો નથી. અહુરમજદને અમેષાસ્પૅન્તઓમાં લેખવાનો વી-ચાર તુરત રદ કરવામાં આવ્યો છે, કારણ કે અવસ્તા પછીની પારસી કેતાબો (દીન કર્દ, નામસ્તાઇશ્ન વગેરે)માં તેમની સંખ્યા છથી વધારેની ગણવામાં આવતી નથી. વલી આ યશ્ત જો કે સાત અમેષાસ્પૅન્તઓની જણાવવામાં આવે છે, તો પણ તેમાં છનુંજ વર્ણન છે અને તેમને અહુરમજદથી સદનતર જુદા ગણ્યા છે.

૧૩ મી યશ્તમાં કહે છે કે "તેઓ એકજ વિચાર ધરાવનારા, એકજ સુખન તથા એકજ કામવાળા છે; તેઓ ભલાં કામો તથા ગરોન્માન (બેહેસ્ત) બાબદ વિચાર કરતાં એક બીજાંનાં અંતઃકરણને જોય છે તથા તેમને દીનદારો જ્યારે કોઇ ભેટ આપે છે ત્યારે તે લેવા આવવા માટેના તેઓના રસ્તા પ્રકાશીત છે." એજ ફકરામાં તેમને પ્રકાશીત, બુલંદ, આલાક, મદદ કરનાર, તેજી, અમર્ગ, અને પ્રકાશીત આંખોવાળા જણાવ્યા છે તથા વધુ એ જણાવ્યું છે કે તેમનો બાપ અને સરદાર અહુરમજદ છે.

જો કે અમેંષાસ્પેન્તઓને વેદીક આદીત્યઓ સાથે કશો સંબંધ નથી તોપણ તેમનામાંના બે, બે વેદીક નામો સાથે કાંઇક મલતાપણું ધરાવે છે: આર્મઇતિ એ વેદીક अरमति સાથે મલે છે, જેનો અર્થ પરેહજગારી, ભક્તિ ભાવ થાય છે; હઊર્વતાત્ એ વેદીક सर्वताति સાથે મલે છે જેનો અર્થ સઘલી ખરાબીઓ સામેનો બચાવ થાય છે.

---

૧ ખુશાલ રહો અહુરમજદ, ઈત્યાદી (જુઓ અહુમજદ યશ્તનો ૬૦ આખો.)

૧ નુરમંદ તથા ખોરેહમંદ અહુરમજદને, નેક પાદશાહ અને નેક જાણનારા અમેંષાસ્પેન્તઓને (યાને) વોહુમનો (બેહમન)ને, સઘલાઓ ઉપર ફત્તેહ મેલવનાર તથા બીજી પેદાએશો ઊપર હકુમત ભોગવનાર કૈવતને, મજદની પેદા કરેલી જાતી બુદ્ધિને, મજદની પેદા કરેલી કાંને સાંભલેલી બુદ્ધિને;

૨ ઘણાજ પ્રકાશીત અષવહિશ્તને, મજદના પેદા કરેલા બળવંત કાસદ અઇર્યમને, ભલી, પવિત્ર અને તીક્ષણ આંખોવાળી, મજદની પેદા કરેલી નેક સઓકને, ધાતુઓ ઉપર સરદારી ધરાવનાર, દયાવંત અને ગરીબોના રક્ષણકર્ત્તા ક્ષથ્રવઇર્યને;

૩ પુશ્કલ બક્ષીસો આપનાર, પવિત્ર, દૂર સુધી જોઇ શકનાર, મજદની પેદા કરેલી, અશો, દબદબાવળી અને નેક આર્મઇતિને, હઊર્વતાત્ (ખોરદાદ) સાહેબને, વરસની આબાદીને, અશોઇની દુન્યાના સરદારો વરસોને, અમેંરતાત્ (અમરદાદ) સાહેબને, ગૌસ્પન્દોની આબાદી તથા અનાજની વૃદ્ધિને તથા મજદની પેદા કરેલી બળવંત ગઓકેંરનને;

૪ (હાવન ગેહે હોય તો) વિસ્તીર્ન બેતરોવાળા, હજાર કાંનોવાળા, દશ હજાર આંખોવાળા, પોતાનાં નામથી આરાધાતા યજદ મિથ્રને તથા

રામખ્વાસ્ત્રને; (રપિથ્વિન ગેહે હોય તો) અષવહિશ્તને તથા અહુરમજદના છોકરા આતશને; (ઊઝ્યેઇરિન ગેહે હોય તો) બુલંદ સાહેબ અપાંમ્નપાત્‌ને અને મજદનાં પેદા કરેલાં પાણીને;

૫ (અઇવિસ્રુથ્રૅમ ગેહે હોય તો) અશો લોકોનાં ફરોહરોને, મરદો સાથે જોડાયલી (પરણેલી) બાનુઓને, વરસની આબાદીને, ભલાં પેદા કરેલાં અને દબદબાવાળાં કૌવતને, મજદની પેદા કરેલી ફત્તેહને, (બુરાઓને) તોડનારી સરસાઇને; (ઊષહિન ગેહે હોય તો) હમેશ ફત્તેહમંદ, દુન્યાની આબાદી કરનાર, અશો તથા નેક સ્રઓષને, રાસ્તરશ્નુને, દુન્યાની આબાદી કરનાર તથા વૃદ્ધિ કરનાર અર્શ્તાત (આસ્તાદ) ને ખુશાલ કરવા માટે, (તથા તેમની) આરાધના કરવા માટે, વખાણ ગાવા માટે તથા કીર્ત્તિ ગાવા માટે હું એકરાર કરૂં છું.

૬ થી ૧૦ (એ સઘલા ૧ થી ૫ સુધીના ફકરાઓને મલતા છે, પણ પાંચમાને છેડે 'વૃદ્ધિ કરનાર અર્શ્તાત (આસ્તાદ) ને' પછી જે શબ્દો છે તે કાહાડી નાખી તેને બદલે 'અમે વખાણયે છીયે' એવા શબ્દોને ઊમેરવા.)

૧૧ દેવ કે માણસ યાતુઓ (જાદુગરો) નો, ઓ જરથુશ્ત્ર! સંહાર થાઓ! ઘરમાંથી સઘલા દ્રુજેને કોણ મારી શકે? સઘલા દ્રુજેને કોણ હાંકી કાહડી શકે? જ્યારે આ કલાંમો (માંથ્રવાની) ભણવામાં આવે છે તયારે તમામ દ્રુજેને નાબુદ કરી શકાય છે.

૧૨ દ્રુજે તારી ઉપર અને તારાં શરીર ઉપર હુમલો કરે છે, અથોરનાનને મારવાની—અથોરનાનને તેમજ રથેસ્તાર (લડવૈયા) ને મારવાની તે કોશેશ કરે છે.

૧૩ જયારે કોઈ માણસ પોતાના દુશ્મનો સામે ભલા અને નેક સાતે અમેંષાસ્પેંન્તઓને ટેકા તરીકે લે છે ત્યારે તે આ ઘાતકી દ્રુજેઓનાં બળની સામે થઇ શકે છે. (ઘોડાનાં જેવાં શક્તિવાળી મજદયશ્નની દીનને તથા મજદનાં પેદા કરેલાં ભલાં પાણીઓને અમે વખાણ્યે છીયે.)

૧૪ જે કોઇ (દેવો અને દ્રુજેઓ), ઓ જરથુશ્ત્ર, હુમલો કરે છે અને છુટાં પાડે છે, છુટાં પાડે છે તથા હુમલો કરે છે, ભલા વિચારો

અને સચ્ચાઇનો નાશ કરે છે, તેમનો માંથ્રવાનીથી નાશ કરી તેમને મરણતોલ માર મારી તે હકાવે.

૧૫ સો અને સોગણા ફટકા મારતાં અને તેથી બી વધુ ફટકા મારતાં તેઓ નાશ કરનારઓનાં કૌવતથી હુમલો થયલી મજદયશ્ની દીનને બેડો ઘાલેલા એક બંદીવાનની મીસાલે છોડવી લેઈ આવે છે (યાને દેવો અને દુજેઓને માર મારી તેમની સામે મજદયશ્ની દીનનો તેઓ બચાવ કરે છે.)

૧૬. જુઓ અહુરમજદ યશ્ત ફકરો ૨૩, તેમજ આ ચાલુ યશ્તના પેહેલા પાંચ ફકરા અને અહુરમજદ યશ્તનો ૩૪ મો ફકરો.

૩ અર્દિબેહેશ્ત યશ્ત.*

અષવહિશ્તનાં ધર્મક્રિયાને લગતાં કામો. તે સુખનું મૂળ છે, તે પોતાનાં હથ્યાર અર્યમન બંદગીની મારફતે દેવોને મારે છે, ફાની દુન્યાના તથા મિનોઈ દુન્યાના તમામ બુરાઓને તે હકાવે છે. અહ્રેમઈન્યુશ તેની આગળથી નાહાસી જાય છે.

ગાથાઓમાં વારે ઘડીયે એક 'અષ' માટે બોલવામાં આવે છે, જે સામાન્ય રીતે ભાવવાચક ગુણમાં હોય છે, પણ કેટલેક ઠેકાણે તેને બેશક ફરેસ્તાનું રૂપ આપેલું માલમ પડે છે (જુઓ યજશ્ને હા ૨૯ ફકરો ૨ જો ઇત્યાદી). એનો અર્થ સુચ્ચાઇ, અશોઈ અને દીનને અનુસરતી રીતે રેહેવું થાયછે. અહુરના મુખ્ય સાગીર્દનો એ મુખ્ય ગુણ છે. એનીજ મારફતે દીન આબાદ થાય છે (હા ૩૪ ફકરો ૧૩), સત્તા અથવા બળ મેલવાય છે (હા ૩૩ ફકરો ૧૨). અહ્રેમઇન્યુશની દુન્યાથી એજ ગુણ અહુરની દુન્યાને છુટી પાડે છે (હા ૩૧ ફકરો ૧). ભલા મિનોને એજ ગુણ બુરા મિનોથી જુદો પાડી બતાવે છે (.હા ૩૦ ફકરો ૫).

---

* આ યશ્ત દરરોજ હાવન, રપિથ્વિન તથા અઇવિસ્રુથ્રેમ ગેહમાં ભણવા ફરમાવેલી છે.

અવસ્તામાં 'અષ' જયારે એકલો અથવા 'વહિશ્ત' વિષેશણની સાથે આવે છે ત્યારે તે એકજ અર્થ ધરાવે છે તથા એકજ જાતનું કામ બજાવે છે. પણ જયારે તે વિષેશણની સાથે આવે છે ત્યારે તે એક અમેષાસ્પેન્ત થાય છે. આ યશ્ત જે તેનું નામ ધરાવે છે તેમાં તેને સર્વથી પ્રકાશીત અમેષાસ્પેન્ત તરીકે ઓળખવામાં આવ્યો છે. એજ. યશ્ત મુજબ તે ધર્મગુરૂઓને લગતા સઘલા ઓહ્દાઓનો પ્રતીનીધી છે; શરીરને તે પ્રકાશીત બનાવે છે. બુરા મિનોઓ સાથે તે લડે છે અને તેમને અઇર્યમ-ઇષ્ય બંદગીથી હકાવે છે. સઘલાં દુ:ખદરદો તે સાજાં કરે છે; સઘલા નુકસાંનકારક પવનો તથા સઘલી બદીઓનો તે નાશ કરે છે. ૧૭મી યશ્તના ૨૦ ફકરામાં અષવહિશ્ત શબ્દ આતશને માટે વપરાયલો દીસે છે. મજદયસની ધર્મનું એક ચોકસ ઢોરણ નક્કી થતી વખતે અષવહિશ્ત આતશનો ફરેસ્તો થયો છે.

---

૦. ખુશાલ રહો અહુરમજદ (ઇત્યાદી જુઓ અહુરમજદ યશ્તનો ૦ ફકરો.) અતીશે પ્રકાશીત અષવહિશ્ત, અઇર્યમ-ઇષ્ય, મજદનાં પેદા કરેલાં કૌવત, ભલી સઓક, (તથા) મજદની પેદા કરેલી પવિત્ર દુર સુધી જોવાની શકિતને ખુશાલ કરવા માટે, (તેમજ તેમની) આરાધના કરવા માટે, વખાણ ગાવા માટે તથા કીર્ત્તિ ગાવા માટે હું એકરાર કરૂં છું.

૧ સર્વેથી પ્રકાશીત અમેષાસ્પેન્ત અષવહિશ્ત (અર્દિબેહેશ્ત)ને અમે વખાણિયે છિયે. અઇર્યમ-ઇષ્ય, મજદનાં પેદા કરેલાં કૌવત, ભલી સ-ઓક, મજદની પેદા કરેલી પવિત્ર દુર સુધી જોવાની શકિતને અમે વખાણિયે છીયે. અહુરમજદએ અશો જરથુશ્ત્રને કહયું: (જાણ) કે, અષ-વહિશ્તનું કામ અમે અમેષાસ્પેન્તઓનાં માન તથા કીર્ત્તિ માટે જે કાંઇ ભલું છે તે સઘલાંની વખાણ કરનાર, જુઓતા (ક્રિયા કરનાર), આરા-ધના કરનાર, શિખવનાર, ઈજનાર, આશીર્વાદ દેનાર તથા કીર્ત્તિ ગાનાર તેમજ રોશણીવાળી જણસોને પ્રકાશીત કરનારતથા તેજશ્વી કરનાર[1]નું છે.

---

૧ આ વાકયનાં અસલ લખાણમાં વખાણ કરનાર, જઓતા, ઇત્યાદીશબ્દો સંબોધૂક વિભકતીમાં છે અને તે જરથુશ્ત્રને લાગુ પડતા હોય એમ દીસે છે, પણ એનીપફ્રીના ફકરા ઊપરથી માલમ પડે છે કે તરજુમામાં આપેલો અર્થ ખરો છે, અને અસલ લખનારે વ્યાકરણનાં સંબંધમાં ભુલ કરી છે. અષવહિશ્ત એ આતશનો ફરેસ્તો છે કે જે મજદયસ્નની ધર્મમાં અશોઇનો ફરેસ્તો થયો છે. અત્રે અષવહિશ્તને જે એલકાબો આપેલા છે તે વેદમાં અગ્નિને આપેલા એલકા-બોને મલતા છે. અગ્નિની માફક અષવહિશ્ત એ 'પુરોહિત,' 'સ્તોતા,' ઇત્યાદીછે.

૨ અને જરથુશ્ત્રએ કહ્યું: ઓ અહુરમજ્દ તું મને એક સુખન, એક સાચો સુખન કેહે; અષવહિશ્તનાં આ કામો (જેની ખુબીથી)તે તમામ ભલી ચીજોની વખાણ કરનાર, જ્ઓતા, આરાધના કરનાર, શિખવનાર, ઈજનાર, આશીર્વાદ દેનાર તથા કીર્ત્તિ ગાનાર, તેમજ રોશણીવાળી જણસોને પ્રકાશીત અને તેજસ્વી કરનાર છે તે કામો કેવી રીતે થાય છે?

૩ અને હું અષવહિશ્ત (નું નામ) જાહેર કરીશ, અને અગર જો હું તે જાહેર કરીશ તો (તેથી ગોયા) અમેંષાસ્પેન્તઓને લગતું સુખનું રેહેથાંન (યાને ગરોન્માન-બેહેશ્ત) હું જાહેર કરીશ કે જેની અહુરમજ્દ ભલાવિચારોથી જાલવણી કરે છે, ભલા સુખનોથી જાલવણી કરે છે, ભલાં કામોથી જાલવણી કરે છે.

૪ ગરોન્માન એ અહુરમજ્દ માટેનું સુખનું રેહેથાંન છે, તે બીજા અંશો મરદોને લગતું પણ છે. ગરોન્માન સુધી, પ્રકાશીત, વીસ્તીર્ન જગામાં રેહેનાર અહુરમજ્દ સુધી કોઇ પણ દુષ્ટ માણસ પોંહોંચવાની હાલતમાં હોતો નથી.

૫ યાતુઓ અને પઇરિકા (પૂરિ) ઓ કે જેઓ તેને લગતાં છે તેમની તરફથી સઘલી બાબદોમા અઇર્યમન (સામે) અહ્રેમઇન્યુશ લડે છે, કે જે (અઇર્યમન) માંથ્રવાની (મંત્રની બંદગી)માં સર્વેથી મોટો, માંથ્રવાનીઓમાં સર્વેથી સરસ, માંથ્રવાનીઓમાં સર્વેથી સંપૂર્ણ, માંથ્રવાનીઓમાં સર્વેથી પ્રકાશીત છે, જે સર્વેથી પ્રકાશીત માંથ્રઓ કરતાં વધુ પ્રકાશીત માંથ્ર છે, માંથ્રઓમાં બળવંત, માંથ્રઓમાં સર્વેથી બળવંત, માંથ્રઓમાં અચળ, માંથ્રઓમાં સર્વેથી અચળ, માથ્રઓમાં ફત્તેહમંદ, માંથ્રઓમાં સર્વેથી ફત્તેહમંદ, માંથ્રઓમાં તન્દરોસ્તી આપનાર, માંથ્રઓમાં સર્વેથી ઘણી તન્દરોસતી આપનાર છે.

(૬ તન્દરોસ્તીના ઉપાયો તે છે કે) જે પવિત્રાઇ અને ઇનિસાફ (ના કાયદાઓ)થી તન્દરોસ્તી આપે છે, જે વાહાઢકાપની વિદ્યાથી તન્દરોસ્તી આપે છે, જે ઝાલાપાલાથી તન્દરોસ્તી આપે છે, જે માંથ્રવાનીના કલાંમોથી સાજું કરેછે. માંથ્રના કલામોથી આરાંમ આપનાર ઉપાય સર્વે ઉપાયોમાં સરસ છે, અને જે કોઈ દીનદારોનાં ભલાં માટે તન્દરોસ્તીનો

આ (છેલ્લો) ઇલ્મ.અમલમાં મેલેછે. તે તબીબોનો તબીબ (યાને ઊ-સ્તાદ તબીબ) છે.

૭ (એ ઊપાયથી યા ન અઇયમન માથ્ર ભણવાથી) દુઃખ નાહાસી જાય છે, મોહોત નાહાસે છે, દેવો નાહાસે છે, દુશ્મનાં ભરેલાં કૌવત ના-હાસે છે; નાપાક અષૅમઓઘ નાહાસે છે, જુલમગાર માણસ નાહાસે છે;

૮ સાંપની તોખમવાળા નાહાસે છે, વરૂની તોખમવાળા નાહાસે છે; બે પગવાળા ઘાતકીઓનાં તોખમવાળા નાહાસે છે; નુકશાન દુર થાય છે, ઠગાઈ દુર થાય છે, ગુસ્સો દુર થાય છે, હેવાંન્યતપણું દુર થાય છે, સંકટ દુર થાય છે, જુઠાઈ દુર થાય છે;

૯ ઠગાઇનો જુઠો શબ્દ નાહસી જાય છે; જાદુગર જહિ (વેશ્યા), ઘાતકી જહિ નાહાસે છે; પશ્ચિમનો સખત પવન નાહાસે છે, પશ્ચિમનો સખત પવન નાબુદ થાય છે.

૧૦ તે (અષવહિસ્ત) તે છે કે જે મારે માટે સાંપની તોખમના તથા દેવોની તોખમનાઓના હજારો હજારને, દશ હજાર ગણા દશ હજારને મારે છે, તે દુઃખને દુર કરે છે, મોહોતને મારે છે, દેવોને મારે છે, દુશ્મની ભરેલાં કૌવતોને મારે છે, નાપાક અષૅમઓઘને મારે છે, જુલમગાર માણસોને મારે છે.

૧૧ સાંપોની તોખમનાઓને તે મારે છે, વરૂની તોખમના-ઓને તે મારે છે, બે પગવાળા ઘાતકીઓનાં તોખમવાળાઓને તે મારે છે, પાપીપણાંને મારે છે, જુઠાઈને મારેછે, ગુસ્સાને મારે છે, ઘાતકીપ-ણાંને મારે છે, દુઃખને મારે છે, ઠગાઇને મારે છે.

૧૨ ઠગાઇના જુઠા સુખનને તે મારે છે, જાદુગર જહિ (વેશ્યા) ને મારે છે, ઘાતકી જહિને તે મારે છે, પશ્ચિમ તરફના સખત પવનને તે મારે છે, પશ્ચિમ તરફના સખત પવનનો તે નાશ કરે છે.

૧૩ બે પગવાવાળી ઘાતકીઓ તથા દેવોનાં તોખમવાળાઓનાં હજારો હજારને, દશ હજાર ગણા દશ હજારને તે મારે છે.

૧૪ પુશ્કલ દુઃખદરદવાળા, દેવોમાં સર્વેથી ઠગ અહ્રેમઇન્યુશ તેની (અષવહિશ્તની) નજર આગળથી નાહાસવા માંડે છે. પુશ્કલ દુઃખદરદવાળો અહ્રેમઇન્યુશ બુમ પાડે છે, હું કમનસીબ, અફસોસ !

હું કમનસીબ ! ઓ અષવહિશ્ત ! સર્વેથી નુકસાનકારક દુ:ખદરદોને તે મારશે, સર્વેથી નુકસાનકારક દુ:ખદરદોનો તે નાશ કરશે, સર્વેથી નાશકારક દુ:ખદરદોને તે મારશે, સર્વેથી નાશકારક દુ:ખદરદોનો તે નાશ કરશે. તે દેવોના દેવને મારશે, દેવોના દેવનો તે નાશ કરશે. સર્વેથી બુરા તત્વોને તે મારશે, સર્વેથી બુરા તત્વોનો તે નાશ કરશે. નાપાક અંગ્રમએોઘને તે મારશે, નાપાક અંગ્રમએોઘનો તે નાશ કરશે. સર્વેથી જુલમગાર હાકમને તે મારશે, સર્વેથી જુલમગાર હાકમનો તે નાશ કરશે.

૧૫ સાંપોનાં તોખમનાઓમાંના મુખીઓને તે મારશે, સાંપોના તોખમના મુખીઓનો તે નાશ કરશે; વરૂનાં તોખમનાઓમાનાં મુખીઓને તે મારશે, વરૂની તોખમના મુખીઓનો તે નાશ કરશે; બે પગવાળા ઘાતકીઓની તોખમનાઓમાંના મુખીઓને તે મારશે, બે પગવાળા ઘાતકીઓની તોખમનાઓમાંના મુખીઓનો તે નાશ કરશે; પાપીઓને તે મારશે, પાપીઓનો તે નાશ કરશે; જુઠાઇને તે મારશે, જુઠાઇનો તે નાશ કરશે; અતીશે સખત ગુસ્સાને તે મારશે, અતીશે સખત ગુસ્સાનો તે નાશ કરશે; સખતમાં સખત ઘાતકીપણાંને તે મારશે, સખતમાં સખત ઘાતકીપણાંનો તે નાશ કરશે; સખતમાં સખત દુ:ખોને તે મારશે, સખતમાં સખત દુ:ખોનો તે નાશ કરશે; સર્વેથી મજબુત ઠગાઇને તે મારશે, સર્વેથી મજબુત ઠગાઇનો તે નાશ કરશે.

૧૬. જુઠા સુખનોમાંના સર્વેથી જુઠા સુખનને તે મારશે, જુઠા સુખનોમાંના સર્વેથી જુઠા સુખનનો તે નાશ કરશે; જાદુગર જહીને તે મારશે, જાદુગર જહિનો તે નાશ કરશે; ઘાતકી જહિને તે મારશે, ઘાતકી જહિનો તે નાશ કરશે.

૧૭. પશ્ચિમ તરફના સખત પવનને તે મારશે, પશ્ચિમ તરફના સખત પવનનો તે નાશ કરશે.

૧૮. દરૂજ દફેથાય, તે નાહાસ ભાગમાં પડી નાશ પામે! ઓ દ્રુજે! તું પશ્ચિમ ભણો નાશ પામે, અને તું પવિત્ર હૈયાતીવાળી દુન્યાઇ ન્યામતોનો નાશ કરે નહીં !

૧૯. ઘણાજ પ્રકાશીત અમેશાસ્પેન્ત અષવાહિશ્તને તેનાં નુર તથા દબદબાને લીધે વખાણનાં કીર્તનોથી મોટે અવાજે હું વખાણવી

ઇચ્છું છું. ઘણાજ પ્રકાશીત અમેશાસ્પેન્ત અષવહિશ્તને જ્એોથ્રેઓ (યજશ્નેની ક્રિયામાં વપરાતું એક જાતનું પવિત્ર પાણી), બર્સમવાળી જીવાંમ (દુધ અથવા માંસ) સાથના હોમથી, જુબાંનનાં ડહાપનથી, મનશ્ની, ગવશ્ની અને કોનશ્નીથી, જ્એોથ્રેઓથી તથા સાચા કહેલા સુખનોથી અમે વખાણ્યે છીયે.

૨૦ ઘણાજ પ્રકાશીત અષવહિશ્તને માટે, મજ્દની પેદા કરેલી બાહાદુર અઇર્યમનઇશ્યને માટે, ભલા, બોહોલી નજર શકિતવાળા, મજ્દના પેદા કરેલા સઓકને માટે આરાધના, વખાણ, કૌવત તથા જોર હું ઇચ્છુછું.

(જુઓ અહુરમજ્દ યશ્તનો તરજુમો ફકરો ૩૪ મો.) દુન્યાના માલિક દાદાર! તું સર્વ શકિતવાંન, દાનેશમંદ, સંભાલ રાખનાર, પેદા કરનાર, સવાબકાર તથા ચોકશી રાખનાર છે. હારિમન કાંઇ બીસાદનો નથી, તે નાદાંન, કાંઇબી કરવાને તદન અશક્ત છે. અહુરમજ્દ પેદા કરનાર, હારિમન નાશ કરનાર છે, દાદાર પાક છે, હારિમન નાપાક છે; હારિમન ખાક થઇ જાય, હારિમન દૂર થાય, હારિમન દફે થાય, હારિમન તુટેલો થાય, હારિમન હલાક થાય. પ્રથમ દીન પવિત્ર જરથોસ્તી છે. અહુરમજ્દ બુલંદ દરજજાનો, જોરમંદ અને ભલાઇની વૃદ્ધી કરનારો છે.

૪ ખોર્દાદ યશ્ત. *

હઉર્વતાત (ખોર્દાદ) ને અશો લોકોનાં ભલાં માટે પેદા કરવામાં આવ્યો છે § ૧. અમેશાસ્પેન્તઓની આરાધના. ચોકસ દેવો સામે મંત્રની બંદગી § ૨-૪. બર્જ્નુમની ક્રિયાને લગતી બંદગીનો એક ફકરો § ૫.-મંત્રની બંદગી તેનો ફાયદો, તેને છુપી રાખવાનું ફરમાન § ૬-૧૦.

હઉર્વતાત અને અમેરેતાત્, એઓ બંને ઘણું કરીને હંમેશ સાથે જોડાયલા આવે છે અને તેઓ એક બીજા સાથે ઘણો સંબંધ રાખે છે. અમેરેતાત્

* આ યશ્ત એ ત્રણ જુદા જુદા કકડાઓની બનેલી છે જેમને કોઇ અશક્ત હાથથી સાંધવામાં આવ્યા છે. તેનો કર્તા અથવા તેને ગોઠવનાર છેલ્લો ઘણો અવસ્તા ભાષાથી અજ્ઞાન દીસે છે. એ યશ્ત ઘણીજ પાછલા વખતની

માત્ર ગાથામાં એકલો વપરાય છે, જ્યાં તેનો અર્થ બીજી જીંદગી અને ભવિષ્યની દુન્યાનું અમર્ગપણું થાય છે. (જુઓ યજશ્નને હા ૪૭ મો ફકરો ૧લો; હા ૫૪મો ફકરો ૭મો). હઉર્વતાતનો અર્થ સંપૂર્ણતા, તમામ ન્યામતોનું ભેગું થવું અને તન્દરોસ્તી થાય છે. એ બંને ફરેસ્તા ભુખ તથા તરસ-ના દેવોના હમનબર્દો છે અને જીંદગીની મોજમઝાઓને વધારનાર તથા જાલવનાર છે. તેના એવા ગુણને લીધે પ્લુતાર્ક અમૅરતાતને મીઠાશ આપનાર ન્યામતો તથા મનપસંદ ચીજો ઉપર સરદારી ભોગવનાર ફરેસ્તા તરીકે ઓળખે છે. પાછલા જમાનામાં પેહેલા (હઉર્વતાત)ને પાણી ઉપર અને બીજા (અમૅરતાત) ને ઝાડ પાન ઉપર સરદારી ભોગવનાર ફરેસ્તા દાખલ લેખવામાં આવ્યા છે. વળી અવસ્તામાં કેટલીકવાર તેઓ ક્રિયાની પ્રવાહી જેવી અથવા નક્કર ભેટોના પ્રતિનિધી દાખલ વપરાય છે. (જુઓ યજશ્નેનો હા ૮મો ફકરો ૧લો). ઝાડપાન તથા પ્રવાહી માણસની તન્દરોસ્તી જાલવવાનાં મુખ્ય સાધનો છે.

હઉર્વતાત તથા અમૅરતાતને બેહેસ્તમાં અશો લોકો માટે નેમેલી ન્યામતો, આરાકીઓ, મિનોઈ ખુશાલીઓ તથા અમર્ગપણું બતાવવા માટે પણ વાપરવામાં આવે છે. બંનેમાંથી માત્ર હઉર્વતાતનીજ યશ્ત છે, પણ તેમાંબી પેહેલા બે ફકરાઓજ તેનું વર્ણન કરે છે, જેમાં તેને દેવ દરૂજોને ફત્તેહ કરનાર તરીકે લેખવામાં આવ્યો છે.

---

૦ ખુશાલ રેહો અહુરમજદ. (ઇત્યાદી, જુઓ અહુરમજદ યશ્ત ફકરો ૦ આઓ.) રતુ (યાને સદાર) હઉર્વતાતને. વરસની આબાદીને અને દુન્યા ઊપર સરદારી કરનાર પવિત્ર વરસોને ખુશાલ કરવા માટે, તથા તેમની આરાધના, વખાણ તથા કીર્તિ ગાવા માટે હું એકરાર કરૂં છું. પવિત્ર, અમર્ગ હઉર્વતાતને અમે વખાણયે છીયે. વરસની આબાદીને અમે વખાણયે છીયે. પવિત્ર દુનિઆના પવિત્ર સરદારો વરસોને અમે વખાણયે છીયે.

૧ અહુરમજદએ અશો જરથુશ્ત્રને કહયું: મેં હઉર્વતાત્‌ને પેદા કર્યો જે અશો મરદો માટે ખુશાલી, આરામ તથા સુખ છે. જે પ્રમાણે અમેશાસ્પેન્તઓ વોહુમનો, અષવહિશ્ત, ક્ષથ્રવઈર્ય, સ્પેન્તઆર્મ-

---

માલમ પડે છે. ૩જા ફકરાથી અથોરનાનોની મંત્રની કેહેવાતી બંદગી સરૂ થાય છે.

આ યશ્ત કોઇબી વખતે ભણી શકાય, પણ ખોર્દાદ રોજને દીવસે ઊષહિન ગેહમાં તે પઢવી ઘણીજ ફાયદાકારક છે.

ઈતિ, હઊર્વતાત્ અને અમેરેતાત્ (પાસે જવામાં આવે છે) તે પ્રમાણે આ (બે) અમેષાસ્પેન્તઓ પાસે જે કોઈ મદદ લેવા જાય તેને અમે સહાય થઈયે છીયે.

૨ જે કોઇ હઊર્વતાત્ તથા (બિજા) અમેષાસ્પેન્તઓનાં નામો હજારો હજાર, દશ હજાર ગણા દશ હજાર અને અસંખ્ય દેવો સામે યાદ કરે તે હશિને મારશે, તે બશિને મારશે, તે સએનીને મારશે, તે બુજિ[1]ને મારશે.

૩–૪ હું પ્રથમ અશો મરદને યાદ કરૂં છું (યાને હું અશો મરદ તરીકે ચાલું છું); જ્યારે હું અશો મરદને યાદ કરૂં છું ત્યારે હું રશ્નુ રજિશ્તાત આગળ, અમેષાસ્પેન્તઓ આગળ તેને (યાને મને પોતાને) હું જાહેર કરૂં છું, જેથી મિનો યજદોમાંનો આ (યાને હઊર્વતાત્) જેનું નામ ઘણુંજ બળવંત છે, તે તે અશો મરદને (યાને મને પોતાને) નસુશથી, હશિથી, બશિથી, સએનિથી, બુજિથી, પુશ્કળ પલતનોવાળાં લશ્કરથી, ઊંચે પકડેલા અને છુટથી (ઊડતા) વાવતાથી, જુલમી અને બુરા માણસથી, બેડીથી, જુલમી હાકમથી, યાતુઓથી, પઈરિકાઓથી અને સઘલી જાતના હુમલાથી છોડવે.

૫ અશો મરદોને માર્ગે ચાલવાથી પાપીઓના માર્ગમાંથી કેમ દુર થવાઈ શકાય છે ? અહુરમજદએ જવાબ દીધો: જો કોઇ મારો (નીચે જણાવેલો) માંથ્ર યાદ કરતો, બોલતો અથવા મોટે સાદે ભણતો એક ગોળ કસ ખેંચે (યાને પાવી કાહાડે) તો તે પોતાનાં તનનું રક્ષણ કરેછે:

૬ "ઓ તું દ્રુજે ! અત્રે ખરેખર જે કોઇ આવે તેઓમાં તું ગમે તે (આકારમાં) હોય, હુમલો કરવા આવનારાઓમાં તું ગમે તે (આકારમાં) હોય, અપવિત્ર કરનારા (રિમન કરનારા) ઓમાં તું ગમે તે (આકારમાં) હોય ! તો પણ ઓ દ્રુજે હું તને આર્ય મુલકોમાંથી મારીને હાંકી કાહાડીશ, ઓ દ્રુજે હું તને બાંધીશ, ઓ દ્રુજે હું તને ફટકા મારીશ, ઓ દ્રુજે હું તને શ્રાપ દેઈશ ! "

---

૧ [એ જુદા જુદા દેવોનાં નામ છે. દસ્તુર પેશોતનજી બેહેરામજી સનજાનાં પોતાની દીનકર્દ કેતાબનાં બીજાં વાલ્યુમને પાને ૬૨મે જણાવે છે કે, હશિ એટલે શકસંદ કરનાર. બશિ એટલે ભોંશવાને લગતું દરદ ઉત્તપન્ન કરનાર, સએનિ એટલે હાંની પોહોંચાડનાર અને બુજિ એટલે ભખ્ખી ખાનાર દેવ છે.–તરજુમો કરનાર.]

૭ તેણે (બરૅશ્નુમ નાહાનારે) ત્રણ કસ ખેંચવા. (એવી રીતે પવિત્ર થયલા) અશો મરદને હું ત્રણવાર યાદ કરૂંછું; તે છ કસ ખેંચે, હું તેને છ વાર યાદ કરૂં છું; તે નવ કસ ખેંચે હું તેને નવ વાર યાદ કરૂંછું.

૮ આ (છઠ્ઠા ફકરામાં જણાવેલા) દ્રુજેઓને જાહેર કરવાથી નસુશ (નસો) (ગોયા) તરવારથી માર ખાય છે, કરપનો (યાને છતે કાંને બેહેરાઓ) નાં તોખમ તથા તેમની ઓલાદ નાશ પામે છે. જઓતા (જોતી) જરથુશ્ત્રના (પ્રતિનિધી) દાખલ પોતાની ખાહેશ તથા ઇચ્છાઓ મુજબ અને તે જયારેબી ઇચ્છે ત્યારે પાપીપણાં તથા નુકશાંનમાંથી પવિત્ર થાય છે.[1]

૯ સુરજ અસ્ત પામવા પછી તે નસુશ્‌ને લોહી નીકલે એવો સખત જખમ કરેછે. જ્યારે સુરજ હજી ઉગેલો હોતો નથી ત્યારે પોતાનું હથ્યાર લાંબું કરીને મિનો યજદાને ખુશાલ કરવા તથા તેમની વખાણ ગાવા માટે નસુશ્‌ને મોહોત આપે એવો ખુના મર્કી ભરેલો ફટકો તે મારે છે.

૧૦ બાપ, દીકરા, એકજ લોહીના ભાઇને, લાયક ગુણોવાળા, ભલા તત્વ મુજબ ચાલનારા, પવિત્ર દીન (નાં ફરમાનો) મુજબ ચાલનારા, પવિત્રાઇના મિત્ર તથા તમામ દ્રુજેને અશક્ત કરનાર ઘરના ધર્મગુરૂ સિવાય બીજા કોઇને, ઓ જરથુશ્ત્ર આ માંથ્ર (મંત્ર)થી તું વાકેફ કરતો ના.

૧૧ હઉર્વતાત્ અમેષાસ્પેન્તને તેનાં નુર તથા દબદબાને લીધે વખાણનાં કીર્ત્તનોથી મોટા સાદે હું વખાણવા ઇચ્છું છું. હઉર્વતાત્ અમષાસ્પેન્તને જઓથ્રઓ, બર્સમવાળી જીવાંમુ સાથના હોમથી, જુબાનનાં ડાહપણથી, મનશ્નો, ગવશ્ની તથા કોનશ્નોથી, જઓથ્રઓથી તથા સાચા કહેલા સુખનોથી અમે વખાણ્યે છીયે.

૧૨ રતુ (સરદાર) હઊર્વતાતને, વરસની આબાદીને, અશોઇની દુન્યા ઊપર સરદારી કરનાર વરસોને માટે આરાધના, વખાણ, કૌવત તથા જોર હું ઇચ્છું છું:

૧૩ જુઓ અહુરમજદ યશ્તનો ફકરો ૩૪ મો.

---

[1]. મોબેદને પોતાને હસ્તક આ ક્રિયાઓની સંભાલ નથી. આ ફકરાને તથા તેની આગમચના ફકરાને ૯મી ફરગરદના શરૂઆતના ભાગ સાથે સરખાવો. બરેશ્નુમની ક્રિયાને લગતા એ છુટા ફકરા છે.

૫. આબાંન્ (અર્દ્વિસૂર) યશ્ત.

અહુરમજ્દ જરથુશ્ત્રને અર્દ્વિસૂરની આરાધના ફરમાવે છે § ૧૧-૨૧.— જરથુશ્ત્ર તેની નેમાજ કરે છે તથા બંદગી કરે છે. § ૧-૯. અર્દ્વિસૂરની ગાડી ૯-૧૩-અર્દ્વિસૂરની આરાધના કરી તેના કને ફાયદા હાંસલ કરનાર અહુરમજ્દ તથા પુરાતમ વખતના પેહેલવાંનો હુઓશ્યંઘ, યિમ, દહાક, થ્રએતઓન, કૅરૅસાસ્પ, ફ્રંઘ્રાસ્યન, કવઉસ્, કવહુસ્રવ, તુસ, અઉર્વઓ, પોઊરુશ્-વક્રનવાજ, જામાસ્પ, અષવજ્દાઓ અને તેના સાથીઓ વીસતઉરુ, યોઇશ્તફ્રયાન § ૧૪-૮૪, એઓની પછી જરથુશ્ત્ર, વીશ્તાસ્પ, જઇરિવઇરિ અને અૅરૅજતઅસ્પ § ૧૦૩-૧૧૮. અહુરમજ્દ તેને (અર્દ્વિસૂર)ને પૃથ્વિ ઊપર મોકલે છે અને તેને તેની આરાધના થવા બાબદ કબુલાત આપેછે; જરથુશ્ત્રને તેનાં (અર્દ્વિસૂરનાં) આવવા તથા તેનાં કૌવત બાબદ જાહેર કરે છે § ૮૪-૮૯.—અર્દ્વિસૂર જરથુશ્ત્રને તેની કેવા પ્રકારની આરાધના કરવી અને તેની ક્રિયામાંથી કોણ કોણને બાતલ રાખવા તે બાબદ શિખવે છે § ૯૦-૯૬. અનાહિત પોતાનાં પાણી પૃથ્વિ ઉપર સઘલે ફેલાવે છે, તેના મેહેલો ૧૪-૧૫, ૧૦૦-૧૦૨; ૧૧૯-૧૨૧.—વાતાવરણમાંના તેના સાથીઓ §૧૨૦.—તેનો સીંગાર § ૧૨૨ ૧૨૯.—પૃથ્વિને લગતી ન્યાંમતો તેણી પાસે મેલવવાને લગતી બંદગી § ૧૩૦-૧૩૨.

અર્દ્વિસૂર અનાહિત[1] એ નારિ ફરેસ્તો છે અને પાણીના ફરેસ્તાઓમાં તે મુખ્ય છે. એને માટે બે મુખ્ય કીર્તનો જોડાયલાં છે: એક કીર્તન યજશ્નેના ૬૪ માં હામાં અને બીજું ખોરદેહ અવસ્તા (યશ્ત પમી)માં છે. પેહેલું કીર્તન બેશક વધુ પુરાતમ છે. એ કીર્તનમાં અર્દ્વિસૂર એક ઇશ્વરિ પહાડ ઉપરથી ઊતરતાં આકાશી પાણીનો પ્રતિનિધી છે, અને પૃથ્વિને પુરું-પડવા માટે નદિઓનાં, સમુદ્રોનાં અને સરોવરોનાં પાણીઓમાં તે વેહે છે

---

1. અર્દ્વિ (અર્દ્ ઊપરથી)=ધોધબંધ વેહેનાર; સૂર=બળવંત; અનાહિત=નિર્મળ.

તથા આબાદી ફેલાવે છે. મજ્દએ તેને પેદા કરેલી હોવાથી તે પવિત્ર અને અશો છે; તોખમોને તે સ્વચ્છ કરે છે અને સ્ત્રીઓને સુખવાસી હંમેશ આપે છે; ફાંની દુન્યાની સઘળી ન્યામતો તે આબાદ કરે છે. તેનાં એક હજાર સરોવરો અને એક હજાર નાલાં છે, અને તે દરેક એક ઝડપવાળો ઘોડે સ્વાર ચાલીસ દીવસમાં જેટલાં વીસ્તાર ઊપર મુસાફરી કરી શકે એટલી લંબાઇ ધરાવે છે. એ નેહેરોની મારફતે તે પૃથ્વિ ઉપર વેહીને તેને ફલદ્રુપ કરે છે. સુખી વંશવેલો મેલવવા માંટે તેની આરાધના કરવી જોઇએ છે. આ પમી (આબાંન) યશ્તમાં અનાહિતપૃથ્વિને ફલદ્રુપ કરવા માટે આકાશ ઉપરથી ધોધબંધ વેહેતું પાણી હોવા ઊપરંત માણસના આકારનો ફરેસ્તો થાય છે અથવા વધારે બરાબર રીતે બોલ્યે તો તયાં તેને એક ખુબ સુરત, ચેહેરેનમુન અને જોરમંદ, પુશકળ સીંગારવાળી, તીસ 'બિવર' જના વરોનાં ચામડાંનો પોશાક પેહેરેલી એક જુવાન છોડી દાખલ તેણીને વર્ણવી છે. તેણી ચાર ઘોડાની સુંદર રથમાં મુસાફરી કરે છે. તેને લગભગ ઇશ્વરી શકિત લાગુ કરવામાં આવી છે; પૃથ્વિને ફલદ્રુપપણું, રાજયોને આબાદી, પેહેલવાંનોને ફતેહ, ધર્મગુરૂઓને ડાહપન તથા પવિત્રાઈ, છોડીઓને ભરથાર અને પછી સુખવાસી હંમેલ તે બક્ષે છે. પાદશાહ પેહેલવાનો પોતાની સઘલી મુરાદો તેણીથી મેલવે છે.

અર્દ્વિસૂર ઇરાંન્યન ઊત્તપત્તીની છે; એ કાંઇ માત્ર વરસાદનાં વાદલાંજ નહીં પણ પૃથ્વિ ઊપર વેહેતાં દરેક જાતનાં પાણીનું મૂળ છે; વરસાદનો ખુદ તેના ઊપર આધાર છે.

અનાહિતની આરાધના ઇરાન્યન ઉત્તપત્તીની છે. પણ એસિર્યન દેવી માઇલિત તથા ગ્રીસ્યન દેવી એફ્રોદાઇત સાથ તેને ઓળખાવતાં તેમાં ઘણો તફાવત પડયો હતો. એ નવો તફાવત પાદશાહ બીજા આર્તાક્ષરક્ષિસથી થયલો માલૂમ પડે છે, જેણે ઇરાંનમાં એ દેવીનાં બાહાવલાં દાખલ કર્યાં હતાં. એ પાદશાહે પડાવેલા ખીલારોકી લેખોમાં એ વિષેનું વર્ણન છે. જયારે તેની આગમચના પાદશાહો તેને માટે કશું બોલતા નથી. અસલ આરાધનામાં એવી જાતની ભેલસેલ થવાને લીધેજ આ યશ્તમાં જે કોઈ અસલ મજ્દયસ્નની કાનુન સીવાય બિજી કોઇ રીતે અર્દ્વિસૂરની આરાધના કરે તેને શ્રાપ દેવામાં આવ્યા છે.

ખુશાલ રહો અહુરમજદ! (ઇત્યાદી, જુઓ અહુરમજદયશ્ત ફકરો ૦ આઓ) અર્દ્વિસૂર અનાહિતનાં પાણીને ખુશાલ કરવા તથા તેની આરાધના કરવા, વખાણ ગાવા, કીર્તિ ગાવા માટે હું એકરાર કરૂં છું.

૧ અહુરમજદએ અશો જરથુશ્ત્રને કહયું. ઓ અશો જરથુશ્ત્ર! મોટા ઢોઢવાળી અર્દ્વિસૂર અનાહિતને તું મારે માટે વખાણ, કે જે તન્દરોસ્તી આપનારી, દેવોને દુર કરનારી, અહુરના મહજબને તાબેદાર, હાડમંદ દુન્યા.(યાને માણસો) ને માટે આરાધના લાયકની.(યાને માણસો તરફથી આરાધના મેલવવા લાયકની), હાડમંદ દુન્યાને માટે વખાણને લાયકની, ચાલાકી વધારનારાં પવિત્ર (પાણીવાલી), ઢોરોને આબાદ કરનાર પવિત્ર પાણીવાળી, દુન્યાને આબાદ કરનારાં પવિત્ર પાણીવાળી, દુન્યાઈ મોલકતોને આબાદ કરનાર પવિત્ર પાણીવાળી, દેશોને આબાદ કરનારાં પવિત્ર પાણીવાળી છે.

૨ જે તમામ મરદોનાં તોખમોને સ્વચ્છ કરે છે; જે ઓરતોનાં બાલકોને જન્મ આપવા માટેનાં ગર્ભસ્થાંનોને સ્વચ્છ કરે છે, જે તમામ ઓરતોને સેહેલાઇથી હંમેલથી છુટવાની હાલતમાં મેલે છે; જે તમામ ઓરતોને લાયક અને વખતસર દુધ મેલવી આપે છે.

૩ (તેનાં) પુશ્કલ પાણીએ દુર સુધી મહસુર થયલાં છે, દુન્યા ઊપર વેહેતી તમામ નદિઓના જેટલી તે મોટાં કદની છે, જેનાં પાણી હુકઇર્ય[૧]નાં શિખરમાંથી જોશબંધ નીકલીને વોઊરુકષ[૨] દર્યા તરફ વેહે છે.

---

૧ [બુન્દેહેશનાં બારમાં પ્રકરણના ૫મા ફકરામાં જણાવે છે કે, બુલંદ હૂગર (હુકઇર્ય) તે છે કે જેમાંથી અર્દ્વિસૂરનું પાણી હજાર માણસોના જેટલી ઊંચાઇએથી નીચે કુદે છે. વલી ૧૩ માં પ્રકરણના ૪ થા ફકરામાં જણાવે છે કે, અલબૂર્ઝ પાહાડની દક્ષીણે એક લાખ સોનેરી ખાડીઓ બનેલી છે. એ ખાડીઓમાંથી પાણી ગરમી તથા સ્વચ્છતા સાથે બુલંદ હૂગર ઊપર જાય છે; એ પાહાડની ટોચ ઊપર એક સરોવર છે; તે સરોવરેમાં તે વેહેછે, તદન સ્વચ્છ થાયછે અને એક જુદી સોનેરી ખાડીમાંથી તે પાછું જમીન ઊપર આવેછે. પ્રોફેસર વૅસ્ત ધારેછે કે, હુકઇર્ય એ કલ્પીત અલબૂર્ઝ પાહાડની એક બીજી ટોંચ છે અને ઘણું કરી તેનું ઠેકાણું પશ્ચિમ તરફ છે, કારણ કે તે સેતારીઓના સમુદાયના પશ્ચિમ તરફના સરદાર સતવેસ સાથે સંબંધ ધરાવે છે.–તરજુમો કરનાર.]

૨ પ્રોફેસર હાર્લે એને કૅસ્પ્યન અથવા ઍરલ સમુદ્ર સાથે અને પ્રોફેસર વૅસ્ત અરબી સમુદ્ર સાથે સરખાવે છે.

૪ (આ નદિઓના) તમામ કીનારા વોઊરૂકર્ષ દર્યા સાથે જોડાય છે: તે દરેક (નદિ) એક બીજા સાથે (તે દર્યાની) અધવચમાં જોડાય છે, કારણ કે અર્દ્વિસૂર તેઓ (નદિઓ) ઉપર પડે છે, કારણ કે તેમના ઉપર તે વેહે છે (અને તેમને ઘસડી જાય છે); જેની (અર્દ્વિની) હજાર નેહેરો તથા ખાડીઓ છે. કૈવતમંદ ઘોડા ઉપર સવાર થયલો માણસ ચાલીસ દીવસમાં જેટલા રસતા ઉપર મંજલ કરી શકે એટલી લાંબી[1] એ દરેક નેહેર તથા દરેક ખાડી છે.

૫ એ મારી એકલી નદિ (અર્દ્વિસૂર)નાં પાણી હફ્તકેશ્વર જમીન ઉપર વેહેછે, તથા વેહેંચાયલાં છે. શ્યાલામાં તેમજ ઉનાલામાં હંમેશ તે એકલીનુંજ પાણી પુરૂં પડે છે. એ મારી નદીનાં પાણી મરદોનાં તોખમને અને બાનુઓનાં ગર્ભસ્થાનને પવિત્ર કરે છે; તે બાનુઓનાં દુધને પણ સ્વચ્છ કરે છે.

૬ ઘર, મોહોલ્લા, કસબા તથા દેશોની આબાદી, રક્ષણ, ટેકા, નીગેહબાની, સંભાલ તથા મહાવજત માટે હું (તે પાણી) ચલકાત સાથે (યાને ચકચકીત) લાવ્યો.

૭ પછી જરથુશ્ત્ર (અર્દ્વિસૂર તરફ) આગળ વદયો (અને તેને કહયું) ઓ અર્દ્વિસૂર અનાહિત ! તું કે જે પેદા કરનાર મજદથી (ઊત્તપન્ન થયલી)છે, તારા હાથો ખુબસુરત અને સોનેરી તેમજ ઘોડાના જેવા મોટા છે. ઓ ખુબસુરત, ઓ અશો, તું અમારી તરફ મૈહેરબાંનોથી વધી આવ, તારાં મનમાં આ મુજબના વિચારો કરતી તારા મોટા હાથો સાથે ઝડપથી તું આવ :

૮ " કોણ મને વખાણશે, કોણ મારી આરાધના હોમ, જીવાંમ, ક્રિયા કરીને પવિત્ર કરેલી જઓથ્રઓ સાથે કરશે ? હું કોણને બાઝું. કોણ મને બાઝેલો છે, કોણ મને માન આપે છે, કોણ મને વખાણે છે અને મારા તરફ ભકિતભાવ ધરાવે છે. ? "

---

૧ બુન્દેહશનાં ૧૩મા પ્રકરણમાં એ વીસ્તાર ૧૭૦૦ ફરસંગ યાને ૫૧૦૦ માઈલનો ગણાવ્યો છે.

૯ પવિત્ર અને નિર્મલ અર્દ્વિસૂર અનાહિતને તેનાં નુર તથા દબદબાને લીધે વખાણનાં કીર્તનોથી મોટા સાદે હું વખાણવા ઇચ્છું છું. ઓ અર્દ્વિસૂર! જઓથ્રઓથી, અમારી આરાધનાઓથી તું માન પામેલી થા; મ્યજદ સાથના આ હોમ, આ બર્સમ, જુબાંનને ઘણીજ અસરકારક બનાવનાર માથ્ર; બંદગીઓ અને ક્રિયાઓ, જઓથ્રઓ તથા સાચા કહેલા સુખનોથી સંપૂર્ણ રીતે તું આરાધાયલી થા.

૨.

૧૦ જુઓ કરદા ૧ લો ફકરો ૧લો.

૧૧ જે (અર્દ્વિસૂર અનાહિત) પોતાની ગાડીમાં બેસી પ્રથમ આગળ વધે છે, જે (ગાડી)ની લગાંમો તે પકડે છે. આ ગાડી ઊપર જતાં માણસોને તે યાદ કરે છે અને આ પ્રમાણે પોતાનાં મન સાથે બોલે છે: "કોણ મને વખાણશે, કોણ મારી આરાધના હોમ, જીવાંમ, ક્રોશાથી પવિત્ર કરેલા જઓથ્રઓ સાથે કરશે? હું કોણને બાઝું, કોણ મને બાઝેલો છે, કોણ મને માન આપે છે, કોણ મને વખાણે છે, કોણ મારા તરફ ભકતી ભાવધરાવે છે?" (જુઓ ફકરો ૯ મો.)

૩.

૧૨ જુઓ કરદા ૧ લો ફકરો ૧ લો.

૧૩ તે (અર્દ્વિસૂર)ની કને સફેદ, એકજ રંગના, એકજ દેખાવ (ચેહેરા–બાશતયત)ના, ઉંચાં કદનાં ચાર ભારબરદારી જનાવરો (? ઘોડા) છે, જેઓ દેવો તથા બુરા માણસો, યાતુઓ અને પઇરિકાઓ, જુલમગારો, કવિઓ, અને કરપનોનાં કપતોને ઉખેડી નાખે છે. (જુઓ ફકરો ૯મો.)

૪.

૧૪ જુઓ કરદા ૧ લો ફકરો ૧લો.

૧૫ જે (અર્દ્વિસૂર) બળવંત, પ્રકાશીત, ઉંચાં કદની, દબદબાવાળી (છે,) જેના ઢોઢ દિવસે તેમજ રાતે, આ પૃથિવ ઉપર વેહેતી તમામ નદીઓનાં જેટલાં પાણી લાવે છે, જે અર્દ્વિસૂર ઘણાંજ જોરથી અને બળથી વેહે છે. (જુઓ ફકરો ૯મો.)

૫.

૧૬ જુઓ કરદા ૧ લો, ફકરો ૧ લો.

૧૭ પેદા કરનાર અહુરમજદએ સંપૂર્ણ પેદાએશવાળા[1] અઈર્યન વએજ[2]માં હોમ, જીવામ, બર્સમ, જુબાનને અસરકારક બનાવનાર માંથ્ર, બંદગીઓ અને ક્રિયાઓ, જઓથ્રઓ તથા સાચા કહેલા સુખનોથી તેને આરાધી.

૧૮ અને તેણે (અહુરમજદએ) તેના કને આ મેહેરબાની માગી: "ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! મને એવું આપ કે જેથી પોઉરુશસ્પનો છોકરો અશો જરથુશ્ત્ર મને બાઝે, કે જેથી તેના વિચારો તેના સુખનો અને તેનાં કામો દીનને અનુસરતાં થાય."

૧૯ અને જે કોઇ તેને (અર્દ્વિસૂરને) માટે જઓથ્રઓ અને ભેટો લઇ જાય છે, જે કોઇ તેને આરાધનાથી વખાણેછે અને વીનવેછે તેના ઉપર હંમેશ મેહેરબાની કરનાર અશો અર્દ્વિસૂરે જેવી (મેહેરબાની તેના કને અહુરમજદએ માગી હતી તેવી) બક્ષી. (જુઓ ફકરો ૯મો.)

૬.

૨૦ જુઓ કરદો ૧લો ફકરો ૧લો.

૨૧ તેને પરધાત હઓશ્યઙ્હ[3]એ હર (પાહાડ)ની તલેટી આગલ સો નર ઘોડા, હજાર ગોધા, દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

---

૧. કેટલાકો એનો અર્થ ભલી દાઇતિ નદીવાળાં કરેછે. બુન્દેહેશમાં કહેછે કે, દાઇતિ નદી ઇરાંનવેજમાં આવેલી હતી.

૨. ઇરાંનવેજ બુન્દેહેશનાં ૩૦ માં પ્રકરણના ૧૨ મા ફકરા મુજબ આતરો-પાતકાન તરફ આવેલું છે. આતરો-પાતકાનને ફારસીમાં આદર બીગાંન કહે છે.

૩. પરધાત (પેશ્દાદ્યન) વંશનો હઓશ્યઙ્હ (હોષંગ) પેહેલો પાદશાહ હતો. બુન્દેહેશનાં ૩૧ માં પ્રકરણના ૧લા ફકરામાં એ પાદશાહ માટે જણાવે છે કે, તે ફ્રવાકનો છોકરો થતો હતો. ફ્રવાક શ્યામકનો છોકરો હતો. શ્યામક માશ્યનો છોકરો થતો હતો, અને માશ્ય ગયોમર્દનો છોકરો હતો. બુન્દેહેશનાં ૧૫ માં પ્રકરણના ૨૮ માં ફકરામાં જણાવે છે કે હોષંગ અને તેની બાનું ગૂઝકથી. અઇરાનકાન (ઇરાંનીઓનો) ટોળો ચાલુ થયો હતો. વળી બુન્દેહેશનાં ૩૪માં પ્રકરણના ૪થા ફકરા મુજબ હઓશ્યઙ્હએ ૪૦ વરસ રાજ્ય કર્યું

૨૨ તેણે-તેની પાસે આ મેહેરબાની માગી: "એ અશો, અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! મને એવું આપ કે હું દેશો ઉપર, દેવો તથા માણસો ઉપર, યાતુઓ તથા પઈરિકાઓ ઉપર, જુલમગારો તથા જુઠા દેવોના ધર્મગુરૂઓ (કવિઓ તથા કરપનો) ઉપર બળવંત પાદશાહીનો માલેક થાઉં, જેથી માઝન્યન[1] દેવો અને હવસોને સોંપાયલા બુરાઓમાંના બેતૃત્યાંશ ભાગનો હું નાશ કરૂં."

૨૩. જુઓ ફકરો ૧૯ મો અને ફકરો ૯ મો.

૭.

૨૪. જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૨૫. તેને નેક ગોસ્પન્દોવાળા પ્રકાશીત યિમ[2] એ હુકઇર્ય[3] (પાહાડ) ની ટોંચ ઉપર સો નર ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યા.

હતું: ફિરદુશીના શાહનામેહમાં જણાવે છે કે, હુઓશ્યઙ્હ પેહેલા માનવી અને પાદશાહ ગયોમર્દનો પૌત્ર અને શ્યામકનો છોકરો થતો હતો; તેના પિતાને કાલા દેવે મારી નાખવાથી તે તેની સામે સિંહ, વાઘ, પક્ષી અને પરિઓનાં લશ્કર સાથે ચઢી ગયો અને તેનો નાશ કર્યો; એ પછી તે પોતાના બપાવાની ગાદીએ બેઠો અને તેણે પૃથ્વિના સાતે કેશ્વરો ઉપર હાકમી ભોગવી હતી. પશ્ચાત વંશ કયાંની વંશની આગમજ થઇ ગયું છે.

૧. માઝનદરાંન: અલબૂર્ઝ પાહાડની દક્ષિણે માઝનદરાંનનો પ્રાંત આવેલો છે; એ પ્રાંતમાં ઇરાંનીઓનાં મત મુજબ દેવો તથા જાદુગરોનું રેહેઠાંન હતું, અને તેનું વર્ણન રામાયનમાં લંકાનું જે વર્ણન છે તેને મલતું છે. દમાવંદ પાહાડ જેમાં અઝિદહાકને બાંધેલો છે તે માઝનદરાંનની દક્ષિણ સરહદ છે.

૨. જમશીદ. અવસ્તા મુજબ એ પાદશાહે ૧૦૦૦ વરસ રાજ્ય કર્યું હતું. બુન્દેહેશના ૩૪ માં પ્રકરણના ૪થા ફકરા મુજબ યિમએ ૬૧૬ વરસ અને ૬ મહિના રાજ્ય કર્યું હતું તથા ત્યારબાદ ૧૦૦ વરસ તેને ભરાઈ રેહેવું પડયું હતું. બુન્દેહેશનાં ૩૧મા પ્રકરણના ૩જા ફકરા મુજબ તખ્મોરૂપ (તેહેમુરસ્પ) નો તે ભાઇ થતો હતો અને તખ્મોરૂપને અહ્‌રેમનઇન્યુએ મારી નાખી ખાઈ જવા બાદ તેની ગાદીએ તે આવ્યો હતો.

૩. અવસ્તા મુજબ એ સર્વેથી ઉંચો પાહાડ છે. એ પાહાડ કૅસ્પ્યન સમુદ્રની દક્ષિણે માઝનદરાંનમાં આવેલો અલબૂર્ઝ પાહાડ છે.

૨૬. અને તેણે તેની પાસે આ મેહેરબાની માગી: "ઓ' અશો, અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વીસૂર! મને એવું આપ કે, દેવો તથા માણસો, યાતુઓ તથા પરીકાઓ, જુલમગારો, કવિઓ અને કરપનો ઉપર હું બળવંત પાદશાહીનો માલેક થાઉં, હું દેવો કનેથી પુશ્કલતા અને ઉપયોગી ન્યામત એ બંને, ફળદ્રુપપણું અને ગોસ્પન્દો એ બંને, આબાદી તથા કૌવત એ બંને છીણવી લેઉં."

૨૭. જુઓ ફકરો ૧૯ મો અને ફકરો ૯ મો.

૮.

૨૮. જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૨૯. જેને ત્રણ મ્હોડાંવાળા સાંપ દહાક[1]એ બબ્રિ[2]ના મુલકમાં સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

---

૧. [યિમએ જુઠું બોલવા માંડયાથી તેણે અવસ્તા મુજબ પોતાનું નુર ખોહી દીધું, અને તે પ્રસંગે તેને અઝિદહાક જેને પેહેલવીવાળા બેવરાસ્પ કહે છે તેણે હરાવી તેના ભાઇ સ્પિત્યુરની મારફતે તેને કાપી નાખ્યો હતો. અને પછી તેની ગાદીએ આવ્યો હતો અને તેણે ૧૦૦૦ વરસ રાજ્ય કર્યું હતું. શાહાનામેહમાં પોતાનાં બંને ખભાં ઉપર એકેક સાંપ ધરાવનાર માણસ તરીકે તેને વર્ણવ્યો છે: કહે છે કે આહિરમને તેને ચુંબન કરવાથી એ સાંપ ઉગી નીકળ્યા હતા. પ્રોફેસર હાર્લે જણાવે છે કે, જરથોસ્તી ધર્મ તરફ દુશ્મની ધરાવનાર એક પ્રજાના વડા તરીકે તેને અહીં ચીતર્યો છે, કે જે હંમેશ એ ધર્મ ઉપર હુમલો કરતો હતો તુરાંની લોકો સાંપની પુંજા કરતા હતા અને તે ઉપરથી એ દંતકથાએ જન્મ લીધેલો હોવો જોઇએ.—તરજુમો કરનાર.]

૨. [બેબીલોન. બીજારોકી લેખોમાં એ નામ બબિરૂ મળે છે. અને તે ઉપરથી બબ્રિ અને બક્રિ તથા સેવતે બવ્રિ નીકલ્યો છે. પ્રોફેસર દાર્મેસ્તેતે જણાવે છે કે, અઝિ અનઇર્ય (આર્ય નહીં) હોવાથી તેને ઇરાંનીઓએ પોતાના વંશપરંપરા ઉતરતા આવેલા દુશ્મન બાલ્દયનોના પ્રતિનિધી દાખલ ઓળખ્યો છે, કે જેઓએ તેમના ઉપર આગળ પુશ્કલ જુલમ ગુજાર્યો હતો. પાછળથી મુસલમાનોએ ઇરાંન ફત્તેહ કર્યું ત્યારે અઝિને આરબ બનાવવામાં આવ્યો હતો. અઝિની દંતકથાની અસલ બેઠક કેસ્પ્યન સમુદ્રના દક્ષિણ કોસ્તા ઉપર હતી.—તરજુમો કરનાર.]

૩૦. અને તેણે તેની પાસે આ મેહેરબાનીની માગી: "ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! મને એવું આપ કે જેથી આ પૃથિવના સાતે કેશ્વરોને રેહેવાસીઓ વિનાના ઉજડ કરી નાખું."

૩૧. પણ અર્દ્વિસૂરે તે મેહેરબાની બક્ષી નહી, તેણી કે જે તેણી માટે જે કોઇ ઝઓથ્રઓ અને ભેટો લઈ જાય છે, જે કોઈ તેને આરાધનાથી વખાણે છે અને વીનવે છે તેને હંમેશ મેહેરબાની બક્ષે છે. (જુઓ ફકરો ૯ મો.)

૯

૩૨. જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૩૩ જેને 'આથ્વ્યના પેહેલવાન ખાંનદાંનવાળા થ્રએતઓન[1] એ ચાર ખુણાંવાળાં વરૅન[2] માં સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામા અર્પણ કર્યાં.

---

1 [થ્રએતઓનને પેહેલવી તથા ફારસીમાં ફેરિદુન કહે છે. યજશ્નેના ૯ મા હા તથા વન્દિદાદની ૧લી ફર્ગરદ મુજબ તેણે અઝિદહાક (બેવરાસ્પ) ને મારી નાખ્યો હતો, પણ બુન્દેહેશ, પેહેલવી બહમન યશ્ત તથા ફારસી લખાણોમાં જણાવે છે કે, થ્રએતઓન અઝિદહાકને મારી નાખવાને અશક્ત હતો, અને તેથી તેણે તેને દમાવંદ પાહાડમાં બંધ કર્યો હતો. બહમન યશ્તના ત્રિજા બાબમાં કહે છે કે, દુન્યાની આખેરીને સુમારે આહરિમન તેની બેડી કાહાડી તેને છુટો કરશે, જે વેળાએ તે તરેહવાર ભયંકર ગુનાહ કરશે, માણસોના અને બીજાં પ્રાણીઓના એકતૃત્યાંશ ભાગને તે ગળી જશે; પાણી, આતશ તથા વનસ્પતિ વગેરે ઉપર તે આજાબ પાડશે. સેવટે પાણી, આતશ તથા વનસ્પતિ અહુરમજદ આગળ મોટા વીલાપ સાથે ફર્યાદ ઉઠાવશે, અને અરજ કરશે કે, ફેરિદુનને દુન્યામાં પાછો જીવતો કર કે તે અઝિદહાકને મારે, પણ જો અહુરમજદ તું તેમ નહીં કરશે તો અમારેથી દુન્યામાં હસ્તી ભોગવાશે નહીં; આતશ કહેશે કે હું બળીશ નહીં અને પાણી કહેશે કે, હું વેહીશ નહીં. આથી અહુરમજદ સરોશ તથા નેર્યોસંગને ફર્માવશે કે, તેઓએ કૅરૅસાસ્પને જાગ્રુત કરવો. તેઓ આ હુકમ બજા લાવશે. કૅરૅસાસ્પ અઝિદહાક સામે લડવા જશે અને ગુરજ વટી તેનું માથું ભાગી તેનો નાશ કરશે; જે બાદ દુન્યા પાછી તાજગી ભરી થશે.—તરજુમો કરનાર.]

2. વરૅનને હાલના ગીલાન પ્રાંત સાથે સરખાવવામાં આવે છે.

૩૪ અને તેણે તેની પાસે આ મેહેરબાની માગી: ઓ "અશો, અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર મને એવું આપ કે જેથી હું ત્રણ માથાંવાળા, ત્રણ મ્હોડાંવાળા, છ આંખોવાળા અને હજાર અવયવો વાળા, દેવોને લગતા અતીશે કૌવતમંદ દરૂજ, હાડમંદ દુન્યા માટે નુકશાનકારક, દુન્યાની અશોઈના નાશ માટે આ હાડમંદ દુન્યામાં અહરેમઇન્યુશે ઉત્તપન્ન કરેલા સર્વેથી બળવંત દરૂજ, સાંપ દહાકને મારી નાખું, જેથી એ (રાક્ષસ)ના ફત્તેહ કરનાર તરીકે ફાયદા (ની ઉમેદ આપીને) અથવા જબરીથી અતીશે ખુબસુરતીવાળાઓને હું લેઇ જાઉં અને જેઓ ઘણીજ તંગ (હાલત)માં છે તેમને છુટાપણું અને જીંદગી બક્ષું." ૧

૩૫ જુઓ ફકરો ૧૯ અને ફકરો ૯.

૧૦.

૩૬ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૩૭ જેને બાહાદુર દીલના કૅરસાસ્પએ પિસડ્હની સામેના

---

૧ આ ફકરો ઘણોજ મુશ્કેલ છે. થ્રએતઓન આ ફકરામાં એવી ખાહેશ રાખતો માલમ પડે છે કે, દહાકના ચુનંદા લડવૈયાઓને તે પોતાની નોકરીમાં લે અને બીજાઓને જવા દે; અથવા તો પેહેલાઓ જો તેની નોકરીમાં નહીં સામેલ થાય તો તેમની સામે જાસ્તી વાપરે. [પ્રોફેસર દાર્મેસ્તેતે આ છેલ્લા ફકરાનો અર્થ નીચે મુજબ કરે છે: "અને તેની બે બાયડીઓ સવઙ્હવાચ અને અરૅનૅવાચ જેઓ બાનુઓમાં સવથી ખુબસુરત છે અને દુનિઆના પ્રાણીઓમાં સર્વથી અજાયબ જેવી છે તેમનો છુટકો કરૂં." સવઙ્હવાચ અને અરૅનૅવાચને એ વિદ્વાન શાહાનામેહમાં જણાવેલી શેહેનાઝ અને અરનવાજ સાથે સરખાવી જણાવે છે કે તેઓ બંને યિમ (જમશેદ) ની દીકરીઓ હતી, જેમના ઉપર અઝિએ જુલમ ગુજાર્યો હતો. થ્રએતઓનએ તેમનો છુટકો કર્યો અને તેમની સાથે તે પરણ્યો હતો; તેને અરનવાજથી એક છોકરો અઇર્યુ (એરચ) અને શેહેનાજથી બે છોકરા તુર અને સઇરિમ (સલિમ) અવતર્યા હતા, જેઓ ઇરાંન, તુરાંન, અને રૂમના પાદશાહો અનુક્રમે થયા હતા.—તરજુમો કરનાર.]

૨ (કૅરસાસ્પ વિષે જુઓ મારો યજશ્નનો તરજુમો પાનું ૨૦૩.) પિસડ્હ એ ખોરાસાનમાં આવેલી હરિરૂદ નદીની એક શાખા અથવા તો એક

કીનારા ઉપર સો ઘોડા, હજાર ગોધા તથા દશ હજાર નાહાનાં ગોસપન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

૩૮ અને તેણે તેની પાસ આ મહરબાની માગી:"ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર મને એવું આપ કે જેથી સોનેરી એડીવાળા ગનદરેવ[1] નો હું ફત્તેહ કરનાર થાઉં કે જે વોઉરુકષના કીનારા ઉપર જાસ્તી ગુજારે છે, અને એ પાપીનાં મજબુત રેહેઠાન સુધી હું પોહોંચું (યાને તે ફત્તેહ કરૂં) કે જે આ વીસ્તીર્ન, ગોળ અને પાર કરવાને અતીશે મુશ્કેલ પૃથ્વિ ઉપર છે."

૩૯ જુઓ ફકરા ૧૯ તથા ૯.

સરોવર માલમ પડે છે. શાહાનામેહમાં એને પેશન નામથી ઓળખવામાં આવે છે. આ ઠેકાણે એ જગા ઇરાંનીઓ તથા તુરાંનીઓ વચેની એક ખુનખાર લડાઇનું મઠક લાગે છે. [બુન્દેહેશનાં ૨૯માં પ્રકરણના ૧૧ મા ફકરામાં જણાવે છે કે, પેશ્યાનસાઇ કાબુલીસ્તાનમાં છે. એજ પ્રકરણના ૮મા ફકરામાં જણાવવા મુજબ સામ (કેરેસાસ્પ) અમર્ગ થયો હતો, પણ મજદ યસની ધર્મ ઉપર તેણે બેદરકારી બતાવવાથી નિહાજ નામના એક તુરકે તે પેશ્યાનસાઇનાં મેદાનમાં ઉંઘેલો હતો, તે વેલાએ તેને એક ગોલી મારી જખમી કર્યો હતો અને તેથી તે અસાધારણ ઉંઘમાં પડયો છે. દુન્યાની આખેરીએ અઝિદહાક બેડીમાંથી છુટો થાય તે વેલાએ તે ઉઠીને તેને મારી નાખે એટલા માટે તેના ઉપર હજારો ફરોહરો સંભાલ રાખેછે.—તરજુમો કરનાર.]

૧. [દાદિસ્તાને દિનિ સાથની એક પેહેલવી રેવાયેત જેનો તરજુમો પ્રોફેસર વેસ્તે પોતાનાં પેહેલવી પુસ્તકોનાં બીજાં વાલ્યુમમાં માને ૩૬૯ થી આપ્યો છે, તેમાં એ રાક્ષસ માટે કેરેસાસ્પ નીચે મુજબનું વર્ણન કરે છે: ગનદરેવને મેં માર્યો હતો, કે જે બાર જીલ્લાઓ એકદમ ખાઇ ગયો હતો. ગનદરેવના દાંત તરફ નજર કરતાં મુએલાં માણસો તેના દાંતને વળગેલાં માલમ પડયાં હતાં. તેણે મારી દાઢી પકડી પણ મેં તેને દર્યામાંથી ખેંચી કાહાડયો હતો. નવ દિવસ તથા રાત સુધી દર્યામાં લડાઇ ચાલવા બાદ હું ફત્તેહમંદ થયો હતો. ગનદરેવના પગનું તલ્યું પકડી માથાં સુધીની તેની ચામડી મેં ઉતારી હતી અને તે ચામડી વડી તેના હાથ પગ મેં બાંધ્યા હતા. મેં જો તેને મારી નાંખ્યો ન હોત તો હારિમનની પેદાએશ અહુરમજદની પેદાએશ ઉપર સરસાઇ ભોગવતી થતે.] અવસ્તા તથા વેદ મુજબ તે ગઓકિરેન

૧૧.

૪૦ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૪૧ જેને ખુની તુરાંની ફ્રહરસે[1] આ જમીનને લગતા એક ગોફા[2]માં સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

(હોમ) અંથવા સોમના રોપા ઉપર તકેદારી રાખે છે અને તેને માણસોના હાથમાં જતાં અટકાવવાને કોશિશ કરે છે. જુઓ ઋગ્વેદ ૯.૮,૩,૪;૮૬,૫, ઇત્યાદી. શાહાનામેહમાં તો તેને અઝિદહાકના વઝીર તરીકે ઓળખાવ્યો છે.

૧. [ફ્રહરસ જે સાધારણ રીતે અફ્રાસ્યાબને નામે ઓળખાય છે. બુનદેહેશના ૩૧ માં પ્રકરણના ૧૪ મા ફકરા મુજબ પાદશાહ ફરેદુનના છોકરા તુરના છોકરા દૂરોષસ્પના છોકરા સ્પએન્યસ્પના છોકરા તુરકના છોકરા ઝએશમના છોકરા પષંગનો છોકરો તે થતો હતો. તે તુરાંનનો રાજા હતો અને તેણે ૨૦૦ વરસ રાજ્ય કર્યું હતું. ઇરાંન અને તુરાંન વચ્ચેની ખુનખાર લડાઇઓ એક હાથ ઉપર અફ્રાસ્યાબ અને બીજા હાથ ઉપર મિનોચીહરથી કયઓસૂ (કવિ હુસ્રવ) વચ્ચે ચાલી હતી. લડાઇનું મૂળ કારણ શ્યાવક્ષ (શ્યાવરષાન)નું અફ્રાસ્યાબે કરેલું ખુન હતું; શ્યાવક્ષ કય કાઉસ (કવ ઉસ)નો છોકરો હતો, જેને તેની સાવકી માની ઉશ્કેરણીથી તેના પિતાએ દેશવટો આપવાથી તે અફ્રાસ્યાબના મુલકમાં જઈ ભરાયો, જેણે તેને માન સાથે આવકાર દેઈ પોતાની દીકરી સાથે પરણાવ્યો; પણ શ્યાવક્ષની ચઢતીથી અફ્રાસ્યાબના ભાઈ કર્સાવઝને અદેખાઈ ઉપજી, જેણે તેની સામે તરેહવાર નીંદાખોરાં તોહોમતો મેલી તેને મારી નાખવાને અફ્રાસ્યાબ પાસે જબરીથી હુકમ મેળવ્યો હતો. (જુઓ યશ્ત ૧૯ ફકરો ૭૭). શ્યાવક્ષનું વેર તેના દીકરા અને અફ્રાસ્યાબના દોત્ર કયઓસુએ લીધું હતું. (જુઓ યશ્ત ૯ ફકરો ૨૨.)—તરજુમો કરનાર.]

૨ [હન્કને (ગોફો): ફીરદોશી આદર બઇજાનની સરહદ ઊપર બર્દ નજદીક આવેલા એક પાહાડને માથેના ગોફા વિષે બોલે છે, જ્યાં અફ્રાસ્યાબે તેને હાર મળવા પછી આશ્રો લીધો હતો, અને જ્યાંથી તેને કયઓસુએ શોધી કાહાડયો હતો. બુન્દેહેશના ૧૨માં પ્રકરણના ૨૦માં ફકરામાં જણાવે છે કે, બકબિર (દાસંપેત) પાહાડ તે છે કે જે તુરનો ફ્રાસિયાબ (અફ્રાસ્યાબ) એક કિલ્લા તરીકે વાપરી ત્યાં રેહેતો હતો. અને યિમના જમાનામાં ત્યાંના સુંદર અને આબાદ મુલકમાં હજારો શેહેરો તથા કસબા બાંધવામાં આવેલા હતા.—તરજુમો કરનાર.]

૪૨. અને તેણે તેની પાસે આ મેહેરબાનની માગી. "ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! મને એવું આપ કે જેથી તે નુર જે વોઉરુકષ દર્યાની સપાટી ઉપર તરે છે, જે હૈયાતી ભોગવનારા અને હજી નહી જનમેલા આર્ય મુલકો(ના લોકો)ને લગતું તથા (ખાસ કરી) અશો જરથુશ્ત્રને લગતું છે તે હું મેળવું."

૪૩ જુઓ ફકરો ૩૧ અને ફકરો ૯ મો.

૧૨.

૪૪ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૪૫ જેને ચાલાક અને પ્રકાશીત કવઉસ[1] એ ઍરૅઝિફ્ય[2] પાહાડ નજદીક સો ઘોડાં, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

૪૬ પછી તેણે તેની કને આ મેહેરબાની માગી: ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! તું મને એવું આપ, કે જેથી સઘળા મુલકો, દેવો અને માણસો, યાતુઓ (જાદુગરો) અને પઈરિકાઓ, સાથ્રઓ (જુલમગારો), કવિઓ (જોતી આંખે આંધલા) અને કરપનો (સાંભલતે કાંને બેહેરા) ઉપર હું પાદશાહી ભોગવનારો થાઉં.

૪૭ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૧૩.

૪૮ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૪૯ જેને બાહાદુર હુસ્રવ[3] કે જેણે આર્ય મુલકોને જોડી નાખી

---

૧. કવ° અથવા કયાંની વંશનો બીજો પાદશાહ કયકાહાઉસ એ કવિ કવાત (કયકોબાદ) નો છોકરો અને સ્યાવક્ષનો બાપ થતો હતો. તેણે બુન્દેહેસના ૩૪માં પ્રકરણના ૭મા ફકરા મુજબ ૧૫૦ વરસ રાજય કર્યું હતું, જે અરસામાં એકવાર તે આકાશ ઉપર જઈ આવ્યો હતો. જુઓ આ યશ્તના ફકરા ૪૧ ને લગતી બંને નોટો.

૨. આ પાહાડને મર્ગ્યાના અને એર્યાના વચ્ચેના સરિકી પાહાડ સાથે સરખાવવામાં આવે છે.

૩. કયાંની વંશનો ત્રીજો પાદશાહ કયખોસ્રુ, જેણે તુરાંની રાજાને હરાબીતમામ ઇરાંની મુલકો પાછા જીત્યા હતા. જુઓ ફકરા ૪૧ ને લગતી બંને નોટો.

એક રાજ્ય કર્યું હતું, તેણે ઉંડાં પાણીવાળાં ચએચસ્ત[1] સરોવર આગળ સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

૫૦ પછી તેણે તેની કને આ મેહેરબાની માગી: "ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! મને એવું આપ કે જેથી તમામ મુલકો ઉપર, દેવો તથા માણસો ઉપર, યાતુઓ, પઇરિકાઓ, સાથ્રઓ, કવિઓ અને કરપનો ઉપર હું પાદશાહી ભોગવનારો થાઉં; અને હું મારી રથને તે લાંબા અને ઉજડ રસ્તા ઉપર સર્વેની આગળ લેઈ જાઉં અને હું જંગલ નહીં પસાર કરૂં (યાને જંગલમાં નહીં ફસું), કારણ કે તે ખુની (અફ્રાસ્યાબ) પોતાના ઘોડાઓ ઉપર સ્વાર થઈને હમણા મારી સાથે લડવા ઇચ્છે છે."

૫૧ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૧૪.

૫૨ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૫૩ જેને રથમાં સ્વારી કરનાર બાહાદુર લડવૈયા તુસે[2] પોતાના ઘોડાઓની પીઠ ઉપર પોતાના ઘોડાઓ માટે કૌવત, (પોતાનાં માણસોનાં) શરીરો માટે તન્દરોસ્તી, દુશ્મનોની હીલચાલને આગલથી જાણી લેવી, બુરાઓનો નાશ કરવા, અને કપત ધરાવતા તથા ઇજા કરવાની કોશેશ કરતા દુશ્મનોનો સદનતર પરાજય કરવાનું ઇચ્છતાં આરાધી.

૫૪ અને તેણે તેની કને આ મેહરબાની માગી: "ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર અનાહિત! તું મને એવું આપ

---

૧ [બુન્દેહેશના ૨૨ માં પ્રકરણના ૨ જા ફકરા મુજબ "તે આતરોપાતકાંનમ આવેલો છે, તેનું પાણી ગરમ છે અને તેમાં કાંઇબી જીવતો પદાર્થ રેહેતો નથી; તે માહાસાગરની સાથે સંબંધ રાખે છે." પ્રોફેસર વેસ્ત કહેછે કે, એ સરોવર આદરબીજાંનમાંનું હાલનું ઉરૂમ્યાહ છે, જેને હમદુલ્લાહ મુસ્તાફી નામનો તવારિખ કર્તા ખેજેસ્ત અથવા ચેજેસ્તીનાં નામથી ઓળખી ગયો છે.—તરજુમો કરનાર.]

૨. એ એક કયાની શાહજાદો હતો અને પેહેલા બે કયાંની પાદશાહોના હાથ હેઠલ તુરાંનીઓ સામે તે બાહાદુરીથી લડયો હતો અને તેમને હઠાવ્યા હતા.

કે જેથી વએષકના અઉર્વ-હુનવ[1]ને બુલંદ અને અશો કહ્[2]ના ઘણાજ આગળના ક્ષથ્રોસઓક નામે દરવાજા આગળ હું હરાઉં, જેથી હું તુરાંની મુલકોનો એવી રીતે નાશ કરૂં કે પચાસથી સો ગણા, સોથી હજાર ગણા, હજારથી દશ હજારગણા અને દશ હજાર ગણાથી અગણિત (તુરાંની-ઓને) હું મારૂં."

૫૫ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૧૫.

૫૬ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૫૭ જેને વએષકના અઉર્વ-હુનવએ બુલંદ તથા અશો કહ્-હના ઘણાજ આગળના ક્ષથ્રોસઓક નામે દરવાજા આગળ સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

૫૮ અને તેણે તેની કને આ મેહેરબાની માગી: "ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! મને એવું આપ કે જેથી રથમાં સ્વારી કરનાર બાહાદુર તુશને હું હરાઉં, અને આર્ય મુલકો[2]નો એવી રીતે નાશ કરૂં કે તેમના પચાસથી સો ગણા, સોથી હજાર ગણા, હજારથી દશહજાર ગણા અને દશ હજાર ગણાથી અગણિત (ઇરાંનીઓ)ને હું મારૂં."

---

૧. [પ્રોફેસર દાર્મેસ્તેતે એનો અર્થ "વએષકના બહાદુર છોકરાઓ" કરે છે. વએષક એ વીસેહ કુટુંબનો વડો હતો અને તેનો વડો છોકરો પીરાંન વીસેહ અફ્રાસ્યાબનો ચાલાક અને ઘણોજ પ્રમાણીક પ્રધાન હતો; પણ તેની દાનાઈ ભરી શીખામણો ઉપર અફ્રાસ્યાબે લક્ષ દીધું નહીં અને પોતાના ભાઈ ગરસિવજની સલાહ મુજબ સ્યાવક્ષને મારી નાખવા દીધો, જેનું પરિણામ એ આવ્યું કે, કયખોસ્રુએ તુરાંનનો નાશ કર્યો જેમાં પીરાંન વીસેહ પોતાના છોકરાઓ સાથે માર્યો ગયો હતો.-તરજુમો કરનાર.]

૨. [અંતરે કહ્ નામે બાહરિજેમ તરફ આવેલા એક પાહાડ ઉપર શાહજાદા સ્યાવક્ષે પોતાને મળેલા દેશવતા વખતે એક શેહેર વસાવી ત્યાં ક્ષથ્રો-સઓક નામે એક કીલ્લો બાંધ્યો હતો, જેને શાહનામેહમાં ગંગદેઝના નામથી ઓળખેલો છે. શાહનામેહમાં જણાવ્યા મુજબ તો એ કીલ્લો પાદશાહ કયખોસ્રુએ પોતેજ ફત્તેહ કર્યો હતો.-તરજુમો કરનાર.]

૫૯ જુઓ ફકરા ૩૧ અને ૯.

૧૬.

૬૦ જુઓ કરદો ૧ લો. ફકરો ૧ લો.

૬૧ જેને પોઉરુશ્ વંકનવાજ[1]એ આરાધી, જે વેળાએ ફત્તેહમંદ, જોરેમંદ થ્રએતઓનએ કહર્કાસ પક્ષીના આકારમાં તેના અવાજથી તેને બોલાવ્યો. તેનાં મકાંન તરફ ત્રણ દિવસ તથા ત્રણ રાત સુધી તે ઉડયો; પણ ફોકત, તે પોહોંચી શકયો નહીં.

૬૨ ત્રીજી રાત પુરી થઇ; બામદાદ થઇ અને બામદાદનાં પેહેલાં કીરણો પડયાં. પછી બામદાદને સમયે તેણે અર્દ્વિસૂરને આરાધી (અને બોલ્યો): ઓ અર્દ્વિસૂર અનાહિત ! મારી મદદે જલદી પોંહોંચ, ઉતાવળ કર, મને આએજ પળે મદદ કર.

૬૩ હું તને હજાર 'જઓથ્ર'ઓ પાક કરેલા તથા ક્રિયાથી તૈયાર કરેલા હોમ તથા મ્યજદ સાથે અર્પણ કરીશ. જો હું અહુરની પેદા કરેલી પૃથવિ ઉપર જીવતો પોંહોંચીશ, જો હું મારે પોતાને મકાંને જઇ શકીશ તો હું તને રન્હા નદી ઉપર એ ચીજો અર્પણ કરીશ.

૬૪ અર્દ્વિસૂર અનાહિત ખુબસુરત, જોરેમંદ, નુરમંદ, મોટા કમરબંધવાળી, સીધાં કદની, ઉમદા અને પ્રકાશીત દેખાવની જુવાંન કન્યાના આકારમાં, મોજાં પેહેરીને તથા સોનાના પ્રકાશીત તાજથી સીંગારવંતી થઇને ઝડપથી તેનો આગળ (મદદે) દોડી.

૬૫ અને તેને તેના હાથ વટી પકડયો, અને કાંઇબી ઢીલ વિના ઝડપથી મજદની પેદા કરેલી જમીન તરફ આતુરતાથી માર્ગ લીધો. અને

---

૧ [આ દંતકથા શું છે તે સમજાતું નથી. પ્રોફેસર દાર્મેસ્તેતે એને શાહાનામેહમાં થ્રએતઓન બાબદ આપેલી એક વાત સાથે સંબંધ ધરાવતી લેખે છે. થ્રએતઓન અઝિદહાકનાં પાયતખ્ત બબ્રિ તરફ કુંચ કરતો (જુઓ §૨૯) તાઇગ્રિસ (રન્હા) નદી આગળ આવી પોંહોંચ્યો તે વેળાએ એક ફરેસ્તાએ આવી તેને અઝિને તેના કાવાદાવામાં હફાવવાને જાદુ શીખવ્યું હતું. આ ફકરામાં પણ થ્રએતઓન પોતાનો જાદુઇ હુનર બતાવે છે.—તરજુમો કરનાર.]

આગળની માફક તન્દરોસ્ત તથા સલામત હાલતમાં તે પોતાને મકાને પોંહોંચ્યો.

૬૬ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો

૧૭.

૬૭ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૬૮ જેને જામાસ્પ[1] એ બુરાઓ તથા દેવોને પુંજનારાઓનાં લશ્કરને લડાઇ કરવા આવતું દુરથી દીઠું ત્યારે સો ઘોડા, હજાર ગાધા તથા દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

૬૯ પછી તેણે તેની કને આ મેહેરબાની માગી : " ઓ અશો અને સર્વેથી ફાયદેમંદ અર્દ્વિસૂર અનાહિત ! મને એવું આપ કે જેથી બીજા ઇરાની પેહેલવાનોની માફક હું ફત્તેહ કરનાર થાઉં. "

૭૦ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૧૮.

૭૧ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૭૨ જેને પોઉરુધાક્ષિતના છોકરા અષવજ઼દઙ્હ[2] તથા સાયુજ઼દ્રિના છોકરાઓ અષવજ઼દઙ્હ અને થ્રિત એઓએ બુલંદ સાહેબ, બાદશાહી દરજ્જાના અને પ્રકાશીત તથા સેતાબ ચાલના ઘોડાઓવાળા અપાંમ્ ન

---

૧. [પાદશાહ વીશ્તાસ્પ (કય ગુસ્તાસ્પ) નો વડો પ્રધાન અને જરથુશ્ત્રનો રક્ષણ કર્ત્તા. અહીં તેને એક પેહેલવાન તરીકે ચીતાર્યો છે, પણ સામાન્ય રીતે તેને એક દાનાવ અને નજુમી તરીકે ઓળખવામાં આવેછે. શાહાનામેહમાં જણાવેછે કે એકવાર દુશ્મનનું લશ્કર સામે આવ્યું તે વેળા એ પાદશાહ ગુસ્તાસ્પે તેનેથી લડાઇનું પરિણામ આગમચથી જાણવા ઇચ્છયું : જામાસ્પ દલગીરી સાથે હુકમ બજા લાવ્યો, કારણ કે પરિણામ ઇરાંનીઓની વિરૂદ્ધ આવનાર હતું. જામાસ્પ હ્વોવ ખાંનદાનનો હતો.—તરજુમો કરનાર.]

૨. [એ ધણી કોણ છે તે જણાયલું નથી, પણ બુંન્દેહેશના ૨૯ માં પ્રકરણના ૬ ઠા ફકરામાં જણાવેછે કે, એ અષવજ઼દઙ્હ અમર્ગ છે અને દુન્યા નવેસરની થશે તે વેળાએ તે બીજાઓ ભેગો સોશ્યોસને મદદ કરશે. દાદેસ્તાને દીનીનાં ૮૯માં પ્રકરણમાં જણાવે છે કે, ખનિરથ દુન્યાના જે સાત અમર્ગ સાહેબો છે તેઓમાંનો એ એક છે.—તરજુમો કરનાર.]

પાત[1] નજદીક સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાના ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

૭૩ પછી તેઓએ તેની કને આ મેહરબાની માગી: "એ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર-અનાહિત! તું અમને એવું આપ કે જેથી અમે ઘણાજ ચાલાક તુરાંની લુટારા (દાનુ) ઓ કર અસબન, વર અસબન અને બળવંત તથા જોરેમંદ દુરએકએતને આ દુન્યાની લડાઇમાં અમે ફત્તેહ કરનાર થઇએ.

૭૪ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૧૯.

૭૫ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૭૬ જેને નઓતર ખાંનદાનવાળા વિસ્તઉરુશે[2] વિતઙ્ઉહઇતિ નદી[3]ના કાંઠા ઉપર સાચા સુખનોથી આરાધી. તે આ સુખનો બોલ્યો:

૭૭ "એ અર્દ્વિસૂર! આ ભલું છે, આ સાચું છે કે મારાં માથાં ઉપરના બાલ જેટલા દેવયસ્નાનોને મેં માર્યા છે. એ અર્દ્વિસૂર! ભલી વિતઙ્ઉહઇતિ નદી પસાર કરવા માટે એક સુક્કો માર્ગ મને કાહાડી આપ."

૭૮ અર્દ્વિસૂર અનાહિત ખુબસુરત, જોરેમંદ, નુરમંદ, મોટા કમરબંધવાળી, સીધાં કદની, ઉમદા અને પ્રકાશીત દેખાવની જુવાન કન્યાના આકારમાં, સોનેરી મોજાં પેહેરીને તથા દાગીનાઓથી સીંગારવંતી થઇને ઝડપથી તેની આગળ (મદદે) દોડી. તેણી કે જે તમામ ખુબસુરત (બાનુઓ)માંની ઘણીજ પ્રકાશીત છે તેણીએ પાણીના એક ભાગને સ્થીર

---

૧. આ કોઇ પાહાડની ટોચ હોવી જોઇએ. આર્મિન્યામાંના નિફૈતિસ (Niphates) સાથે એને સરખાવી શકાય કે જેમાંથી તાઇગ્રિસ નદી નીકળે છે.

૨ નઓતર (નોદર)નો છોકરો અને તુસનો ભાઇ; શાહનામેહમાં તેને ગસ્તહમનાં નામથી ઓળખવામાં આવ્યો છે.

૩ એ નદી કયિ છે તે માલમ પડતું નથી.

ફરી નાખી બીજા ભાગને વેહેતું રાખ્યું અને એ રીતે વિતઙ્ઉહઇતિ-નદીમાંથી પસાર થવાને એક સુક્કો માર્ગ કાઢાડી આપ્યો.

૭૯ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૨૦.

૮૦ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૮૧ જેને ફ્રયાન ખાંનદાનવાળા યોઇશત[1] એ રહ્હા નદીના કીનારા ઉપર સો ઘોડા, હજાર ગોધા, દશહજાર નાહાનાં ગોસ્પંન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

૮૨ પછી તેણે તેનો કને આ મેહેરબાની માગી: "ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! મને એવું આપ કે જેથી અંધારાને લગતા બુરા અખ્તયને હું હફાઉં અને બુરા તથા અંધારાને લગતા અખ્તયએ મને ઇજા કરવાની ખાહેશથી જે સખ્ત નવવાનું સવાલો પૂછયા છે, તેનો હું જવાબ આપી શકું."

૮૩ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૨૧.

૮૪ જુઓ કરદો ૧લો ફકરો ૧ લો.

૮૫ જેને ભલાં પાણીઓના સરદાર અહુરમજદએ જાહેર કર્યું: "જા, ઓ અર્દ્વિસુર! આ સેતારાઓ (ની જગા) થી[2] તું અહુરની

---

૧. પેહેલ્વિમાં એને ગોસ્તેફ્રયાનો કહેછે. એને લગતી કથા એવી છે કે, એકવાર અખ્ત્ય નામે એક જાદુગર તેના શેહેરમાં ચઢી ગયો અને એવી ધમકી આપવા લાગ્યો કે જો તેનાં ઉખ્યાણું કોઇ સમજાવી નહીં શકશે તો તે પોતાના હાથીઓ વટી શેહેરનો નાશ કરશે. શેવટે ગોસ્તેફ્રયાને તેના સવાલોના સઘળા જવાબ આપી તેને હફાવ્યો એટલુંજ નહીં, પણ તેને સામાં પોતાની તરફથી ત્રણ સવાલો પૂછયા, જેનો જવાબ તે નહીં આપી શકવાથી યોઇશ્તએ તેને સરત મુજબ એક નીરંગ ભણી મારી નાખ્યો હતો.

૨. [પેહેલવી સરેહ કરનારાઓનાં જણાવવા મુજબ બેહેસ્ત તથા આ પૃથિવ વચ્ચે સેતારાઓની, ચંદ્રની અને સૂર્યની એવી ત્રણ દુન્યાઓ છે. સેતારાઓની દુન્યા આ પૃથિવની ઘણીજ નજદીકમાં છે અને સૂર્યની દુન્યા ઘણેજ છેટે છે. અર્દ્વિસૂરની બેઠક સેતારાઓની દુન્યામાં છે.–તરજુમો કરનાર.]

પેદા કરેલી જમીન તરફ પાછી ફર. મુલકોના પાદશાહો અને મુલકોના પાદશાહોના છોકરાઓ તને વખાણે છે.

૮૬ બાહાદુર લડવૈયાઓ તારી કને પોતાના ઘોડાઓ માટે સેતાબ ચાલણ અને ફત્તેહની કીર્તિ માગશે. બંદગી કરનારા આથ્રવનો તથા (પવિત્રાઈની જણસોની) સંભાલ માટે ઠરાવેલા આથ્રવનો તારી કને ડાહપન, અશોઈ, અહુરની પેદા કરેલી ફત્તેહ તથા સઘળા ઉપર સરસાઈ મેળવનાર કૌવત માગશે.

૮૭ પરણવા યોગ્ય થયલી જુવાન કન્યાઓ તારી કને બાહોશ અને બળવંત ભર્થાર માગશે; ગર્ભવંતી જુવાન સ્ત્રીઓ સુખથી હમેલ છુટે એવું તારી કને માગશે. ઓ અર્દ્વિસૂર અનાહિત, એ સઘળી બક્ષેસે તું આપજે; તે આપવાને તું શકિતવાંન છે."

૮૮ ત્યારે અર્દ્વિસૂર અનાહિત, ઓ જરથુશ્ત્ર! આ સેતારાઓ(ની જગા)થી અહુરની પેદા કરેલી જમીન ભણી ગઈ અને બોલી:

૮૯ "ઓ રાસ્ત અને અતીરો અશો સ્પિતમ! અહુરમજદએ તને હાડમંદ દુન્યાનો સરદાર બનાવ્યો છે અને મને અહુરમજદએ તમામ અશો પેદાએશની રક્ષણ કર્ત્તા નેમી છે.

૯૦ "મારા ચલકાત અને મારાં ખોરેહથી ગોસ્પન્દો અને ભારબરદારી જનાવરો તેમજ બે પગાં માણસો આ જમીન ઉપર ફરહર કરે છે અને જે માફક એક ભરવાડ પોતાનાં ઢોરો તથા તેમના ઘાસચારાની સંભાલ રાખે છે, તેજ પ્રમાણે હું રાજીખુશીથી મજદની પેદા કરેલી અને પવિત્રાઈનાં મુળવાળી તમામ જણસોની નીગેહબાની કરૂં છું."

૯૧ જરથુશ્ત્રએ અર્દ્વિસૂરને પૂછયું: "અર્દ્વિસૂર અનાહિત! હું તારી કેવી આરાધના કરૂં, હું તને કયિ બંદગીથી વખાણું, કે જેથી અહુરમજદ તારો માર્ગ (પૃથિવ તરફનો ફેરવીને) સૂર્ય(ની દુન્યા) તરફ લેઇ જાય નહીં, કે જેથી સાંપો પોતાના ખરાબ પરસેવથી, પોતાનાં મ્હોડાંમાંની પ્રવાહી તથા તેને લગતાં ઝેરથી તને ઇજા કરે નહીં; અપવિત્ર જનાવરો અને તેમનું ઝેર તને દુ:ખ કરે નહીં. ?"

૯૨ અર્દ્વિસૂર અનહિતએ જવાબ દીધો: "ઓ રાસ્ત અને અશો સ્પિતમ! સૂર્યના ઉગવા પછીથી તે તે આથમે ત્યાં સુધી તું મારી

આ આરાધના કર, તું મને આ બંદગીથી વખાણ: આ ઝઓથ્રઓ જે* મને ક્રિયાથી અર્પણ કરેલા છે તે તું ખાએ; દાનનો અભ્યાસ કરેલા અને બંદગી કરનાર આથ્રવનો પણ તે ખાએ (એવી સરતે કે તેઓ) કેળવાયલા, નીતિમાન અને (મારા) માથ્ર (કાયદા) મુજબ અમલ કરનારા હોય.

૯૩ "એ ઝઓથ્રઓ નહીં નુકશાન કરનારા કે નહીં દુઃખ દેનારા, નહીં જુઠા કે નહીં બુરી ખાહેશનાં માણસો, નહીં ગીબત કરનારા, નહીં સ્ત્રીઓ, કે નહીં ગાથા નહીં ભણનાર ધર્મગુરૂઓ કે નહીં ખાંપણ ભરેલાં શરીરવાળા માણસોએ ખાવા.

૯૪ "આંધલા, બેહેરા, ખુંધા, મૂર્ખા, ગુસ્સાથી ઉસકેરાઇ જનારા, વિષયી કે બેશરમીના હાથાવાળાઓ મારા ઝઓથ્રઓ ખાએ નહીં; કજયાખોરા, અપમાન કરનારાઓ, રાક્ષીદાંતોવાળા બુરાઓ મારા 'ઝઓથ્ર' ઓ માથ્ર (કાયદા) ને અનુસરતી રીતે ખાતા નથી."

૯૫ જરથુશ્ત્રએ અહુરમજદને પૂછયું: "દેવપરસ્તી બુરાઓ સૂર્ય અસ્ત પામવા પછી તને જે ઝઓથ્રઓ અર્પણ કરે છે, તે તારા ઝઓથ્રઓ કોણને પોહોંચે છે?".

૯૬ આર્દ્વિસૂર અનાહિતએ જવાબ દીધો: "ઓ રાસ્ત અને અશો સ્પિતમ! આડે માર્ગે લઇ જનારાઓને, ભીક્ષુકોને, ગુનેહગારોને, બુમબરાડા પાડનારાઓને, મને એવા અર્પણ થયલા ઝઓથ્રઓ પોહોંચે છે તથા દેવોની પરસ્તેસ નહીં કરનારા એક હજાર છસો લોકોનો પણ પોહોંચે છે (યાને એવા ગેરકાયદેના ઝઓથ્રઓની અસરથી સારાં માણસો પણ ઇજા પામે છે)."

૯૭ તમામ વખાણને લાયકની અને સોનાની બનાવેલી હુકઇર્યે ટોંચને હું વખાણું છું, કે જેમાંથી અર્દ્વિસૂર અનાહિત મારે માટે (ઢોઢબંધ) બુલંદીથી, માણસની પીઠની હજારગણી ઉંચાઇએથી વેહે છે. આ પૃથિવ ઉપર વેહેતી તમામ નદીઓનાં જેટલાં ખોરેહથી તે પ્રકાશે છે; તેના ઢોઢ ઘણા જોરથી વેહે છે.

* જુઓ ફકરા ૧૯ તથા ૯.

૨૨.

૯૮ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૯૯ જેની સનમુખ મઝ્દયસ્નાનો હાથમાં બર્સમ પકડીને (આરાધના કરતા) ઉભા રહે છે. હ્વોવ ખાનદાનવાળાઓએ તેમજ નઓતર[1] (નોદરનાં) ખાનદાનવાળાઓએ તેની આરાધના કરી હતી; હ્વોવ ખાનદાનવાળાઓએ તેની કને પુશ્કલ ન્યામતો માગી હતી; નઓતર ખાનદાનવાળાઓએ સેતાબ ચાલના ઘોડા માગ્યા હતા. તુરતજ હ્વોવ ખાનદાનવાળાઓને ન્યામતો મલી અને તેઓ આબાદ થયા, તથા તુરતજ નઓતર ખાનદાનવાળા વીશ્તાસ્પ[2]ને તમામ મુલકો(માંના ઘોડાઓ) કરતાં સર્વેથી સેતાબ ચાલના ઘોડા મળ્યા.

જુઓ ફકરા ૧૯ તથા ૯.

૨૩.

૧૦૦ જુઓ કરદો ૧લો ફકરો ૧લો.

૧૦૧ જેની હજાર નેહેરો તથા હજાર નાળાં વેહેતાં છે. દરેક નેહેર તથા દરેક નાળાંનો વીસ્તાર એક સારો ઘોડેસ્વાર ચાળીસ દિવસની મંજલ કરતાં જેટલો રસ્તો કાપે એટલો મોટો છે. દરેક નેહેર ઉપર સારી રીતે બાંધેલો, સો બારીઓથી પ્રકાશ પામતો, હજાર સારી રીતે ગોઠવેલા સ્થંભોવાળો તેમજ દશ હજાર નકકર ભારવત્યાઓ ઉપર ટેકવાયલો એક મેહેલ આવેલો છે.

---

૧ [લડાઇનાં મેદાનમાં જેમ નઓતર ખાનદાન તેમ ધરમને લગતી બાબદોમાં હ્વોવ અથવા હ્વોગ્વ ખાનદાન મોટો ભાગ બજાવે છે. હ્વોવ ખાનદાનવાળા બે ફ્રશઓશ્ત્ર અને જામાસ્પ જરથુશ્ત્રના પેહેલા સાગેર્દ હતા અને જરથુશ્ત્ર પોતે ફ્રશઓશ્ત્રની પુત્રી હ્વોગ્વિ સાથે પરણ્યો હતો. નઓતર ખાંનદાનનાં સંબંધમાં જુઓ ફકરા ૫૩,૭૬. બુન્દેહેશ પ્રમાણે વીસ્તાસ્પ કાંઇ નઓતર ખાંનદાનનો નહીં હતો; તેની બાનુ હુતઓસ નઓતર ખાનદાનની હતી, માટે કદાચ તેનેબી એ ખાનદાનનો લેખવામાં આવ્યો હશે.-તરજુમો કરનાર.]

૨ [એનાં પોતાના નામનો અર્થજ "ઘણા ઘોડાઓ ધરાવનાર" થાય છે.-તરજુમો કરનાર.]

૧૦૨ એ દરેક મેહેલ જેમાં સો ઓરડા છે, તેમાં દરેક સુગંધી ગાલીચા ઉપર હુન્નરથી બનાવેલો એક ટકયો છે. ત્યાં માણસની હજાર પીઠ જેટલી ઉંચાઇએથી અર્દ્વિસૂર ઢોઢબંધ પડે છે. આ પૃથ્વિ ઊપર વેહેતી તમામ નદીઓનાં જેટલાં જોરેહથી તે પ્રકાશે છે. તેના ઢોઢ ઘણા જોશથી વેહેછે. જુઓ ફકરો ૯.

૨૪

૧૦૩ જુઓ કરદો ૧લો ફકરો ૧લો.

૧૦૪ જેને અશો જરથુશ્ત્રએ સંપૂર્ણ પેદાએશવાળાં અઇર્યન-વએજમાં ઝ્યજદ સાથના હોમ, બર્સમ, જુબાંનને અસરકારક કરનાર માંથ્ર, બંદગીઓ, ક્રિયાઓ, જઓથ્રઓ અને સચ્ચાઇને અનુસરતા શબ્દોથી આરાધી.

૧૦૫ પછી તેણે તેની કને આ મેહેરબાની માંગી: "ઓ અશો અને ઘણોજ ફાયદેમંદ અર્દ્વિસૂર અનાહિત! મને એવું આપ કે જેથી અઉર્વત્-અસ્પ[1]ના બાહાદુર દીકરા વીશ્તાસ્પને દીનને અનુસરતી રીતે વિચાર કરતો, દીનને અનુસરતી રીતે બોલતો અને દીનને અનુસરતી રીતે કામ કરતો હું કરૂં.[2]

૧૦૬ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૧૦૭ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૧૦૮. જેને બુલંદ દરજ્જાના કવિ વીશ્તાસ્પએ ફ્રજદાનુ[3] સરોવરના કિનારા ઊપર સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

---

૧. શાહાનામેહમાં એને લોહરાસ્પનાં નામથી ઓળખ્યો છે.

૨. [જરથુશ્ત્ર એવી દુવા ચાહે છે કે, તે પાદશાહ ગુસ્તાસ્પને જરથોસ્તી ધર્મમાં લાવવામાં ફેત્તેહમંદ થાય. આ તેની બાહેશ પાર પડી હતી, અને એ પાદશાહને લીધે આખાં રાજ્યનો ધર્મ જરથોસ્તી થઇ પડયો હતો, તથા એ પાદશાહને લીધેજ એ ધર્મ ઘણો મોટો ફેલાવો પામી શકયો હતો.—તરજુમો કરનાર.]

૩. [બુન્દેહેશના ૨૨ માં પ્રકરણના ૫ મા ફકરામાં જણાવે છે કે, ફ્રજદાનુ સરોવર સજેસ્તાન (સિસ્તાંન)માં આવેલું છે; કહે છે કે એક અ

૧૦૯. પછી તેણે તેની કને આ મેહેરબાંની માંગી: "ઓ પવિત્ર અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! મને એવું આપ કે જેથી બદદીનવાળા તાંથ્રવંત (અંધારાંના છોકરાઓ)ને, દેવોની પરસ્તેસ કરનાર પૅષાન (ગુનેહગાર) ને તથા બુરા અરૅજત્-અસ્પ[1]ને આ દુન્યાની લડાઇઓમા હું ફત્તેહ કરનાર થાઉં!"

૧૧૦. જુઓ ફકરા ૧૯ તથા ૯.

૨૬.

૧૧૧ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

૧૧૨ જેને ઘોડા ઉપર બેસી લડાઈ કરનાર જઈરિ-વઈરિએ[2] દાઇત્ય નદી ઉપર સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પંદો આરાધનામાં અર્પણ કર્યાં.

---

*શો મરદ તેમાં ઉદારતાથી જે કાંઈ નાખે છે, તે તે લે છે, પણ એક નાપાક મરદનું તે ફેંકી દે છે; તેનું મૂળ વોઉરુકષ સાથે સંબંધ ધરાવે છે. બહમન યશ્તનાં ૩ જાં પ્રકરણના ૧૩ મા ફકરા મુજબ કયામત પછી એજ સરોવરમાંથી જરથુશ્ત્રનો છોકરો ઉક્ષ્યતઍરૅત (હૂષેદરબામી) જનમશે. એજ યશ્તના પાઝંદ તરજુમામાં લખેછે કે, તેને ઝાબુલીસ્તાંન અને કાબુલીસ્તાનમાં ઉછેરવામાં આવશે. પ્રોફેસર યુસ્તિ આ સરોવરને ગઝનીની દક્ષિણે આવેલા આબ-ઇશ્તાદેહ સરોવર સાથે સરખાવે છે. પ્રોફેસર હાર્લેનો એવો અભીપરાય છે કે, આ સરોવર સિસ્તાંનમાં આવેલું ગણવામાં ભૂલ છે; તે બૅકત્રયામાં આવેલું હોવું જોઇએ, કારણ કે વીશ્તાસ્પ આ વેલાએ તુરાંનીઓ સાથે લડાઇમાં ઉતરેલો છે.—તરજુમો કરનાર.]

૧. [એ એક કયાંની રાજા હતો. ફીરદોશી તેને અર્જાસ્પનાં નામથી ઓળખી ગયો છે. જરથુશ્ત્રના નવા મહજબને દાબી નાખવા માટે તેણે ગુસ્તાસપ સામે લડાઈ ઉઠાવી હતી. બલ્ખનો કીલ્લો ઉદારી મેલી લોહેરાસ્પને તેમજ જરથુશ્ત્રને તેણે કાપી નાખ્યા હતા, તથા સેવતે તેને ગુસ્તાસપના દિકરા ઇસ્ફેન્દયારે હરાવી મારી નાખ્યો હતો.-તરજુમો કરનાર.]

૨. [ફીરદોશીમાં જણાવેલો જરિર, એ પાદશાહ વીશ્તાસ્પનો ભાઈ થતો હતો. આ યશ્તમાં જણાવેછે કે જરિરની માગણી બાહાલ રહી હતી, પણ શાહનામેહમાં તો જણાવે છે કે, જરિરને અર્જાસ્પના એક સરદાર બીદિરફષે લડાઇમાં મારી નાખ્યો હતો,—તરજુમો કરનાર.]

૧૧૩ પછી તેણે તેની કને આ મેહેરબાની માગી : "ઓ પ-વાત્ર અને ઘણીજ ફાયદેમંદ, આર્દ્વિસૂર ! મને એવું આપ કે જેથી પાપી વિચારના, પોતાની કળામાં બાહોશ તથા દેવપરસ્ત પૅષોચ્ફઙ અને અશ્તો–કાનને તથા બુસ અરૅજત્–અસ્પને આ દુન્યામાં હું હરાવું."

૧૧૪ જુઓ ફકરા ૧૯ તથા ૯.

૨૭.

૧૧૫ જુઓ કરદો ૧ લો ફકરો ૧લો.

૧૧૬ જેને વન્દરૅમઇનિના[1] (છોકરા) અરૅજત્–અસ્પએ વોઉરુકષ સમુદ્ર આગળ સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પ-ન્દો આરાધનામાં અર્પણ કર્યાં.

પછી તેણે તેની કને આ મેહેરબાની માગી : ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર ! મને એવું આપ કે જેથી બહાદુર વીશ્તા-સ્પ તથા ઘોડે સવાર થઇને લડનાર જ્અઇરિવઇરિને હું શીકસત પમાડું, તથા આર્ય (ઇરાની મુલકોને લગતા) પચાસથી સો ગણા, સોથી હજા-ર ગણા, હજારથી દશ હજાર ગણા અને દશ હજારથી અગણીત લોકોને હું મારૂં."

૧૧૮ જુઓ ફકરા ૩૧ તથા ૯.

૨૮.

૧૧૯ જુઓ કરદો ૧લો ફકરો ૧ લો.

૧૨૦ જેને માટે અહુરમજ્દએ ચાર મરદો ઉત્તપન્ન કર્યા: પવન, વરસાદ, વાદલાં તથા કરાં. તેઓ તેને વરસાદ, વાદલાં, કરાં તથા બરફ નીપજાવવા માટે વરસાવે છે. તેનાં એ પ્રકારનાં (યાને વરસાદ, વાદ-લાં, કરાં તથા બરફનાં) લશકરની સંખ્યા નવસો હજારની છે.

૧૨૧ જુઓ ફકરા ૯૭ તથા ૯.

૨૯.

૧૨૨ જુઓ કરદો ૧ લો ફકરો ૧ લો.

---

1. [શાહનામેહમાં એને અન્દરીમાન એવાં નામથી ઓળખ્યો છે; પ્રોફેસર દાર્મેસ્તેતે એને અરૅજત્–અસ્પનો ભાઇ ઠરાવે છે. એ બંનેને શાહનામેહ મુજબ ઇસ્ફેન્દયારે મારી નાખ્યા હતા.—તરજુમો કરનાર.]

૧૨૩ તે ઉત્તમ, સોનેરી પદાંન રાખનાર (અર્દ્વિસૂર) જઓગ્રઓને લગતી દુવાના કલાંમો બોલતી અને મનમાં આ પ્રમાણે વિચાર કરતી ઉભી રહે છે :

૧૨૪ જુઓ ફકરો ૮ અને ફકરો. ૯.

૩૦.

૧૨૫ જુઓ કરદા ૧લો ફકરો ૧ લો.

૧૨૬ જેણી પોતાનાં તખ્ત ઉપર ખુબસુરત, જોરેમંદ, નુરમંદ, બુલંદ કમરબંધથી બંધાયલી, ઉંચાં કદની, નુરમંદ તથા પ્રકાશીત મુખડાની, ઘણાજ લલચાવનારા દેખાવનાં ધાંકણ (વસ્ત્ર) વાળી તથા સોનેરી દાગીનાથી સીંગારાયલી જુવાંન છોડીના આકારમાં ઊભી રહે છે.

૧૨૭ તેણી હાથમાં કાયદાસર રીતે બર્સમ પકડે છે તથા કાનમાં ચોરસ આકારની સોનેરી બાળી લટકતી રાખે છે. આર્દ્વસૂર અનાહિત પોતાની ખુબસુરત ગરદનમાં લીલમની માલા રાખે છે. બુલંદ સીંગારાયલી અર્દ્વિસૂર અનાહિત, પોતાની ધાઇઓને શોભાયમાન અને મોહ પમાડનારો આકાર આપવા માટે કમર તંગ બાંધેછે.

૧૨૮ જેણીનાં માથાં ઉપર સોનેરી, સો સેતારાવાળું, આઠ ખુણાં દાર, ખુબસુરત દેખાવનું, નીશાંનદાર, પ્રકાશીત, ગોળ, કળાથી બનાવેલું માથાબાનું બાંધેલું હોય છે.

૧૨૯ અર્દ્વિસૂર અનાહિત બિવર જનાવરનાં (ચામડાંનું) વસ્ત્ર પેહેડે છે, જે (વસ્ત્ર) ચાર ચાર બચ્ચાંનો જન્મ આપનાર ઘણાંજ ખુબસુરત અને ઘણાંજ સુંદર રંગનાં પાણીમાં રેહનારા ત્રણસો બિવરનાં ચામડાંનું બનાવવામાં આવે છે—કે જેવાં સુંદર ચામડાં લાયક વખતે ચામડાં વેચનાર બનાવે છે—અને તે ઉપર સોનું તથા ચાંદી પુશ્કલતામાં પ્રકાશે છે.

૧૩૦ એટલા માટે, ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર! હું તારી કને આ મેહેરબાની માગુંછું કે, આશીર્વાદો પામેલો થઇ પુશ્કળ ખોરાકોવાળાં, (દુશ્મનોને જેર કરવાનું) જોર આપનારાં (યાને મોટી બંડણી મેળવનારાં), ફીણ ફૂંકનારા ઘોડાઓવાળાં, બણબણાંત કરતી

રથોવાળાં, (દુશ્મનો સામે) અચુક તીર ફેંકનારાં, સારાં પોશાણવાળાં, સારી રીતે તૈયાર કરેલાં અને મીઠા સુગંધવાળાં ભોજન ધરાવનારાં રાજ્યોને સલાંમતી આપવાને (જાલવવાને.) હું શકિતવાંન થાઉં.

૧૩૧ એટલા માટે, ઓ અશો અને ઘણીજ ફાયદેમંદ અર્દ્વિસૂર અનાહિત! હું તારી કને બે બાહાદુરો—એક બે પગો તથા બીજો ચાર પગો [redacted]; બે પગો બાહાદુર કે જે લડાઇમાં ઝડપવાળો, સેતાબીથી જનારો તથા રથમાં મજબુતીથી અને ડાહપણથી ધસનારો હોય, અને ચાર પગો બાહાદુર કે જે મોટા વીસ્તારનાં લશ્કરની ડાભો અને જમની તરફ અથવા જમની અને ડાભી તરફ ધસારો કરી શકે.

૧૩૨ આ યજશને (આરાધના), આ ન્યાએશ (વખાણ) ની ખુબીથી ઓ અર્દ્વિસૂર! સેતારાઓની જગાથી અહુરની પેદા કરેલી જમીન તરફ, ક્રિયા કરનાર જ્ઓતા (જોતી) તરફ, ધોધની માફક વેહેતી પુશ્કળ ભેટો તરફ તું આવ; આ જઓથ્રઓ, આ ભેટો તથા આ આરાધના તને અર્પણ કરનાર અને તારી મદદ માટે વિનંતી કરનાર તરફ ઓ ન્યામત આપનારી તું પોંહોચ, કે જેથી સઘલા પેહેલવાંનો કવિ વીસ્તાસ્પના જેવા (પેહેલવાનો)ની માફક તારી આરાધના કરતા આવે. જુઓ ફકરો ૯.

૬. ખોર્શેદ યશ્ત (હ્વર્‌-ક્ષઍતસૂર્ય.)*

સૂર્ય ઉગવાની અસરો. યજાતંઓ તેનાં કીરણો ફેલાવે છે, જે જમીનને પવિત્ર કરેછે § ૧-૨.—જો તે ઉગે નહીં તો દેવો જમીનને ઉજડ કરેછે § ૩-સૂર્યની આરાધના કરનારનો બદલો. § ૪-૫.—સૂર્ય તથા મિથ્રને નેમાજ. § ૬.

હ્વર્‌ (ક્ષઍત). "પ્રકાશીત સૂર્ય" એ કાંઈ બરોબર એક ફરેસ્તો નથી; એ તો ખુદ સૂર્યનું પોતાનુંજ નામ છે અને તેને તેની રોશ્ણી આપવાની ખાશ્યત માટે આરાધવામાં આવેછે, કે જે અહુરની દુન્યા તથા અશોઈ સાથે સંબંધ ધરાવે છે. આ (ખોર્શેદ) યશ્તમાં જણાવે છે કે, સૂર્યને આરાધવાની જરૂરયાત છે, કારણ કે તે જો ઉગે નહીં તો પૃથ્વી ઉપર અંધકાર થઈ દેવો ત્યાં સરદારી ભોગવવા માંડે. આ યશ્તમાં સૂર્યને અમર્ગ લેખ્યો છે. યજશ્નેના ૩૬ મા હાના § ૫ માંનો અર્થ એવો થાય છે કે, સેતારાઓ તથા સૂર્યને અહુરમજદના દેખીતાં રૂપ તરીકે ધારવી શકાય. યજશ્નેના હા ૧ ના § ૩૫ માં તેને અહુરમજદની આંખ જણાવ્યો છે, જેને અલંકારી ભાષા તરીકે ગણવું જોઇએ છે. સામાન્ય રીતે સૂર્યને અઉર્વત્‌અસ્પ યાને સેતાબ ચાલના, તેજી ઘોડાવાળો કરી ઓળખવામાં આવે છે. અવસ્તામાં તેની રથ માટે બોલવામાં આવતું નથી; અવસ્તાના જમાનામાં તેની રથ વિષેનો વિચાર ભુલી જવાયલો માલમ પડેછે. એ વિચાર ઘણાજ પુરાતમ વખતનો હતો; હીંદુઓ તથા ગ્રીકોની

* [આ યશ્ત કોઇબી વખતે પણ ખાસ કરી ક્ષથ્રવઇર્ય (શેહરિવર), ખોર્શેદ, મિથ્ર (મિહિર), અસ્મન (આસ્માન) અને અનગ્ર-રઓચાઓ (અનીરાંન)મા દિવસો ઉપર ભણવા ઠરાવ્યું છે : છેલ્લા ત્રણ મિથ્ર, અસ્મન તથા અનગ્ર (હદ વિનાની રોશ્ણી) ને સૂર્ય સાથે કુદરતી સંબંધ છે, પણ ક્ષથ્ર-વઇર્ય સાથનો તેનો સંબંધ ખુલ્લો સમજાતો નથી. આ યશ્તનો પેહેલ્વિ, ફાર્સિ, તથા સંસ્કૃતમાં તરજુમો થયલો છે. સૂર્યની નીઆએશ કરવાથી એક તનાપુર સવાબ મલેછે અને એટલોજ ગુનાહ કપાય છે.-તરજુમો કરનાર.]

દંતકથાઓમાં તે બાબત મલેછે. તે ઉપરથી તે એક એવો સેતારો માલમ પડે છે કે જે સેતાબ ચાલના ઘોડાઓની રથમાં બેસે છે, પણ તેને આકાશી ઇશ્વરની ખરી આંખ દાખલ લેખી શકાય નહીં. સૂર્યની એક અગત્યની બાબત એ છે કે, તેની રોશિણ જમીનને તથા અપવિત્ર ચીજોને તેમજ ગુજરેલાંઓની લાસોને પવિત્ર કરે છે.

ખુશનુદ રેહો અહુરમજદ (ઇત્યાદી જુવો યશ્ત ૧ લી §૦). અમર્ગ, પ્રકાશીત, સેતાબ ચાલના ઘોડાઓવાળા સૂર્યને ખુરનુદ કરવા માટે તથા તેની આરાધના કરવા, તથા કીર્ત્તિ ગાવા માટે હું એકરાર કરૂંછું.

૧ અમર્ગ, પ્રકાશીત, સેતાબ ચાલના ઘોડાઓવાળા સૂર્યને અમે વખાણ્યે છીયે. જ્યારે પ્રકાશીત સૂર્ય રોશણી આપે છે, જ્યારે સૂર્યનો ચલકાત રોશણી આપે છે, ત્યારે મિનો યજતઓ ત્યાં સેંકડો અને હજારોની સંખ્યામાં ભેગા થાય છે, તેઓ તે રોશણીને ટેકો આપે છે, તેઓ તે રોશણીને પાંથરી નાખે છે, તેઓ તે રોશણીને અહુરની પેદા કરેલી જમીન ઉપર અશોઇની દુન્યાની આબાદી માટે, અશોઇનાં શરિરની (અશો પ્રાણીઓની) આબાદી માટે, અમર્ગ અને સેતાબ ચાલના ઘોડાઓવાળા પ્રકાશીત સૂર્યની આબાદી માટે ફેલાવે છે.

૨. સૂર્ય ઉગે છે એટલે તુરતજ તે અહુરની પેદા કરેલી જમીનને પવિત્ર કરે છે, વેહેતાં પાણીઓને તે પવિત્ર કરે છે, ઝરણનાં પાણીઓને તે પવિત્ર કરે છે, દર્યાના પાણીઓને તે પવિત્ર કરેછે, સ્થીર પાણીઓને તે પવિત્ર કરે છે, તમામ ભલી પેદાએશ જે સ્પેન્તમઇન્યુશને લગતી છે તેને તે પવિત્ર કરે છે.

૩ પણ જ્યારે સૂર્ય ઉગતો નથી ત્યારે સાતે કર્ષવર (ખંડ) ઉપરની તમામ જણસોનો દેવો નાશ કરે છે; કોઇબી મિનો યજત (એ વખતે) હોડમંદ દુન્યામાં તેમને અટકાવવા યા તેમની સામે થવાનો કોઇબી ઇલાજ ધરાવતો નથી.

૪ જે કોઈ અંધારાંની સામે થવા માટે, અંધારાંને લગતા દેવોની સામે થવા માટે, ચોરો તથા લુટારૂઓની સામે થવા માટે, યાતુઓ તથા પઇરિકાઓની સામે થવા માટે, નાશકારક ઘાતકી મિનોની સામે થવા

માટે, અમર્ગ તથા સેતાબ ચાલના ઘોડાઓવાળા પ્રકાશીત સૂર્યની આરાધના કરે છે, તે ગોયા અહુરમજદની આરાધના કરે છે. અમેષાસ્પેન્તઓની આરાધના કરેછે તથા ખુદ પોતાના આત્માની આરાધના કરે છે, (કારણ કે આત્માને તેની આરાધનાથી પેલી જેહાનમાં ફાયદો મળશે). જે કોઈ અમર્ગ અને સેતાબ ચાલના ઘોડાઓવાળા પ્રકાશીત સૂર્યની આરાધના કરે છે તે તમામ મિનોઈ તથા હાડમંદ દુન્યાને લગતા યજતઓને સંતોશ પમીડે છે.

૫ વીસ્તીર્ન ખેતરોવાળા, હજાર કાનોવાળા, દશ હજાર આંખોવાળા મિથ્રને હું વખાણવા ઇચ્છું છું. દેવોનાં માથાં સામે સારી રીતે ટાંકેલા વીસ્તીર્ન ખેતરોવાળા મિથ્રના ગુરૂજને હું વખાણવા ઇચ્છું છું. સર્વેથી સરસ મિત્રાચારી જે ચંદ્ર તથા સૂર્ય વચ્ચે છે તેને હું વખાણવા ઇચ્છું છું.

૬. અમર્ગ, પ્રકાશીત, સેતાબ ચાલના ઘોડાઓવાળા સૂર્યને તેનાં નુર તથા ખોરેહને લીધે મોટા સાદે હું વખાણવા ઇચ્છુંછું. અમર્ગ, પ્રકાશીત, સેતાબ ચાલના ઘોડાઓવાળા સૂર્યને બર્સમ, મ્યજદ ઇત્યાદી સાથના હોમથી અમે વખાણ્યે છિયે. અમર્ગ, પ્રકાશીત અને સેતાબ ચાલના ઘોડાઓવાળા સૂર્યને આરાધના, વખાણ, બલ અને કૌવત હું ઇચ્છુંછું. અષેમ્‌વોહૂ, ઇત્યાદી.

૭ માહ યશ્ત (માઑંહ=ચંદ્ર.)

ગોસ્પન્દોનું તોખમ ધરાવનાર અને પાણી વરસાવનાર ચંદ્રને નેમાજ § ૧, ૨, ૪ અને ૫.—તેનું વધવું તથા ઘટવું § ૪.—અમેષાસ્પેન્તઓ તેને ટેકો આપે છે તથા તેની રોશ્ની ફેલાવે છે. § ૩.

માંઆ યાને ચંદ્ર એ અવસ્તાને લગતી દંતકથામાં આત્ર સૂર્યનો જેવોજ જો કે તેનેથી લગાર ઉતરતો દરજ્જો ધરાવે છે. થોડીક જગાઓમાં સૂર્યની સાથે તેનું નામ આરાધના કરવા માટે મળે છે. ચંદ્રને માટે એક

ખાસ ટુંકી યશ્ત બનાવવામાં આવી છે. તેની જે માત્ર ખાસ્યતો એમાં માલમ પડે છે તે એ છે કે, તે પોતાની રોશણી મારફતે ઝાડપાંનોને ખીલવે છે અને પેહેલા પેદા કરેલા માં આવેલા પ્રાણી, પ્રથમ ગોધાનાં, તેમજ વનસ્પતીનાં તોખ્મ તે ધરાવે છે.

આ યશ્ત માઓંઘ્હ (માંહબોખ્તાર) રોજને દિવસે તેમજ બહમન, ગોશ અને રાંમ રોજને દિવસે ખાસ ભણવા ફરમાવેલું છે. બહમન તથા ગોશને માઓંઘ્હ સાથે સંબંધ છે તેનું એક કારણ એ છે કે, તે સઘલાઓ 'ગઓચિથ્ર' કેહેવાય છે: બહમન અમેશાસ્પેન્તને હસ્તક ગોસ્પન્દોની સંભાલ સોંપવામાં આવી છે, ચંદ્ર તથા ગોશ એ સઘલાઓ ગોધાનું તોખ્મ ધરાવનારા કેહેવાય છે. બહમન જોઈ યા હાથે પકડી શકાતો નથી; ચંદ્ર બહમનમાંથી નિકલ્યો છે અને તે જોઈ શકાય છે, પણ હાથે પકડી શકાતો નથી; ગોશ ચંદ્રમાંથી નિકલ્યો છે અને તે જોઇ શકાય છે તથા હાથે પકડી શકાય છે.[1] રાંમને અતરે ખાસ, 'સારા ઘાસ ચારાનો સાહેબ' કરી કેહેવામાં આવે છે. ચંદ્રની ન્યાએશ કરવાથી દર વખતે તનાફુર સવાબ મલે છે યાને એટલું પાપ કપાય છે.

૦ખુશાલ રહો અહુરમજદ (ઇત્યાદી, જુઓ યશ્ત ૧ લી § ૦) ગોધાનુ તોખ્મ ધરાવનાર ચંદ્રને, એકલા પેદા કરેલા ગોધાને તથા જુદી જુદી જાતોના ગોધાને[2] ખુશાલ કરવા માટે તેમજ તેમની આરાધના, વખાણ તથા કીર્ત્તિ ગાવા માટે હું એકરાર કરૂંછું.

૧ અહુરમજદને નેમાજ! અમેશાસ્પેન્તઓને નેમાજ! ગોધાનું તોખ્મ ધરાવનાર ચંદ્રને નેમાજ! ચંદ્ર દેખાય ત્યારે તેને નેમાજ, તેને જોતી વખતે અમે વખાણયે છીયે.

---

૧ [જુઓ પેહેલવી સરેહ. બહમન એ ભલો વિચાર, ભલું મન, 'વોહુ-મનો' છે; વેદમા પુરુષનાં મન (मनस्) માંથી ચંદ્ર નીકલેલો જણાવવામાં આવે છે.—તરજુમો કરનાર.]

૨ [પોઉરુ-સરેધ ગાઉશ: પેહેલા ગોધાનાં તોખ્મમાંથી નર માદાનું જોડું થયું હતું અને તેમાંથી બસો હેસી જોડાં થયાં હતાં. જુઓ બુન્દેહેશ પ્રકરણ ૧૧ ફકરો ૩.—તરજુમો કરનાર.]

૨ કેટલા (દિવસ) ચંદ્ર વધે છે, કેટલા (દિવસ) તે ઘટે છે? તે પંદર (દિવસ) વધે છે;[૧] તે પંદર (દિવસ) ઘટે છે. તેની ઘટ જેટલીજ તેનો વધારો છે અને તેના વધારા જેટલીજ તેની ઘટ છે. તારેથી (હું જાણવા માંગુછું કે) તે કોણ છે કે જેનેથી ચંદ્ર વધે છે તથા ઘટે છે.

૩ અશોઇની દુન્યાના અશો સરદાર ગોસ્પન્દોનું તોખમ ધરાવનાર ચંદ્રને અમે વખાણ્યે છીયે. હું ચંદ્રને જોવા ઇચ્છું છું એટલા માટે હું તેની નેમાજ કરૂં છું; પ્રકાશીત ચંદ્રને હું જોવા ઇચ્છું છું, હું તેને નેમાજ કરવા ઇચ્છું છું. અમેંષાસ્પેંન્તઓ (તેની નજદીક) ઉભા રહે છે, અને તેના નુરમંદ ચલકાતને ટેકો આપે છે; અમેંષાસ્પેંન્તઓ ત્યાં ઉભા રહે છે અને તેની પ્રકાશીત રોશણીને મજ્દની પેદાકરેલી તમામ જમીન ઉપર વેંહેંચી નાખે છે.

૪ જ્યારે ચંદ્રની રોશણી પ્રકાશે છે ત્યારે તે સેતારો સોનેરી રંગના છોડવાઓનો વર્સાદ વર્સાવે છે, જેથી તેઓ (તેમના) વખતે (યાને વસંતમાં) જમીનમાંથી ફુટે છે. બીજના ચાંદો, પુનમના ચાંદો તથા વચગાલેના ચાંદોને અમે વખાણ્યે છીયે. અશોઇની દુન્યાના અશો સરદાર બીજના ચાંદને અમે વખાણ્યે છીયે. અશોઇની દુન્યાના અશો સરદાર પુનમનાં ચાંદને અમો વખાણ્યે છીયે. અશોઇની દુન્યાના અશો સરદારો વચગાલેના ચાંદોને અમે વખાણ્યે છીયે.

૫ ગોસ્પન્દોનું તોખમ ધરાવનાર, આકાશી, પ્રકાશીત, દબદબાવાળા, પાણી તથા રોશણી વર્સાવનાર, પુષ્કળ કૌવત આપનાર, દોલત આપનાર, મદદ કરનાર, ફાયદો કરનાર, લીલોતરી વધારનાર, ન્યામતો આપનાર, તથા (સંકટો દુર કરી) આરામ આપનાર, ચંદ્રને હું વખાણવા ઇચ્છું છું.

---

૧. [પેહેલ્વી સરેહ કરનાર જણાવે છે કે, પંદર દિવસો સુધી પૃથિવ ઉપરના પ્રાણીઓ પાસે તે સારાં કામો લે છે અને બેહેસ્તમાંથી તે કામોના બદલા ભેગા કરે છે, અને પછી બીજા પંદર દિવસ તે એ કામોને બેહેસ્તમાં લેઇ જઇ તેના બદલા પૃથિવ ઉપર મોકલે છે.—તરજુમો કરનાર.]

૬ તેનાં નૂર તથા તેના દબદબાને લીધે ગોધાનું તોખ્મ ધરાવનાર ચંદ્રને વખાણનાં કીર્તનોથી હું વખાણવા ઇચ્છું છું. અશોઈની દુનિઆના અશો સરદાર ચંદ્રને બર્સમ (ઇત્યાદિ) સાથના હોમથી અમે વખાણ્યે છીયે. ગોસ્પન્દોનું તોખ્મ ધરાવનાર ચંદ્રને એકલા પેદા કીધેલા ગોધાને તથા જુદી જુદી જાતોના ગોધાને આરાધના, વખાણ, કૌવત, તથા જોર હું ઇચ્છું છું.

૮. તિર (તિશ્ત્ય) યશ્ત.

તિશ્ત્યની વખાણ કરવાનું અહુરમજદનું ફરમાન; એ સેતારાની નેમાજ § ૧-૪.—માણસો તથા જનાવરો તેની આરાધના કરે છે. તે ઝડપથી કુંચ કરે છે; તે છોડવાઓ ઉગાડે છે, પઈરિકાઓને મારે છે અને જમીન ઉપર વરસાદ વરસાવે છે § ૫-૯, ૩૦-૩૪.—તે પોતાની આરાધના કરાવવાને વીનવે છે § ૧૦-૧૨.—તેના ત્રણ જાતના અવતાર § ૧૩-૧૯.—પ્રથમમાં અપઓષ દેવ સાથની લડાઈમાં તે હારે છે પણ પછી તે ફત્તેહમંદ થાય છે § ૨૦-૩૨.—પઈરિકાઓ તથા દેવો ઉપર તે ફત્તેહ મેળવે છે અને ખેતરોને વરસાદ તથા કરાં વગેરે આપે છે § ૩૩-૩૫, ૩૭-૪૩, ૪૫-૫૭.—વરસનો વખત તે મુકર્રર કરે છે તથા સેતારાઓ ઉપર સરદારી ભોગવે છે § ૩૬-૩૭, ૪૪.—દુજ્યાઈર્ય દેવીને તે મારે છે § ૫૦.—અહુરમજદએ તેને પોતાના જેવોજ પ્રકાશીત બનાવ્યો છે અને તેને આરાધના અર્પણ કરી છે § ૫૧-૫૫.—તેની કરવી જોઈતી આરાધના; કયા શખ્સોને આરાધનામાંથી બાતલ કરવા જોઈએ. § ૫૭-૬૦.

. તિશ્ત્ય, સતવએસ, હપ્તો-ઇરિંગ, અને વનંત એ ચાર સેતારાઓ આકાશનાં ચાર મૂખ્ય ખૂણાઓની સંભાળ કરે છે, દેવોને હાંકી કાઢે છે અને જમીનને દુ:ખ દેતાં તેમને અટકાવે છે. તિશ્ત્ય પૂર્વ દિશા તરફ, સતવએસ પશ્ચિમ દિશા તરફ, વનંત દક્ષિણ દિશા તરફ અને હપ્તોઇરિંગ ઊત્તર દિશા તરફ આવેલા છે.

એઓમાંથી માત્ર પેહેલો અને છેલ્લોજ આપણને જણાયલો છે, પેહેલો સિર્યસ (Sirius) અને છેલ્લો મોટો "યુરસ" (Ursa Major) હોવો જોઇએ એમ દીસે છે; અવસ્તામાં તેમનું નામ આપવા સિવાય વધુ કાંઇબી જણાવ્યું નથી. વનંતની તો એક જુદી યશ્તછે પણ તે છતાં તેમાં તેનું કશું વર્ણન નથી. એ યશ્તમાં આપણને માત્ર એટલુંજ શીખવવામાં આવે છે કે બુરાંઓ અને અપવિત્ર પ્રાણીઓના નુકશાનને અટકાવવા સામે વનંતની આરાધણા કરવામાં આવે છે. સતવએસ એક એવો સેતારો છે કે જેની દ્રષ્ટિ મર્યાદા ઉપરની હાજરીથી વરસાદ વરસી શકે છે તથા જમીન ફળદ્રુપ થાય છે; એ કામમાં તે તિશ્ત્ર્યને મદદ કરેછે કે જેને લગતું સંપૂર્ણ વર્ણન અવસ્તા આપણને આપે છે.

તિશ્ત્ર્યને અવસ્તા ખચીત કરીને એક ખરા સેતારા દાખલ લેએછે. અવસ્તામાં તેને વારેઘડીએ "તિશ્ત્ર્ય સેતારા" એવા નામથી ઓળખવામાં આવે છે. તેના ચળકાટ અને તેના બળની અવસ્તા અતિશ્ય વખાણ કરેછે; એ પવિત્ર કેતાબમાં જણાવવા પ્રમાણે તે ૩૦ દિવસ મુસાફરી કરેછે, જે અરસામાં તે ત્રણ વખત પોતાનો આકાર બદલે છે; તે પોતાનો માર્ગ પાણીના આકાશી સરોવર વોઉરુકષ તરફ લે છે. જ્યારે તે ત્યાં પહોંચે છે ત્યારે તે પાણીને પોતાનો પોશાક કરે છે અને વરસાદના આકારમાં જમીન ઉપર તેને વરસાવે છે. તેની કુચની ફત્તેહ સામે ઘણા દેવો, વેરાંન્યતને લગતી "પઇરિકા દુઝ્‌યાઇર્ય" (ખરાબ વરસ) અને "અપઓષ" (બુજવી નાખનાર) થાય છે, જેઓ પાણીના મૂળ આગળથી એ ફાયદેમંદ સેતારાને હાંકી કાઢવા માટે લડેછે.

બીજા સેતારાઓની માફક તે પણ પઇરિકાઓ તથા યાતુઓનો દુશમનબદ છે. એ સેતારાની આસપાસ ફરતા ચંદ્રઓ (Setellites) ને અવસ્તામાં તિશ્ત્ર્યેન્ય કહે છે.

કેટલાકો તેને તોફાનનો દેવતા લેખે છે. પણ તેની જે ખાશિયત જણાવવામાં આવેછે તે ધ્યાનમાં લેતાં તેને તોફાનના દેવતા સાથે સરખાવી શકાય નહિ.

આ યસ્ત તિશ્ત્ર્ય, હઉર્વતાત્ (પાણીના ફરેસ્તા દાખલ), ફ્રવંરદીન (કારણ કે દેવો સામેની લડાઇમાં ફરોહરો તિશ્ત્ર્યના મદદગાર છે) અને બાદ (પવન) રોજે ખાસ ભણવામું આવેછે.

૧.

૦. ખુશાલ. રેહો અહુરમઝ્દ (ઇત્યાદી. જુઓ યશ્ત ૧ લી ૯૦). પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્રયને, પાણી વેહેવારનાર, બળવંત, મઝ્દના પેદા કરેલા સતવએસને, પાણીનાં તોખમ ધરાવનાર, જમીનનાં તોખમ ધરાવનાર, ઝાડપાંનનાં તોખમ ધરાવનાર, મઝ્દના પેદા કરેલા સેતારાઓને, મઝ્દના પેદા કરેલા વનંત સેતારાને, પ્રકાશીત અને ફાયદેમંદ સાત સેતારાઓ હપ્તોઇરીંગને ખુશનુદ કરવા માટે તથા તેમની આરાધના, વખાણ અને કીર્ત્તિ ગાવા માટે હું એકરાર કરૂં છું.

૧. અહુરમઝ્દએ અશો જરથુશ્ત્રને કહયું: અહુ અને રતુને, ચંદ્રને, જોડાંનને તથા મ્યઝ્દને અમે વખાણ્યે છીયે, જેથી મારા પ્રકાશીત સેતારાઓ મને તાબે થઇને માણસોને પોતાનો પ્રકાશ આપે. [૧]

૨. ખેતરોને (ન્યામતો) બખશનાર પ્રકાશીત અને નુરમંદ, ખુબસુરત રેહેથાંનવાળા, ભલાં રેહેથાંનવાળા, ગોલાબી ચલકાટવાળા અને પ્રકાશીત, એકદમ નજરે પડનાર, ફાયદેમંદ, દુઃખદરદ દુર કરી આરાંમ આપનાર, ખુશાલી પાંથરનાર, બુલંદ, પોતાનાં પ્રકાશીત તથા પવિત્ર કીરણોથી દુરથી (લોકોનું) ભલું કરનાર તિશ્ત્ર્ય સેતારાને ક્રિયાની આ ભેટોથી હું વખાણવા ઇચ્છું છું. ભલા અને અશો તથા દૂર સુધી વખાણાયલા બોહોલા (વોઉરૂકષ) દર્યાને, મઝ્દના પેદા કરેલા પેહલા ગોધાનાં નામને અને બળવંત બાદશાહી ખોરેહને તથા પવિત્ર અને અશો જરથુશ્ત્રની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૩. તેનાં નુર તથા ખોરેહને લીધે મોટા સાદે તિશ્ત્ર્ય સેતારાને હું વખાણવા ઇચ્છું છું; પ્રકાશીત નુરમંદ તિશ્ત્ર્ય સેતારાને ક્રિયાનો ભેંટો, હોમ વગેરેથી અમે ઈજિયે છિયે.

૨.

૪. પ્રકાશીત અને નુરમંદ, પાણીનું તોખમ ધરાવનાર, બળવંત, બુલંદ, હીંમતવાન, દૂરથી ફાયદો કરનાર, ઉંચે બેઠક ધરાવનાર, બળવંત

---

૧. આ ફકરો ભાગી તુટી હાલતમાં છે અને વળી તેને આ યશ્ત સાથે કશો સંબંધ નથી.

કામ કરનાર, ઉંચાઇએથી (જમીન ઉપર) આશિર્વાદ નાખનાર અને પાણીઓના નાભ (અપામ્ નપાત્)ની ટોંચ[1] ઉપરથી. ચલકાત આપનાર તિશ્ત્ર્ય સેતારાને અમે વખાણ્યે છિયે.—(જુઓ ફકરો ૩ જો.)

૩.

૫. નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર્ય સેતારાને અમે વખાણ્યે છીયે, જેના તરફ ગોસ્પન્દો, ભારબરદારી જનાવરો અને માણસો પોતાની ખરી ઉમેદો જાહેર કરેછે અને નાશકારક કોડાઓ ખુલ્લી રીતે ઠગાઈ કરે છે (અને આ પ્રમાણે બોલે છે): "અમારે માટે નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર્ય ક્યારે ઉગશે ? ઘોડાનાં કદ કરતાં વધારે મોટા પાણીના નવા ઝરાઓ (અમારી તરફ) ક્યારે વેહેવા માંડશે?—(જુઓ ફકરો ૩ જો.)

---

૧. અપાંમ્નપાત્ એ પાણીઓને લગતો નર ફરેસ્તો છે. તેની ખાસ્યત નક્કી કરવી મુશ્કેલ છે. એને મલતો વેદીક દેવતો, કેટલાકો કહે છે તેમ, માત્ર વાદલાંઓમાં પ્રકાશતો અને વરસાદ વરસાવનાર વીજલીનો આતશ નથી, પણ વળી તે સૂર્યના અર્થમાં વપરાય છે; વળી કોઈ ઠેકાણે તેનો અર્થ વાદલાંઓમાં છુપાયલો આતશ અને કોઇ ઠેકાણે આ પૃથ્વી ઉપર આકાશ ઉપરથી ઉતરેલા ઘરબારમાં વપરાતા સાધારણ આતશનો થાય છે. આ રીતે વેદિક અપાંમનપાત્ વાદલાંઓને લાલ રંગના બનાવી વરસાદ વરસાનાર આકાશી આતશ છે. પ્રથમ ઇરાંની દંતકથામાં પણ અપાંમ્નપાતે એ વોજ અર્થ ધરાવ્યો હશે, પણ અવસ્તામાં તે તેવે અર્થ નથી. અવસ્તામાં તેને ઘણુંજ અગત્યનું કામ બજાવતો જણાવ્યો છે, તો જો કે, તેના વિષે ઘણુંજ ટુંકમાં અને થોડીજ જગાઓએ બોલવામાં આવેછે. કોઈવાર તેને નઇયાસફ્ફ અને કોઈવાર તમામ પાણીઓ સાથે આરાધવામાં આવે છે. હપ્તન યશ્તના ૯મા ફકરામાં તે આતશના ફરેસ્તાઓમાં અને પાણીઓના સામાન્ય ખેતાબ દાખલ જોવામાં આવેછે, અને એ રીતે તે આતશ તેમજ પાણીના જેવી બેવડો ખાસ્યત ધરાવતો પુરવાર થાય છે. સૂર્યની માફક તેને બાદશાહી દરજ્જાના, સરદાર, બુલંદ, પ્રકાશીત્ તથા સેતાબ ચાલના ઘોડાઓવાળા એવાં વિષેશણો લગાડેલાં મળેછે. પણ વળી જમ્યાદયશ્તના પર માં ફકરામાં તો તેને માટે એવું જણાવવામાં આવેછે કે, તેણે માણસને પેદા કરી આકાર આપ્યો હતો. આ ફકરો ઘણો નવાઈ જેવો છે. પણ એનો અર્થ કદાચ એમ થતો હશે કે, માણસને જન્મ આપનાર તોખમો

૪.

૬. નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર્ય સેતારાને અમે વખાણ્યે છીયે. કે જે એક સર્વેથી ચુનંદા અને ચાલાક તીરંદાજ આર્ય (ઇરાંની) એ એક ડુંગરની ટલેટી આગળથી એક (બુલંદ અને) પ્રકાશીત પાહાડ તરફ ફેંકેલા તીર[1]ના જેટલી અને મનમાં કોઈ તુરંગ ઉભો થાય એટલા અરસાની ઝડપના ધસારા સાથે વોઉરૂકષ દર્યા તરફ વધે છે.

૭. એ પ્રમાણે અહુરમજદએ તેમજ ઝાડપાનોએ તેને વખાણ્યો;[2] ખેતરો ઉપર દૂર સુધી પંથરાનાર મિથ્રએ તેને રસ્તો ઉઘાડી આપ્યો.—(જુઓ ફકરો ૩ જો.)

૫.

૮. નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર્યને અમે વખાણ્યે છિયે, જે પઇરિકાઓને મારે છે (તથા) જે આકાશ તથા પૃથિવની વચ્ચે પ્રથમમાં

પુરૂં પાડી તેમને અદ્‌વિસૂરની માફક તે ખીલવે છે. પેહેલવીમાં અપાંમ્‌નપાતને બુર્જ યજદ તરીકે ઓળખવવામાં આવે છે.

ઉપલા ફકરામાં અપાંમ્‌નપાત્ આ પૃથિવ ઉપરની કોઈ જગા દીસેછે. એ જગા આર્મિન્યામાં આવેલો નિફેતિસ (Niphates) પાહાડ ધારવામાં આવેછે, જેમાંથી તાઇગ્રિસ નદી નીકલે છે.

૧. [આ ચુનંદા તીરંદાજ વિષે ઇરેન્યન અભ્યાસ એ નામનાં એક ફ્રેંચ પુસ્તકમાં લંબાનથી વર્ણન આપ્યું છે, અને તેમાં જણાવવા મુજબ ઇરાંની લશ્કરમાં એવો ચુનંદો તીરંદાજ એરિસ નામનો હતો. મિનોચીહરે તથા અફ્રાસ્યાબે જયારે સુલેહ કરવાનો ઠરાવ કર્યો ત્યારે એવી સરત કરવામાં આવી હતી કે, એરિસે દમાવંદ પાહાડ આગળથી પૂર્વ ભણી એક તીર ફેંકવો, અને તે તીર જયાં જઈ પડે તે જગાને બંને રાજયો વચ્ચે સરહદ દાખલ કબુલ રાખવી. કહે છે કે, આ મુજબ એરિસે એક તીર ફેંકયો જે સવારે બામદાદથી બપોર સુધી ઉડયા કર્યો અને સેવટે તે જિહૂન (ઑક્ષસ) નદિના કાંઠા ઉપર જઈ પડયો, અને કબુલાત મુજબ ઑક્ષસ નદિ બંને દુશ્મન રાજયો વચેની સરહદ ઠરી હતી.—તરજુમો કરનાર.]

૨. અસલ અર્થ "ટેકો આપ્યો" થાય છે, પણ તે અહીં લાગુ પડતો નથી, કારણ કે ઝાડપાંનો કાંઇ તિશ્ત્ર્યને મદદ કરી શકે નહીં, એથી ઉલટું ઝાડપાનોને તો તિશ્ત્ર્ય ઉગાડે છે.

બુલંદ અને અતીશે મોટા, વીસ્તીર્ન મોજાઓવાળા તથા બળવંત ઢોઢ-વાળા વોઉરુકષ દર્યા તરફ સેતારાઓની માફક ગોળ ફરનાર પઇરિકાઓનો નાશ કરે છે. પછી તે સ્વચ્છ અને ઘોડાનાં જેવાં બદનવાળા[1] દર્યા તરફ જાય છે. પાણીઓને ત્યાં તે પાછું જોડે છે અને પવન ત્યાં ફાયદાકારક રીતે વાય છે.

૯ પછી સતવએસ સેતારો પાણીઓને હફ્તકેશ્વર જમીન ઉપર વેહેવારે છે. પાણીની અધવચમાં આવી તે તેમને છુટાં પાડે છે અને ત્યાં તે પ્રકાશીત (સેતારો) ફલદ્રુપ જમીન તરફ મેહેરબાંનીથી ફરીને ઉભો રહે છે (તથા બોલે છે કે): "આર્ય (ઇરાંની) મુલકો કયારે ફલ-દ્રુપ થશે!"—(જુઓ ફકરો ૩ જો).

૬

૧૦ બુરમંદ તથા પ્રકાશીત તિશ્ત્યને અમે વખાણ્યે છિયે, જે અહુરમજદ સાથે વાત કરતાં આ મુજબ બોલ્યો: "હાડમંદ દુન્યાના પેદા કરનાર અતીશે પવિત્ર મિનો ઓ અશો અહુરમજદ!

૧૧ "અગરજો માણસો મને, જે પ્રમાણે તેઓ બિજા યજતઓને વખાણે છે તે પ્રમાણે મારાં નાંમને યાદ કરતાં આરાધનાથી વખાણે તો હું મારી પ્રકાશીત, જાહુકની અને નીયમીત ગતી માટે ઠરાવેલા વખતે અશો લોકોના ફાયદા માટે એક, અથવા બે, અથવા પચાસ અથવા સો રાત જઇશ."

૧૨ તિશ્ત્યને તથા તિશ્ત્રેન્યઓ[2]ને અમે વખાણ્યે છિયે. પેહેલા સેતારાને[3] અને તેને લગતાઓ[4]ને અમે વખાણ્યે છિયે. યાતુઓ તથા પઇરિકાઓની સામે થવા માટે હપ્તો-ઇરિંગ[5] સેતા-

---

૧ યાને ઘોડાના જેવા કૌવતમંદ અને તેના જેટલાં કદના મોજા વાળા.

૨. અથવા તેની આસપાસ ફરતા તેના હજુર્યા ચાંદો (Satellites.)

૩. યાને તિશ્ત્યને.

૪. અથવા તેની આસપાસ ફરતા તેના હજુર્યા ચાંદો જેઆ Pleiades નાં નામથી ઓળખાય છે; અસલી લોકોનો એવો વિચાર હતો કે એ Pleiades થી વરસાદ વરસે છે.

૫. [હપ્તોઇરિંગ (Ursa Major) એ ઉત્તર તરફના સેતારાઓનો

શીઓને હું વખાણવા ઇચ્છું છું. મજદના પેદા કરેલા વનંત[1] સેતારાને અમે વખાણ્યે છિયે. સારાં બનાવેલાં કૌવત, મજદની બક્ષેલી ફત્તેહ, સઘલા ઉપર ફત્તેહ મેળવનારી, સંકટ ટાળનારી અને દુઃખોમાંથી છુટકો કરનારી સરસાઇ મેળવવા માટે મજબુત ચશમવાળા તિશ્ત્ર્યને અમે વખાણ્યે છિયે.[2]

૧૩ પેહેલી દશ રાત, ઓ અશો જરથુશ્ત્ર! પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્ય હાડમંદ થાય છે અને અતીશે ખુબસુરત, ચાલાક આંખોવાળા, બુલંદ કદના, ભરજુવાંન, પુશ્કલ કૌવતવાળા અને સુંદર ખાશ્યતના પંદર વરસની વયના માણસના આકારમાં રોશણીવાળી જગાઓમાં તે ફરે છે.

૧૪ કે જે ઉંમરે માણસ પુશ્કલ ઉપયોગી થાયછે, જે ઉંમરે માણસ પુશ્કલ કૌવતમંદ થાય છે, જે ઉંમરે માણસ મરદની હાલતે પોહોંચે છે.

૧૫ પછી તે ચેતવણી આપેછે, પછી તે પૂછે છે: "કોણ મને હાલ ન્યજદ તથા હોમ સાથની જઓથ્રઓની ભેટો વડી વખાણે છે? ન્યામતો, સારો વંશવેલો તથા આત્માની પવિત્રાઇ હું કોણને આપું? આ હાડમંદ દુન્યાના ફાયદા માટે, સંપૂર્ણ પવિત્રાઇને લીધે હાલ મારી વખાણ થવી જોઇએ, હાલ મારી આરાધના થવી જોઇએ."

૧૬ એ પછીનો બીજી દશ રાત પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્ય હાડમંદ થાય છે અને સોનેરી શિંગણાંવાળા ગોધાના આકારમાં રોશણીવાળી જગાઓમાં તે ફરેછે.

વડો છે. મિનો ખિરૅદના ૪૯ મા બાબના ૧૫ મા ફકરામાં જણાવે છે કે, ૯૯૯૯૯ દેવો અને દેવીઓ તથા પરિઓ અને જાદુગરો જેઓ સેતારાઓ અને તેમનાં આકાશી મઠકની વિરૂદ્ધ છે તેમને હઠાવવા માટે તેને હસ્તક દોજખના દરવાજા તથા માર્ગનો કબજો રાખેલો છે.—તરજુમો કરનાર.]

1. એ દક્ષીણ તરફના સેતારાઓનો વડો છે.

2. [ખોરશેદ ન્યાયેશના પેહેલવી તરજુમાના ૮ માં ફકરામાં જણાવે છે કે, "મજબુત નજર શકિત મેળવવા માટે હું તિશ્ત્ર્યને વખાણું છું.—તરજુમો કરનાર.]

૧૭ જુઓ ફકરો ૧૫. "સારો વંશવેલો" ને બદલે "ગોસ્પન્દોનું ટોળું" એવા શબ્દો વાપરવા.

૧૮ ત્રીજી દશ રાત પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર, હાડમંદ થાય છે, અને ગુલાબી રંગના કાનોવાળા તથા સોનેરી પાખરવાળા પ્રકાશીત અને ખુબસુરત ઘોડાના અકારમાં રોશણીવાળી જગાઓમાં તે ફરેછે.

૧૯ જુઓ ફકરો ૧૫. "સારો વંશવેલો" ને બદલે "ઘોડાઓનું ટોળું" એવા શબ્દો શબ્દો વાપરવા.

૨૦ પછી તે નુરમંદ અને પ્રકાશીત સેતારો તિશ્ત્ર, ઓ અશો જરથુશ્ત્ર! પ્રકાશીત અને ખુબસુરત, ગુલાબી રંગનાં કાનોવાળા અને સોનેરી પાખરવાળા ઘોડાના આકારમાં[1] વોઉરુકષ દર્યા તરફ પોહોંચવાને કોશેશ કરે છે.

૨૧ પણ ત્યાં તેની સામે અપઓષ દેવ કાળા કાંનવાળા, ટુંકી પુછડીવાલા, કદરૂપી પીઠવાળા, નાશકારક, અને (ગુસ્સાથી) અતીશે ધુજતા કાળા ઘોડાના આકારમાં ધસે છે.

૨૨ પછી તેઓ યાને પ્રકાશીત તથા નુરમંદ તિશ્ત્ર અને અપઓષ દેવ, ઓ અશો જરથુશ્ત્ર! હાથોહાથ આવી જાય છે. તેઓ, ઓ અશો જરથુશ્ત્ર! ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી લડે છે. અપઓષ દેવ પ્રકાશીત તથા નુરમંદ તિશ્ત્ર ઉપર ફાવે છે, તેના ઉપર ફત્તેહ મેળવે છે અને વોઉરુકષ દર્યાથી એક હાથ્ર[2]ના જેટલા તફાવત સુધી તેની પુઠે લાગે છે.

૨૩ પછી તે નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર (પોતાને થયલા) અટકાવ અને (પોતાને મલેલી) શીકસત વિષે જાહેર કરે છે: "મને અટકાવ થયો છે, ઓ અહુરમજદ! મારી હાર થઈ છે, ઓ પાણીઓ

---

૧. [બુન્દેહેશનાં ૭ માં પ્રકરણના ૪ થા ફકરામાં જણાવે છે કે, તિશ્ત્ર માણસ ગોધા અને ઘોડાના આકારોમાં બદલાતો હતો અને એ દરેક આકારમાં રહીને દશ દિવસ તથા દશ રાત તે વરસાદ વરસાવતો હતો. એ વરસાદથી તમામ ખરફસ્તરોનો નાશ થતો હતો.—તરજુમો કરનાર.]

૨. બુન્દેહેશ મુજબ એક ફર્સંગ યાને, એક માઇલ.

તથા ઓર્વરો ! હું હફાવાયો છું, ઓ મઝદયસ્નિન દીન ! (કારણ કે) માણસો જે પ્રમાણે તેઓ બીજા યઝતોઓને આરાધે છે તે પ્રમાણે મારાં નામ સાથે મને આરાધતા નથી.

૨૪ "અગરજો માણસો મને બીજા યઝતોઓની માફક મારાં નામ સાથે આરાધે તો મને દશ ઘોડાનું કૌવત, દશ ઉંટોનું કૌવત, દશ ગોધાનું કૌવત, દશ પાહાડોનું કૌવત, દશ નદીઓનું કૌવત અપાયલું થાય."

૨૫ હું જે અહુરમઝદ છું તે પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્રને તેના નામ સાથે આરાધું છું, તથા દશ ઘોડાનું કૌવત, દશ ઉંટોનું કૌવત, દશ ગોધાનું કૌવત, દશ પાહાડોનું કૌવત, અને દશ નદીઓનું કૌવત તેને આપું છું.

૨૬–૨૭ જુઓ ફકરા ૨૦–૨૧.

૨૮ પછી તેઓ યાને નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર તથા અપઓષ દેવ હાથોહાથ આવી જાય છે; તેઓ, ઓ અશો જરથુશ્ત્ર ! મધ્યાંન બપોર સુધી લડે છે. પછી નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર બળમાં સરસાઇ મેળવે છે અને અપઓષ દેવ ઉપર ફત્તેહમંદ થાય છે.

૨૯ અને વોઉરુકષ દર્યાથી એક હાથના જેટલા તફાવત સુધી તે તેની પુંઠે ભાગે છે. પછી નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર પોતાની મુબારક ફત્તેહ જાહેર કરે છે: "સુખ મને, ઓ અહુરમઝદ ! સુખ તમને ઓ પાણીઓ તથા ઓર્વરો ! સુખ તને, ઓ મઝદયસ્નિન દીન ! સુખ તમને ઓ આર્ય મુલકો ! પાણીના ઢોઢ તમારી તરફ ફળદ્રુપ અનાજનાં ખેતરો તરફ, થોડીજ ઉત્તપત્તીનાં મેદાંનો તરફ, અને તમામ હાડમંદ દુંન્યા તરફ વગર અટકાવે વેહેવા માંડશે."

૩૦ જુઓ ફકરો ૨૦ મો.

૩૧ દર્યા (ના પાણીઓ)ને તે જોડે છે અથવા છુટાં પાડે છે; તે દર્યાંને ગતીમાં મેલે છે અથવા અટકાવી રાખેછે; તે તેમને વેહેવારે છે અથવા તેમના વેહેવાના માર્ગને ફેરવી નાખેછે. સઘલા કીનારાઓ વોઉરુકષ સમુદ્રમાં (પાણીને) અડકે છે, વચલા ભાગમાંના સઘળા મોજા તેમને સાથે જોડી નાખે છે.

૩૨ પછી પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્ય વોઉરુકષ સમુદ્રમાંથી, ઓ અશો જરથુશ્ત્ર! ઉગેછે. નુરમંદ પ્રકાશીત સતવએસ પણ વોઉરુકષ સમુદ્રમાંથી ઉગે છે. પછી વોઉરુકષ સમુદ્રની વચોવચ ઉભેલાં ઉસહિન્દ્વ[1] પાહાડની બાજુમાંથી વરાલો નિકલે છે.

૩૩ પછી તિશ્ત્ર્ય વાદલાં બનાવુનાર સ્વચ્છ વરાલો ઘસડી જાય છે, તે. મજબુત પવનને (તેમની આગળ) હાડમંદ દુન્યાની વૃદ્ધિ કરનાર હુઓમ જે માર્ગે જાય છે તે માર્ગેથી લેઇ જાય છે. પછી મજદનો પેદા કરેલો મજબુત પવન અને બળવંત પવન વરસાદને, વાદલાંઓને અને ઝાપટાંઓને ખેતરો ઉપર, રેહેથાનો ઊપર, સાતે કેશ્વરો ઉપર લેઇ જાય છે.

૩૪ તે બક્ષેશ થયલાં પાણીઓને અપાંમનપાત્, મોટો અને મજબુત પવન પાણીઓમાં રેહેનાર ચલકાતમંદ ખોરેહ અને અશો લોકોનાં ફ્રોહરો હાડમંદ દુન્યાને વેંહેંચી આપે છે!—(જુઓ ફકરો ૩ જો.)

૭.

૩૫ પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્યને અમે વખાણ્યે છિયે, જે પાણીઓને રોશણીથી પ્રકાશીત રેહેથાંનમાંથી દૂરની જગાઓમાં, બધનાં પેદા કરેલાં વાતાવરણમાં, પાણીઓ માટે રાખેલાં રેહેથાંનમાં અહુરમજદ તથા અમેષાસ્પેન્તઓને ખુશનુદ કરવા માટે લેઈ જાય છે.—(જુઓ ફકરો ૩ જો.)

૮.

૩૬ નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર્યને અમે વખાણ્યે છીએ, જે ઉગેછે અને માણસોની, બુદ્ધિમાન સરદારોની, પાહડોમાં વસનારાં જંગલી જાનવરોની, જંગલોમાં ભટકતાં શીકારી જાનવરોની અને ફલદ્રુપ મુલક માટે

1. [બુન્દેહેશમાં એને આઓશિન્દોમનાં નામથી ઓલખવામાં આવ્યો છે. તેમાં જણાવવા મુજબ તે માણકની બનાવતનો અને આકાશના જેવો મજબુત છે તથા તે વોઉરુકષ દર્યાની અધવચમાં છે. હુકર્યં ટોચ ઉપરથી એક સોનેરી બાડીને માર્ગે તેને પાણી મળે છે, જ્યાંથી થોડો ભાગ દર્યામાં જાય છે અને થોડો ભાગ વરસાદના આકારે વરસી અહુરમજદની પેદાએશને તન્દરોસ્તી આપે છે.—તરજુમો કરનાર.]

નીગેહબાની રાખે છે, ઉજડ મુલક માટે નીગેહબાની રાખેછે, ઉજડ મુ-લક માટે તે ઉગેછે (અને બોલે છે): "આર્ય મુલકો કયારે ફલદ્રુપ થશે?"
(જુઓ ફકરો ૩જો.)

૯.

૩૭ જુઓ ફકરો ૬ ઠ્ઠો તથા ૭ મો.

૩૮ પછી બુલંદ અષિ-વહુઇ અને પાર્ઍન્દિ ખણખણ કરતી રથમાં તે (તિશ્ત્ર્ય) પોતાને અસ્ત પામવાની પ્રકાશીત જગા ખ્-વન્ત પાહાડ સુધી પોહોંચે ત્યાં સુધી તે માર્ગને સાફ કરતી જાયછે.—
(જુઓ ફકરો ૩ જો.)

૧૦.

૩૯ નુરમંદ અને પ્રકાશીત તિશ્ત્ર્ય સેતારાને અમે વખાણ્યે છિયે, જે પઇરિકાઓને મારે છે, જે પુશ્કળ કપતવાળા અહ્રેમઇન્યુશે પાણીનાં તોખમો ધરાવનારા તમામ સેતારાઓ સામે લડવા માટે ઉત્તપન્ન કરેલી પઇરિકાઓને ગેબ કરી નાખે છે. તિશ્ત્ર્ય તેમને હફાવે છે અને વોઉરુ-કષ દર્યામાંથી તેમને હાંકી કાહાડે છે.

૪૦ પછી ફલદ્રૂપ કરનારાં પાણી ધરાવનારાં વાદલાં ઉત્તપન્ન થાય છે, ચાલુ વરસાદનાં વાદલાં ઉત્તપન્ન થાય છે, જે મોટા વિસ્તાર ઉપર વેહેછે અને સાતે કેશ્વરો ઉપર ફાયદો લેઇ જાય છે.—(જુઓ ફકરો ૩જો.)

૧૧.

૪૧ પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્યને અમે વખાણ્યે છિયે, જેને સઘલાં પાણીઓ, સ્થીર તેમજ વેહેતાં, ઝરાનાં અને ઢોઢનાં, કરાંનાં અથવા વરસાદનાં પાણીઓ યાદ કરે છે અને બોલે છે કે:

૪૨ "કયારે પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્ય ઉગશે? ઘોડાનાં જે-વાં મોટાં કદનાં અને પુશ્કલ ઝડપવાળા પાણીના ઢોઢ અમારે માટે કયારે દોડશે અને પ્રકાશીત જમીન ઉપર, રેહેથાંનોવાળી જગાઓ ઉ-પર, ખેતરો ઉપર વેહેશે; છોડવાઓનાં મૂળીયાંઓ ઉપર પાણી સીપશે, કે જેથી તેઓ મજબુત ઉગાંનથી ઉગે?"—(જુઓ ફકરો ૩જો.)

૧૨.

૪૩. પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્યને અમે વખાણ્યે છિયે કે જે તમામ હૈયાતીવાળાઓ માટેનાં નાશકારક (સાંધનો) ને દુર કરે છે અને તન્દરોસ્તીના ઉપાયો લાવે છે; પ્રાણીઓને તે આરામ કરે છે અને જ્યારે તેની વખાણ થાય છે, જ્યારે તે સંતોશ પામેલો, ચહવાયલો, અને પોછાણુત થયલો હોયછે ત્યારે તે તેમને આબાદ કરેછે.-(જુઓ ફકરો ૩જો.)

૧૩.

૪૪. પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્યને અમે વખાણ્યે છિયે, કે જેને અહુરમજ્દએ સઘલા સેતારાઓનો વડો અને ચોકસી રાખનાર ઠરાવ્યો છે કે જે પ્રમાણે જરથુશ્ત્ર માણસોનો (વડો અને નોગેહબાંનછે); જેને નહીં અહરેમઈન્યુશ, નહીં યાતુઓ, નહી પઈરિકાઓ, માણસ યાતુઓ (જાદુગરો) તેને મારી નાખી શકે; સઘલા દેવો સાથે જોડાઈને પણ તેને મારવા માટે પકડી શકે નહીં.—(જુઓ ફકરો ૩જો.)

૧૪.

૪૫. પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્ય જેને અહુરમજ્દએ હજાર અવયવો આપ્યા છે, જે સેતારાઓમાં ઘણોજ બળવંત છે અને જે (સઘલી ચીજોને) ઉગાડવા માટેનાં પાણીનાં તોખમો ધરાવે છે તેને અમે વખાણ્યે છિયે.

૪૬. તે પાણીનાં તોખમો ધરાવનારા સેતારાઓને (રોશણી આપવા) માટે રોશણીવાળી જગાઓમાં ગોળ ફરેછે, તે બળવંત, સારા ખીલેલા, ઉંડાં, પુશ્કલ પાણીવાલા વોઉરુકષ દર્યાની સપાતી ઉપર તેમજ સઘલા ઢોઢો અને સઘલી વેહેતી નેહેરો તરફ સફેદ, પ્રકાશીત, સોનેરી કાંનોવાળા અને સોનેરી પાખરવાળા ઘોડાના આકારમાં પોહોંચે છે.

૪૭. પછી વોઉરુકષ દર્યાનાં પાણીઓ, ઓ અશો જરથુશ્ત્ર ! વેહેતાં, ફાયદો કરનારાં, તન્દરોસ્તી આપનારાં થાય છે: તે ઘણોજ ફાયદેમંદ (તિશ્ત્ર્ય) જયારે તેની વખાણ થાય છે, જ્યારે તે સંતોશી, ચહવાયલો અને પીછાણુત થયલો થાય છે ત્યારે તે તેમને (યાને વોઉરુકષનાં) પાણીઓને આ મુલકોમાં વેંહેંચી નાખેછે.-(જુઓ ફકરો ૩જો).

૧૫.

૪૮. પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ર્યને અમે વખાણીએ છિયે, જેને સ્પેન્ત-મઇન્યુશનાં જમીન ઉપર, જમીનની અંદર, પાણીમાં અથવા વાતાવરણમાં રેહેનારાં સઘલાં પ્રાણીઓ, પાંખોવાળાં પક્ષિઓ અને જંગલી હેવાંનો તથા એમનાં કરતાં શ્રેષ્ટ, હંમેશગીની હૈયાતીવાળાઓ જેઓ અશો (દુન્યા) ની પેદાએશ કરતાં ચર્ચાતા છે તેઓ પણ યાદ કરેછે.—
(જુઓ ફકરો ૩જો.)

૧૬.

૪૯ પ્રકાશીત નુરમંદ, પેહેલવાંન ચાલાક, ફાયદેમંદ, બળવંત અને જોરેમંદ તિશ્ત્ર્યને હજાર બક્ષીસો (મેળવવા) માટે અમે વખાણીએ છીયે: જે કોઈ તિશ્ત્ર્યને સંતોશ આપે છે, જે માણસ તેને યાદ કરેછે તેને માગણી થયા વિના તે બેહદ બક્ષિસો આપે છે.

૫૦ મેં, ઓ અશો જરથુશ્ત્ર! તિશ્ત્ર્ય સેતારાને હું અહુરમંજદના જેટલી મોટી આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિને લાયકનો પેદા કર્યો છે.

૫૧ કે જેથી તે પઇરિકા દુશ્યાઇર્ય (જે વેરાંન્યત ફેલાવે છે) જેને બુરા સુખનો બોલનારા લોકો હુયાઇર્ય (આબાદી) નાં નામથી ઓળખે છે તેની સામે લડી શકે, તેને અટકાવી શકે, તેને હફાવી શકે તેને હાંકી મેલી શકે.[1]

૫૩ પઇરિકા દુશ્યાઇર્ય જેને બુરા સુખનો બોલનારા લોકો હુયાઇર્યનાં નામથી ઓળખે છે તેની સામે લડવા, તેને અટકાવવા, તેને હફાવવા અને તેને હાંકી મેલવા માટે

૫૨ અગરજો મેં તિશ્ત્ર્ય સેતારાને હું અહુરમજદના જેટલો મોટી આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિ માટે પેદા કર્યો ન હતે તો

---

૧ [દરાયસ હીસ્તાસ્પીસ પોતાના એક લેખમાં દુર્યાઇર્યને નીચલા શબ્દોમાં ધીઃકારી કહાડે છે: "અહુરમજદ આ દેશને દુશ્મન લશકરથી, વેરાંન્યત (દુશિયારે)થી, જુઠાણાંથી બચાવે; કોઈબી પ્રદેશી યા દુશ્મન લશકર યા વેરાંન્યત કે જુઠાણું આ દેશમાં કદી દાખલ થાય નહીં."—તરજુમો કરનાર.]

૫૪ પછી તે પઈરિકાં દુજયાઈયે સઘલા દિવસ અને સઘલી રાત હાડમંદ દુન્યા સાથે લડત ચલાવવા આવતે અને તે પુરી જીવતી દુન્યા ઉપર (યાને દુન્યામાંનાં જીવદાર પ્રાણીઓ ઉપર) સઘલી તરફથી હુમલો કરતે.

૫૫ પણ પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ય તે પઈરિકાને બેવડી અને ત્રેવડી બેડીથી બાંધે છે એવી રીતે કે કોઈબી બેડીમાંથી તેણી છટકવા પામે નહીં; જે પ્રમાણે એક હજાર ઘણાંજ જોરેમંદ અંગબળવાળા માણસો (સાથે મળીને) એક એકલા શખસને બાંધે (તે પ્રમાણેજ મજબુતીથી તિશ્ત્ય તે પરિને બાંધે છે.)

૫૬ અને જો આર્ય મુલકો, ઓ અશો જરથુશ્ત્ર ! પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્યની કાયદાસર રીતે આરાધના અને વખાણ કરે, એવી રીતે કે તે આરાધના અને વખાણ ખરાં અંતઃકરણથી અને ઉત્તમ પવિત્રાઈથી થયલી હોય તો એ મુલકોમાં લશ્કર, મરકી, દુઃખદરદ, ઝેર, રથમાં સ્વારી કરનાર (દુશ્મન) લડવૈયો કે ઉંચો કરેલો વાવટો દાખલ થશે નહીં.

૫૭. જરથુશ્ત્રએ તેને પૂછયું: પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ય માટે ઘણીજ લાયક અને સંપૂર્ણ પવિત્રાઈવાળી આરાધના અને વખાણ કયિ છે ?

૫૮. અહુરમજદએ જવાબ દીધો કે આર્ય મુલકોએ તેના માન માટે જઓથ્રઓ અર્પણ કરવા, આર્ય મુલકોએ બર્સમ બાંધવી, આર્ય મુલકોએ પીળા રંગના પ્રકાશીત અથવા હોમના રંગને મળતા કોઈબી રંગનું પશુનું માંસ પકાવવું.

૫૯. નહીં ખૂની, નહીં જહિ, નહીં ગાથા નહીં ગાનાર હંમદીન કે જે અશોઈની દુનિઆમાં મોત ફેલાવે છે જે અહુરની અને જરથુશ્ત્રની દીન સામે લડત ચલાવે છે તે તે (યાને તિશ્ત્યના માનમાં ઉપર જણાવેલી અર્પણ કરેલી જણસો) ખાય.

૬૦. અગરજો ખૂની, જહિ, ગાથા નહીં ગાનાર હમદીન કે જે અશોઈની દુનિઆમાં મોત ફેલાવે છે, જે અહુરની જરથુશ્ત્રની દીન સામે લડત ચલાવે છે તે, જો તે ક્રિયામાં ભાગ લેએ તો તુરતજ પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્ય પોતાના તનદરોસ્તી આપનારા ઈલાજો પાછા લઈ મેળે છે.

૬૧. પછી હંમેશાં તે આર્ય મુલકો ઉપર મરકીઓ ઢોઢબંધ ફેલાશે, હંમેશાં તે આર્ય મુલકો ઊપર દુશ્મનોનાં લશ્કર ધસારા કરશે. હંમેશાં આર્ય મુલકોપર એવી જાતના ફટકા પડશે કે જેથી પચાશથી સો ગણા, સોથી હજાર ગણા, હજારથી દશ હજાર ગણા, અને દશ હજારથી અગણિત (આર્ય લોકો) નાશ પામશે.—(જુઓ ફકરો ૩ જો.)

૯ દ્રવાસ્પ (ગોશ) યશ્ત.

દ્રવાસ્પના ગુણો § ૧. તેની રથ § ૨–હઓષ્યહ, યિમ, થ્રએતાનઓ, હઓમ, હુસ્રવ, જરથુશ્ત્ર, વીશ્તાસ્પ વગેરે પુરાતમ પેહેલવાનો તેની આરાધના કરે છે અને તેના બદલામાં તેઓ મેહેરબાનીઓ મેળવે છે §§ ૩–૩૨

દ્રવાસ્પ એ મજદયસની ધર્મની ઉત્પત્તિનો એક ફરેસ્તો છે અને તે જીવતાઓની પેદાએશને લગતી કલ્પનામાંથી નીકળ્યો છે. અહુરમજદનપ પેહેલા બે જીવતા પ્રાણીઓમાં ગયો–મરેતન નામે એક માનવી અને એક ગોધો હતો. એ બંનેને અહ્રેમન્યુશ મારી નાખ્યા હતા. ગોધાનું રવાંન તેના તનમાંથી છુટું પડીને આકાશમાં ઉંચે ગયું અને ત્યાં તેને ગોસ્પન્દો ઉપર નીઘેબાંની રાખવાનું કામ મળ્યું, અને એટલા માટે તે ગોસ્પન્દોનો રખેવાલ ફરેસ્તો ઠરે છે. એ ફરેસ્તાને લગતો વિચાર પુરાતમ હોવો જોઇએ કારણ કે અહુનવદ ગાથાના રજા હા (યજશ્નેનો હા ૨૯) માં તેને મુખ્ય ભાગ બજાવતો ચીતાર્યો છે. આ નવમી યશ્ત ખાસ તેને અર્પણ કરેલી છે. એમ તેને બળવંત અને અશો, પુષ્કલતા આપનાર, કૌવતમંદ, તંદરોસ્તી આપનાર અને ફાયદેમંદ એવાં વિશેષણ લગાડવામાં આવ્યાં છે. તેનું કામ માણસોને, ઘોડાઓને, ગોસ્પન્દોને તપાસ રાખી અને દુરથી સંભાળ રાખી તેમની તંદરોસ્તી જાળવવાનું છે (§ ૧–૪.) આ યશ્તના બાકીનો ભાગ જુદા જુદા પેહેલવાનો તેને જે આરાધના અર્પણ કરે છે અને તેથી તેમને જે મેહેરબાની મળે છે તેના વર્ણનથી રોકાએલો છે. એને મલતુ વર્ણન વિષ્ણુ પુરાનમાં મલે છે. ત્યાં વિષ્ણુપુરાનમાં જમીન દ્રવાસ્પની માફક ફરીઆદ ઉઠાવે છે અને કૃષ્ણ જનમવાની તેને કબુલાત મળે છે.

આ યશ્ત ઉષહિન ગેહેમાં ગોશ, બહમન, માહ અને રામ રોજે ખાસ ભણવા ઠરાવેલું છે.

• ખુશાલ રહો અહુરમજદ (ઇત્યાદિ, જુઓ અહુરમજદ યશ્ત § ૦.)

૧.

૧. બળવંત અને અશો મજદની પેદા કરેલી દ્રવાસ્પને અમે વખાણિયે છીએ, કે જે ઘોડાઓને તન્દરોસ્ત રાખે છે, જે ભારબરદારી જનાવરોને તન્દરોસ્ત રાખે છે, જે માણસોને તન્દરોસ્ત રાખે છે, જે બાળકોને તન્દરોસ્ત રાખે છે, જે પુષ્કલ જોએ છે, જે પ્રકાશે છે, જે મજબુત ફાયદા સાથે દૂર સુધી ફેલાય છે;

૨. જે પોતાના ઘોડા જોડે છે, પોતાની રથ ચલાવે છે કે જેનાં પૈડાં ખણ ખણ કરે છે; જે વૃદ્ધિ કરનાર અને અશો, કૌવતમંદ, બુલંદ કદની, ફાયદેમંદ અને તન્દરોસ્તી આપનાર છે, જે તન્દરોસ્તી કાયમ રાખે છે અને અશો મરદોના ફાયદા માટે તન્દરોસ્તી જાલવી રાખે છે.

૩. તેણી (દ્રવાસ્પ)ને પરધાત (પેશદાદ્યન) હઓષ્યઙ્હ એ બુલંદ અને પ્રકાશીત, મજદના પેદા કરેલા હર પાહાડની ટલેટી આગળ સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો તેમજ જઓથ્રઓ આરાધનામાં અર્પણ કર્યાં (અને પછી તેણે તેની કને આ મેહેરબાની માગી) :

૪. "ઓ ભલી અને ઘણીજ ફાયદેમંદ દ્રવાસ્પ! મને આ મેહેરબાનો આપ કે જેથી તમામ માજન્યન દેવોને હું મારૂં, હું બીહીધેલો થઇને બાહીકથી કદી પણ દેવોની આગળથી નાહાસી જાઉં નહીં, પણ એથી ઉલટું દેવો બીહીકથી ધુજીને મારી આગળથી પોતાની મરજી વિરૂદ્ધ નાહાસે, અને ધુજીને તેઓ અંધારાંમાં (યાને દોજખમાં) ભરાઈ જાય."

૫. બળવંત, મજદની પેદા કરેલી, અશો અને રક્ષણ આપનાર દ્રવાસ્પએ તેણીને એ ભેટો અર્પણ કરનારને (તેણે માંગેલી) મુરાદ બક્ષી, તેણી કે જે તેણીને માટે જઓથ્રઓ અને ભેટો લઇ જનારને, તેણીની વખાણ કરનાર તથા વિનંતી કરનારને પોતાની બક્ષેસો આપે છે.

૬ બળવંત, મઝદની પેદા કરેલી અને અશો દ્રવાસ્પને તેનાં નુર તથા દબદબાને લીધે વખાણનાં કીર્ત્તનોથી મોટા સાદે હું વખાણવા ઇચ્છું છું, (ઇત્યાદી.)

૨.

૭ જુઓ § ૧—૨.

૮ તેણીને ભલાં ગોસ્પન્દોવાળા પ્રકાશીત યિમએ હુકઈર્યની ટોચ ઉપર સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો જઓથ્ર-ઓ સાથે આરાધનામાં અર્પણ કર્યાં (અને એવી મુરાદ ચાહી કે):

૯ "ઓ ભલી અને ફાયદેમદ દ્રવાસ્પ! મને આ મેહેરબાંની આપ કે જેથી મઝદનાં પ્રાણીઓને હું આબાદ ટોળાં મેળવી આપું, મઝદનાં પ્રાણીઓને હું અમેગી મેળવી આપું.

૧૦ "મઝદના પ્રાણીઓમાંથી ભૂખ અને તરસ હું દૂર કરૂં, મઝદનાં પ્રાણીઓમાંથી ખોડખાંપણ અને મોહોત હું દૂર કરૂં, મઝદનાં પ્રાણીઓમાંથી થંડો પવન તથા ગરમ પવન હું દૂર કરૂં, (અને એ સઘલું)હજાર વરસ સુધી (કરવાને હું શકિતવાન થઉં.)"

૧૧ જુઓ § ૫-૬.

૩

૧૨-૧૪ જુઓ § ૧-૨ અને યશ્ત ૫ મી § ૩૩—૩૪.

૧૫ જુઓ § ૫—૬

૪.

૧૬ જુઓ § ૧-૨.

૧૭ તેણીને વૃદ્ધિ કરનાર તથા તન્દરોસ્તી આપનાર, પ્રકાશીત અને હકુમત ચલાવનાર, સોનેરી રંગની આંખોવાળા હઓમ[1]એ ઘણીજ

---

૧ [હઓમ એ એક જાતનો ચમત્કારી પાલો છે જેનો રસ ક્રીય કરીને પીવાથી ઘણા નવાઇ જેવા ફાયદાઓ થતા યજશ્નેના ૯ તથા ૧૦ મ હામાં વર્ણવ્યા છે. આ ઠેકાણે હઓમને એક પેહેલવાનનું રૂપ આપવામાં આવ્યું છે અને તેને લગતું જે બખાણ આ તેમજ એની પછીના ફકરામાં એના સંબંધમાં મલે છે તે અલંકારી ભાષામાં છે અને તે એમ કે હુસ્રવએ હોમને ક્રિયા કરીને પીધાથી તેને ઘણું કૌવત તથા પોતાના દુશ્મન આફ્રાસીયાબને પકડી કાઢવાની શકિત મલી હતી. આ શકિત તેને હોમનો રસ પીવાથી

બુલંદ ટોચ હરઈતિ ઉપર સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો આરાધનામાં અર્પણ કર્યાં; અને તેણે તેની કને આ મેહેરબાની માગી.

૧૮ "ઓ ભલી અને ફાયદેમંદ દ્રવાસ્પ મને એ આપ કે હું નાશકારક તુરાંની ફ્રહ્‌રાસ્યનને બાંધું, હું તેને બેહી ઘાલેલો ઘસડી જાઉં તેને કવ હુસ્રવ આગળ બંદીવાન કરેલો લઇ જાઉં; કે જેથી તેને ઉંડા અને બોહોળા ચએચસ્ત સરોવરની પછવાડે છોકરો હુસ્રવ જાસ્તીથી મારી ગયલા (પોતાના પિતા) સ્યાવરષાનના અને બહાદુર અગ્રએરથના કીનામાં[1] મારી નાંખે."

૧૯ જુઓ § ૫–૬.

૫.

૨૦ જુઓ § ૧–૨.

૨૧ તેણીને આર્ય મુલકોને જોડી નાંખી એક પાદશાહત બનાવનાર બહાદુર હુસ્રવએ ઉંડા તથા બોહોળા ચએચસ્ત સરોવરની પછવાડે સો ઘોડા, હજાર ગોધા, દશ હજાર નાહાનાં ગોસ્પન્દો જઓથ્રઓ સાથે આરાધનામાં અર્પણ કર્યાં (અને તેણી કને આ મહેરબાની માગી):

૨૨ "ઓ ભલી અને ફાયદેમંદ દ્રવાસ્પ મને આ મેહેરબાની આપ કે ખૂની તુરાંની ફ્રહ્‌રાસ્યનને ઉંડા તથા બોહોળા ચએચસ્ત સરોવરની પછવાડે હું છોકરો જુલમાતથી માર્યા ગયલા (મારા પિતા) સ્યાવરષાનના અને બહાદુર અગ્રએરથના કીનામાં મારી નાખું."

૨૩ જુઓ § ૫–૬.

મળેલી હોવાથી અને તેથીજ તેણે અફ્રાસીઆબને પકડીને બાંધવાથી ગોયા હોમે પોતે તેને પકડી બાંધ્યો હોય એવો અલંકાર આ ફકરામાં આપ્યો છે.—તરજુમો કરનાર.]

૧. અસલ લખાંણમાં "કઇને" બોલ છે તે સુધારીને "કએને" વાંચ્યો છે.] અગ્રએરથ (અગ્રેરથ) અફ્રાસીઆબનો ભાઈ થતો હતો; તે એક અશો મરદ હતો અને ઇરાંની રાજા મીનોચ્યિહર પોતાના લશ્કર સાથે પદષખ્બાર પહાડમાં બંદીવાન પડયો હતો તે વેલાએ તેને બચાવી લેવા માટે અફ્રાસીઆબે તેને મારી નાંખ્યો હતો.—તરજુમો કરનાર.]

૬.

૨૪ જુઓ § ૧-૨.

૨૫ તેણીને અશો જરથુશ્ત્રએ ભલી ઉત્પત્તિવાળાં અઇર્યનવએજમાં બર્સમ, ઝ્યવજદ, જુબાનને ડહાપણ આપનાર માથ્ર, બંદગીઓ, જઓથ્રની ક્રિયાઓ અને સાચા બોલેલા સુખનો સાથના હોમથી આરાધી.

૨૬ તેણે તેણી કને આ મહેરબાની માગી: "ઓ ભલી અને ફાયદેમંદ દ્રવાસ્પ મને આ મહેરબાંની આપ કે જેથી ભલી અને નેક હુતઓસ[1] ને દીનને અનુસરતા વિચારોવાળી, દીનને અનુસરતા સુખનોવાળી, અને દીનને અનુસરતાં કામોવાળી, હું કરૂં કે જેથી મજદયસ્ની દીન જે મારી છે તેને તેણી વખાણે અને શીખવે તથા મારા કામને વધારવા માટે તેણી મારી કીર્ત્તિ ગાય."

૨૭. જુઓ § ૫-૬.

૭.

૨૮. જુઓ § ૧-૨.

૨૯ તેણીને કવ વીશ્તાસ્પએ દાઇત્ય નદી આગળ સો ઘોડા, હજાર ગોધા અને દશ હજાર નાહાનાં ગોસ્પન્દો જઓથ્રઓ સાથે આરાધનામાં અર્પણ કર્યાં (અને તેણે તેણી કને આ મુરાદ ચાહી):

૩૦ "ઓ ભલી અને ફાયદેમંદ દ્રવાસ્પ ! મને આ મેહેરબાંની આપ કે જેથી હું લડાઇમાં ઝનુની વીસ્પતઉર્વો–અસ્તિના છોકરા અસ્તનેને હફાઉં, કે જે (બુરો) મોટી જંજીરી તોપીવાળા, મોટાં બખ્તરવાળા, પોતાની પુંઠે ચાલનારા સાતસો ઉંટોને ફટકામાંથી બચાવનાર તમામ લડવૈયાઓનો નાશ કરે છે; કે હું લડાઇમાંથી ખ્યાઓન (જાતના) ખુની અરૅજત્-અસ્પને તેમજ દેવોની પરસ્તેસ કરનાર દાશનિકને નહસાડું;

૩૧ "કે, હું ગુનાહ ભરેલા મહજબવાળા તાંથ્રવંત્ (અંધારાંના છોકરા) ને હું મારૂં, દેવોની પરસ્તેસ કરનાર સ્પિનજરિશ્તને હું મારૂં; કે મારી આલાકીથી હું વરેધક અને ખ્યાઓન મુલકો[2] સુધી પોંહોચી વળું

---

૧. હુતઓસ વીશ્તાસ્પની બાનુ થતી હતી.

૨. ખ્યાઓન તથા વરૅધક લોકોના મુલકો તુર્કસ્તાન અથવા કાકેશસના પુરાંની મુલકો હોવા જોઇએ. [પ્રોફેસર દાર્મેસ્તેતે ગિલાનની નજદીકમાં

અને ફ્યાઓન મુલકમાના પચાસથી સો ગણા, સોથી હજાર ગણા, હજારથી દશ હજાર ગણા અને દશ હજારથી અગણીત લોકોને હું મારૂં.

૩૨. જુઓ § ૫-૬.

૧૦. મિથ્ર (મિહિર) યશ્ત.

મિથ્રની મોટાઇ અહુરમજ્દના જેટલીજ છે. § ૧.—કોળ તોડવા નહીં; કોળ પાળવા નહીં પાળવાનાં પરિણામ § ૨-૩.—મિથ્રને નેમાજ અને તેની પાસે કરવામાં આવતી માગણીઓ § ૪-૫. લડાઇઓ અને તેમનાં પરિણામો ઉપર તે સરદારી ભોગવે છે; લડવૈયાઓ તેને આરાધે છે § ૭-૧૧, ૩૫-૩૯; ૪૭-૪૮; ૧૧૨-૧૧૪.—સૂર્યની આગમચ તે બાહાર પડે છે અને ઈરાંન તથા સાતે કેશ્વરો ઉપર, ખાસ કરી આર્ય મુલકો ઉપર રોશણી ફેલાવે છે § ૧૨-૧૬.—તેને ઠગી શકાય નહીં; તેને ઠગવાની કોશેશ કરનારા દેવો. યાતુઓ, પઈરિકાઓ વગેરેને તે સજા કરે છે અને કોળ પાળનારાઓને તે મદદ કરેછે. § ૧૭-૩૫; ૮૩-૮૭ ૧૦૮-૧૧૧.—મિથ્રની બંદગી § ૩૧-૩૪; ૬૫-૭૮, ૯૩-૯૪.—મિથ્રદ્રુજોનાં રેહેથાંનને શ્રાપ દેવામાં આવે છે, તેઓની નેમ ફાવતી નથી; મિથ્ર, રશ્નુ અને સરોષ તેમને મારી નાખે છે. § ૩૮-૪૩.—સરોષ અને નઈર્યોસંઘ તેમને ઉખેડી નાખે છે § ૫૨.—મિથ્રનો મેહેલ § ૪૪; ૫૦-૫૨; અહુરમજ્દએ તે મેહેલ હરઈતિ ઉપર બાંધ્યો છે અને અમેશાસ્પેન્તઓએ તેને શણગાર્યો છે § ૭૯. તેના કાસદો તથા પોહોરેગીરો § ૪૫-૪૬.—તે પોતાની આરાધના માટે દાવો કરે છે; માણસો તેને યાદ કરતા નથી માટે તે ફર્યાદ ઉઠાવેછે, જે ભુલથી તેઓ દુ:ખી થાય છે § ૫૩-૫૫; ૭૩-૭૪.—મિથ્રનાં કીર્ત્તનો § ૫૭-૬૫.—તેની રથ અને રેસાલો § ૬૬-૭૨.—અર્ષિવંગુહઇ

વસનારી ચીઓનાઇતએ (Chionitae) નામની એક લડાયક જાત સાથે ફ્યાઓન લોકોને સરખાવે છે કે જેઓ વારેઘડીયે પેહેલા સાસાન્યનો સાથે લડાઇમાં ઉતરતાં હતાં. એજ લોકો સાથે વરતાએ (vertae) નામના લોકો પણ આવતા હતા જેઓ વરધક હોવા જોઇએ.—તરજુમો કરનાર.]

પારૅન્દિ, દખદ્યો, શ્રાપ દેનાર ફ્રેસ્તો, આકાશ, ફ્રવશિઓ તેમજ ફ્રૅત્તહુ તેની પુંઠે ચાલે છે § ૬૭.—અષિવઙ્હુઇ તેની રથની લગાંમ પકડે છે એટલે દેવો નાહાસે છે. વૅરથ્રઘ્ન એક જોરેમંદ દુક્કરના આકારમાં તેની આગમચ કુંચ કરે છે § ૬૮–૭૨.—સઓષ, રશ્નુ, પાણીઓ અને ઓર્વરો, તથા ફ્રવાષિઓ વચ્ચેથી તે કુંચ કરે છે; જ્યારે તે ખીજવાય છે ત્યારે તે ઘણોજ ભયંકર બને છે § ૭૨; ૯૮; ૧૨૪–૧૨૫.—મિથ્રની બંદગીઓ § ૭૩–૭૮.—કુટુંબનો અને મંડલીનો તે રખેવાલ છે; ખુરાઓ તેનેથી ધ્રુજે છે § ૭૯–૮૦; ૧૦૬–૧૦૮.—તેને અવલોકન કરવાની હજાર શકિતઓ અને દશ હજાર આંખો છે § ૮૧–૮૨ સરદારો, ગરીબો તથા બંદીવાન ગાય તેને મદદ માટે વિનવે છે § ૮૩–૮૬.—મિથ્રની બંદગીઓ તથા કીર્ત્તનો. અઍમ તથા વાધોતુશની સામે તેને આરાધવામાં આવે છે. તેના ગુણો તેની શકિત § ૬; ૬૬; ૯૬–૧૧૨; ૧૧૫–૧૧૮; ૧૪૦–૧૪૨.—તેનાં હથ્યારો અને તેનો ગુરૂજ § ૯૧; ૧૦૨.—અઙ્રોમઈન્યુશ અએશ્મ અને દેવો તેની આગળથી નાહાસે છે § ૯૭–૯૯.—તે પુર્વ તરફ દેખાવ દે છે § ૯૯ અને દુન્યાના બંને છેડા સુધી પોંહોંચે છે § ૯૫; ૧૦૪; ૧૪૪.—તે હંમેશ જાગૃત રહે છે § ૧૦૩.—મિથ્રની ગાડી અને તેના ઘોડા § ૧૨૪–૧૨૫; ૧૩૭–૧૪૩.—તેના જમના હાથ ઉપર રશ્નુ અને ડાબા હાથ ઉપર આર્મઇતિ (ડાહપન) તથા પછવાડે શ્રાપનો ફ્રેસ્તો દુક્કરહઆકારમાં ચાલે છે § ૧૨૪, ૧૨૭.—તેની રથમાં ગોઠવેલાં નથ્યારો § ૧૨૮–૧૩૨.—દેવોને તે હફાવે છે, સઘલા કેશ્વરો ઉપર તે ફરે છે અને અઙ્રોમઈન્યુશ, અએશ્મ, બુષ્યાંસ્ત તથા બીજા દેવોને નહસાડે છે § ૧૩૩–૧૩૪.—અહુરમજ્દ અને હઓમ તેની આરાધના કરે છે § ૮૮.—મિથ્ર પેહેલો ક્રિયા કરનાર હતો § ૮૯–૯૪.—તેની થવા જોઈતી આરાધના § ૯૧; ૧૨૦–૧૨૨.—દીનની ક્રિયાઓ મુજબ નહીં ચાલનારાઓનો ગુનાહ § ૧૩૭–૧૩૮. જેઓ એ ક્રિયાઓ કરે છે તેમને અહુરમજ્દ અને અમેશાસ્પેન્તઓ મદદ કરે છે. § ૯૨.

મિથ્ર ફ્રેસ્તો આર્ય ઉત્પત્તીનો છે. અને તે રોશણી આપનાર ઇથર (ether) નો, સૂર્ય અને સેતારાઓથી તદન સ્વતંત્ર રોશણીનો અલંકાર છે; તે વળી બુદ્ધિની રોશણીનો તેમજ સચ્ચાઇનો અલંકાર પણ થાય છે.

રોશ્ણીના ફરેસ્તા દાખલ તે દુન્યામાં ચલકાત આપે છે; સૂર્યની આગમચ તે બાહાર પડે છે અને સૂર્યની પછીબી તે પૃથ્વી ઉપર પ્રકાશે છે. દુન્યાની સઘલી સપાતી ઉપર તે ફેલાય છે અને દેવોને અને અંધારાંની તોખમના મિનોઓને નહસાડે છે. ખેતરો ઉપર તે સરદારી ભોગવે છે અને તેમને ફલદ્રુપ કરે છે; પાણી તથા બીજની તે વૃદ્ધિ કરે છે. કોઇબી બાબદમાં તેની નજરચુક થતી નથી; તે હંમેશનો જાગૃત છે; તેને હજાર કાંન અને દશ હજાર આંખો હોય છે. સચ્ચાઇના ફરેસ્તા દાખલ તે સચ્ચાઇની રોશણી ફેલાવે છે; ઇનસાફ તથા નીતીનો તે રખેવાલ છે; પેદા કરનારના કાયદાઓની જાલવણી કરવા, સચ્ચાઇને માન અપાવવા તથા કોલ પલાવવાને તે ચોકસી કરેછે. જુઠાઓ તથા ઠગારાઓથી તે ખીજાય છે; એવાઓને તે સખત સજા કરે છે. અવસ્તાના ઘણાજ પુરાતમ તેમજ ઘણાજ પાછલા વખતના ભાગોમાં કોલો તથા કબાલાઓને તેમના મિનોઇ રખેવાળના નામ ઉપરથી મિથ્ર કરી ઓળખવામાં આવે છે. સચ્ચાઇને તજી દેનાર તથા ખોટા સોગંદ ખાનારને મિથ્રદ્રુજ (યાને મિથ્રને જખમ કરનાર અથવા ઠગનાર) કરી કેહેવામાં આવે છે.

મિથ્રનો સાધારણ ખેતાબ વોઉરુગઓયઓઇતિ યાને બોહોળાં ખેતરો વાળો છે, એટલે કે તે વીસ્તીર્ન ખેતરો ઉપર હકુમત ભોગવે છે. તેનો હંમેશનો સાથી રામ-ખાસ્ત્ર યાને હવાનો ફરેસ્તો છે, તથા કેટલીકવાર ઇનસાફનો ફરેસ્તો રશ્નુ પણ તેની સાથે ફરે છે.

આ યશ્તમાં મિથ્રને ઘણોજ ભપકાદાર બનાવ્યો છે અને તેને ઘણાજ ચમત્કારી ગુણો તથા કામોવાળો તેમજ લગભગ અહુરમજદની બરોબરીઓ બતાવ્યો છે. ફત્તેહ તથા મુબારકબાદી આપનાર મિથ્ર છે; દેવો તથા બુરાઓનો નાશ કરનાર તેજ છે; ઘણા પ્રકાશીત ફરેસ્તાઓ તેના રેસાલામાં કુચ કરે છે અને તેની ફત્તેહમાં મદદ કરે છે. પણ વળી બીજા ફકરાઓ યાદ આપે છે કે, તે અહુરમજદનો પેદા કરેલો છે; અહુરએ તેને ધર્મગુરૂ બનાવ્યો છે તથા તેની રથ ફત્તેહમંદ કરી છે. આ લગાર એકેકથી ઉલટી વીગતનો ખુલાસો, મિથ્રની આરાધના કેટલાક નવા ફેરફારો સાથે અને નવા લિબાશમાં છેલા હખામનિ વંશીઓના વખતમાં ઇરાંનમાં દાખલ થઇ હતી, (જુઓ હેરોદોતસ ૧. ૧૩૧) અને મિથ્ર યશ્ત સ્વતંત્ર ફકરાઓની બનેલી છે કે જેમને છેલ્લા અધીપતીઓએ સાથે જોડી નાખ્યા હતા, એમ યાદ કરવાથી, સેહેલાઇથી મલી શકે છે.

ઇસવીસનની શરૂઆતના વખતથી મિથ્રની આરાધના સૂર્ય સાથે ગુંચવાઇને તેમાં સૅમૅતિક તત્વો દાખલ થયા હતા અને ઇરાંનમાંથી તે પશ્ચિમ

તરફ અને ખુદ યુરોપમાં ફેલાવો પામી હતી. એ વખતે તેની ક્રિયા કરવામાં નીતી તથા માણસાઈપણાના કાયદાઓનો ઘણોજ ખેદકારક રીતે ભંગ કરવામાં આવતો હતો, અને ઓરતો તથા બાલકોનો ભોગ આપવામાં આવતો હતો. પણ હાલ આપણને તે બાબદ સાથે કામ નથી.

ઇસિવીસનના વખત પછીની પારસી ચોપડીઓમાં મિથ્રને ગુજરેલાંઓનો ન્યાયાધીશ બનાવ્યો છે. . પ્લુતાર્કનાં લખાણમાંના એક ફકરાના અને મિનોખિરેદમાંના એક શબ્દના ખાંમી ભરેલા અર્થથી મિથ્રને કોઈવાર માણસો તરફથી સ્વર્ગમાં વચ્ચે પડનાર તરીકે સમજવામાં આવે છે. પણ તે સમજ ખોટી છે.

અસલી કે હાલ જમાનાના મજદયસ્નાનો એવો વિચાર કદી રાખતા ન હતા, અને જંદ ભાષામાં એવો ખુલાસો આપનારો કોઇબી શબ્દ નથી. ગુનેહગાર મજદયસ્નાન પોતેજ પસ્ચાતાપ કરવાથી માફી મેલવી શકેછે; એ પસ્ચાતાપ કેવા પ્રકારનો કરવો તે માટે વન્દિદાદનો મોટો ભાગ રોકાયલો છે. કેટલાક ગુનાહ કદી માફ નહી થઇ શકે એવા કહેવાય છે; દાખલા તરીકે. ૧લી ફર્ગરદમાં અંહરેમઇન્યુશની ખરાબીઓનું વર્ણન કરતાં ગુલાંમબારગી તથા લાસને દાટવાના ગુનાહ નહી માફ થઈ શકે એવા લેખવામાં આવ્યા છે. ૩જી ફર્ગરદમાં જણાવે છે કે કોઇ શખસ જમીનમાં મુએલા કુત્રા યા માણસને દાટે અને બે વરસ સુધી તેમને ખોડી કાહાડવા વિના રેહેવા દે તે તેવા માણસને માટે કાંઇબી સજા કે તોજેશ નથી યાને તે ગુનાહ સજા કે તોજેશથી કદી પણ માફ નહી થઈ શકે એવો છે. ખરૂં છે કે એ સખતાઇ પાછલથી ઘટાડવામાં આવી હતી, પરંતુ પુરાતમ વખતમાં તે સખતાઈ મજબુતીથી અમલમાં મેલવામાં આવતી હતી. પાછલા વખતમાં આગળના વખતની સજા ઘટાડવામાં આવી હતી, તથા જે ગુનાહ માફ નહી થઈ શકે એવા આગળાં વખતમાં ગણવામાં આવતા હતા તેને માટે ચોકસ પ્રકારની તોજેશ ઠરાવવામાં આવી હતી, પણ ગુનાહ માટે બીજો કોઈ વચ્ચે પડી તે માફ કરાવે એવો વિચાર કદી પણ રાખવામાં આવ્યો ન હતો. પ્લુતાર્કનો જે ફકરો સમજવામાં ભુલ કરવામાં આવી છે તે ઘણોજ સાદો છે. પોતાની *De Iside et Osiride* નામની કેતાબના ૪૬મા બાબમાં એ ગ્રીક તવારીખ નવેશ લખે છે કેઃ ઈરાંનીઓ મુજબ ઓરોમસદીસ (અહુરમજદ) રોશનીને અને આરીમેન્યોશ (હારિમન) અંધારાંને મલતો છે અને મિથ્ર તે બંનેની વચ્ચે છે. આ ફકરામાં પ્લુતાર્ક કાંઇ એમ કેહેવા માગતોજ નથી કે ગુસ્સે થયલા ખોદાય અને ગુનેહગાર માણસ વચ્ચે સમજુતી કરા-

વવાનું કામ મિથ્ર કરે છે; તેની કેહેવાની મતલબ એજ છે કે એકેકથી બે ઉલટા તત્વોની વચગાળેનો તત્વ મિથ્ર ધરાવે છે. આહુરાય રોશણી છે, બુરો મિનો અંધારૂં છે, જયરે મિથ્ર ઝઝકલાંના વખતની રોશણી છે.

સ્વર્ગ અને પૃથિવ વચ્ચે માફી બક્ષાવવાનું કામ કરતો હોવાને બદલે મિથ્ર તો અવસ્તા પ્રમાણે ઘણોજ સખત ન્યાંયાધીશ છે અને સરચાઇ તોડનારાઓ ઉપર તે મજબુત વેર લે છે (જુઓ આ યશ્તના ફકરા ૧૦, ૧૮, ૧૯, ૨૬, ૨૭, ૩૫–૩૭). વચ્ચે પડી માફી બક્ષાવવાનું કામ કરવાને બદલે તે ઉલટુંજ કામ કરે છે.

મિથ્ર એક આર્ય ફરેસ્તો છે; વેદમાં તે જણાયલો છે અને ત્યાં પણ તે રોશણીનો દેવતા છે; તેનાં નામનો અર્થ સંસ્કૃતમાં મિત્ર થાય છે. તેનો ધાતુ મિથ્ર યાને સાથે મળવું અથવા જવું ઉપરથી અથવા મિદ્ યાને ચાહાવું ઉપરથી નીકલી શકે.

---

૦. ખુશાલ રહો અહુરમજદ (ઇત્યાદી, જુઓ યશ્ત ૧ લી ફકરો ૦). બોહોલાં ખેતરોવાળા, હજાર કાનોવાળા, દશ હજાર આંખોવાળા, પોતાના નામથી આરાધાતા, આરાધાના કરવાને લાયકના મિથ્રને અને રામખાસ્ત્રને ખુશનુદ કરવા તથા તેમની આરાધના, વખાણ અને કીર્તિ ગાવા માટે હું કબુલ થાઊં છું, (ઇત્યાદી).

૧.

૧ અહુરમજદએ અશો જરથુશ્ત્રને કહયું : જ્યારે[૧] મેં બોહોળાં ખેતરોવાળા મિથ્રને પેદા કર્યો ત્યારે મેં તેને, હું અહુરમજદના જેટલી બુજોર્ગિનો અને વખાણને લાયકનો બનાવ્યો હતો.

૨. જે બુરો માણસ મિથ્રને જુઠો પાડે છે (યાને જુઠું બોલેછે) તે તમામ મુલક (જ્યાં તે વસ્તો હોયછે તે) નો નાશ કરે છે; એ સ્પિ-

---

૧ આ યશ્ત જુદાં જુદાં મૂળોમાંથી નીકલેલી છે. તેનો પાયો પુરાતમ વખતનું, કવિતામાં રચાયલું એક કીર્ત્તન છે, જેમાં §૩થી૧૧૯ સમાયલા અમને લાગેછે, અને તેને બંદગીનું રૂપ આપવા માટે §૧લો ઉમેરવામાં આવ્યો છે. §૧૧૯ અને તે પછીના ફકરાઓમાં ભાષા અને બાબદ બદલાયછે, અને ક્રિયાઓને લગતો ભાગ સરૂ થાય છે; §§ ૧૨૧, ૧૨૨ અને ૧૩૭ કોઈ બીજી ચોપડીમાંથી ઉછીના લેવાયલા લાગેછે. § ૧૦૦, ૧૨૫ અને ૧૩૬ માં મિથ્રની રથ અને તેની કુચ માટે ત્રણ જુદાં જુદાં વર્ણન મલે છે. વળી છેલ્લા § ૧૨૧–૧૪૦ નો મોટો ભાગ ગદ્યમાં છે.

નમ ! તેને ઠગનાર એક અશો મરદ સો. બુરાઓના જેટલું નુકસાન કરેછે. મિથ્રને,[1] ઓ સ્પિતમ ! તોડતો ના, પછી તે મિથ્ર તેં એક બુરાની સાથે યા પોતાની દીનવાળા એક અશો સાથે કર્યો હોય તોબી તે તોડતો ના; કારણ કે બુરા તેમજ ભલા એ બંને માટે મિથ્ર(ની જાલવણી કરવા અથવા પાલવાનું કામ) એક સરખું હોય છે.

૩ જેઓ તેને ઠગતા નથી તેને બોહોલાં ખેતરોવાળો મિથ્ર સેતાબ ચાલના ઘોડા બક્ષે છે; જેઓ મિથ્રને ઠગતા નથી તેમના માર્ગો અહુરમજ્દનો છોકરો આતશ સંપૂર્ણ રીતે સીધા કરેછે. જેઓ મિથ્રને ઠગતા નથી તેમને અશો લોકોની ભલી, બાહાદુર અને અશો ફ્રવષિઓ જાતી ફરજંદ બક્ષે છે.

૪ બોહોલાં ખેતરોવાળા મિથ્રને તેનાં તેજ તથા તેનાં નુરને માટે મોટા સાદે જઓથ્રઓથી હું આરાધવા ઇચ્છું છું. બોહોલાં ખેતરોવાળા મિથ્રને અમે વખાણ્યે છિયે, જેનામાં આર્ય મુલકો માટે ખુશાલી વાસો કરે છે, જેનામાં સુખ વાસો કરેછે.

૫ બળવંત, ગાલેબ, અને માન તથા વખાણને લાયકનો, હાડમંદ દુન્યામા કોઇથી નહીં ઠગાનારો, બોહોલાં ખેતરોવાળો મિથ્ર અમારી મદદે પોહોંચે, અમને આસાંની (આપવા) માટે તે આવે, ખુશાલી આપવા માટે તે આવે, અમારી કસુરો ભુંસી વાળવા માટે તે આવે, અમને તન્દરોસ્તી આપવા માટે તે આવે, અમને ફત્તેહ આપવા માટે તે આવે, અમારાં કલ્યાણ માટે તે આવે, અમને પવિત્ર કરવા માટે તે આવે.

૬ આ બળવંત અને જોરેમંદ તથા પેદાએશ માટે ઘણાજ ફાયદેમંદ યજત મિથ્રને હું જઓથ્રઓથી વખાણવા ઇચ્છુંછું. તેને વખાણવા તેને મારા ભકિતભાવથી અને મારી નેમાજથી વિનવવા હું ઇચ્છું છું. બોહોલાં ખેતરોવાળા મિથ્રને મ્યજદ, બરસમ, જબાનને દાનેશમંદી આપનારા માંથ્ર, સુખનો તથા કામો સાથના હઓમની ભેટોથી, જઓથ્રઓથી, સાચ્ચા બોલેલા સુખનોથી મોટા સાદે હું વખાણવા ઇચ્છું છું.— યેંગ્હે હાતાંમ.

---

૧. યાને કોલને. આ ફકરામાં મિથ્રની સાથે પૅરસ્ બોલ છે, તે બતાવેછે કે અહીં મોહોડેથી આપેલી કબુલાત, કોલ બિષે બોલવામાં આવે છે.

૨.

૭ સાચું બોલનાર અને દાનેશમંદ, હજાર કાનોવાળા, સારા ઘટ્ટ મના, દશ હજાર આંખોવાળો. બુલંદ, વીસ્તીર્ન વેઢશાળાવાળા, બળવંત, નહીં ઉંઘાનાર, (હમેશના) જાગૃત મિથ્રને અમે વખાણ્યે છીએ.

૮ જેને જંગલી લશ્કરોની સામે, રાજ્યો મેળવવા માટે લડાઇમાં હારબંધ કુચ કરતી જતી રીજમીટો સામે અરજહિ કેશ્વર તરફ ધસતાં દેશોના સરદારો આરાધે છે.

૯ જેબી બોરદુ તરફના સરદારો તેને આજોજી તથા ખરાં દીલનાં ભક્તિભાવથી પેહેલે આરાધે છે તે બાજુ તરફ બોહોલાં ખેતરોવાળો મિથ્ર ફત્તેહમંદ પવન અને વિચારના શ્રાપ (દામોઇશ્ ઉપમન)[1] સાથે જાય છે. તેનાં તેજ તથા તેનાં નુરને લીધે, ઇત્યાદી.

૩.

૧૦ જુઓ ફકરો ૭ મો.

૧૧ જેને રથમાં બેસનારા પેહેલવાંનો પોતાના ઘોડાઓની પીઠ ઉપર આરાધે છે અને તેના કને પોતાના ઘોડાઓ માટે કૌવત, પોતાનાં શરીર માટે તન્દરોસ્તી, દુશ્મનોને કોઇબી ઠેકાણેથી જોઇ લેવાની શક્તિ, બુરાઓને હફાવવાની, લડાઇખોર, અને કપટી દુશ્મનોને સદનતર નાશ કરવાની શકિત માગે છે. તેનાં તેજ તથા તેનાં નુરને લીધે, ઇતયાદી.

---

૧. દામોઇશ ઉપમન. એ ફરેસ્તાની બારયત અને તેનાં નામનો અર્થ એકસરખી રીતે શકમંદ છે. પારસી દંતકથા મુજબ એનો અર્થ અંદરખાનેથી, દીલનાં ભીતરમાંથી દીધેલો શ્રાપ થાય છે. શ્પીગલ એ અર્થ લેવાને ના પાડે છે અને તેનાં કારણમાં તે જણાવે છે કે, શ્રાપ કાંઈ ભલી ઊત્તપત્તીના નહી હોય. પણ તેનો વાંધો ટકી શકે એમ નથી, કારણ કે વીસ્પરદ ૧. ૨૬; ૨. ૨૮, યજશ્ને ૧. ૪૪, ૨. ૫૮; ૮. ૨, સીરોજા ૧. ૩૦ તે (યાને શ્રાપ) આશિર્વાદ (આફ્રિતિ)ની પુઠે આવે છે. શ્રાપ કાંઈ માત્ર બુરા મિનોઓનુંજ કામ નથી. દાખલા તરીકે ક્રિયા વગર તેનો દરૂન ખાનારને હોમ શ્રાપ દે છે, (યજશ્ને હા ૧૧). અશો મરદ દેવની પેદાયશને શ્રાપ દે છે (યજશ્ને હા ૮. ૧૮). શ્રાપનો ફરેસ્તો ઘણો બળવંત ગણાય છે અને બુરાઓ ઉપર હુમલો કરવા માટે ભુંડના આકારમાં મિથ્રની સાથે તે જાય છે.

૪.

૧૨ જુઓ. ફકરો ૭ મો.

૧૩ જે પેહેલો મિનો યજત અમર્ગ અને સેતાબ ચાલના ઘોડાઓવાળા સૂર્યની આગમચ કુચ કરતો હર (પાહાડ) ની ઉપર જાય છે; જે પેહેલો સોનાના ચલકાટથી શીંગારાયલો થઇને પ્રકાશીત ટોંચો ઉપર પોહોંચે છે, જ્યાંથી તે તમામ લોકોને, તમામ આર્ય ભમીની આસપાસ ફરી વળી તેને ફાયદો કરે છે.

૧૪ (આ ભૂમી કે) જ્યાં (નાં મેદાનોમાં) બાહાદુર સરદારો પોતાનાં પુશ્કળ લશ્કરને ચલાવે છે અથવા સફમાં ઉભું કરે છે; જ્યાં પુશ્કળ ઘાસચારા તથા પાણીઓવાળા ઉંચા પાહાડો ગોસ્પન્દોનાં પોશણ માટેની જણસ ઉત્તપન્ન કરે છે; જ્યાં પુશ્કળ પાણીઓવાળાં ઉંડાં સરોવરો આવેલાં છે, જ્યાં મોટાં ઝરણોવાળી વાહાણો ચલાવી શકાય એવી નદીઓ મોટા ઢોઢ સમેત ઇશ્કત[1] અને પોઉરુત તરફ, મોઉરુ, હરએવ, ગાઉ-સુદ્ધ અને ખ્વાઇરિજાઓ તરફ વેહે છે.

૧૫. અરેજહિ અને સવહિ ઉપર, ફ્રદધફ્શુ અને વિદધફ્શુ ઉપર, વોઉરુબર્રેશિત અને વોઉરુ જર્રેશિતં ઊપર તથા પ્રકાશીત, ગોસ્પન્દોની બેઠકોવાળાં, ગોસ્પન્દોનાં રેહેઠાંનવાળાં તથા તન્દરોસ્તીના પુશ્કળ ઉપાયોવાળાં ખ્વનિરથ ઉપર બળવંત મિથ્ર ફેલાય છે (યાને પોતાની નજર લંબાવે છે.)

---

૧. જે હારમાં એ મથકો વર્ણવવામાં આવ્યાં છે તે ઉપરથી દીસે છે કે, ઇસ્કત એ હાલનો પૅરાપૅમિસસ પાહાડ છે. ઇસ્કત અને પોઉરુત પૂર્વ તરફ, ગાઉ–સુગ્ધ, અને ખ્વાઇરિજાઓ ઉત્તરે તથા હરએવ અને મોઉરુ પશ્ચિમે આવેલાં છે. પોઉરુત એ તોલેમિએ જણાવેલું *Parueton ore* છે જે પૅરાપૅમિસસની દક્ષિણે છે. ખ્વાઇરિજાઓ એ ખોરાસાંનની ઉત્તરે અને ખિવાની દક્ષિણે છે. મોઉરુ એ મર્વ, ગાઉ-સુગ્ધ એ સૉગદયાના છે. જે આર્ય મુલક અહીં વર્ણવ્યો છે તે મર્ગ્યાના અને તે સાથે હિરકૅન્યાનો પશ્ચિમ તથા હાલના ઇરાંનનો ઉત્તર ભાગ છે. એ મુલકની વચમાં જે પાહાડો છે તેમાંથી દુરગેમોનીસ, દરગીદસ, ઝરયાસ્પીસ, મર્ગુસ, ઓકસ, એતીમેન્દર વગેરે નદીઓ વેહે છે.

૧૬. જે મિથ્રો યજત તમામ કશ્વરો (દેશ્વરો)માં ખોરેહ બખ્-શતો ફરે છે, જે મિથ્રો યજત તમામ કશ્વરોમાં સત્તા (પાદશાહી) બખ્-શતો ફરે છે, જે મિથ્રો યજત જેઓ તેને જઓથ્રઓ મારફતે અશોઈ, ડાહપન અને પવિત્રાઈથી વખાણે છે તેમને ફત્તેહની ખાતરી આપે છે. તેનાં તેજ તથા તેનાં નુરને લીધે, ઇત્યાદી.

૫.

૧૭. જુઓ ફકરો૭ મો. જે કોઈથી ઠગાતો નથી, નહીં ઘરના વડા-થી, નહી મોહોલ્લાના વડાથી, નહી ગામના વડાથી, નહી દેશના વડાથી.

૧૮–૧૯ અગરજો ઘરનો વડો, મોહોલ્લાનો વડો, ગામનો વડો, યા દેશનો વડો તેને ઠગવાની કોશેશ કરે છે તો પછી ગુસ્સે થયલો અને ખીજવાયલો મિથ્ર તે ઘર તથા મોહોલ્લાને, ગામને તથા દેશને તોડી નાખે છે, ઘરના ઘરધણી, મોહોલ્લાના મોહોલ્લાપતિ, ગામના ગામપતિ અને દેશના દેશપતિનો તે નાશ કરે છે; ગુસ્સે થયલો તથા ખીજવાયલો મિથ્ર, મિથ્ર દ્રુજવાળાં ઠેકાણાંથી જતો રહે છે અને પછી તે તેની પોતાનાં મિનોઈ રક્ષણ[૧]થી સંભાલ રાખતો નથી.

૨૦ મિથ્રદ્રુજો (યાને જુઠું બોલનારાઓ અથવા કોળ તોડનારા-ઓ) ઘણીજ ઝડપ ચાલના હોવા છતાં દોડવાથી પોહોંચી શકતા નથી. મિથ્રનો દુશમન (યાને જુઠો અથવા કોળ તોડનારો) જે તીર ફેંકે છે તે મિથ્રનો દુશ્મન જે ગુનાહ ભરેલા ઇલાજો કામે લગાડે છે તેને લીધે પાછો હઠે છે.

૨૧ મિથ્રનો દુશ્મન જે ગુનાહ ભરેલા ઇલાજો કામે લગાડે છે તેને લીધે તેનો તીર સારી રીતે ફેંકાય અને તે (જેની સામે નેમ ટાંકી હોય તેનાં) શરીરને પોંહોચે તોબી તે (તીર) જખમ કરી શકતો નથી. મિ-થ્રનો દુશ્મન જે બુરા ઇલાજો કામે લગાડે છે તેને લીધે તે જે તીર ફેંકે છે તેને પવન ઘસડી જાય છે. તેનાં તેજ તથા તેનાં નુરને લીધે, ઇત્યાદી.

---

૧ અસલ લખાણમાં 'પઘાતિ' શબ્દ છે તેને પાઘાતિ૰ કરવાની જરૂર છે, વળી 'પઘાતિ' શબ્દ કવિતાની બાંધનીને તોડે છે અને તેને માટે પણ 'પાઘાતિ' વાંચવાની જરૂર છે.

૬.

૨૨ જુઓ ફકરે ૭ મો. જે તેને જે શખસ ઠગતો નથી તેને સઘલા જુલમમાંથી ટાલે છે, સઘલા નાશમાંથી ઉગારે છે.

૨૩ ઓ મિથ્ર ! તું કે જેને અમે ઠગ્યો નથી તે તું અમને સંકટમાંથી બચાવ, તું અમને સંકટમાંથી છોડવ. ઓ મિથ્ર ! તું મિથ્રદુજ શખસોનાં શરીરમાં ધાસ્તી દાખલ કરેછે. તું ગુસ્સે થયલો અને બળવંત તેમનાં બાજુઓમાંનું કૌવત, પગોમાંનું જોર, આંખોમાંની રોશની, કાનની સાંભલવાની શકિત લેઈ મેલે છે.

૨૪ જે કોઇની મદદે સારાં મનથી એકજ વખતે દશ હજાર બાજુઓ જોઈ લેનાર, બળવંત, સર્વજ્ઞાની, કદી નહીં ઠગાનાર મિથ્ર જાયછે તેને તિક્ષણ ભાલા યા (સારી રીતે નેમ ટાંકીને) ફેંકાયલા તીરના ફટકા પોહોંચતા નથી. તેનાં તેજ તથા નુરને લીધે, ઈત્યાદી.

૭.

૨૫ જુઓ ફકરે ૭ મો. જે સાહેબી કરનાર, આકાશમાં બુલંદ (રહેનાર), પુશ્કળ કૌવતવાળો, દીનની વૃદ્ધિ કરનાર, દાનેશમંદ, કીર્તન ગાવાથી ખુશી થનાર, દીનનો અવતાર, જોરેમંદ બાજુઓવાળો પેહેલવાન છે.

૨૬ જે દેવોનાં માથાં ભાંજનાર, ગુનેહગારોને ફટકાવનાર, ઠગાઈ કરનારાઓને સજા કરનાર, પરિઓની સામે થનાર છે, જે જ્યારે તેને ઠગવામાં આવતો નથી ત્યારે દેશોને સરસ સત્તા આપેછે, જે જ્યારે તેને ઠગવામાં આવતો નથી ત્યારે દેશોને સરસ ફત્તેહ આપે છે.

૨૭ એકજ વખતમાં દશ હજાર બાજુઓ જોઇ લેનાર, બળવંત, સર્વજ્ઞાની, કદી નહીં ઠગાનાર મિથ્ર તેને ઠગનાર મુલકોના ખરા (માર્ગો) ગુંચવી નાખે છે, તેમનાં ઘોરેહને અટકાવે છે (તથા તે લેઇ મેલે છે), તેમની ફત્તેહ લુંટી લે છે, તેમને લાચાર કરી મેલી નાશકારક લડવૈયાઓ[1]ને હસ્તક તેમને સોંપે છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઈત્યાદી.

---

૧ કવિતાની રચના તરફ જોતાં પણ એ શબ્દ "બએવરઘ્નનાંમ" જોઇએ છે, જેનો અર્થ દશ હજાર લોકોને મારનાર યાને નાશકારક પેહેલવાંન થાય છે.

૮.

૨૮ જુઓ ફકરે ૭મો. જે ઉંચો બાંધણીનાં મકાંનોના સ્થંભોને ટેકવે છે અને તેમને મક્કમ બથી કદી નહીં ટુટે એવાં બનાવે છે. જે મકાનોમાં તે સંતોશી થાય છે તેમને તે પુષ્કળ ગોસપન્દો અને માણસોનાં ટોળાં મેળવી આપે છે, પણ જયાં તે ખોજવાય છે તે મકાંનોને તે ઉજડ કરી નાખે છે.

૨૯ તું ઓ મિથ્ર ! મુલકો માટે ખરાબ તેમજ સારો છે, માણસો માટે ખરાબ તેમજ સારો છે; મુલકોમાં સુલેહ તથા બખેડાની સરદારી તું ધરાવે છે.

૩૦ તું મકાંનોને બાનુઓથી મોટાઇ ભરેલાં, રથોથી મોટાઇ ભરેલાં, પાથરેલા ગાલીચાઓથી તથા બુલંદ ગોઠવેલા તકીઆઓથી ખુબસુરત કરે છે. જે કોઇ દીનદાર મરદ લાયક સુખનોથી તથા જઓથ્રઓ તને અર્પણ કરતાં, તારાં નામને આરાધતાં, તારી બંદગી કરે છે, તેનું મકાંન તું બાનુઓથી મોટાઇ ભરેલું, રથોથી મોટાઇ ભરેલું, ગાલીચાઓ તથા તે ઉપર બુલંદ ગોઠવેલા તકીઆઓથી સીગારાયલું કરે છે.

૩૧ લાયક શબ્દોથી અને જઓથ્રઓ અર્પણ કરતાં, ઓ બળવંત મિથ્ર ! તને તારાં નામને આરાધતાં હું વખાણવા ઇચ્છું છું. લાયક સુખનોથી અને જઓથ્રઓ અર્પણ કરતાં, ઓ ફાયદેમંદ મિથ્ર ! તને તારાં નામને આરાધતાં હું વખાણવા ઇચ્છુંછું. લાયક સુખનોથી અને જઓથ્રઓ અર્પણ કરતાં, ઓ કદી નહીં ઠગાનાર મિથ્ર! તને તારાં નામને આરાધતાં હું વખાણવા ઇચ્છુંછું.

૩૨ સાંભળ, ઓ મિથ્ર ! અમારાં વખાણનાં કીર્ત્તનો; ખુશ થા, ઓ મિથ્ર ! અમારી આરાધનાથી; અમારી આરાધનામાં ભાગ લે, અમારી ભેટો (કબુલ રાખવા) માટે તું આવ; તને અર્પણ કરેલી આ જણસો તરફ તું આવ. તેમને ચિન્માન[1]માં લેઇ જા અને તેમને ગરો-ન્માનમાં લેઇ જઇ મેલ.

---

૧. મિનોઇ જગા જયાં અશો લોકોની ખુબીઓ ભેગી થાય છે. યજ્ત ઓને ખુશાલ કરવા માટે સઘળી ભેટો આકાશને બતાવવામાં આવે છે; ચિન્માન એ ગરો-ન્માનનો એક ભાગ માત્ર છે.

૩૩ અએ બળવંત ! તું અમને, આ બક્ષીસ આપ, કારણ કે, અમે તને દીનનાં ફરમાનોની મુજબ વખાણીયે છીયે. અમને તું પુષ્કળતા, કૌવત, ફત્તેહ, આબાદી, પવિત્ર ખાશયત, નામદારી, બાહોશી, મોટાઇ, પવિત્ર બુદ્ધિ, મઝદની પેદા કરેલી ફત્તેહ, સઘલા ઉપર ફત્તેહ મેળવનારી અને સંપૂર્ણ પવિત્રાઇમાંથી (નિકળેલી) સરસાઇ, પવિત્ર દિનનો અભ્યાસ કરવા (માટેની ઉલટ) આપ.

૩૪ જેથી (તું કે) જે અમારે માટે ફાયદેમંદ અને મદદગાર છે તેના ફાયદેમંદ મિત્રો અમે અમારા દુશ્મનોને અને તમામ બુરા મિનોઓને હરાવ્યે; જેથી (તું કે) જે અમારે માટે ફાયદેમંદ અને મદદગાર છે તેના ફાયદેમંદ મિત્રો અમે દેવોનાં તથા માણસોનાં, યાતુઓ તથા પરીરિકાઓનાં, સાથ્રઓ (જુલમગારો), કવિઓ (દેખતી આંખે આંધળાઓ) અને કરપનો (સાંભળતે કાંને બેહેરાઓ) નાં સઘળાં કપટને મારીને દુર કરી શકયે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૯.

૩૫ જુઓ કકરો ૭ મો. જે લડવૈયાઓને ઉશ્કેરે છે, જે લશ્કર ઉભું કરે છે, જે હજાર યુકિતઓ અવલોકન કરવાની ધરાવનાર સરદારી કરનાર, બળવંત, સર્વજ્ઞાની છે.

૩૬ જે આગળ વધતાં લશ્કરની સફ સમારે છે, જે લડાઇમાં ઉભો રેહે છે, અને લડાઇમાં રોકાયલાં લશ્કરની સફમાં ઉભો રહી તેને તોડી નાખે છે. આગળ વધેલાં લશ્કરોની પાંખો સાથે જોડાય છે (અને લડે છે), ત્યારે ઘણાં ઘાતકી લશ્કરના મધ્ય ભાગને તે નાહાસભાગમાં મેલી દે છે.

૩૭ જે ઘણોજ બળવંત ત્યાં વેરાન્યત અને ધાસ્તી પાથરી નાંખે છે; જે મિથ્રદ્રુજોનાં માથાં ભાંગેછે, મિથ્રદ્રુજોનાં માથાં દુર ઉડારી મેલેછે.

૩૮ જે મકાનોમાં મિથ્રદ્રુજો અને પવિત્રાઇનો નાશ કરનારા બુરાઓ રહે છે તે મકાનો શોકાતુર અને વંશવેલાના આશિર્વાદ વિનાનાં હોય છે. ખરીઓ તથા શિંગણાંવાળી ગાયને જ્યારે મિથ્રદ્રુજોનાં રેહેથાન તરફ ઘસડી જવામાં આવે છે ત્યારે તે શોકાતુર થઇને ચાલે છે, જ્યારે

તેમની રથોમાં તેને જોડવામાં આવે છે ત્યારે તે ત્યાં પોતાનાં મોહોડાં સુધી લાંબા આંસુઓ પાડે છે.

૩૯ જ્યારે ગુસ્સે થયલો, ખીજવાયલો અને થંડો નહીં પાડવામાં આવેલો ખોહોલાં ખેતરોવાળો મિથ્ર તેમની સામે થાય છે ત્યારે તેમનાં (યાને મિથ્રદ્રુજોના) ગરૂડ પક્ષિનાં પીછાંઓવાળા અને મજબુત વાળેલાં કામઠાંની દોરીમાંથી ફેંકાયલા તીર માત્ર હવામાંજ દાખલ થઇ રહે છે. જ્યારે ગુસ્સે થયલો, ખીજવાયલો અને થંડો નહીં પાડવામાં આવેલો ખોહોલાં ખેતરોવાળો મિથ્ર તેમની સામે થાય છે ત્યારે તેમના તિક્ષ્ણ ભાલા, અણીદાર ગોફણો તેમના હાથ વટી ફેંકાવા છતાં માત્ર હવામાંજ દાખલ થાય છે (યાને જેની સામે નેમ ટાંકી હોય છે તેને તેથી કશી ઇજા થતી નથી.)

૪૦. જ્યારે ગુસ્સે થયલો, ખીજવાયલો અને થંડો નહીં પાડવામાં આવેલો ખોહોલાં ખેતરોવાળો મિથ્ર તેમની સામે થાય છે ત્યારે (પેહેલવાંન) માણસોનાં માથા ઉપર મારવા માટે સારી રીતે પકડીને ટાંકેલી તેમની તરવારો માત્ર હવામાંજ ઘા કરે છે. જ્યારે ગુસ્સે થયલો, ખીજવાયલો અને થંડો નહીં પાડવામાં આવેલો ખોહોલાં ખેતરોવાળો મિથ્ર તેમની સામે થાય છે, ત્યારે (પેહેલવાંન) માણસોનાં માથાં ઉપર મારવા માટે ચાલાકીથી ઘુમાવેલા તેમના ગુરૂ જો માત્ર હવામાંજ ઘા કરેછે.

૪૧ મિથ્ર ધાસ્તી ફેલાવે છે, રષ્નુ (તેમનાં દીલમાં) ધાસ્તી દાખલ કરે છે, તેમની સંભાલ કરનારા યજતઓ સામે સઓષ લડે છે. જ્યારે ગુસ્સે થયલો, ખીજવાયલો અને થંડો નહીં પાડવામાં આવેલો ખોહોલાં ખેતરોવાળો મિથ્ર તેમની સામે થાય છે ત્યારે તેમની રીજમીટો નાશ પામેલી થાય છે.

૪૨ અને તે વેલાએ તેઓ ખોહોલાં ખેતરોવાળા મિથ્રને કહે છે: " અફસોસ ! ઓ ખોહોલાં ખેતરોવાળા મિથ્ર, અમારા ઘોડાઓ તેમના માર્ગ ઉપરથી મિથ્રથી હાંકી કહડાયા છે; અમારા જોરેમંદ બાજુઓ, ઓ મિથ્ર તેમની (દુશ્મનોની) તરવારો (ના ફટકા) માંથી છટકી શકતા નથી."

૪૩ ગુસ્સે થયલો અને ખીજવાયલો મિથ્ર પછી તેમનામાંના પચાસને સો જણને મારનારાઓને હસ્તક, સોને હજારને મારનારાઓને

હસ્તક, હજારને દશ હજારને, મારનારાઓને હસ્તક, અને દશ હજારને અગણીત દુશ્મનોને મારી નાખનારાઓને હસ્તક મારી નાખવા માટે સોંપે છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૧૦.

૪૪ જુઓ ફકરો ૭ મો. જેનું રેહેંથાંન આ હાડમંદ દુન્યામાં, આ જમીનના વીસ્તાર ઉપર દબદબા ભરેલું, હદવિનાનું, પ્રકાશીત અને વીસ્તીર્ન ખોહોલા પાયા ઉપર સ્થાપવામાં આવેલું છે.

૪૫ જેના ભકિતભાવ ધરાવનારા કાસદો તમામ ઉંચી જગાઓ ઉપર અને તમામ મિનારાઓ ઉપર અવલોકન કરવા બેહેલા છે, જેઓ મિથ્રદ્રુજોને જોય છે, મિથ્રને જેઓ આગલ ઠગી ગયા હોયછે તેમને તેઓ યાદ કરે છે; જેઓને મિથ્રદ્રુજો તેમજ પવિત્રાઇનો ખાસ કરી નાશ કરનારાઓ (ઇજા કરવા માટે) શોધે છે તેમના માર્ગોનું તેઓ રક્ષણ કરે છે.

૪૬. જેઓને પરોપકારી વિચારથી ઠગાઇ નહીં શકનાર ખોહોલાં ખેતરોવાળો મિથ્ર મદદ કરવા આવવા માટે ઇચ્છા ધરાવીને આવે છે તેમને (બુરાઓનાં નુકશાંનમાંથી) બચાવતો તે આગળથી તેમજ પાછલથી તેમની ચોકસી કરે છે. મિથ્ર દશ હજાર આંખોવાળો, બળવંત, સર્વજ્ઞાની અને કદી નહીં ઠગાય એવો છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૧૧.

૪૭. જુઓ ફકરો ૭ મો. જે પ્રખ્યાત, સોનેરી ચલકાતથી પ્રકાશીત ફરેસ્તાને મોટી ખરીઓવાળા ઘોડાઓ ઘાતકી લશકરો સામે, મુલકો (પચાવી પડવા) માટે લડાઇમાં જોડાઇને આગલ વધતી (દુશ્મનની) રીજમીનો સામે લઇ જાય છે.

૪૮ જ્યારે ઘાતકી લશ્કરો સામે, મુલકો માટેની લડાઇમાં જોડાઇને આગળ વધેલી રીજમીનો સામે મિથ્ર કુંચ કરે છે, ત્યારે તે મિથ્રદ્રુજોના હાથો પાછા રાખે છે (યાને આંકોશમાં મેલે છે), તેમની ચશમ લેઇ મેલે છે, તેમનાં કાનમાંની સાંભલવાની શકિત તે લેઇ મેલે છે. તેમની કુચ

ટેકવતો નથી; જ્યારે ઓહોલાં ખેતરોવાળો મિથ્ર તેમને બળવાખોરો દાખલ ગણે છે ત્યારે એ (મિથ્રદ્રુજ) લડવૈયાઓ એ મુલકો (લેવા) માટે ટકી શકતા નથી. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૧૨.

૪૯ જુઓ ફકરો ૭ મો.

૫૦ જેને માટે પેદા કરનાર અહુરમજ્દએ હરબુરૅજ઼ઇતિની ટોંચ ઉપર એક વિસ્તીર્ન અને પ્રકાશીત મકાન બંધાવ્યું છે, જયાં દિવસ યા રાત, થંડો યા ગરમ પવન, દુ:ખદરદો, મોહોત નીપજાવનારાં સાંધનો, દેવોની ઉત્પન્ન કરેલી અપવિત્રાઈ હોતાં નથી; હરઇતિની ટોંચ ઉપર વાદલાં પોહોંચતાં નથી.

૫૧ અમૅષાસ્પૅન્તઓએ સૂર્યની સાથે મલીને પરોપકારી વિચારથી અને મિથ્ર માટેનાં ભકિતભાવથી એ મકાંન બનાવ્યું છે, કે જે (મિથ્ર) હરઇતિની ટોંચ ઉપરથી તમામ હાડમંદ દુન્યા ઉપર પંઠરાય છે.

૫૨ અને જયારે પાપી કામો કરનારો એક બુરો ઝડપથી ધસે છે ત્યારે ઓહોલાં ખેતરોવાળો મિથ્ર પોતાની સેતાબ ચાલની રથને ઝડપનાં પગલાંથી જોડી તૈયાર થાય છે. અશો સ્રઓષ અને પુષ્કળ ચાલાકીવાળો નઇર્યોસહ્ન[૧] (તે બુરાને મારવા માટે) ફટકો લઈ જાય છે અને કોરણો નો સખત ફટકો તેને મારે છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઈત્યાદી.

૧૩.

૫૩ જુઓ ફકરો ૭ મો.

૫૪ જે અહુરમજ્દ તરફ હાથો ઉંચા કરીને નીચે મુજબ બોલતાં ફર્યાદ કરે છે: "તમામ પ્રાણીઓનો હું ચાલાક રખેવાલ છું, તમામ પ્રાણીઓનો હું ચાલાક નીગેહબાન છું. પરંતુ માણસો જે પ્રમાણે તેઓ બીજા યજ્તઓને તેમનાં નામ દેઇને આરાધે છે તે પ્રમાણે મને મારૂં નામ દેઇ આંરાધતા નથી.

---

૧. આ યજ્ત જેના નામનો અર્થ માણસની કરેલી બંદગી અથવા વખાણ થાય છે તે વન્દિદાદની ૧૮ મી તથા ૨૨ મી ફ્રગર્દોમાં અહુરમજ્દના કાસદ તરીકે મળે છે. પ્રથમમાં કદાચ તે અશો લોકોની બંદગી સ્વર્ગમાં પોહોંચાડનાર આતશની રોશણીનો અલંકાર હશે. વેદમાં આતશને નરાસંશ એતાબ લગાડેલો મલે છે.

૫૫ "પણ જો માણસો જેમ તેઓ બીજા યજતઓને તેમનાં નામથી આરાધે છે તે પ્રમાણે મને આરાધે તો હું ઠરાવેલે વખતે અશો લોકોની મદદે જઈશ; મારી પ્રકાશીત અને અમર્ગ જીંદગીના ઠરાવેલા સમયે હું (તેમની મદદે) પોહોંચીશ."

૫૬–૫૯ જુઓ ફકરા ૩૦–૩૪.

૧૪.

૬૦ જુઓ ફકરો ૭ મો. જેની નામદારી ઉત્તમ છે, જે ખુબસુરત ઘાતનો છે, સંપૂર્ણ કીર્ત્તિવાળો છે, પોતાની ઇચ્છાઓ મુજબ પોતાની ભેટો વેહેંચી નાખે છે, મરજી પડે એવાં ખેતરો ધરાવનારછે; ફલદ્રુપપણાની બાબદમાં નુકશાન નહીં પામેલા ખેહુતનાં ખેતરોને તે દશ હજાર આંખોવાળો, બાહાદુર, સર્વજ્ઞાની અને કદી નહી ઠગાનાર નુકશાંન કરતો નથી. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૧૫.

૬૧ જુઓ ફકરો ૭ મો. જે (એકદમ કુંચ કરી જવા માટે) તૈયાર પગે ઉભેલો, ચાલાક, (સઘલું) જોનાર, જોરાવર, ઇનસાફી, પાણીઓને ગતીમાં મેલનાર અને પોતાને થયલી આરાધના સાંભલનાર, પાણીને વેહેવારનાર તથા ઝાડપાનોને ઉગાડનાર, (ક્રિયા માટે કાહાડેલી) પાવીઓને લાયક રીતે ગોઠવનાર, ડાહ્યો, ઉપયોગી, કદી નહીં ઠગાનાર, પુશ્કલ યુક્તિઓવાળો, ડાહુપનનો પેદા કરેલો છે.

૬૨ જે કોઈબી મિથ્રદ્રુજને બળ કે કૌવત આપતો નથી, જે કોઈબી મિથ્રદ્રુજને ખોરેહ યા બદલો આપતો નથી.

૬૩ તું તેમની બાજુઓમાંનું કૌવત, પગોમાંનું જોર, ઇત્યાદી, જુઓ ફકરા ૨૩–૨૪.

૧૬.

૬૪ જુઓ ફકરો ૭ મો. જેનામાં પવિત્ર અને ખુબસુરત, દૂર સુધી ફેલાવો પામેલી દીનના ઉપયોગ માટે મોટાઇ તથા બળ સાથે ડાહપન વાસો કરે છે, જેની ચશમ પૃથિવના સાતે કેશ્વરો ઉપર જોઇ શકે છે.

૬૫ જે ઝડપવાળાઓમાં ઝડપો, ઉદારોમાં ઉદાર, જોરેમંદોમાં જોરેમંદ, દાનાવોનો દાનાવ, આબાદી આપનાર, પુષ્કળ ભેટો આપનારો,

ગોસપન્દો આપનારો, હકુમત આપનારો, વંશવેલો આપનારો, જીંદગી આપનારો, ન્યામતો આપનારો, પવિત્રાઇ આપનારો છે.

૬૬ જેની પાછલ અષિવઙુહુઇ તથા પારૅન્દિ ખણુ ખણુ કરતી રથમાં તેમજ વળી લડવૈયાનું રક્ષણ કરનાર બળવંત (જોર) અને બળવંત બાદશાહી ખોરેહ, પોતાની મેળે નીભેલું આકાશ, અને મનનો ભયંકર શ્રાપ તથા અશો લોકોનાં બળવંત ફરોહરો જાય છે. તે સંખ્યાબંધ દોનંદાર મઝદયસ્નાનોનું રક્ષણ કરનાર છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૧૭.

૬૭ જુઓ ફકરો ૭ મો. જે મિનોઇ બનાવતની અને બુલંદ પૈડાંવાળી રથમાં (સ્વાર થઇને) અરૅઝહિ કેશ્વરમાંથી ખ્નિરથ કેશ્વર તરફ જાય છે અને તેની પુંઠે મઝદનું પેદા કરેલું ખોરેહ તથા અહુરનો પેદા કરેલી ફત્તેહ તેને લાયકનાં સરઘસમાં જાય છે.

૬૮ જેની રથને બુલંદ અષિવઙુહુઇ પકડે છે, જેને માટે મઝદયસ્નીદીન સુખવાસી કુંચનો રસ્તો ઉંઘાડી આપેછે, જેને પ્રકાશીત દેખાવના, દબદબાવાળા, અશો અને ડાહ્યા, સેતાબ ચાલના, મિનોઇ વિચારોવાળા ઘોડાઓ લેઇ જાય છે, જે વેલાએ શ્રાપનો ફરેસ્તો તેને લાયક રસ્તા ઉપર ખેંચી જાય છે.

૬૯. જેની આગલ ગેબી દુન્યાના દેવો તથા પાપમાં ફસેલા બુરાઓ ધુજે છે. ગુસ્સે થયલા મિથ્રની સામે અમે આવ્યે નહીં ! એકી વખતે હજાર બાજુઓ જોઇ વળનાર, બાહાદુર, સર્વજ્ઞાની અને કદી નહીં ઠગાનાર મિથ્રના હજાર ફટકા (એકી વખતે) તેના એક દુશ્મન ઉપર પડે છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૧૮.

૭૦ જુઓ ફકરો ૭ મો. જેની આગમજ મઝદનો પેદા કરેલો વૅરેથ્રઘ્ન કુડકા મારતાં, તીક્ષણ દાંતોવાળા, તીક્ષણ પંજાવાળો, એકજ ફટકે મારી નાખનાર, ચરબીવાળાં, જોરેમંદ, ગુસ્સે થયલાં, હુમલો કરવા માટે તૈયાર, સેતાબ ચાલનાં, લોખંડના પગોવાળાં, લોખંડનાં હાથોવાળાં, લો-

ખંડના પંજાવાળાં, લોખંડની પુછડીવાળાં અને લોખંડના ડાચાંઓવાળા ભુંડના આકારમાં ધસતો કુચ્ચકરે છે;

૭૧ જે પોતીના માર્ગમાં પોતાનાં હમનંબર્દનો દુંબાલો મરદાંનગી ભરી હીંમતથી પકડે છે, પોતાના દુશ્મનને તીક્ષણ ફટકા મારેછે અને જ્યાં સુધી તેના માવાનો, જીંદગીના સ્થંભનો, માવાનો અને હૈયાતીના ઝરાનો સદનતર નાશ થઈ જાય ત્યાં સુધી તેને માર્યા કરે છે અને મુદલ હોબતો નથી.

૭૨ તે મિથ્રદ્રુજોનો સદનતર નાશ કરે છે અને તેમનાં હાડકાં, માથાં અને લોહી જમીન ઉપર વીખેરી નાખે છે. તેનાં તેજ તથા નુરને લીધે (ઇત્યાદી).

૧૯.

૭૩-૭૪ જુઓ ફકરા ૭, ૫૪, ૫૫.

૭૫. અમે ખેતરોના રક્ષણ કર્ત્તા અને નહીં કે નાશ કરનારા થઇએ. ઘર, મોહોલો, કસ્બા અને મુલકોના નાશ કરનારા નહીં થઇએ અને અમારા દુશ્મનોની બળવંત બાજુઓ અમારી ઉપર ફાવી શકે નહીં.

૭૬. ઓ તું (મિથ્ર)! આ દુશ્મનોના, ઇજા દેવાને ખુશી થનારાં આ માણસોનાં કપતને તું કાપી નાખે છે, અશો લોકોને હેરાંન કરનારાઓને તું હફાવે છે. તારી કને ઉત્તમ ઘોડા, દબદબાવાલી રથ છે, સામે થનારાઓ ઉપર તું ફત્તેહ મેળવે છે, તું પેહેલવાંન છે.

૭૭. પુષ્કળ ભેટોથી, જઓથ્રઓની પવિત્ર ભેટથી, ઉત્તમ ભેટથી, સંખ્યાબંધ ભેટોથી મારી મદદ માટે હું તને આરાધું છું (તથા બોલાઉં છું), જેથી લાંબો વખત સુધી તારી નજદીક સુખી જીંદગી, પસંદ કરવા જોગ જીંદગી સાથે અમે રહયે.

૭૮. ઓ તું ! તું પોહોલાં ખેતરોવાળા મિથ્રને પસંદ પડતી ભેટો આપવાની કોશેશ કરનારા દેશોનું તું રક્ષણ કરેછે. પાપી મુલકોનો તું નાશ કરે છે. હું તને મારી મદદે વીનવું છું. તે બળવંત, ગાલેબ, વખાણને લાયકનો, મુલકોનો પ્રકાશીત સરદાર મિથ્ર અમારી મદદે પોહોંચે. તેનાં તેજ તથા નુરને લીધે ઇત્યાદી.

૨૦.

૭૯. જુઓ ફકરો ૭ મો. જેને માટે રૂનુ જેણે; જાદુકનું મકાંન (સંસાર મંડળ) સ્થાપ્યું છે, તેણે દોસ્તીની મજબુત ગાંઠ બાંધવા માટે એક રેહેથાંન તૈયાર કર્યું છે.

૮૦. તું ઘરનો રખેવાલ, ઠગાઈ નહીં કરનારાં માણસોનો રક્ષણ કર્ત્તા છે; દગો નહીં જાણનારા માણસોને તે ટેકો આપનાર છે. કારણ કે તારી ઉપર (રૂનુએ) સંસાર મંડળનો સંપૂર્ણ અને મર્દાનગીની પેદા કરેલી ફત્તેહનો પાયો રચ્યો છે, તથા એ પાયા ઉપર તો જે પેહેલા માણસોએ મિથ્રને ઠગવાની કોશેશ કરી હતી તેમનો તેમનાં પાપીપણાને લીધે નાશ થયો છે.[1] તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૨૧

૮૧. જુઓ ફકરો ૭૯. જેને અહુરમજ્દએ હજાર યુકિતઓ અને (સઘલું) જોઇ મેલવા માટે દશ હજાર આંખો આપી છે.

૮૨. એ યુકિતઓ અને એ આંખો વડી મિથ્ર (કોલ)ને નુકશાંન પોહોંચાડનારને (ઠગાઈ કરનારને) તે જુએ છે. તેની એ યુકિતઓ અને આંખોને લીધે તેને, યાને એકી વખતે દશ હજાર બાજુઓ જોઈ વળનાર બળવંત, સર્વજ્ઞાની અને નહીં ઠગાનાર મિથ્રને ઠગી શકાતો નથી. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૨૨.

૮૩. જુઓ ફકરો ૭મો. જેને દેશનો સરદાર આકાશ તરફ હાથો ઊંચા કરીને વારેઘડયે પોતાની મદદે બોલાવે છે. જેને કસ્બાનો કસ્બા પતિ વારે ઘડયે આકાશ તરફ હાથ ઊંચા કરી મદદે બોલાવે છે.

૮૪ જેને મોહોલ્લાનો મોહોલ્લાપતિ આકાશ તરફ હાથ ઊંચા ધરીને મદદ માટે વારે ઘડયે વિનવે છે; જેને ઘરનો ઘરધણી વારે ઘડયે આકાશ તરફ હાથ ઊંચા કરીને મદદે વિનવે છે; જેને પરણેલી

---

૧. આ તરજુમો સઘલા ભાગો વચ્ચેનો સંબંધ બંધ બેસ્તો કરે છે રૂનુએ સચ્ચાઇના પ્રતિનિધિ દાખલ સંસાર મંડલ સ્થાપ્યું છે અને મિથ્રને તેનો રક્ષણ કર્ત્તા ઠરાવ્યોછે. જે કોઈ અશો હોય છે તેમનો તે રક્ષણ કર્ત્તા અને તેમનો ફાયદો કરનાર થાય છે, પણ બુરાઓનો તે નાશ કરે છે.

બાનુઓ વારે ઘડયે આકાશ તરફ હાથ ઊંચા કરીને પોતાની મદદે વિનવે છે; જેને અશો માર્ગે ચાલનાર પોતાના હકોથી લુંટાયલો દરવીશ આકાશ ભણી હાથ ઊંચા કરીને મદદ માટે વિનવે છે.

૮૫ આ (દરવીશ)નો અવાજ જ્યારે તે ફર્યાદ ઉઠાવે છે ત્યારે સેતારાઓ સુધી પોહોંચેછે, પૃથ્વિ ઉપર ફરી વળેછે તથા સાતે કેશ્વરો ઉપર ફેલાય છે, પછી તે ફર્યાદ મનમાં ધીમા અવાજે નેમાજ કરીને અથવા સંભલાય તેવા મોટા અવાજે કરેલી હોય.

૮૬ બંદીવાન કરીને પકડી જવામાં આવેલી ગાય પોતાના હાથ ઊંચાકરીને પોતાના તબેલા માટે અંદેશો કરતી આ મુજબ તેને પોતાની મદદે વિનવે છે: "બોહોલા ખેતરોવાળો મિથ્ર અમને મરદ (ગોસ્પન્દોના સરદાર–રખેવાળ)ની માફક અમારી પાછળ પાછળ આવીને તબેલામાં લેઈ જાય! અમે કે જેઓ જુઠા દુર્જનનાં મકાન તરફ ફસી પડયા છિયે તે મને સચ્ચાઇના માર્ગ તરફ તે કયારે છોડવા લેઈ જશે."

૮૭ મિથ્ર જેનેથી તે સંતોશ પામેલો હોય છે તેમની મદદે જાય છે, પણ એથી ઉલટું જેનેથી તે ગુસ્સે થયલો હોય છે તેના ઘર, મોહોલ્લા, કસ્બા, મુલક અને મુલકની સત્તાનો તે નાશ કરી નાખે છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૨૩.

૮૮ જુઓ ફકરો ૭ મો. જેને વૃદ્ધિ કરનાર અને તન્દરોસ્તી આપનાર, પ્રકાશીત, પાદશાહી દરજ્જાના, સોનેરી રંગની આંખોવાળા હઓમએ ઘણાજ બુલંદ પાહાડની હુકઇર્ય નામની બુલંદ ટોંચ ઉપર વખાણ્યો. કાંઇબી દાઘ વિનાના (યાને નીર્મળ અશો) (હઓમએ) દાઘ વિનાના (મિથ્ર)ને પવિત્ર બર્સમથી, પવિત્ર જઓથ્રથી, પવિત્ર અને સાચા સુખનોથી આરાધ્યો.

૮૯ જેને અશો અહુરમજદએ બુલંદ અવાજે ગાથા ગાનાર, આરાધના કરવા માટે ઉમંગી, ક્રીયા કરનાર (જઓતા =જોતિ) ઠરાવ્યો. સેતાબીથી યજશ્ને કરનાર અને બુલંદ અવાજે ગાથા ગાનાર તે ક્રિયા કરનારે અહુરમજદને તથા અમેંષાસ્પેંન્તઓને બુલંદ અવાજે એક

આશ્રવનની મીસાલે આરાધ્યા, તેનો અવાજ સેતારાઓ સુધી ઊંચે ગયો, પૃથ્વિ ઉપર ફરી વળ્યો અને હફતકેશ્વર જમીન ઉપર પંઠરાયો.

૯૦ જે પેહેલાએ (યાને જેણે પ્રથમ) હરઇતિની ટોચ ઉપર સેતારાઓથી સીંગારાયલી અને મિનોઈ (કુદરતી) બનાવતની હાવન (ખાંડણી)માં હોમની ડાખલીઓ અર્પણ કરી (ડાખલીઓ છુંદીને તેનો રસ પીવા માટે તૈયાર કર્યો) તેથી અહુરમજદએ તેને વખાણ્યો, જેથી દબદબાવાળાં શરિરવાળા અમેંષાસ્પેન્તઓએ તેને વખાણ્યો કે જેની સેતાબ ચાલના ઘોડાઓવાળો સૂર્ય દુરથી નેમાજ કરે છે.

૯૧ બોહોલાં ખેતરોવાળા, હજાર કાંનોવાળા અને દશ હજાર આંખોવાળા મિથ્રને નેમાજ! તું યજશને તથા ન્યાએશને યોગ્ય છે; માનવીઓનાં ઘરોમાં તું યજશ્નને અને ન્યાએશ થયલો થાય (યાને માનવીઓનાં ઘરોમાં તારી યજશ્નને અને ન્યાએશ થાય)! જે શખસ હાથમાં આતશને માટેની કાઠી પકડીને, હાથમાં બર્સમ ધરીને, હાથમાં જીવાંમ રાખીને, હાથમાં હાવન પકડીને, હાથ પવિત્ર કરીને, હાવન પવિત્ર કરીને, બર્સમ બાંધીને તથા હોમને આકાશ તરફ ઊંચે ધરીને અને અહુનવઇર્ય ગાતાં તને વારે ઘડયે આરાધે છે તેને મુબારકબાદી હોજો!

૯૨ આ ક્રિયાથી અહુરમજદ તેમજ વોહુમનો અને અષવહિશ્ત, તથા ક્ષથ્રવઇર્ય અને સ્પેન્ત આર્મઇતિ, તથા હઉર્વતાત્, અને અમેરતાત્ એઓએ ફાયદો આપ્યો. અમેંષાસ્પેન્તઓએ તે માણસને દીનના પ્યારને ખાતર ફાયદો આપ્યો; અને સંપૂર્ણ કામો વાળા અહુરમજદએ તેઓને હાડમંદ દુન્યા ઉપર સરદારી આપી કે જેઓએ તેને સઘલી પેદાએશ વચ્ચે દુન્યાના સાહેબ અને સરદાર તથા સઘલી પેદાએશોને પવિત્ર કરનાર તરીકે પીછાણ્યો.

૯૩. બોહોલા ખેતરોવાળા ઓ મિથ્ર! તું અમને બંને દુન્યાઓમાં એટલે કે આ દુન્યા જે હાડમંદ છે અને પેલી દુન્યા જે મિનોઈ છે, તેમાં ધસારો કરતાં મોહોત સામે, અમારી ઉપર હુમલો કરવા આવતા અએષ્મ સામે, અમારી ઉપર ધસારો કરતાં અને ખુનખાર વાવટો હાથમાં પકડનારાં લશ્કર સામે, તેમજ દેવોના પેદા કરેલા વીદોતુશની સાથે મળીને અમારી ઉપર હુમલો કરનાર અએષ્મ સામે રક્ષણ આપ.

૯૪. ખોહોલાં ખેતરોવાળા ઓ મિથ્ર ! તું અમને એટલા માટે અમારા ઘોડાઓ માટે કૌવત, શરિરને માટે તન્દરોસ્તી, અમારા દુશ્મનોને જોઇ લેવાની શકિત, બુરાઓને ઉખેડી નાખવું, કપત રાખનારા અને ઇજા કરનારા દુશ્મનોનો સંપૂર્ણ પરાજ્ય આપ. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૨૪.

૯૫ જુઓ ફકરો ૭ મો. જે સૂર્ય અસ્ત પામવા પછીં પૃથ્વિની તમામ સપાતી ઊપર પંથરાય છે, જે આ વિસ્તીર્ન, ગોળ, અતીશે લાંબી હદ ધરાવનારી પૃથ્વિના બંને છેડાઓને પોહોંચે છે અને પૃથ્વિ તથા આકાશ વચ્ચે જે કાંઈ છે તે સઘલાંને પોતાના કબ્જામાં લેછે.

૯૬ જે પોતાના હાથમાં સો ગાંઠવાળો અને સો તીક્ષણ ધારવાળો ગુરૂજ પકડેછે કે જે આગલી બાજુથી જોશમાં પડેછે અને માણસોને મારે છે, જે પીળી અને મજબુત તથા સખત ધાતુનો, સોનેરી ઢોલ ચઢાવેલો, હથ્યારોમાં ઘણોજ બળવંત, હથ્યારોમાં ઘણોજ ફત્તેહમંદ છે.

૯૭ જેની આગળ ખુની અહ્‌રોમઇન્યુશ્ ધુજે છે, જેની આગળથી બુરો, પાપમાં બુડેલો અએષ્મ બીહીને નાહાસી જાયછે; જેની આગળ લાંબા હાથોવાળો બુષ્યાંસ્ત દેવ ધુજે છે; જેની આગળથી સઘળા મિનોઈ દેવો તથા પાપમાં ડુબેલા તમામ બુરાઓ બીહીને નાહાસી જાય છે.

૯૮ ગુસ્સે થયલા મિથ્રના માર્ગમાં અમે નહીં આવ્યે ! સર્વેથી બળવંત યજત, સર્વેથી કૌવતમંદ યજત, સર્વેથી જોરેમંદ યજત, સર્વેથી સેતાબ ચાલતો યજત, સર્વેથી ફત્તેહમંદ યજત ખોહોલાં ખેતરોવાળો મિથ્ર જે પૃથ્વિની સપાતી ઉપર ઉભો રહેછે તે અમારી આગળ ગુસ્સાથી નહીં આવે ! તેનાં તેજ તથાં નુરને લીધે, ઇત્યાદી.

૨૫.

૯૯ જુઓ ફકરો ૭મો. જેની આગળ મિનોઇ દુન્યાના દેવો તેમજ પાપમાં બુડેલા બુરાઓ ધુજી પડે છે. ખોહોલાં ખેતરોવાળો અને મુલકોનો સરદાર મિથ્ર આ વિસ્તીર્ન, ગોળ, અતીશે લાંબી હદવાળી પૃથ્વિના પૂર્વ છેડા તરફ જાય છે

૧૦૦ મિથ્રની જમની બાજુએ ભલો તથા અશો સ્રઓષ અને ડાભી બોરદુએ બુલંદ અને બળવંત રશ્નુ ચાલેછે. એમની બાજુએથી પાણી તથા ઓરવરો તથા અશો લોકોની ફ્રવષિઓ ચાલે છે.

૧૦૧ તે બળવંત (મિથ્ર) તેમની સામે હંમેશ ગરૂડ પક્ષિના પીછાંના તીર ફૂંકે છે અને જ્યારે તે પોતાની કુચને દરમ્યાન મિથ્ર દુશ્મનનાં મુલકો ભણી આવી પોહોંચે છે ત્યારે તે પ્રથમમાં ઘોડાઓ તથા માણસો ઉપર પોતાનો ગુરૂજ ફૂંકે છે અને ઘોડાઓ તથાં માણસો એ બંનેને ધુજાવી નહસાડે છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૨૬.

૧૦૨ જુઓ ફકરો ૭ મો. જે પ્રકાશીત દેખાવમા ઘોડાઓવાળો, ધારદાર ભાલાવાળો, લાંબા ભાલાવાળો, તીક્ષણ તીરવાળો, પોતાના તીરોથી દુર સુધી પોહોંચનાર, પુષ્કળ ચાલાકીવાળો પેહેલવાન છે.

૧૦૩ જેને અહુરમજદએ હાડમંદ દુન્યાની આબાદીને ટેકવવા તથા તેની ચોકસી રાખવા ઠરાવ્યો છે અને જેને હાડમંદ દુન્યાની આબાદીને ટેકવવા તથા તેની ચોકસી રાખવા ઠરાવેલો હોવાથી કદી પણ ઉંઘાયા વગર મજદની પેદાએશની ચાલાકીથી સંભાલ રખેછે, જે કદીબી ઉંઘાયા વિના પોતાની ચાલાકીથી મજદની પેદાયશને કાયમ જાલવે છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૨૭.

જુઓ ફકરો ૭ મો.

૧૦૪ જેના લાંબા હાથ સઘલાંને પોંહોંચી પળનાર બળથી પૂર્વે ઇન્દસ (સિંધુ) નદિ તરફ, પશ્ચિમે ઉંડી નદીમાં તથા રહ્હા નંદીના ધીમી ચાલનાં ઢોઢમાં તથા પૃથિવના છેડાઓ તરફ જે કાંઈ હોય છે તેને તે પકડે છે (આસપાસ ફરી વળે છે.)

૧૦૫ ઓં તું મિથ્ર! સઘલું પકડવા માટે તારી બાજુઓ લંબાવ. બુરા ચલકાત (ખોરેહ) વાળો, સચ્ચાઇનો નાશ કરનારો દુન્યાને માટે વિલાપનું એક કારણ છે. તે (પોતાના મનમાં) એવું વિચારે છે કે: " સઘલુ બુરૂં કરેલું તથા ઠગાઇથી કરેલી પુષ્કળ ખરાબીઓ મિથ્ર જો-તો નથી. "

૧૦૬ પણ હું મારાં મનમાં આ પ્રમાણે વિચાર કરૂંછું: "મિનોઇ મિથ્ર પોતાનાં (એકલાં) કૌવતથી જેટલા પવિત્ર વિચારો વિચારે છે, એટલા બુરા વિચારો હાડમંદ દુન્યાનો માણસ સોગણા કૌવતથી વિચારી શકતો નથી. મિનોઇ મિથ્ર પોતાનાં (એકલાં) કૌવતથી જેટલા ભલા શબ્દો બોલે છે, એટલા બુરા શબ્દો હાડમંદ દુન્યાનો માણસ સોગણાં કૌવતથી બોલી શકતો નથી. મિનોઇ મિથ્ર પોતાનાં (એકલાં) કૌવતથી જેટલાં ભલાં કામો કરી શકેછે એટલાં બુરાં કામો હાડમંદ દુન્યાનો માણસ સોગણાં કૌવતથી કરી શકતો નથી.

૧૦૭ "જાતી અક્કલ મિનોઇ મિથ્રને જેટલી ઉપ્યોગી થાય છે એટલી ઉપ્યોગી હાડમંદ દુન્યાના માણસની સોગણી જાતી અક્કલ થઇ શકતી નથી. મિનોઇ મિથ્ર જેટલું સાંભલી શકે છે એટલું હાડમંદ દુન્યાનો માણસ સોગણું કૌવત ધરાવવા છતાં પોતાના કાનોથી સાંભલી શકતો નથી. તે હજાર યુકિતઓવાળો ફરેસ્તો સઘલા ઠગાઇ કરનારાઓને જુએ છે."

૧૦૮ પુષ્કળ કૌવતવાળો મિથ્ર આગળ વધે છે, (ઠગારાઓના) મુલકો માટે તે ભયંકર ખરાબીઓ લેઇ જાય છે; દૂરથી તે પોતાનાં પ્રકાશીત કીરણો ફૂંકે છે જે તેની આંખોમાંથી ચલકાત મેળવે છે (અને બોલે છે): "કોણ મને વખાણે છે; કોણ મને ઇજા દેવા (ઠગવા) ઇચ્છે છે? કોણ એમ વીચારે છે કે, પવિત્ર આરાધનાથી મારી વખાણ થવી જોઇએ અને કોણ વિચારે છે કે, ગુનાહ ભરી આરાધના મારી કરવી જોઇએ? હું બળવંત કોણને દોલત તથા ખોરેહ આપું? કોણને તન્દરોસ્તી બક્ષું? હું બળવંત કોણને પુષ્કળ ચલકાતવાળી ન્યામતો બક્ષું? કોણને માટે તેની પોતાની ઓલાદના ફર્જંદો લેઇ જાઉં?

૧૦૯ "કોણને (તેણે) વિચારેલું નહીં છતાં ખણખણાત કરતાં હથ્યારોવાળી, પુષ્કળ લશ્કરોવાળી અને સંપૂર્ણ બળવંત સત્તા હું આપું? સઘલી સત્તાવાળા, બાહાદુર, મારનાર પણ માર નહીં ખાધેલા, (ગુનાહો માટે ઠરાવેલી)સજાઓને મજબુતીથી અમલમાં મેલનાર (કયા) પાદશાહને (હું એ આપું), કે જે મિથ્રને ખુશનુદ કરવા માટે સજા જલદીથી અમલમાં મેલે છે અને જો પોતાના (વાજબી) ગુસ્સાથી હઠ લે છે તો તે

ગોયા ગુસ્સે થયલા અને શાંત નહી થયલા મિથ્રને થંડો પાડવાનો કોશેસ કરે છે ?

૧૧૦ "હું બળવંત, કોણને દુઃખ દરદ તથા મોહોત તેમજ ખોરેહ વિનાનું કંગાલયતપણું આપું ? કોણના પોતાનાં જાતી ફરજંદને એકજ ફટકાથી હું નાશ કરૂં ?

૧૧૧ "કોણની કનેથી (તેણે) ખ્યાલબી નહીં રાખેલો છતાં ખણખણાત કરતાં હથયારોવાળી, પુષ્કળ લશ્કરોવાળો અને સંપૂર્ણ બળવંત સત્તા હું લેઇ મેલું ? સઘલો સત્તાવાળા, બાહાદુર, મારનાર પણ નહીં માર ખાધેલા, સજાઓને જલદીથી અમલમાં મેલનાર (કયા) પાદશાહ (કનેથી હું એ લેઈ મેલું)? જો તે જલદીથી સજાઓને અમલમાં મેલે છે અને પોતાના ગુસ્સા માટે હઠ લે છે તો તે ખુશ્નુદ થયલા અને નહીં ખીજવાયલા મિથ્રને તે નારાજ થાય એવી રીતે મિથ્રનાં મનને ગુસ્સે કરે છે તથા ઉશ્કેરે છે."[1] તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૨૮.

૧૧૨ જુઓ ફકરો ૭ મો. જે રૂપેરી કોહોલાવાળો, સોનેરી બખતરવાળો, ખંજર ધરાવનાર, બળવંત, તંજી, પેહેલવાંન અને મોહોલ્લાનો સરદાર છે. દેશમાં મુસાફરી કરનાર મિથ્રના માર્ગો પ્રકાશીત છે; જ્યારે તેને સારી રીતે વખાણવામાં આવે છે ત્યારે તે ઘણી ઊંડી ખાઇઓને ફલદ્રુપ ખેતરોમાં ફેરવી નાખે છે. પછી તે આસપાસ ફરે છે અને જે ગોસ્પન્દો અને માણસો તેને લગતાં છે તેમની ઉપર તે પોતાની મરજી માફક હકુમત ભોગવે છે.

૧૧૩ જ્યારે ખંજરો પોતાનો અવાજ જોશમાં કાહાડે, ઘોડાઓના બાલ ઉભા થાય, જ્યારે ખંજરો ઇજા કરે અને કામઠાંની દોરી તીક્ષ્ણ

---

૧ આ છેલ્લો ફકરો જે બે એકેકથી ઉલટા વિચારના વાકયોમાં વાપરવામાં આવ્યો છે તેનો ખુલાસો કરવો ઘણોજ મુશ્કેલ છે. પેહેલી જાતના વાકયમાં યાને § ૧૦૯માં જે સજા વિષે બોલવામાં આવ્યું છે તે કયિ સજા છે? વલી સજા અમલમાં મેલવાથી બે ઉલટા પ્રકારની અસર કેમ નીપજે છે? અહીંથી કોઈ ભાગ જતો રહયો છે યા કોઈ ભાગ બીજી તરફનો ઘુસાડવામાં આવ્યો છે? એ વિષે ખાતરીથી બોલી શકાતું નથી.

તીર ફેંકે, તે વખતે બુલંદ સરદારો મિથ્ર (તથા) અહુર અમારી મદદે પોહોંચે ! પછી ગુનાહ ભરી ક્રીયા કરનારાઓના છોકરાઓ માર્યા ગયલા થઇને લટકતા બાલે પડે.

૧૧૪ જુઓ ફકરો ૯૪.

૨૯.

૧૧૫ જુઓ ફકરો ૭મો. બોહોલાં ખેતરોવાળા ઓ. મિથ્ર ! તું ઘરનો, મોહોલ્લાનો, કસ્બાનો તથા દેશનો સરદાર તથા જરથુશ્ત્રોતેમા (મોબેદાંન મોબેદ અથવા દસ્તુરાંન દસ્તુર) છે.

૧૧૬ મજબુતોથી જોડાયલા મિત્રો વચ્ચે મિથ્ર વીસ (વરસો)નો હોય છે;[1] પડોશીઓ વચ્ચે ત્રીસ (વરસ)નો હોય છે. ખેતરોના ભાગ્યા માલેકો વચ્ચે ચાળીસ (વરસ)નો હોય છે; દીનદાર ક્રીયા કરનારાઓ[2] વચ્ચે પચાસ (વરસ)નો હોય છે; દીનના સાગેર્દો વચ્ચે સાઠ (વરસ) નો હોય છે; ઉસ્તાદો અને સાગેર્દો વચ્ચે સિત્તેર (વરસ)નો હોય છે; જમાઇ અને સસરા વચે હેંસી (વરસ)નો હોય છે; ભાઇઓ વચ્ચે નેવું (વરસ)નો હોય છે;

૧૧૭ બાપ અને દીકરા વચ્ચે સો (વરસ) નો હોય છે; બે દેશો વચ્ચે હજાર (વરસ) નો હોય છે; જે કોઇ મજદયસ્ની દીન સાથે મજબુત બાઝેલો હોય છે તેને માટે મિથ્ર દશ હજાર (વરસ)નો હોય છે (અથવા દીન અને દીનદાર શખ્સ વચ્ચે મિથ્ર દશ હજાર વરસનો હોય છે; એવો શખ્સ તમામ દિવસો સુધી ફત્તેહમંદ કૈવતનો થાય છે.

---

૧ મિથ્ર મંડલીની, વફાદારીની ગાંઠનો પ્રતીનીધી છે. એ ફકરાનો અર્થ એમ પણ થઇ શકે:—મિત્રો વચ્ચે મિથ્ર મજબુત જોડાણથી વીસ (વરસ) રહે છે. કદાચ આંકડા જોડાણની મજબુતીનું પ્રમાણ બતાવી શકે; જેમ કે મિત્રો વચ્ચેનું જોડાણ વીસ ગણું હોય છે ઇત્યાદી. પણ એની પછીના ફકરામાં "હમહે અયીન" શબ્દો આવેલા છે જે ઉપરથી સાબેત થાય છે કે અહીં સવાલ વખતનો છે અને નહીં કે જથ્થાનો.

૨ [કેટલાકો એનો અર્થ "ભર્થાર અને સ્ત્રી" કરે છે.—તરજુમો કરનાર.]

૧૧૮ અહીં નીચે (યાને આ દુન્યામાં) કરેલી નેમાજથી ઊંચે નેમાજની જે જગાઓ છે ત્યાં હું મને પોતાને ચઢાઉં.[1] જે પ્રમાણે સુરજ આગળ વધેછે અને હરબેરઝઈતિ પસાર કરવા માટે ઉપર ચઢે છે તેમ અહીં નીચે, ઓ સ્પિતમ! નેમાજ કરીને બુરા મિનો અહ્રેમન-ઇન્યુસની ખાહેશને પસાર કરી જવા (યાને ઉલટાવવા) માટે હું ઊંચે આવેલી જગાઓએ પોહોંચું. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૩૦.

૧૧૯ જુઓ ફકરો ૭ મો. ઓ સ્પિતમ! મિથ્રની આરાધના તું કર તથા તે કરવાને સાગેર્દોને[2] ફરમાવ.—મઝદયસ્નાનો તેને (મિથ્રને) બે ગોધા, બે પશુઓ, હવામાં ઉડનારાં પાંખવાળા બે પક્ષિઓ અર્પણ કરે.

૧૨૦ મિથ્ર તમામ દીનદાર મઝદયસ્નાનોનો શીખવનાર તથા બનાવનાર છે. હોમ જાહેર કરાયલો છે, તે અર્પણ કરાયલો છે; ક્રિયા કરનારાઓ તેને અર્પણ કરે છે અને ક્રિયા સંપૂર્ણ કરે છે. અશો મરદ ક્રિયાથી દીજેલી ભેટો ખાય જેથી બોહોલાં ખેતરોવાળો મિથ્ર આ આરાધનાથી વખાણ પામેલો થઇને સંતોષી થાય અને ગુસ્સે થાય નહીં.

૧૨૧ જરથુશ્ત્રએ તેને પૂછ્યું: અશો મરદ, ઓ સ્પિતમ! તેણે તૈયાર કરેલી ક્રિયાની ભેટો કેમ ખાય, કે જેથી કરીને બોહોલાં ખેતરોવાળો મિથ્ર જેને ઝઓતા એ ક્રિયા અર્પણ કરે છે તે સંતોશ પામે અને ગુસ્સે નહીં થાય!

૧૨૨ અહુરમઝદએ જવાબ દીધો: બોહોલાં ખેતરોવાળા મિથ્રના માન માટે તથા તેની વખાણ કરવાને તેઓ ત્રણ દીવસ અને ત્રણ રાત શરીરને ધોએ, તેઓ અહીંથી અને તહીંથી તીસ (મારેલા ખ્રફસ્ત્રો-

---

૧ મઝદયસ્ની ધર્મ પ્રમાણે બેહેસ્તમાં પણ ક્રિયાઓ તથા કીર્તનો થાય છે. આ ફકરાનો અર્થ એવો થાય છે કે, આ દુન્યામાં નેમાજ કરવાથી હું ગરોન્માનમાં પોહોંચું કે જ્યાં ઊંચા પ્રકારની નેમાજો આવેલી છે.

૨. દીનના સાગેર્દો.

'નું) માંસ ભેગું કરે.[1] —બોહોલાં ખેતરોવાળા મિથ્રનાં માન માટે તથા તેની વખાણ કરવાને માટે તેઓ બે દિવસ અને બે રાત શરીરને ધોએ, તેઓ અહીંથી અને તહીંથી વીસ (મારેલા ખ્રેફસ્ત્રોનું) માંસ લાવે. કોઈબી શખ્સ આ મને અર્પણ કરેલી ભેટો, જો તેણે સ્તુત યસ્ન (જે) વીસ્પે રતવ[2] (થી સરૂ થાય છે તે)નો અભ્યાસ કર્યો ન હોય તો નહીં ખાય. તેના તેજ તથા નુરને લીધે, ઈત્યાદી.

૩૧.

૧૨૩ જુઓ ફકરો ૭ મો. જેને ચલકાતથી પ્રકાશીત ગરોન્માન માંથી અહુરમજદએ આરાધ્યો.

૧૨૪ બોહોળાં ખેતરોવાળો મિથ્ર હાથ ઊંચા ધરીને ગરોન્માનમાંથી અમર્ગિની જગા[3]એ અતીશે શોભાવંતી, હંમેશની સરખી ઝડપ ધરાવનારી, તરેહવાર રચનાથી સીંગારાયલી અને સોનાની બનાવેલી એક રથમાં જાય છે.

૧૨૫ આ રથ (સાથે જોડાઇ)ને સફેદ, એકજ સરખા રંગના મિનોઈ ખોરાકથી પોષાતા, અમર્ગ ઘોડાઓ ચાલે છે. તેમની આગળી ખરીઓને સોનાનો અને પાછલીઓને ચાંદીનો ઢોર ચઢાવેલો હોયછે. વાળેલી ઝુસરી[5] તથા જોતરવાળા પુલ[4] સાથે તે સઘલા (ઘોડા) જોડા-

---

૧. એમાં આવેલો "ઉપાજનનાંમ્" શબ્દ બતાવે છે કે અહીં ખ્રફસ્તરોને મારીને તેમનું માંસ ભેગું કરવાનો સવાલ છે, કે જે વિષે વંદીદાદમાં બોલવામાં આવ્યું છે.

૨. વીસ્પરદ.

૩. અમૅર્ખ્તિશનો અર્થ અહી ગરોન્માનથી ચઢતી પંક્તીનું બેહેસ્ત થવું જોઇએ. એનો અર્થ અત્રે માત્ર અમર્ગિ નહી પણ અમર્ગ લોકોની જગા થાય છે; જો માત્ર અમર્ગિ થતો હોય તો પછી તેનો અર્થ એવો થઈ જાય છે કે, અહુરમજદની આરાધનાથી મિથ્ર અમર્ગ થયો જે વિચાર ભૂલ ભરેલો ઠરે, કારણ કે તેના ઘોડા વટીક પ્રથમથીજ અમર્ગ છે અને તે પોતે પાછળથી અમર્ગ થાય એ લગાર બંધબેસ્તો વિચાર નથી.

૪. સંસકૃતમાં એને મળતો બોલ ઈસા મળેછે.

૫. સિમા: એને મળતો ફાર્સિ શિમર મળેછે.

મ છે તથા બંધાય છે, તથા વળી પુલ સાથે તેમને જોડેલા રાખવા માટે ધાતુનો નક્કર અને સારી બનાવટનો એક ખુંટો હોય.છે.

૧૨૬ તેની જમની બાજુએ ઘણોજ પ્રમાણીક, ઘણોજ અશો અને બુલંદ કદનો રશ્નુ કુચ કરે છે. ઘણુંજ પ્રમાણીક, ભેટ લેઇ જનાર, પવિત્ર, સફેદ પોશાક પેહેરેલું, સફેદ રંગનું અને મજદયસ્નો દીનનો પાયો ડાહપન (ચિસ્તિ) તેની ડાબી બાજુએથી જાય છે.

૧૨૭ તેમની પુઠે મનનો બળવંત શ્રાપ (પોતાના દુશ્મન) ઉપર ધસતાં, તિક્ષ્ણ દાંતવાળાં. તિક્ષ્ણ પંજાવાળાં, એકજ ફટકે મારી નાખનાર, ચરબદાર, ખોજવાયલાં, હુમલો કરવાને તલપી રહેલાં, કૌવતમંદ, હથ્યારબંધ, (દુશ્મનની) આસપાસ અહીંથી તહીં દોડનાર ભુંડના આકારમાં આવે છે. તેની પાછળ પ્રકાશીત બળતો આતશ અને બાદશાહી બળવંત ખોરેહ ધસે છે.

૧૨૮ બોહોલાં ખેતરોવાળા મિથ્રની રથનાં રક્ષણ માટે ગરૂડ પક્ષિનાં પીછાનાં, હાડકાંના હુન્નરથી બનાવેલા તથા ગોધાનાં આંતરડાંની તાંતથી (સીંગારાયલા) હજાર તીર ઉભા રાખેલા હોય છે. મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ જાય છે. મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ દેવોનાં માથાં ઉપર જઈ પડે છે.

૧૨૯ બોહોલાં ખેતરોવાળા મિથ્રની રથનાં રક્ષણ માટે ગરૂડ પક્ષીનાં પીછાંના સોનાની ધારવાળા, શિંગણાંના બાણવાળા, લોખંડનાં હાથાવાળા, સારી બનાવટના હજાર તીર ઉભા રાખેલા હોયછે. મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં. તેઓ જાય છે, મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ દેવોનાં માથાં ઉપર જઈ પડે છે.

૧૩૦ બોહોલાં ખેતરોવાળા મિથ્રની રથનાં રક્ષણ માટે તિક્ષ્ણ ધારવાળા અને સારી બનાવટના હજાર ભાલાઓ ઉભા રાખેલા હોય છે. મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ હાલેછે, મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ દેવોનાં માથા ઉપર જઇ પડે છે. બોહોલાં ખેતરોવાળા મિથ્રની રથનાં રક્ષણ માટે બંને બાજુથી ધારદાર અને હુન્નરથી

બનાવેલી હજાર લોખંડની છરીઓ ઉભી રાખેલી હોય છે. મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ જાય છે, મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ દુશ્મનનાં માથાં ઉપર જઇ પડે છે.

૧૩૧ બોહોલાં ખેતરોવાળા મિથ્રની રથનાં રક્ષણ માટે બેવડી ધારની અને હુન્નરથી બનાવેલી હજાર તરવારો ઉભી રાખેલી હોય છે. મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ જાય છે, મનમાં ખાહેશ ઉત્પન્ન થાય એટલામાં તેઓ દેવોનાં માથાં ઉપર જઇ પડે છે. બોહોલાં ખેતરોવાળા મિથ્રની રથનાં રક્ષણ માટે સારી બનાવેલી લોખંડની હજાર ગદા ઉભી રાખેલી હોય છે. મનમાં ખાહેશ થતાં વાર તેઓ જાય છે; મનમાં ખાહેશ થતા વાર તેઓ દેવોના માથાં ઉપર જઇ પડે છે.

૧૩૨ બોહોલાં ખેતરોવાળા મિથ્રની રથનાં રક્ષણ માટે પ્રકાશીત, સેહેલાઈથી ફેંકાય એવો, સો ડુંગરાવાળો, સો ધારવાળો, જોશથી પડનારો, માણસોને નીચે પાડનારો, સોનેરી ઢોળ ચઢાવેથી પીળી ધાતુનો, નક્કર, હથ્યારોમાં ઘણોજ જોરમંદ, હથ્યારોમાં ઘણોજ ફત્તેહમંદ ગુરૂજ ઊભો રાખેલો હોય છે. મનમાં ખાહેશ થતાં વાર તે જાય છે, મનમાં ખાહેશ થતાં વાર તે દેવોનાં માથાં ઉપર જઈ પડે છે.

૧૩૩ દેવોને મારવા પછી, મિથ્રને ઠગનારા માણસોને નીચે નાખ્યા પછી, બોહોલાં ખેતરોવાળો મિથ્ર અરૅજહિ, સવહિ, ફ્રદધફ્ષુ, વીદધફ્ષુ, વોઉરૂબરૅશ્તિ વોઉરૂજરૅશ્તિ અને આ કેશ્વર પ્રકાશીત ખનિરથમાં ફરવા નીકળે છે.

૧૩૪ તુરતજ ખુની અઙ્રોમઇન્યુશ ઘણોજ ધુજવા પડે છે. બુશે અને ગુનેહગાર તનવાળો અએષ્મ ઘણોજ ધુજે છે. લાંબા હાથોવાળો બુશ્યાસ્ત મજબુત ધુજે છે. તમામ મિનો દેવો તથા તમામ નાપાક બુશઓ મજબુત ધુજે છે.

૧૩૫ જુઓ ફકરો ૯૮. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૩૨.

૧૩૬ જુઓ ફકરો ૭ મો. જેની રથને ખુબસુરત દેખાવના ઘોડા જોડાયલા હોય છે, જેઓ તેને તેનાં કીરણોથી પ્રકાશીત સોનાનાં એકજ પૈડાં મારફતે (ઘસડી જાય છે).

૧૩૭ જે કોઇ શખ્સ તેને માટે તેનાં મકાંનમાં, (દરેમેહેરમાં) ભેટો લેઇ જાય છે તે ધર્મિ માણસને, ઓ અશો જરથુશ્ત્ર! મોટાઈ અને આબાદી હોજો, કે જેને માટે એક અશો અને નેક ખસલતનો, દીનનો ફર્માબર્દાર જઓતા (જોતી) ક્રિયાથી તૈયાર કરેલી બર્સમ હાથમાં પકડીને પોતાની બંદગીથી મિથ્રને વખાણે છે, એમ અહુરમજદએ કહ્યું. તે ધર્મિ માણસનાં મકાનમાં તુરતજ મિથ્ર (મદદે) પોંહોંચે છે.

૧૩૮ પણ જો તે પોતાની ભેટોથી બુરાઓના યાને ભલા લોકોથી ઊલટી રીતના કૃત્વા અને ફર્માન મુજબ ચાલે, યાને જેને માટે એક નાપાક, અધર્મિ, દીનની ફર્માનબર્દારી નહીં કરનાર જઓતા લાંબી યશ્ન પઢતાં, પુષ્કળ બર્સમ બાંધતાં બર્સમની પાછલ ઊભો રહે (યાને ક્રિયા કરવા બેસે) તે ધર્મિ માણસને (યાને, એવા નાપાક મોબેદ પાસે યજશ્ને કરાવનારે માણસને) ઓ અશો જરથુશ્ત્ર! કંગાળયતપણું હોજો, એમ અહુરમજદએ કહ્યું.

૧૩૯ જે કોઈ અહુરમજદને અને બીજા અમેંષાસ્પેન્તઓને ધી:કારે છે, જે કોઈ બોહોલાં ખેતરોવાળા મિથ્રને ધી:કારે છે, જે કોઇ દીનને ધી:કારે છે, જે કોઇ દુન્યાની વૃદ્ધી કરનાર તથા તેની આબાદી કરનાર રશ્નુ (સચ્ચાઇ) અને અર્સ્તાત્ (ઇનસાફ)ને ધી:કારે છે, તે અહુરમજદને તથા બીજા અમેંષાસ્પેન્તઓને ખુશી કરતો નથી, તે બોહોલાં ખેતરોવાળા મિથ્રને ખુશી કરતો નથી. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૩૩.

૧૪૦ જુઓ ફકરો ૭ મો. હું, ઓ સ્પિતમ! મિથ્રને વખાણવા ઇચ્છું છું, કે જે પ્રકાશીત બાશ્યતનો, મિનોઈ, સઘલાઓમાં ઉત્તમ, દયાળુ, ઇજા નહીં કરી શકાય એવો, બુલંદ મકાંનમાં રેહેનારો, બળવંત, બાહાદુર પેહેલવાન છે;

૧૪૧ જે હંમેશનો ફત્તેહમંદ, સારાં બનાવેલાં હથ્યારોથી બંધાય લો, અંધકારના ઝરામાં પણ ચોકશી રાખનાર, ઠગાઇ નહીં શકે એવો છે. સર્વેથી બળવંતોમાં સર્વેથી બળવંત, સર્વેથી જોરેમંદોમાં સર્વેથી જોરેમંદ, બઘ (ફરેસ્તા) ઓમાં ઘણોજ ડાહપણવાળો છે; તે ફત્તેહમંદ અને ખો-

રેહ ધરાવનારો છે, તેને હજાર કાનો અને દશ હજાર આંખો છે, તે બળવંત, સર્વજ્ઞાની, ઠગાઈ નહી શકનાર એકી વખતે દશ હજાર બોરદુઓ જોઈ વળે છે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૩૪.

૧૪૨ જુઓ ફકરો ૭મો. જે વિદ્યામાં પેહેલો (યાને કુશળ), પવિત્ર બાશ્યતનો, બુજોર્ગ વખાણને લાયકનો છે, જ્યારે તે પ્રકાશીત ચલકાતવાળા ચંદ્રની માફક હાડમંદ દુન્યાને દીપાવે છે, ત્યારે તે સ્પેન્તમઇન્યુશની પેદાએશને મજબુત બાંધો આપે છે.

૧૪૩ જેનો ચેહરો તિશ્ત્ર્ય સેતારાની મિસાલે પ્રકાશે છે, જે મુદ્દલ નહીં ઠગી શકાય એવો, ઓ સ્પિતમ! પોતાની રથમાં સ્વાર થાય છે; આ રથ કે જે આ પ્રકાશીત યજત જે સર્વેથી ખુબસુરત અને સર્વેથી પ્રકાશીત પેદાએશ છે અને જેને સ્પેન્તમઇન્યુશે પેદા કરેલો છે તેની છે, તે સેતારાઓથી સીંગારાયલી અને મિનોઇ બનાવટની છે. દશ હજાર આંખોવાળા, બાહાદુર, સર્વજ્ઞાની અને કદી નહીં ઠગાનાર મિથ્રને (અમે વખાણ્યે છિયે). તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૩૫.

૧૪૪ જુઓ ફકરો ૭મો. જે મુલકો ભણી આવે છે. મિથ્રને અમે વખાણ્યે છિયે જે મુલકોની વચ્ચે છે. મિથ્રને અમે વખાણયે છીયે જે મુલકોને પોંહોચે છે. અમે મિથ્રને વખાણ્યે છિયે જે મુલકોની ઉપર હોય છે. મિથ્રને અમે વખાણ્યે છિયે જે મુલકોની નીચે છે. મિથ્રને અમે વખાણ્યે છિયે જે મુલકોની આસપાસ ફરી વળે છે. મિથ્રને અમે વખાણ્યે છિયે જે મુલકોની પછવાડે હોય છે.[1]

૧૪૫ બુલંદ અમર્ગ અને અશો મિથ્ર તથા અહુરને અમે વખાણ્યે છિયે. બર્સમની દાંખલીઓ હાથમાં પકડીને અમે સેતારાઓ, ચંદ્ર

---

૧ યાને મિથ્રની રોશણી સઘલાંની આસપાસ, અંદર તેમજ બાહા ફરી વળે છે.

અને સૂર્યને વખાણ્યે છિયે. સઘલા દેશોના સરદાર મિથ્રને અમે વખાણ્યે છિયે. તેનાં તેજ તથા નુરને લીધે, ઇત્યાદી.

૧૪૬ ખોહોલાં ખેતરોવાળા, હજાર કાંનોવાળા, દશ હજાર આંખોવાળા, પોતાના નામથી આરાધાતા યજત મિથ્રને અને રામ. ખાસ્ત્રને આરાધના, વખાણ, બળ અને કૌવત હું ઇચ્છું છું, ઇત્યાદી.

૧૧. સ્રઓષ યશ્ત હાદોખ્ત.[1]

સ્રઓષની વખાણ § ૧, ૮, ૯.—અર્યમનોહ્ દુરાઓને અટકાવે છે § ૨.—આક્રિતિ, અહુનવઈર્ય અને પવિત્ર દીનનું બળ § ૩.—ધાસ્તોને વખતે ભણવાની મંત્રની બંદગી (માંથ્ર) § ૪–૭.—સ્રઓષ દુરાઓને શીક્ષા કરેછે, સુલેહ તથા વ્યવસ્થાની ચોકસી રાખે છે § ૮–૧૪.—સ્રઓષ અને તેના સાથીઓ રાસ્તી, ઇન્સાફ, ડાહપન તથા દીનની વખાણ § ૧૬–૨૨.—સ્રઓષ અને અમ (કૌવત) અર્યમના હમન બંદા છે § ૧૫.

સ્રઓષ એ ધર્મના કાયદા (દીન)ની તાબેદારીનો ફરેસ્તો છે. તેનું નામ છેક ગાથાઓના વખતથી (યજશ્ને હા ૨૮. ૫ માં) જાણીતું છે, પણ તે વખતે તે ભાવવાચક અર્થેજ વપરાતો હતો કે નહીં તે ચોકસાઇથી કેહેવાઈ શકાતું નથી. અવસ્તામાં સ્રઓષ ઘણોજ અગતનો અને ઘણોજ માન પામેલો ફરેસ્તો છે. તે ઉત્તમ પવિત્રાઇવાળો (અષ્યો); સારા ધ-

---

૧. [સ્રઓષને અર્પણ કરેલી બે યશ્તો અવસ્તામાંથી મળે છે, જેમાંની એક આ સ્રઓષ યશ્ત હાદોખ્ત છે અને બીજી સ્રઓષ યશ્ત રાતની વડીને નામે ઓળખાય છે. એ પાછલી યશ્તના તરજુમા માટે જુઓ મારો યજશ્નેનો તરજુમો, હા ૫૬ મો. આ હાદોખ્ત યશ્ત હાદોખ્ત નશ્કનો એક ભાગ હશે એમ ધારવામાં આવે છે. એ યશ્તનો પેહેલવીમાં પણ તરજુમો થયલો છે. રપિથ્વિન સિવાયની કોઈબી ગેહમાં આ યશ્ત ભણી શકાય છે.—તરજુમો કરનાર.]

શ્મનો (હુશ્બોધ), બાહુદુર અને સેતાબ ચાલનો (તખ્મ) છે. તે દુન્યાને ખીલવનાર (ફ્રાદતગએથુ) છે, કારણ કે દીનને સંપૂર્ણતાથી અમલમાં મેલવી એ સઘલી આબાદીનું મૂળ છે; કદાચ આ ઠેકાણે "અષ્યો" નવે રૂપે દાખલ થઇને "આશિર્વાદો પાંથરનાર" એવો અર્થ ધરાવતો હશે. તેના મુખ્ય ખેતાબો "તનુ માંથ્ર" (યાને દીન જેનું શરીર, દીનનો અવતાર, કારણ કે તે તેને તદન તાબેદાર છે), અને "આહુઇર્ય" (યાને અહુરનો તાબેદાર તેના તરફ ભક્તિભાવ ધરાવનાર, તેને લગતો) છે.

દીનનાં ફરમાનોને વફાદારીથી અમલમાં મેલવાનાં પ્રતીનીધી દાખલ તે દેવોનો ફત્તેહમંદ હમનબર્દ છે; તે એક ગુરૂજથી હથ્યારબંધ થઇને તેમની પુઠે લાગે છે તથા તેમને નહસાડે છે. તેમના મુખ્ય હમનબર્દોમાં પ્રથમમાં દેવોનો દેવ અને તે પછી અએષ્મ (જાસ્તી ગુજારનારો તથા મેહનત આપનારો દેવ); જુઠાઇ તથા ભૂલની દેવી દ્રુજે; આલસાઇ તથા ઊંઘનો દેવ બુશ્યાંસ્ત. કે જે માણસોમાં દાખલ થઇને તેમને કાયદાસરની હદ કરતાં વધુ વખત ઊંઘમાં નાખે છે, અને દીનનાં ફરમાનો બજાલાવવાથી તેમને પાછળ રાખે છે; છાકટપણાંનો તથા માણસોને તેમની ધર્મ સંબંધી ફરજો બજાવવા સામે કુફર એતેકાદના બનાવનાર દેવ કુન્દ; તથા કયધ વગેરે છે. સ્રઓષને અહુરમજદએ પોતેજ દીનનાં ફરમાનો શીખાડયાં છે અને તેથી તેનો ખેતાબ દીનનો ઉસ્તાદ છે; યજશનેની ક્રિયા તેણેજ પેહેલી કરી હતી, તે તમામ પૃથ્વિ ઉપર દીન શીખવતો ફરે છે. દિવસે ત્રણવાર તથા રાતે ત્રણવાર તે રેહેથાંનવાળા ભાગોમાં દેવોને હરાવી ઉખેડી નાખવા માટે ફરે છે. જે પ્રમાણે કુત્રાઓ ગોસ્પન્દોના તેજ પ્રમાણે સ્રઓષ માણસોનો રખેવાલ છે. અહુરની પેદાએશ ઉપર તે જાથુક સુધી ચોકસી રાખે છે અને પેદાએશ થવા પછાંથી તે કદી ઊંઘાતો નથી. ચોરો, દુશ્મનો, દુખ્મદરદ, અએષ્મ, શરીર નાશ કરનાર.વીધોતુ સામે તે દીનદારોનો બચાવ કરે છે.

દીન, પ્રમાણીકપણું, સચ્ચાઈ, ઇનસાફ વગેરે ઉપરના ફરેસ્તાઓ (માંથ્ર સ્પેંન્ત અથવા મજદયસ્નમ્ દાતેમ્. મિથ્ર, રશ્નુ, અર્સ્તાત્, ઈત્યાદિ) નો તેમજ અષિ યાને પવિત્રાઈ, આશિર્વાદનો તે સાથી છે. તેના મદદનીસ તુરીક્ષ્ણ પરોદર્શ પક્ષિ (મર્ઘા) ને માણસોને ઊંઘમાંથી બીદાર કરવા માટે આપ્યો છે. તેનાં હથીયારો અહુનવઇર્ય અને યજશ્નેના જુદા જુદા હા છે. વન્દિદાદની ૧૮મી ફરગરદમાં સ્રઓષને જુઠાઇની દેવી દ્રુજે સાથે વાતચીત કરતો ચિતાર્યો છે. સ્રઓષને માટે એ યશ્તો જોડાયલી છે. જેમાં એવું વર્ણન છે કે, મિથ્રની માફક મિનોઇ પાહાડ ઉપર તેનો એક પ્રકાશીત મેહેલ છે;

પ્રકાશીત, તેજી, સેતાબ ચાલતા અને શ્યામ ઘોડાઓની એક સુંદર રથ તેને માટે છે, જેની મારફતે તે દુન્યાના બંને છેડાઓ સુધી પોંહોંચે છે. વળી તેને પોતાને ખુબસુરત, ચાલાક, શાહસીક અને હંમેશ ફત્તેહમંદ જુવાન્યા તરીકે ચિતાર્યો છે.

આ ફરેસ્તાની તવારિખ ઊપજાવવી ઘણીજ સેહેલી છે. આર્ય લોકોના વખતમાં અશોષનો અર્થ ધર્મની ક્રિયાઓ તથા સંસ્કારોને અમલમાં મેલવાનો થતો હતો. યજુર્વેદના ૫૭ મા હામાં તેમજ ઋગ્વેદ ૧.૧૩૯. ૧ અને સતપથ બ્રાહ્મણમાં ૧. ૫, ૨, ૧૬; ૨. ૫, ૨, ૪૪ ઇત્યાદીમાં એનું વર્ણન છે.

અવસ્તાના "અશોષ અસ્તુ" સાથે સંસ્કૃત "અશ્તુશ્રૌષત" મળેછે. પણ બંને આર્ય પ્રજાઓના આ બંન શબ્દો વચ્ચે અર્થમાં જાણવાજોગ તફાવત છે. શ્રૌષતનો અર્થ મોહોડેથી ભણવું, કીર્તન ગાવું, સાંભળવું થાય છે, કારણકે સાજન તેનો અર્થ સ્રવન કરે છે. આરાધના કરતી વખતે તે (ઇશ્વરને) અરજ કરવાના સંબંધમાં વાપરવામાં આવતો હતો.

ઇરાંનમાં અશોષ દીનની તાબેદારી અથવા તે મુજબ ચાલવાને અર્થે વપરાતો હતો; મેજદાઇઓએ તેને અલંકારી રૂપ આપી તેને એક ફરેસ્તો બનાવ્યો હતો અને તેને ખેતાબો લાગુ કર્યા હતા.

• ખુશાલ રહો, અહુરમજદ! (ઇત્યાદી, જુઓ યશ્ત ૧ લી ફકરો •.) બાહાદુર, દીનના અવતાર, તીક્ષ્ણ ભાલાવાળા, અહુરને લગતા અશો અશોષને ખુશનુદ કરવા તથા તેની આરાધના, વખાણ અને કીર્તિ ગાવા માટે હું કબુલ થાઉં છું, (ઇત્યાદી).

૧.

૧ બુલંદ દબદબાવાળા, હંમેશના ફત્તેહમંદ, દુન્યાની વૃદ્ધિ કરનાર, અશોઇની દુન્યાના અશો સરદાર અશો અશોષને અમે વખાણ્યે છિયે. દુન્યાઓને, ઓ જરથુશ્ત્ર! પવિત્ર નેમાજ (દિન, કાયદો), સંપૂર્ણ નેમાજ (હોજો).

૨ એ (નેમાજ)થીજ બુરાઓ તથા બુરાઓના મિત્રો બંદીમાં પડે છે. એથીજ બુરાઓ તથા બુરાઓને લગતાંઓની આંખો, બુદ્ધિ, કાનો, હાથો, પગો, મોહોડાં બેડીમાં વીંટાલાયલાં થાય છે. તે વોહૂ નેમાજની

'બંદગી (યાને અષૅમવોહૂ) દગાઈ કે કપત જાણતી નથી. એ (બંદગી) ગૌયા માણસનું બખ્તર છે તથા દ્રુજેના બચાવને તોડી પાડે છે.

૩ અશો સરોશ ઘણોજ લાંબો વખત સુધી[1] પોષણ આપે છે; તે ફત્તેહમંદ દ્રુજેને સારી રીતે મારે છે. જે અશો મરદ હુવા (આક્રિતિ) ના સુખનો ઘણોજ વખત બોલે છે તે ઘણીજ ફત્તેહ મેળવે છે. મિનો દ્રુજેને માંથ્રસપેંત ઘણોજ તોડનાર છે. સઘલી બંદગીઓમાં અહુનવઈર્ય સર્વેથી ફત્તેહમંદ છે; એ બંદગી ઠરાવ્યા મુજબ (યાને વાજબો રીતે) ભણવાથી શાહાસ કામોમાં ઘણીજ ફત્તેહ મેળવાય છે. માઝદયસ્નની દીન તમામ અશો ચીજોમાં, તમામ અશોઈનાં મૂળવાળી ચીજોમાં છે, તે સચ્ચાઈની સારી રીતે સ્થાપના કરે છે; એ પ્રમાણેનો એ જરથોસ્ત કાયદો છે.

૪-૫ પુષ્કળ પાણીમાં અથવા એકાએકની પુષ્કળ રોશણી (આગ)માં, વાદળાંથી ઢંકાયલી અંધારી રાતે, નદીના ઢોઢ ઉપરથી (પસાર થવાના) માર્ગમાં અથવા રસ્તામાં (નડતા) ગુચવાડામાં, અશો મરદો ઓચીંતા સામે થાય અથવા દેવોની પરસ્તેસ કરનાર બુરાઓ ધસારો લાવે તે સમયે, સઘલા અકસ્માતો વખતે, સઘલા કમનસીબ પ્રસંગોએ, એકાએકની પુષ્કળ રોશણી (આગ) વખતે જે કોઈબી મરદ અથવા બાનુને ધાસ્તી ઉપજે તો તે વખતે જો (તે અથવા તેણી) ઓ જરથુશ્ત્ર! મોહોડેથી જાહેર કરવામાં આવેલો આ કલાંમ સંપૂર્ણ મનશ્નની ગવશ્નની અને કુનશ્નોની પવિત્રાઈથી બોલે તો, તે દિવસે અથવા તે રાતે પોતાની નજરશાકિતથી ઈજા કરવાનો ધંધો કરનાર બુરો (તે ભણનારને) જોઈ શકે નહીં તેમજ ઢોરોને ચોરી જનાર લુંટારાઓનું કપટ તેને પોહોંચશે નહીં.

૬ એ જાહેર થયલો કલાંમ, ઓ જરથુશ્ત્ર! જયારે તું જુલમગારો લુંટારાઓ, ચોરો સામે મળે ત્યારે તું ભણ, જેથી બુરાઓ, દેવોની મરસ્તેસ, કરનારાઓ, યાતુઓ અને યાતુઓનાં પંથને લગતાઓ, પઈ-

---

[1] સ્પીગેલ 'દરઘૅમ' શબ્દને સુધારીને 'દરધુમ' વાંચેછે અને પછી તેનો અર્થ 'દરવીશને' કરે છે.

રિકાઓ અને પઇરિકાઓના. પંથને લગતાઓ એ સજાથી બીહીને નાહાસી જશે ! દેવો મારેલા થાઓ ! દેવોની પરસ્તેસ કરનારાઓ મારેલા થાઓ! તેમનાં મોહોડાં મજ્બુત (બંધ) થાય અને તેઓ નાહાસા નાહાસમાં પડે !

૭ ગોસ્પન્દોની પાસબાની કરનારા (કુત્રાઓ)ની મીસાલે (યાને જે પ્રમાણે ગોસ્પન્દોની નજદીક કુત્રાઓને તેમની સંભાલ માટે રાખવામાં આવે છે તે પ્રમાણે) અશો સ્રોષને (અમારી સંભાલ માટે) અમે અમારી નજદીક રાખ્યે છિયે; ભલી મનશ્નની, ગવશ્નની અને કુનશ્નીથી અશો, ફત્તેહમંદ અને પવિત્ર સ્રોષને અમે વખાણ્યે છિયે.

૮–૯ તેનાં નુર તથા ખોરેહને લીધે તેમજ તેનાં ફત્તેહમંદ બળને લીધે, યજતાઓની આ આરાધનાથી, મોટા સાદે કરેલી નેમાજથી હું તેને વખાણવા ઇચ્છું છું. અશો સ્રોષને, બુજોર્ગ અબિવફુઇને તથા દબદબાવાળા નઇર્યોસંઘને આ જઓથ્રઓથી (હું વખાણવા ઇચ્છું છું). હંમેશ ફતેહમંદ અશો સ્રોષ અમારી મદદે પોંહોચે ! અશો સ્રોષને અમે વખાણ્યે છિયે. શ્રેષ્ટ સરદાર અહુરમજદને અમે વખાણ્યે છિયે, જે અશોમાં ઘણોજ બુલંદ છે, જે અશોનો ઘણોજ નજદીક પોંહોંચે છે. જરથુશ્ત્રના સઘલા કલામોને તથા સઘલાં થયલાં તથા થવાનાં ભલાં કામોને અમે વખાણ્યે છિયે. યેંઘેહાતાંમ્ ઇત્યાદી.

૨.

૧૦–૧૩ બુલંદ દબદબાવાળા..........અશો સ્રોષને અમે વખાણ્યે છિયે, જે વિષયે મરદને સજા કરે છે, જે વિષયી ઓરતને સજા કરે છે, જે દુન્યાનો નાશ કરનાર બળવંત દેવી દ્રુજેને મારે છે, જે પેદાએશના તમામ વધારાને અમલમાં મેલનાર અને તેનો ટેકો છે. જે કદીબી ઊંઘને સોંપાતો નથી (પણ) પોતાની ખબરદારીથી મજદનાં તમામ પ્રાણીઓને સંભાલેછે, તે કદીબો ઊંઘને સોંપાતો નથી (પણ) પોતાની ચાલાકીથી મજદના પ્રાણીઓને જેમનાં તેમ જાલવાં રાખેછે; જે સૂર્યના અસ્ત પામવા પછીથી હથ્યાર ઉઠાવીને તમામ હાડમંદ દુન્યાનું રક્ષણ કરેછે. જયારથી બંને મિનો—વૃદ્ધિ કરનાર મિનો (સ્પેન્તોમઇન્યુશ) અને નાશ કરનાર

મિનો (અક્રેમઇન્યુશ્)એઓએ પોતાનાં કામો ઉત્પન્ન કર્યાં છે ત્યારથી પવિત્ર પેદાએશના સરદાર સરોષને શાંત ઊંઘ નથી; જે દર દિવસે તથા રાતે માઝન્દ્રન દેવો સાથે લડેછે. તે કદીબી બીહીને દેવોની આગળ વાંકો વળતો નથી; તેની આગળ દેવો ધુજતા પોતાની મરજી વિરૂદ્ધમાં કામ લે છે અને અંધકારમાં તેઓ ધુજતા નાહસી જાય છે. તેનાં નુર તથા ખોરેહને લીધે, ઇત્યાદી.

૩

૧૪ બુલંદ દબદબાવાળા..........અશો સરોષને અમે વખાણ્યે છિયે, જે દ્રુજેની સામે (થઇને) સુલેહનું તથા ઘણાજ પવિત્ર (સરદાર)ની ગોઠવણોનું અમેષાસ્પેન્તઓ તરફથી સાત કેશ્વરોવાળી પૃથિવ ઉપર રક્ષણ કરે છે. તે દીનનો ફેલાવનાર છે. અશો અહુરમઝ્દ તેને તે (યાને દીન) શીખાડે ! તેનાં નુર તથા ખોરેહને લીધે, ઇત્યાદી.

૪

૧૫ બુલંદ દબદબાવાળા..........અશો સરોષને અમે વખાણ્યે છિયે, જેને અહુરમઝ્દએ ઝનુની અએશ્મ સામે હમનબર્દ ઠરાવ્યો છે. ફ્રેહમંદ કૈવતને અમે વખાણ્યે છિયે કે જેઓ બંને (સરોષ તથા ફ્રેહમંદ કૈવત) અએશ્મના દૃઘ તથા નહી જીતી શકાય એવા હમનબર્દો છે.

૧૬ (જેઓ) અશો સરોષના મિત્રો, રશ્નુરાસ્તના મિત્રો, ખોહોલાં ખેતરોવાળા મિથ્રના મિત્રો, અશો વાત યઝત (પવન)ના મિત્રો, ભલી માઝદયસ્ની દીનના મિત્રો, દુન્યાની વૃદ્ધિ કરનાર તથા તેને ઉગાડનાર તથા આબાદ કરનાર અર્શતાતના મિત્રો, અષિવન્ગુહઇના મિત્રો, ચિશ્તિ વન્ગુહઇના મિત્રો, સંપૂર્ણ ચિશ્તિ (ડાહપન) ના મિત્રો.

૧૭ તમામ યઝતઓના મિત્રો, માંથ્રસ્પેન્તના મિત્રો, દેવોની વિરૂદ્ધની કાયદાના મિત્રો, હંમેશગી માટેનાં ફર્માનોના મીત્ર, અમેષાસ્પેન્તઓના મિત્રો, અમે દિનના પેશ્વાઓ જેઓ બે પગોવાળા અશો છિયે (તેમનાં) તથા તમામ અશો પેદાએશના મિત્રો (છે). તેનાં નુર તથા ખોરેહને લીધે, ઇત્યાદી.

૫

૧૮. બુલંદ દબદબાવાળો.......અશો સરોષ જે પેહેલ્લે શ્રેષ્ઠ વચલો તથા સર્વથી ચઢયાતો છે, તેને પેહેલી, સષ્ટ, વચલી તથા સ-

વેથી ચઢયાતી યશ્ન (યજશ્ને) થી[1] અમે વખાણ્યે છિયે. ઉતાવળા અને જોરેમંદ, દીનના અવતાર અશો સ્રોષને સઘલી રીતે અમે વખાણ્યે છિયે.

૧૯. ઉતાવળા અને જોરેમંદ, રક્ષનકર્ત્તા, બળવંત બાજુઓ ધરાવનાર, દેવોનાં માથાં ભાંજનાર પેહેલવાંન, સાચ્ચાઓને માટે ફત્તેહમંદ ફટકા મારનાર, ફત્તેહમંદ તેથા અશો પવિત્ર સ્રોષની તેમજ આરાધના લાયકના અંશ્ર્તાતની ફતેહમંદ સરસાઇને અમે વખાણ્યે છિયે.

૨૦. સ્રોષથી રક્ષણ થતાં તમામ મકાંનોને અમે વખાણ્યે છિયે, જયાં અશો સ્રોષ ચહવાયલો, માન પામેલો તથા પીછાંનત થયલો હોય છે, તથા જયાં ઘણીજ પવિત્ર મનશ્નીવાળો, ઘણીજ પવિત્ર ગવશ્નીવાળો ઘણીજ પવિત્ર કુનશ્નીવાળો અશોમરદ રહે છે.

૨૧. અશો સ્રોષનાં શરિરને અમે વખાણ્યે છિયે. રશ્નુ રાસ્તનાં શરિરને અમે વખાણ્યે છિયે. બોહોળાં ખેતરોવાળા મિથ્રનાં શરિરને અમે વખાણ્યે છિયે. અશો વાત (ગોવાદ=પવન) નાં શરિરને અમે વખાણ્યે છિયે. ભલી માજદયશ્નની દીનનાં શરિરને અમે વખાણ્યે છિયે.

[1 પેહેલવી સરેહ કરનાર મુજબ આ ચાર જાતની યજશ્નેમાં પેહેલી સાધારણ યજશને, બીજી વીસ્પરદ, ત્રીજી બદુક હોમાસ્ત અને ચોથી દ્વાજદેહ હોમાસ્ત છે. હોમાસ્ત ચાર જાતના છે. પેહેલા યાને સાધારણ હોમાસ્તમાં ૧૪૪ દીવસ સુધી અહુરમજદ, તિશ્ત્રય, ખુર્શેદ, માહ, આબાંન, આદર, ખુર્દાદ, અમેરદાદ, સ્પન્દારમદ, બાદ (ગોવાદ), સ્રોષ અને અર્દાફ્રવંષને નામની ક્ષ્નુમનની, દરેક યજદની બાર બાર દીવસ સુધી લાગત એકેકી યજશને કરવામાં આવે છે. બીજી યાને બદુક હોમાસ્ત અને પેહેલી વચ્ચે માત્ર તફાવત એજ છે કે, બદુક હોમાસ્તમાં દર બારમે દીવસે ઊપલા બારૂ યજદોની ક્ષ્નુમનનો એકેક પછી એકેક વન્દિદાદ કરવામાં આવે છે. ત્રિજી યાને દહ હોમાસ્તમાં દરરોજ યજશનેની સાથે એકેક વન્દિદાદ કરવાનો હોય છે. ચોથી યાને દ્વાજદેહ હોમાસ્તમાં ઊપલા બાર ઉપરાંત બહમન, અર્દિબેહેશ્ત, શહરિવર, મિહિર, બેહેરામ, રાંમ, દીન, રશ્નુ, ગોશ અને આસ્તાદ મળી બાવીસ યજદોની ક્ષ્નુમનની ૨૬૪ દીવસ સુધી યજશને કરવામાં આવે છે.—તરજુમો કરનાર.]

દુન્યાને ખોલવનાર, વધારનાર તથા આબાદ કરનાર અર્શતાત્‌નાં શરિરને અમે વખાણુએ છિએ. તમામ યજાતઓનાં શરિરને અમે વખાણુએ છિએ.

૨૨ માંથ્રસ્પૅન્તનાં શરિરને અમે વખાણુએ છિએ. દેવોની વિરૂદ્ધના કાયદાને અમે વખાણુએ છિએ. જાહુકને માટે ઠરાવેલાં ફર્માનોનાં શરિરને અમે વખાણુએ છિએ. અમેશાસ્પૅન્તઓનાં શરિરને અમે વખાણુએ છિએ. અમને ફાયદો કરનારા દીનના પેશ્વાઓનાં શરિરને અમે વખાણુએ છિએ. તેનાં નુર તથા ખોરેહને લીધે, ઇત્યાદી.

---

૧૨. રશ્નુ યશ્ત.

જરથુશ્ત્રના માગવાથી અહુરમજ્દ પવિત્ર દીનનો કયો ભાગ મુખ્ય છે તે તથા ક્રિયાઓનું કયું કામ ઘણુંજ અગત્યનું છે તે જાહેર કરે છે; બરસમનો ઉપયોગ તથા બંદગી; અહુરમજ્દ પોતાની મદદ માટે કબુલાત આપે છે § ૧–૪.—રશ્નુની આરાધના તથા તેના પાસે કરવામાં આવતી માગણીઓ § ૫–૯.—તમામ સૃષ્ટિ અને કેશ્વરો ઉપર, વોઉરુકશ સમુદ્રમાં, રંઘા નદિમાં, પૃથ્વિના ચારે ખુનાઓમાં, હરબેરેજઇતિ અને તેની ટોચ ઉપર, સેતારાઓ ચંદ્ર, સૂર્ય, પ્રથમ રોશ્નુી, બેહેશ્ત, ગરોન્માન તથા ગુજરેલાંઓનાં રેહથાનમાં તે સરદારી ભોગવે છે § ૧૦–૩૮.

રશ્નુ યાને સચ્ચાઇનો ફરેસ્તો એને સાધારણ રીતે રશ્નુ-રજિશ્ત એટલે કે ઘણોજ સાચ્ચો, ઘણોજ પ્રમાણીક રશ્નુ કરી કેહવામાં આવે છે. મિથ્ર, સરોષ અને અર્શતાત (આસ્તાદ=ઇન્સાફ) નો તે સાધારણ સાથી છે. આ યશ્ત જે તેને અર્પણ કરેલી છે તેમાં તેને તમામ સૃષ્ટિની તપાસ રાખનાર તથા તે ઉપર સરદારી ભોગવનાર તરીકે ચિતાર્યો છે; તે હાડમંદ તેમજ મિનોઇ દુન્યાની, સેતારાઓ, ગૃહો, બેહેશ્ત, અહુરનાં રેહથાંન તેમજ પૃથ્વિની ચોકસી રાખે છે. રશ્નુ પ્રમાણીક, અશો અને પવિત્ર છે; તે સઘળું જુએ છે તથા તપાસે છે; અશો લોકોનું તે રક્ષણ કરે છે અને ચોરો તથા લુટારાઓને તે મારે છે.

અવસ્તા કરતાં વધુ પાછલા વખતની કેતાબોમાં રશ્નુ અને સરોશને ગુજરેલાંઓના ન્યાયાધીશ તરીકે ઓળખ્યા છે. મિનોખિરૅદમાં જણાવે છે કે રશ્નુ ગુજરેલાંઓનાં કામોનું તોલ કરે છે, જ્યારે સરોશ બદલો મેળવવા લાયકના પ્રમાણીક લોકોને બેહેશ્તમાં પસાર કરે છે અને બુરાંઓને વીજરૅષ દેવના સ્વાધીનમાં આપે છે. અવસ્તાના જમાનામાંજ કોઈક રીતથી આ વિચાર ચાલેલો હોવો જોઈએ, કારણ કે વન્દિદાદની ૧૮ મી ફર્ગરદની પેહેલવી સરેહથી જણવાઈ રેહેલા એક ફકરામાં કહે છે કે, બીજી દુન્યાના દર્વાજાના બે પોહોરેગીર ફરેશતાઓમાં એક રશ્નુ છે (યથાઓ અન્યો રશ્નુ રજિશ્ત). પણ વળી આ વાત બી ખરી છે કે, સાસાન્યન વખતમાં પણ લોકો જંદ ભાષામાં લખી જાણતા હતા.

આ યશ્ત રશ્નુ, મુર્દાદ (અમૅરતાત્), આશ્તાદ અને જમ્યાદ રોજે ખાસ ભણવા ઠરાવી છે.

---

૦ ખુશાલ રેહો અહુરમજદ (ઇત્યાદી, જુઓ યશ્ત ૧ લો ફકરો ૦). રાસ્ત રશ્નુને, દુન્યાને ખીલવનાર તથા વધારનાર અર્સ્તાતને, દુન્યાઈ ન્યાંમતોને ખીલવનાર સાચા સુખનને ખુશનુદ કરવા તથા તેમની આરાધના, વખાણ અને કીર્ત્તિ ગાવા માટે હું કબુલ થાઉંછું.

૧.

૧ અશો (જરથુશ્ત્ર) એ તેને પુછયું; "ઓ અશો અહુરમજદ! હું તારેથી સાચ્ચા જવાબો માંગવા ઇચ્છુંછું; (ઓ તું કે) જે (સઘલું) જાણે છે તે તું મને જવાબ આપ. તું નહીં ઠગાઇ શકે એવો, નહીં ઠગાઈ શકે એવી બુદ્ધિવાળો છે, તું સઘલું જાણે છે. પવિત્ર દીનનો કયો ભાગ સઘલાઓમાં શ્રેષ્ટ સચ્ચાઇથી ઠરાવેલો છે, કે જે બીજી પેદાએશોને તપાસવા કામ લાગે છે, તેમને તન્દરોરતી આપનાર, ઘણોજ ફાયદો કરનાર તથા તેમના કરતાં શ્રેષ્ટ છે?"

૨ અહુરમજદએ જવાબ દીધો: "ઓ રાસ્ત, અશો અને ઘણાજ પવિત્ર! હું તને તે જવાબ આપોશ. પવિત્ર દીનમાં સાચ્ચાં ખોરેહવાળા માંથ્ર સ્પૅન્તને સઘલાઓમાં સચ્ચાઇથી શ્રેષ્ટ ઠરાવ્યો છે, જે બીજી પેદાએશોને તપાસવા કામ લાગે છે, તેમને તન્દરોરતી આપનાર, ઘણોજ ફાયદો કરનાર તથા તેમનાં કરતાં શ્રેષ્ટ છે."

૩ પછી અહુરમજદે કહ્યું : " બર્સમ (ની સલીઓ વધતામાં વધતી જેટલી હોય છે એટલી)ના ત્રિજા ભાગને કાયદા મુજબ સૂર્યના માર્ગ તરફ (ઉભા રહીને) બાંધ (અને આ પ્રમાણે બોલ:) 'અહુરમજદને અમે આરાધ્યે છિયે, અમે વખાણ્યે છિયે. ઊંચે (તારા તરફ) ધરેલી ભેટો ઉપર, આતશ અને બર્સમ ઉપર, અતીશે વેહેતી પુષ્કળતા, ચરબદાર ન્યાંમતોનો ઢગલો અને ઝાડોનો પુષ્કળ રસ (યાને ફલદ્રુપ ઝાડો) મેલવવા માટે તેના પરોપકારને હું આરાધું છું.'

૪ " પછી હું અહુરમજદ તારી મદદે તે ઊંચે (મારા તરફ) ધરેલી ભેટો તરફ, આતશ અને બર્સમ તરફ, અતીશે વેહેતો પુષ્કળતા, ચરબદાર ન્યાંમતોનો ઢગલો, ઝાડોનો રસ (આપવા) માટે આવીશ. મારી સાથે ફત્તેહમંદ પવન અને મનનો શ્રાપ, તથા બાદશાહી ખોરેહ તેમજ મજદનો ઉત્પન્ન કરેલો સઓક (ફાયદો) (આવશે):"

૫ બળવંત રશ્નુને અમે આરાધ્યે છિયે તથા આશિર્વાદ દેઇએ છિયે. ઊંચે ધરેલો ભેટો ઊપર, આતશ અને બર્સમ ઊપર અતીશે વેહેતી પુષ્કળતા, ચરબદાર ન્યામતો તથા ઝાડોના રસનો ઢગલો (મેલવવા) માટે તેના પરોપકારને અમે વખાણ્યે છિયે.

૬. પછી બુલંદ, બળવંત રશ્નુ તારી મદદે તે ઊંચે ધરેલી ભેટો તરફ, આતશ અને બર્સમ તરફ અતીશે વેહેતી પુષ્કળતા, ચરબદાર ન્યાંમતોનો ઢગલો. તથા ઝાડોનો પુષ્કળ રસ (આપવા) માટે ફત્તેહમંદ પવન અને મનના શ્રાપ તથા બાદશાહી ખોરેહ તથા મજદના ઉત્પન્ન કરેલા ફાયદા સાથે આવશે.

૭ ઓ અશો રશ્નુ ! ઓ ઘણાજ સાચ્ચા રશ્નુ ! ઘણાજ પવિત્ર રશ્નુ ! ઘણાજ વિદ્વાન રશ્નુ ! સંપૂર્ણ રીતે તપાસ કરનાર રશ્નુ ! સઘલી બાજુઓ જોનાર રશ્નુ ! ઘણું દૂરનું જોનાર રશ્નુ ! અશો લોકોને વધુ સારો ટેકો આપનાર રશ્નુ ! ચોરોને વધુ સારી રીતે મરનાર રશ્નુ !

૮. ઓ રશ્નુ ! તું સઘલાઓ કરતાં વધારે સારી રીતે ચોરોને તથા લુટારા માણસોને ધોઃકારે છે, હફાવેછે, મારેછે તથા તેમનો નાશ કરેછે.

૨

૯ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું અરઁજહિ કેશ્વર ઉપર સરદારી ભોગવે છે. અમે બળવંત રશ્નુને આરાધ્યે છીએ તથા આશીર્વાદ દઇએ છીએ. ઊંચે ધરેલી આ ભેટ તેમજ આતશ તથા બર્સમ ઉપર વહેતી પુષ્કળતા માટે, ચરબદાર ન્યાંમતોના ઢગલા માટે, ઝાડોના રસકસ માટે, તારો પરોપકાર અમે વિનવીએ છીએ. ફત્તેહમંદ પવન તથા મનના આપ તેમજ બાદશાહી ખોરેહ તથા મઝ્દના પેદા કરેલા ઉપયોગ સાથે તે આવે. ઓ અશો રશ્નુ! ઓ ઘણાજ રાસ્ત રશ્નુ! (જુઓ ફકરા ૭-૮.)

૩

૧૦ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું સવહિ કેશ્વર ઉપર ચોકસી રાખે છે. બળવંત રશ્નુને અમે આરાધ્યે છીએ તથા આશિર્વાદ દઇએ છીએ, ઈત્યાદી. (જુઓ ફકરા ૫-૮.)

૪.

૧૧ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું ફ્રદધફ્ષુ કેશ્વર ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૫.

૧૨ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું વીદધફ્ષુ કેશ્વર ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૬.

૧૩ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું વોઉરુ-બરેશ્ત કેશ્વર ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૭.

૧૪ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું વોઉરુ-જરેશ્ત કેશ્વર ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૮.

૧૫ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું ખ્નિરથ કેશ્વર ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૯.

૧૬ કારણ કે ઓ રાસ્ત રશ્નુ; તું વોઉરૂકષ દરિયા ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૧૦.

૧૭ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું વોઉરૂકષ દરિયાની અધવચમાં આવેલું સએનનુ ઝાડ[1] જેને ભલા ઇલાજોવાળું, ઊમદા ઇલાજોવાળું, તમામ ઇલાજોવાળું ઝાડ કહેવામાં આવે છે. અને જેના ઊપર તમામ ઝાડોનાં તોખમો રહે છે તેના ઉપર તું ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૧૧

૧૮. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું રન્હા નદી ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૧૨.

૧૯. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું રન્હા નદીના પાણી સીપાયા વગરની જમીન ઊપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮).

૧૩.

૨૦. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું આ પૃથ્વીની છેક છેડેની હદ ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

---

૧. [સએનને પાછલાં જમાનાની દંતકથામાં શિનમૃ અથવા શિમૂર્ઘ કહેવામાં આવે છે. મિનોખિરેદમાં કહે છે કે એ પક્ષિની આસાએશની જગા એક ઝાડ ઊપર છે કે જેને જદ-બેશ (નુકસાન નહીં કરનારૂ) અને તમામ ઝાડોના તોખમો ધરાવનારૂં કહેવામાં આવે છે. જયારે એ ઝાડ ઉપરથી પક્ષિ ઊડે છે ત્યારે તેની ૧૦૦૦ દાંખલીઓ ફુટે છે; અને જયારે તે ઉપર આવીને બેસે છે ત્યારે તે તેની ૧૦૦૦ દાંખલીઓ તોડી નાખે છે અને તેનાં બીજ વીખેરી નાંખે છે. ચાંમ્રોશ નામનું એક પક્ષિ પડોસમાંજ રહે છે અને તેનું કામ એ હોય છે કે જદ-બેશ ઉપરથી જે બીજ પડે છે તે તે ભેગાં કરે છે અને જે ઠેકાણેથી તિશ્ત્ર્ય વરાલના આકારે પાણી ઊંચકી જાય છે ત્યાં લઈ જઈને તે નાખે છે જેથી તિશ્ત્ર્ય વરસાદની સાથે તે બીજોને દુન્યાના જુદા જુદા ભાગોને ફળદ્રુપ કરવા માટે વરસાવે છે.—તરજુમો કરનાર.]

૧૪.

૨૧. કારણ કે ઓ રાસ્ત રશ્નુ ! તું આ પૃથ્વીના વચલા ભાગ ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫–૮.)

૧૫.

૨૨. કારણ કે ઓ રાસ્ત રશ્નુ ! તું આ પૃથ્વીના તમામ ભાગો ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫–૮.)

૧૬.

૨૩. કારણ કે ઓ રાસ્ત રશ્નુ ! તું અતીશય વિસ્તીર્ણ, પ્રકાશીત હર–બેરેઝઇતિ ઉપર ચોકસી રાખે છે, કે જયાં નથી રાત કે નથી અંધારૂં; નથી થંડો પવન કે નથી સખત ગરમી; નથી પુષ્કળ મોત નિપજાવનાર દુઃખદરદ કે નથી દેવોની ઉત્પન્ન કરેલી નજીસાઈ. ત્યાં વાદલાંઓ પોહચી શકતાં નથી. (જુઓ ફકરા ૫–૮.)

૧૭.

૨૪. કારણ કે ઓ રાસ્ત રશ્નુ ! તું બુલંદ, વખાણને લાયકના, સોનાના બનાવેલા હુકઇર્ય ઉપર ચોકસી રાખે છે કે જેમાંથી ૧૦૦૦ માણસોની ઊંચાઇ જેટલા તફાવતથી અર્દ્વિસૂર અનાહિત વહે છે. (જુઓ ફકરા ૫–૮.)

૧૮.

૨૫. કારણ કે ઓ રાસ્ત રશ્નુ ! તું હરઇતિની ટોચ ઊપર ચોકસી રાખે છે કે જેના ઉપર સેતારાઓ, ચંદ્ર, તથા સૂર્ય પોહોંચે છે. (જુઓ ફકરા ૫–૮.)

૧૯.

૨૬. કારણ કે ઓ રાસ્ત રશ્નુ ! તું મજદના પેદા કરેલા વનંત સેતારા ઊપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫–૮.)

૨૦.

૨૭. કારણ કે ઓ રાસ્ત રશ્નુ ! તું પ્રકાશીત અનેનુરંમંદ તિશ્ત્ર્ય સેતારા ઊપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫–૮.)

૨૧.

૨૮. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું હફ્તો-ઇરિંગ સેતારાઓ ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૨૨.

૨૯. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું પાણીના તોખ્મો ધરાવનાર સઘળા સેતારાઓ[1] ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૨૩.

૩૦. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું જમીનનાં તોખ્મો ધરાવનાર સેતારાઓ ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૨૪.

૩૧. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું ઝાડોના તોખ્મો ધરાવનાર સેતારાઓ ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૨૫.

૩૨. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું સ્પૅન્તો-મઈન્યુને લગતા સેતારાઓ ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૨૬.

૩૩. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું ગોધાનું તોખ્મ ધરાવનાર ચંદ્ર ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૨૭.

૩૪ કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું સેતાબ ચાલનારા ઘોડાઓવાળા સૂર્ય ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૨૮.

૩૫. કારણ કે ઓ રાસ્ત રશ્નુ! તું શરૂઆત વિનાની અને પોતાનાજ કાયદાવાળી રોશણીઓ ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮)

---

૧. [મિનો ખિરેદમાં કહે છે કે પાણીનો સેતારો પાણીના વધારા માટે, પૃથ્વીનો સેતારો પૃથ્વીના વધારા માટે, ઝાડોનો સેતારો ઝાડોના વધારા માટે, ગોસ્પંદોનો સેતારો ગોસ્પંદના વધારાને માટે છે; પાણી, પૃથ્વી, ઝાડો, અને ગોસ્પન્દોના સેતારાઓ માણસની વૃદ્ધિ માટે છે.—તરજુમો કરનાર.]

૨૯.

૩૬. કારણ કે ઓ રુસ્ત રષ્નુ! તું અશો લોકોના પ્રકાશીત, તમામ દબદબાવાળા બેહેસ્ત ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮).

૩૦.

૩૭. કારણ કે ઓ રાસ્તુ રષ્નુ! તું રોશાન ગરોન્માન ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૩૧.

૩૮. કારણ કે ઓ રાસ્ત રષ્નુ! તું ગુજરેલાંઓની લાસ ને માટેની આરામગાહની જગાઓ ઉપર ચોકસી રાખે છે. (જુઓ ફકરા ૫-૮.)

૧૩. ફ્રવૅર્દીન યશ્ત (ફ્રવષિઓની યશ્ત).

ફ્રવષિઓની શકિત તથા તેમના ગુણોનું વર્ણન અને કીર્ત્તિ § ૧-૮૪. મજ્દયસ્નિ ધર્મને લગતા ગયમર્તનથી સોશ્યોસ સુધીના વખતના ઘણાજ વિખ્યાતી પામેલા પાદશાહ પેહેલવાંનો વગેરેની ફ્રવષિઓનાં નામોની આરાધના § ૮૫-૧૫૮.

ફ્રવષિઓ ફરેસ્તાઓનો એક ખાસ વર્ગ છે. તેઓની ખાશીઅત નક્કી કરવી ઘણીજ મુશ્કેલ છે અને તેમના વિષે મત વહેંચાયલાં છે, કારણ કે તેઓ બે પ્રકારના આકારો તેમનાં મૂળ અને તેમની ખાશીઅતના સંબંધમાં લે છે, તે બીના કેટલાકો ધયાનમાં લેતા નથી; એ બે આકારોમાં એક ઇરાની અને બીજો બેબીલોનીઅન-અૅકેદીઅન છે. ફ્રવષિઓ પ્રથમમાં ઇશ્વરી મરતબો પામેલાં ગુજરેલાંઓનાં રવાંનોને અર્થે હતાં એમાં કાંઇબી શક નથી, કે જેવે અર્થે પ્રખ્યાત લેટિન ફકરા "*dis Manibus sacrum*" માં *Manes* અને વેદમાં पितृ વપરાય છે અને તેની સાબુતી પુષ્કળ લખાણોમાંથી મલે છે. દાખલા તરીકે યજશ્નેના હા ૧૭ ના ૪૩ માં અને તેની પછીના ફકરાઓમાં આપણે આ મુજબ વાંચીએ છીએ: "પોતાના કાયદાવાળી જાથુકની રોશ્નીઓને અમે વખાણ્યે છીએ કે જેમાં ગુજરેલાંઓનાં રવાંનો રહે છે કે જે (રવાંનો) અશો લોકોની ફ્રવ-

ષિઓ છે." એવાજ ફકરાઓ યજશ્નેના ૨૪ માં હાના ૧૧ માં ફકરામાં ૨૬ માંના ૨૧–૩૪ માં ફકરામાં તથા ૨૨ મી યશ્તમાં મળે છે. એ ફ્રવષિઓ ખાસ કરી પોતાના કુટુંબોને તથા પોતાના મકાનોને રક્ષણ આપે છે; તેમને કોણ વખાણે છે તથા તેમને માટે કોણ ખાહેશ રાખે છે તે જાણવાને માટે તેઓ અત્રે આવે છે. જુઓ આ યશ્તના ફકરા ૪૯, ૬૫, ૭૯.

પણ મજદયશ્નાનો અહિંજ માત્ર અટક્યા નથી. અવસ્તામાં આપણે જોઇએ છીએ કે માત્ર ગુજરેલાંઓનીજ નહિ પણ જીવતાંઓની, મિનોઇ ફરેસ્તાઓની અને વળી ખુદ અહુરમજદની પોતાની પણ ફ્રવષિઓ છે. ખચીત ફ્રવષિઓ વિષે એમાં આ રીતે બે જૂદા જૂદા અને થોડુંજ મળતાપણું ધરાવનારા વિચારો જોવામાં આવે છે. પણ એ મુશ્કેલીનો ફડચો કરવા આગમજ અવસ્તામાં ફ્રવષિઓ માટે શું કહે છે તે આપણે જોઇએ. સાધારણ રીતે તેમને નીચલા એતાબથી ઓળખવામાં આવે છે; "અશો લોકોની પવિત્ર, બળવંત, ભલી ફ્રવષિઓ જેઓ દુનિઆને ફાયદો કરે છે અને અશો લોકોની મદદે ધસે છે. (જુઓ યજશ્નેના હા ૪ ફ. ૧૧; હા ૨૪ ફ. ૨૮; હા ૨૬ ફ. ૧) યજશ્નેમાં વળી જણાવે છે કે તેઓ આકાશને અને પૃથ્વિને ટેકવે છે તથા માતાના ગર્ભસ્થાનમાંના બાળકનું તમામ ખરાબીઓમાંથી રક્ષણ કરે છે. (જુઓ હા ૨૩ ફ. ૨) તેઓ પૃથ્વી ઊપર નદીઓનાં પાણી વગેરે લઇ જાય છે હા ૬૪ ફ. ૨૩. યજશ્નેના જે હાઓમાં ફ્રવષિઓ વિષે વિગતે બોલવામાં આવે છે તેમાં માત્ર દીનદાર મજદયસ્નાનો, અહુરમજદ અને અમેષાસ્પેન્તઓની ફ્રવષિઓ વિષેજ બોલવામાં આવે છે. એ ઊપરાંત વળી પહેલા માનવી (ગયો–મૅરતન), જરથુશ્ત્ર અને તેના છોકરા અથોરનાનોના વડા ઇસત–વાસ્ત્ર તથા વીશ્તાસ્પ જેઓને પઓર્યો ત્કએશોના એતાબથી ઓળખવામાં આવે છે તેઓની ફ્રવષિઓ પણ તેમાં વર્ણવી છે; તેમની પછી નબાનજિદશ્તઓની, હૈયાત, ગુજરેલાં અથવા હજી જનમવાના અશો લોકોની, અથોરનાનો અને મરદ તથા બાનુ દીનદારોની, મજદયશ્નાન મુલકો તથા પારકા મુલકોમાં વસ્તા દીનદારો તેમજ પહેલા માનવીના વખતથી તે કયામત સુધીના થયલા તથા થવાના સીધલા દીનદારોની ફ્રવષિઓ વિષે બોલવામાં આવે છે. (જુઓ હા ૨૩,૨૪,૨૬.)

ફ્રવષિઓને લગતા અસલ વિચારમાં પાછળથી કેટલોબધો વધારો થઇ ગયો છે તે ઊપલાં વર્ણન ઉપરથી માલમ પડે છે. તેઓ એ ઠેકાણે માત્ર ગુજરેલાંઓનાં રવાનોને અર્થે નથી પણ જીવતાંઓને તેમજ નહિ જન્મેલાંઓને તેમની સંભાલ માટે આપેલા ફરેસ્તાને અર્થેબી છે અને તેઓ

ગોયા પેદા કરનાર ઇશ્વર અને ચઢતી પંકતીના મિનોઓના છાંયા સરખા છે. ૨૩ માં હાના ૩ જા ફકરામાં તમામ મિનો યજદોને ફ્રવષિઓ આપવામાં આવી છે. આ રીતે આપણે ઠેક યજશ્નેના જમાનામાંજ ફ્રવષિઓને લગતા મૂળ વિચારથી ઘણા દુર નીકલી ગયલા આપણને જોઇએ છીએ; પણ એટલુંજ નથી. આ ચાલુ યશ્તના જમાનામાં તો, ફ્રવષિઓને પેદા કરનાર ઇશ્વર કરતાંબી ચઢીઆતો દરજ્જો આપવામાં આવ્યો છે, અને માત્ર અહુરમજદની પોતાનીજ ફ્રવષિને નહિ પણ કોઇનીબી ફ્રવષિને એવોજ મોટો દરજ્જો આપેલો જોવામાં આવે છે- આ યશ્તના ૧ લા ફકરામાં અહુરમજદ તેઓની કીર્ત્તિ ગાય છે કે જેથી તેઓ તેને મદદ કરે તથા સાહ્ય થાય. તેમના વિના પવિત્ર પેદાયશ હોતી નથી અને દેવો બળવંત થાય છે. એમનાથીજ પૃથ્વિ ઉપર સઘળાંઓ ઉગે છે તથા જીવે છે. માણસો પોતાનું પોષણ મેળવે છે તથા વિચાર કરી શકે છે. તેઓજ પહેલવાનોને ફત્તેહ અને માણસોને સઘળી ન્યાંમતો બક્ષે છે. તેઓ પ્રકાશિત, બળવંત, શ્યાંનો છે; સઘલાં દુઃખ દરદો દુર કરી આરામ આપે છે તથા દુશ્મનોને હફાવે છે. બુરા મિનોઓ સામે દીનદારો માટે તેઓ ગોયા બખ્તર સરખી છે. આકાશને તથા પાણીના મિનોઇ ઝરાઓને, જમીનને અને તેની નદીઓને તથા માતાના ગર્ભસ્થાનમાંના બાલકોને તેઓ ટેકવે છે. કયાંમતની વખતે કૅરૅસાસ્પ ઊપયોગી થાય એટલા માટે ૯૯૯૯૯ ફ્રવષિઓ તેના કાલબુદનું રક્ષણ કરે છે; જરથુશ્ત્રના તોખમોની ૯૯૯૯૯ ફ્રવષિઓ સંભાળ કરે છે જેમાંથી ભવિષ્યનો પેગમબર જન્મશે. કૅરૅસાસ્પ, અખુર, હોબ્યફહ, ફ્રદાક્ષિત વગેરે પુરાતમ પહેલવાનોની ફ્રવષિઓને હુમલાઓ અને લુંટફાટ, લોભના દેવ તથા બીજા દેવો અને ખાસ કરી અએષ્મને અટકાવવા માટે આરાધવામાં આવે છે, તેમજ યિમ અને થ્રએતઓનની ફ્રવષિઓને ટીપણી અને વેરાન્યત, દુઃખદરદ તથા અજ્હિની ઉત્પન્ન કરેલી ખરાબીઓ સામે લડવાને આરાધવામાં આવે છે.

ફ્રવષિઓનાં આવી રીતે હદથી બહાર ગયલાં વર્ણન ઉપરથી સવાલ ઉઠેછે કે, એમાં સચ્ચાઇ કેટલી છે અને એ વર્ણનને કેટલી અગત આપવી? આ વાત સામે કોઇથી વાંધો લઇ શકાશે નહિ કે યશ્તો કાંઇ ખાસ મજ્દયશ્ની ધર્મનો વફાદાર આરસો નથી. એ યશ્તોના કર્ત્તાઓ હીંદના ઋષિઓ મીસાલે પોતાના લખાણમાંના નાયકો (heroes) ને સઘલી પ્રકારે ખુબ ચઢાવવાને મેહેનત કરતા હતા; અને તેઓ પોતાના દરેક નાયકને એટલો બધો પ્રકાશીત ચીતાર આપતા હતા તથા તેમને એટલાં બધાં વિ-

પેશણો લગાડતા હતા કે, તે દરેક એક બીજા ઊપર ગોયા ચઢાવો કરતા હતા. ફ્રવષિઓનું કીર્ત્તન ગાવાની મોટી ઉતકંઠા માટે મોટી છુટ મેલવા છતાં તેનાં વર્ણનમાં જે એકેકથી ઉલટી બાબેદા આવેછે તેમને વીસારી મેલાય નહીં. દાખલા તરીકે આ યશ્તની સરૂઆતમાં કહે છે કે, ફ્રવષિઓની મેહેરબાંનીથીજ અહુરમજદ આકાશ તથા પૃથ્વિને ટેકવી શકેછે તથા અહુરની પોતાની ફ્રવષિ છે, પછી વળી આગળ ચાલતાં એજ યશ્તમાં કહે છે કે, ફ્રવષિઓને અહુરએ પેદા કરી છે. આ રીતે અહુર પોતાના પ્રાણીઓની સહાયતા વિના, તેણે તેમને બક્ષેલાં જોરની મદદ વિના આકાશને ટેકવી શકતો નથી એમ ઠરે છે ! વળી તેની પોતાની ફ્રવષિબી ઉપલાં વર્ણન મુજબ તેણે પોતેજ ઊતપન્ન કરી છે ! અને તે શા માટે ? §૬૩માં કહે છે કે, ફ્રવષિઓ અહુરના જમના હાથ ઉપર રહી તેની તરફથી લડે-છે, જેથી તે ખુશી થાય છે. એક ઠેકાણે કહે છે કે, દેવોની ધાસ્તીથી અટકેલાં પાણીઓને ફ્રવષિઓ ગતીમાં મેલે છે તથા ટેકે છે, જ્યારે બીજે ઠેકાણે જણાવે છે કે, એ કામ માત્ર વોહુમનો (બહમન) અને આતશથીજ બને છે. આ ઉપરથી ખુલ્લું માલમ પડે છે કે, આ યશ્તના કર્ત્તાએ પોતાના હમદીનોના વિચારોને વફાદારીથી જાહેર કરવાને બદલે ફ્રવષિઓને અતીશે રંગીન બનાવવા પાછલ વધારે મેહેનત કરી છે.

ઉપલાં સઘલાં વર્ણન ઉપરથી જે સામાન્ય સારાંશ ઉપર આપણે આવ્યે છીયે તે એજ કે, ફ્રવષિઓને લગતો સામાન્ય, વારેઘડયે માલમ પડતો ગુજરેલાંઓનાં રવાંનોને લગતો અર્થ ઘણો પુરાતમ હોવો જોઇએ. કારણ કે એ અર્થ આર્ય લોકોના વખતનો છે, પણપાછલા વખતમાં જીવતાઓની તથા ભવિષ્યમાં જનમનારાઓની તેમજ મીનોઈ ફ્રેસસ્તાઓ વગેરેની ફ્રવષિઓ ઠરાવવામાં આવી હતી. ફ્રવષિઓના આ નવા અર્થમાં તેનો ગુજરેલાંઓનાં રવાંનોને લગતો આગળો અર્થ સમાઈ જાય છે. સદર બુન્દેહેશનો નીચલો ફકરો જાણવા જોગ છે: “ભલી માજદયસ્ની દીનમાં કહે છે કે, પાંચ મિનોઈ બાશ્યત ધરાવનારા તત્વો માણસમાં નીચે મુજબના સમાયલા છે: જીંદગીનો તત્વ (જાન), અંતઃકરન (અખૂ), આત્મા (રવાંન), બુદ્ધિ (બોય) અને ફ્રવષિ (ફરોહર). તે સર્વેશ્રી બુલંદ કીર્તારે માણસનાં શરિરમાં આ પાંચે ચીજો કામે લગાડી છે; અને તે દરેકને એકેક કામની સંભાલ સોંપેલી છે. બુદ્ધિનું કામ યાદદાસ્ત શકિત તથા મનુશકિતની સંભાલ રાખી તેમની પાસે તેમનું કામ લેવાનું છે. ફરોહર તે છે કે જેને બોય ઊપયોગમાં મેલે છે; સારો ફાયદાકારક ખોરાક પચાવી જે કાંઈ ભારી અને નહીં હજમ થઈ શકે એવું હોય છે તેને તે રદ કરનાર

તથા દૂર કાહાડી નાખનાર (પાચન શક્તિ) છે; મરણને વખતે જાન હવા સાથે અને અપુ મિનોઈ તત્વો સાથે મળી જાય છે. બુદ્ધી, રવાંન અને ફ્રવષિ રહે છે અને તેઓ સાથે મળીને ઇન્સાફને શરણ થાય છે. તેઓ ત્રણ વખત સાથે મળે છે અને પોતાનાં કર્તુકોનો હીસાબ આપે છે." બુન્દહેશમાં કહે છે કે, પ્રથમમાં ફરોહરો માણસનીમાફક સુખ દુઃખને આધીન હતા અને તેઓ પાછલથી અમર્ગ થયાં હતાં. વળી મિનો ખીરેદમાં જણાવે છે કે, ગયોમરદની લાસમાંથી નવી દુન્યા બનાવનારા અશો મરદો તથા બાનુઓનાં ફરોહરો ઉત્પન્ન કરવામાં આવ્યાં છે. આ રીતે બુન્દેહશ, સદર અને મિનો ખિરેદમાંનું વર્ણન આ યશ્તમાં જે રંગીન બયાંન ફ્રવષિઓનું કરવામાં આવયું છે તેને ઊતારી પાડે છે, એટલુંજ નહી પણ એ ચારમાંથી કોઇબી બે વર્ણન એક મલતાં થઈ શકતાં નથી. એ વર્ણન કરનારાઓએ સઘલું લખાણ માત્ર પોતાની કલ્પના શક્તિથીજ કર્યું છે અને તેનાં સંબંધમાં કાંઇબી આધાર ધરાવતા તેઓ માલમ પડતા નથી.

એટલા માટે હવે સઘલાંને મેલીને આપણે અવસ્તાનેજ ફ્રવષિઓનાં વર્ણન માટે પકડવા જોઇએ છે. ફ્રવષિઓ પ્રથમમાં ગુજરેલાંઓનાં રવાંનો હતી, એ આપણે જાણયે છિયે અને જે શોધવાનું રહે છે તે જીવતાં તથા જનમવાનાં માણસો તેમજ મિનોઈ ફરેસ્તાઓની ફ્રવષિઓને લગતો ખુલાસો છે. પુરાતન આર્ય કે ઇન્દોજર્મનિક દંતકથામાંથી એનો ખુલાસો શોધવાને યત્ન કરવો ફોકત છે. સારાં ભાયગે અૅકેદ્યન લખાણોમાથી તેની ચાવી મળે છે, તેમાંથી આપણને જણાય છે કે અૅસિર્યનો જમીન તેમજ આકાશનો એકેક ફરેસ્તો ગણતા હતા અને તેની તેઓ આરાધના કરતા હતા. વળી તેઓ દરેક માણસનેબી એકેક ફરેસ્તો આપતા હતા, જે તેના મિનોઇ આકાર અને રક્ષણકર્તા જેવો હતો; એમ છતાં તે માણસોની નબલાઇને અને જાદુઇ મંત્રોની સત્તાને તાબે થતો હતો, માણસોનાં શરિરમાં રહીને અને દેવોની સત્તાને આધીન થઇને દુખદરદો ઉત્પન્ન કરતો હતો. આ ફરેસ્તો માણસને માટે "તેના પોતાના ઇશ્વર" જેવો હતો, અને દુઃખ દુર કરી સુખ આપવાનું કામ તેના એ ઇશ્વરનાજ હાથમાં રાખેલું હતું. એસ્યિર્યન લોકોના ફ્રવષિઓને લગતા આ સઘલા વિચારો અવસ્તામાં અને પાછલાં લખાણોમાં આપણને જડેછે. પ્રથમમાં અહુરમજદ, અમેષાસ્પેન્તઓ, જમીન, આકાશ, ઇત્યાદીના તેમજ અશો લોકોનું રક્ષણ કરનારા ફરેસ્તા તેઓ હતી; પાછલથી બુન્દહેશ મુજબ તેઓ માણસ જાતનાં જેવાં સંકટો ખમવાને લાયક થઈ હતી, અને માણસનાં શરિરમાં તેઓ પાચન શક્તિનાં જેવું કામ બજાવે છે એમ સદર બુન્દેહેશ ઉપરથી જણાય છે.

આ જાતના વિચારો ફિન્લૅન્દના પ્રાંતમાં હજી ચાલે છે અને તે તુરાંની લોકોમાં ઉત્પન્ન થયા હતા. મિદાના મેજાઇઓ પાસેથી ઇરાંનીઓને તે મળ્યા હતા, જેઓએ એ વિચારોને પોતાના ધર્મકર્માનોને અનુસરતા કરી નવો લેબાશ આપ્યો હતો.

---

૦ ખુશાલ રહો અહુરમજદ (ઇત્યાદી. જુઓ યશ્ત ૧ લી ફકરો ૦). અશો લોકોની બાહાદુર, ગાલેબ ફ્રવષિઓને, પેહેલા મહજબવાળાઓની તથા નબાનજિદશ્તઓની ફ્રવષિઓને ખુશ્નુદ કરવા તથા તેમની આરાધના વખાણ અને કીર્તિ ગાવા માટે હું કબુલ થાઉં છું.

૧.

૧ અહુરમજદએ અશો જરથુશ્ત્રને કહ્યું : અશો લોકોની બાહાદુર, તેજી ફ્રવષિઓનાં જોર, બળ, ચલકાત, (તેમજ તેઓથી મલતી) મદદ તથા ખુશાલી વિષે, સાચા સ્પિતમ ! હું તારી આગળ જાહેર કરવા ઇચ્છું છું કે જેથી તેઓ મારી મદદે આવે, જેથી અશો લોકોની બળવંત ફ્રવષિઓ મારે માટે મદદ લાવે.

૨ તેમનાં નુર તથા ખોરેહથી, ઓ જરથુશ્ત્ર ! હું આકાશને ટેકવી શકું છું; એ આકાશ છેક ઉંચાઇએ પ્રકાશે છે, જે દુરથી દેખાય છે અને જે આ જમીનને પોહોંચે છે તથા તેની આસપાસ ફરી વળેછે.

૩ જે મિનોઇ બનાવટનું, વણેલાં કપડાંને મળતું, નક્કર, અતોશે દુર સુધી લંબાતી હદવાળું, જમીનના ત્રણે ભાગ ઉપર(પંથરાતું) છે, જેને સેતારાઓથી સીગારાયલાં અને મિનોઈ બનાવટનાં વસ્ત્ર દાખલ મિથ્ર, રશ્નુ અને પવિત્ર આર્મઇતિની મદદથી અહુરમજદ પેહેડે છે અને જેના છેડા કોઇબી બાજુ તરફથી દેખાઇ શકાતા નથી.

૪-૮ તેમનાં (ફ્રવષિઓના) નુર તથા ખોરેહથી; ઓ જરથુશ્ત્ર ! હું અર્દ્વિસૂર અનાહિતને જાલવું છું, જે મોટા ઢોઢવાલી અને તન્દરોસ્તી આપનારી ઈત્યાદી, (જુઓ યશ્ત ૫ મી ફકરા ૧-૫).

૯ તેમનાં નુર તથા ખોરેહથી, ઓ જરથુશ્ત્ર! અહુરની પેદા કરેલી આ બુલંદ, વીસ્તીર્ન જમીનને હું ટેકવું છું, કે જે (જમીન) પ્રકાશીત

પુષ્કળતા ઉત્પન્ન કરેછે, અને જે તમામ હાડમંદ પ્રાણીઓને, જીવતાંઓ તેમજ ગુજરેલાંઓને તેમજ પુષ્કળ ઘાસચારાવાળા અને પુષ્કળ પાણી-ઓ વાળા બુલંદ પાહાડો ધારાવે છે.

૧૦ જેના ઉપર પાણીઓ નેહેરો મારફતે પુષ્કળ ઢોઢોમાં વેહેતાં વેહે છે, જેના ઊપર જમીનમાંથી તરેહવાર પ્રકારનાં ઝાડપાન ગોસ્પન્દો અને માણસોનાં પોષણ માટે, આર્ય મુલકોનાં પોષણ માટે, પાંચ પટા-વાળી ગાયનાં પોષણે માટે, અશો મરદોના ફાયદા માટે ઉગે છે.

૧૧ તેમનાં નુર તથા ખોરેહને લીધે, ઓ જરથુશ્ત્ર ! (માતાનાં ગર્ભસ્થાંન)માંનાં બાળકને હું મજબુતીથી ટેકવું છું તથા હંમેલથી તેણી ન્યમીત છુટે ત્યાં સુધી તેનું મોહોતમાંથી રક્ષણ કરૂં છું, જેથી ગર્ભસ્થાં-નમાં[1]જ તેનાં હાડકાં, રંગ, સ્નાયુઓ, કદ,[2] પગ તથા સ્ત્રી પુરૂષને ઓળ-ખાવાની ઈંદ્રીઓ હું ખોલવું છું.[3]

૧૨ કારણ કે જો અશો લોકોની બાહાદુર અને ગાલેબ ફ્રવષિઓ મને મદદ નહીં આપે તો પછી મારે માટે માણસો તથા સો જાતનાં અને સંપૂર્ણ ગોસ્પન્દો હોઇ શકે નહીં; સઘળું બળ દ્રુજેનું, સઘળી સત્તા દ્રુજેની, સઘળી હાડમંદ દુન્યા દ્રુજેની થાય.

૧૩ જમીનમાં તથા આકાશમાં બંને મિનો દ્રુજેને માટે ફત્તેહ-મંદ થાય; જમીનમાં તથા આકાશમાં બંને મિનો દ્રુજેની તરફથી લડત ચલાવે; ફટકા મારનાર સ્પેન્તમઇન્યુશને અન્ગ્રોમઇન્યુશ તાબે થાય નહી.[4]

૧૪ તેમનાં નુર તથા ખોરેહને લીધે અખુટ ઝરાઓવાળા ચાલુ ઢોઢમાં પાણી વેહે છે; તેમનાં નુર તથા ખોરેહને લીધે ઝાડપાંનો જમીન-માંથી અખુટ ઝરાઓ નજદીક ઉગે છે; તેમનાં નુર તથા ખોરેહને લીધે પવન વાદલાંઓને હાંકી મેલીને અખુટ ઝરાઓ નજદીક વેહે છે.

---

૧ વ્યા=વ્યે=આસપાસ ઘેરી લેવું.

૨ અથવા આંતરડાં; ધાતુ રુધ્=વેહેવું.

૩ ઉર્વત્=સંપૂર્ણતા. વીદાતુ=બાંધણી, પછવાડે મુકવું; છોડાવવું.

૪ યાને બંને મિનાઓ એકસરખી રીતે દ્રુજે (જુદાઇ) ને લગતા અને તેને તાબેદાર થઇ જાય.

૧૫ તેમનાં નુર તથા ખોરેહને લીધે બાનુઓને હંમેલ રહે છે. તેમનાં નુર તથા ખોરેહને લીધે તેઓ હંમેલથી સુખ સાથે છુટે છે; તેમનાં નુર તથા ખોરેહને લીધે તેઓને દીકરા મળે છે.

૧૬ તેમનાં નુર તથા ખોરેહને લીધે બુદ્ધિમાન, પોતાના વિચારો જાહેર કરનારો, કહેલું સારી રીતે સાંભલનાર માણસ જનમે છે, કે જેનામાં બુદ્ધિ મેલાયલી હોયછે અને જે બુરા ગઓતૅમ[1]ના સવાલોમાં ફત્તેહમંદ થાય છે.

તેમનાં નુર તથા ખોરેહને લીધે સૂર્ય પોતાના માર્ગમાં ફરે છે.— તેમનાં નુર તથા ખોરેહને લીધે માહાતાબ અને સેતારાઓ પોતાના માર્ગમાં ફરે છે.

૧૭ તેઓ યાને અશો લોકોની ફ્રવષિઓ સખત લડાઇઓમાં મદદ પોહોંચાડવાને ઘણીજ બળવંત હોય છે. અશો લોકોની ફ્રવષિઓમાં, ઓ જરથુશ્ત્ર! તેઓ ઘણીજ બળવંત હોય છે કે જેઓ પેહેલા મહજબવાળાઓ (પઓઇર્યોતકએષઓ)ની તથા દુન્યાને નવી કરનાર હજી નહીં જનમેલા સઓષ્યન્તોની છે. બીજાં માણસોની ફ્રવષિઓમાં, ઓ સ્પિતમ જરથુશ્ત્ર! ગુજરેલાંઓની કરતાં જીવતાં અશો લોકોની ફ્રવષિઓ વધુ બળવંત હોય છે.

૧૮ જે માણસ પોતાની જીંદગીમાં અશો લોકોની ફ્રવષિઓ માટે સંપુર્ણ ભેટો લેઈ જાય છે તે શ્રેષ્ટ પાદશાહ (મુલકનો સરદાર) થાય છે. બોહોલાં ખેતરોવાળા મિથ્ર તથા દુન્યાને આબાદ કરનાર તથા વધારનાર અર્દ્વીસુરને જે કોઈ સંપૂર્ણ ભેટો કરે તે માણસને આપખત્યાર સરદારી મળશે.

૧૯ આ રીતે અશો લોકોની બાહાદુર, ગાલેબ તથા જોરેમંદ ફ્રવષિઓનું જોર, બળ, કીર્ત્તિ તેમજ (તેમનાથી મલતાં) સુખ તથા મદદ,

---

૧ ગઓતૅમ બુદ્ધ અને તેના સાગેર્દો. એઓનો ધર્મ ઇરાનના પૂર્વ ભાગ તરફ ઇ૦ સ૦ ની ૨જી સદીમાં દાખલ થવા પામ્યો હતો અને તેઓને ઇરાંનીઓ સાથે ધર્મની બાબદમાં મજબુત વાદવિવાદ ચાલતા હતા.

ઓ જરથુશ્ત્ર ! તારી આગળ હું જાહેર કરૂંછું, અશો લોકોની ફ્રવષિઓ એ પ્રમાણે મારી મદદે આવેછે, તેઓ મને સહાય થાયછે.

૨.

૨૦ અહુરમજદએ અશો જરથુશ્ત્રને કહયું: જો આ હાડમંદ દુન્યામાં તારા માર્ગમાં કોઇ વિક્રાલ દેખાવની જણસ મળે, કોઇ બળવંત બુરો તારાં શરિરમાં ધાસ્તી ઉપજાવે તો તે વખતે આ કલાંમો બોલજે, આ ફત્તેહમંદ બંદગી ભણજે:

૨૧ અશો લોકોની ભલી, બાહાદુર અને પવિત્ર ફ્રવષિઓને હું વખાણું છું, હું તેમને આરાધું છું, બુજોર્ગી આપું છું; ઘરોની, મોહોલ્લાઓની, કસ્બાઓની, દેશોની, તમામ જરથોસ્તીઓની ફ્રવષિઓને, અશો જીવતાંઓની, થઇ ગયલા અશો લોકોની અને હવે પછી થનારા અશો લોકોની હૈયાત ફ્રવષિઓને, તમામ મુલકોની ફ્રવષિઓને, ઘણોજ ભક્તિભાવ ધરાવનારા મુલકોની ઘણીજ પરોપકારી ફ્રવષિઓને અમે આરાધિયે છિયે.

૨૨ જે (ફ્રવષિ)ઓ આકાશને ટેકવેછે, પાણીને ટેકવેછે, ઝાડપાંનને ટેકવે છે, ગોસ્પન્દોને ટેકવે છે, અને હંમેલદાર માતાનાં ગર્ભસ્થાંનમાંના બાળકને મજબુતીથી ટેકવે છે તથા નિયમીત વખતે હંમેલથી તેણી છુટે-ત્યાં સુધી તેને મોહોતની સામે જાલવે છે, જેથી ગર્ભસ્થાંનમાં (બાલકનાં) હાડકાં, રંગ, સ્નાયુઓ, કદ, પગો તથા સ્ત્રી પુરૂષ ઓળખવાની ઇંદ્રીઓને હું ખીલવું છું;

૨૩ જેઓ કૌવત સાથે ટેકો આપનારી, કુચમાં બળવંત, પોતા-નીજ ગતીથી ચાલનાર, ગાડીમાં સ્વાર થયલી, સેતાબીથી અને ધસારા-બંધ કુચ કરતી, ભલાં કામોમાં ઉતાવલી, ફત્તેહમાં ઉતાવલી, અને લડાઇમાં ઉતાવલી છે;

૨૪ જેઓ તેમને આરાધનારને ફત્તેહ આપે છે, જેઓ તેમને ચાહનારને પોતાની મેહેરબાંની બક્ષે છે; જેઓ તેમની આરાધના કરતાં, તેમને ખુશનુદ કરતાં અને તેમને જઓથ્રઓ અર્પણ કરતાં તેમને આ-રાધેછે તેમનાં દુ:ખદરદને આરાંમ કરેછે અને તેમને ભલી કીર્ત્તિ આપેછે.

૨૫ જેઓ જયાં અશો લોકો અશોઇને વધુ બાઝેલા હોય છે, જયાં તેમની ઘણી બુલંદ વખાણ થાય છે, જયાં અશો માણસ સંતોષી હોય છે, જયાં અશો માણસ દુઃખી થયલો હોતો નથી ત્યાં (વારેઘડયે) આવે છે.

૩.

૨૬ અશો લોકોની ભલી, બાહાદુર અને પવિત્ર ફ્રવષિઓને અમો વખાણ્યે છિયે, જેઓ ગાડીઓમાં સ્વાર થનારાઓમાં ઘણીજ બળવંત, લડવૈયાઓમાં ઘણીજ સેતાબ, ગાડીઓમાં બેસીને ધસનારી, પોતાનો અવાજ સંભલાવનારાઓમાં ઘણોજ ઓછો ગોઘાત કરનારી, ટેકો આપવ-માટે (ઘરના) થાંભાઓમાં ઘણીજ મજબુત, હથ્યારોમાં ઘણીજ ખાતરી ભરેલી, બખ્તરોમાં ઘણીજ ખાતરી ભરી છે અને જેમની (ધારવેલી-ટાંકેલી) નેમ ચુકતી નથી.

૨૭ તેઓ જયાં પોહોંચે છે ત્યાં તેઓ કૌવત થઇ પડે છે; અશો લોકોની ભલી, બાહાદુર અને પવિત્ર ફ્રવષિઓને બાંધેલી બર્સમ પકડીને અમે આરાધ્યે છિયે. તેઓ લડાઇમાં સેતાબી ધરાવનારી, લડાઇમાં ફત્તેહમંદ હોય છે, લડાઇમાં ફત્તેહ માટે બળવંત અને ચાલાક માણસો જયાં લડતા હોય છે ત્યાં તેઓ હોય છે.

૨૮ જયારે સ્પૅન્તમઇન્યુશે આકાશ, જમીન, પાણી, ઝાડપાંન અને ગોશ્પન્દના ટેકા માટે તથા માતાનાં ગર્ભસ્થાનમાંનાં બાળકને સ્ત્રી નીયમીત વખતે હંમેલથી છુટે તયાં સુધી મોહોતની સામે મજબુત રાખવા માટે ઇચ્છા કરી કે, જેથી ગર્ભસ્થાંનમાં બાળકનાં હાડકાં, રંગ, સ્નાયુઓ, કદ, પગો તથા સ્ત્રી પુરૂષ ઓળખવાની ઈંદ્રીઓને હું ખીલવું ત્યારે તેઓને (મેં) અહુરમજ્દએ આકાશ, જમીન, પાણી, ઝાડપાંન અને ગોશ્પન્દના બચાવ તરીકે પોતાની મદદે, પોતાની સહાયતાએ બોલાવી.

૨૯ આ બળવંત, ચુપકીદી અખત્યાર કરનારી, ઉત્તમ દેખાવની, ચાલાક આંખોવાળી, (સઘલાંને) સાંભલનારી, હંમેશ ખુશી રેહેનાર, બુલંદ, બુલંદ કમરબંધવાળી, શોહામણાં મકાંનોવળી, વીસ્તિર્ન જગામાં ફરનારી, પુષ્કળ ન્યાંમતો ધરાવનારી, દૂર સુધી ફોણ ફૂંકનારી, વીખ્યાતી પામેલી ફ્રવષિઓને સ્પૅન્તમઇન્યુ ટેકવે છે, તેઓ આસ્માનને ટેકવે છે.

૪.

૩૦ અશો લોકોની ભલી, બાહાદુર અને પવિત્ર ફ્રવષિઓને અમે વખાણ્યે છીયે, જેઓ ભલા સાથીઓ, ભલા પડોશીઓ, લાંબી દોસ્તીવાળી છે, જ્યારે તેઓ ગુસ્સે થયલી નહીં હોય ત્યારે ભલાઇવાળા માણસોનો સેવા કરવામાં ઘણીજ ભલી છે, જેઓ બોહોલાં (આકાશો)માં વસનારી, દૂરથી પ્રકાશીત, દુઃખદરદ દૂર કરનારી, પ્રખ્યાત, લડાઇઓમાં મારનારી અને જેઓ પેહલે (યાને ખોજવાત મળવા વગર) ઇજા કરનારી નથી.

૫

૩૧ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ દુઃખ દેનારાઓ માટે ભયંકર ખુશાલીવાળી, બળવંત કામ કરનારી, સઘલી ચીજોને ખીલવનાર, લડાઇ(નાં મેદાંન)માં દુઃખદેવાને ખુશી થનારા દુશમનોની કૌવતમંદ બાજુઓને તોડનારી છે.

૬

૩૨ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ ઊદાર, બળવંત, અતીશે કૌવતમંદ, કલ્પી નહીં શકાય એવી પ્રકાશીત, રક્ષણ કર્ત્તા, અષિવંહુઇના આરાંમ આપવાના ઇલાજો કામે લગાડીને દુઃખદરદ આરાંમ કરનારી છે, (જે ઇલાજો) આ જમીનના જેટલા વીસ્તારના, નદિના જેટલા લાંબા અને સૂર્યની ઊંચાઇ જેટલા ઊંચા છે.

૭

૩૩ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ બળવંત કામ કરનારી, રક્ષણ આપનારાં હથ્યારો ધરાવનારી, લડાઇમાં લશ્કર બનાવનારી, ભય ફેલાવનારી, દૂર સુધી જોનારી, દુઃખ દેનારાઓ., દેવો તથા માણસોનાં કપટ ટોડનારી, પોતાની મર્જી અને ભલી ખુશી મુજબ દુશમનોને મારનારી છે.

૩૪ આ મુલકોને સઘલા ફાયદા મેળવી આપનાર ઓ તમે ભલીઓ ! જ્યારે તમે ગુસ્સે થયલી ન હોવો, પણ સંતોશી, ઇજા થયા વગરની, કોઇબી રીતે દુઃખો થવા વિનાની હોવો ત્યારે તમે અજંદની પેદા કરેલી ફત્તેહને અને ફત્તેહમંદ સરસાઇને ભલી સત્તામાં મુકજો; આરાં-

ઘના તથા વખાણને લાયકની ઓ તમે! તમે ચાહો ત્યાં પોહોંચવા માટે તમે મુખ્ત્યાર છો.

૮.

૩૫ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ પ્રખ્યાત, લડાઇમાં લડનારી, ઘણીજ જોરેમંદ, બખ્તર રાખનારી, ઘણીજ હીમતવાંન છે, જેમને અશો લોકો, હુમલો કરનારા અને હુમલો થયલાઓ મદદે બોલાવે છે; હુમલો કરનારાઓ છટકવા (ફત્તેહ) માટે, હુમલો થયલાઓ છટકવા (રક્ષણ) માટે તેને આરાધે છે.

૩૬ જેઓ જ્યાં અશો મરદો પવિત્રાઇને ઘણાજ બાઝેલા હોયછે, જ્યા તેમને પુષ્કળ ભેટો (અર્પણ કરેલી) હોય છે, જ્યાં અશો મરદ સંતોશી હોય છે, જ્યાં અશો મરદ દુઃખી નહીં થયલો હોય છે ત્યાં ઘણીજ પોહોંચે છે.

૯.

૩૭ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ પુષ્કળ લશ્કરોવાળી, સો (પ્રકારનાં) હથ્યારોવાળી, ઊંચે પકડેલા વાવટાઓવાળી, પ્રકાશીત છે, જેઓ ભયંકર લડાઇઓમાં જ્યારે બાહાદુર લડવૈયાઓ દાનુઓ સામે લડાઇ લઈ જાય છે ત્યારે ક્ષતવિઓ[1] તરફ નીચે આવે છે.

૩૮ પછી તમે તુરાંની દાનુઓની ફત્તેહનો નાશ કરો છો, પછી તમે તુરાંની દાનુઓના કપટને તોડો છો; તમારેથી ટોળાના સરદારો બાહાદુર, પ્રકાશીત, બળવંત મદદના થાયછે કે જેઓ જોરેમંદ ક્ષતવિઓ, બળવંત ફાયદો કરનારાઓ, બળવંત પેહેલવાંનો છે, જેમનાં હથ્યારથી દશ હજાર સરદારોવાળા દાનુઓનાં ફરજંદો લોહોલુવાંન થાય છે.

---

[1] દંતકથાને લગતું આ નામ શું છે તે જણાયલું નથી. તેનો મુળ અર્થ લાયકાત અથવા બુજોર્ગી થાય છે. તુરાંન સામેની લડાઇમાં ફ્રવષિઓ ઇરાંનને મદદ કરતી હતી, જ્યારે દાનુઓ તુરાંન તરફથી ઊભા રેહેતા હતા. દંતકથામાં ફ્રવષિઓ ઇશ્વરી તોફાંન અને દાનુઓ દેવોનું તોફાન થઇ શકે.

૧૦

૩૯ અશો લોકોની......ફ્રવષિઓને અમે વખાણિયે છિયે, જેઓ લડાઇમાં સફ઼ સમારી ઉભેલાં લશ્કરને અટકાવી તેની બંને પાંખોને કાપી નાખે છે અને વચલા ભાગને તાબે કરે છે, તથા તે પછી તુરતજ અશો લોકોને મદદ કરવા અને ગુનેહગાર કામોવાળા માણસોને ઉખેડી નાખવા માટે ધસે છે.

૧૧

૪૦ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણિયે છિયે, જેઓ ચાલાક, તેજી, ફત્તેહ કરનાર, લડાઇ મારનાર, સખતાઇથી મારનારી, હફાવ નારી, અહીંથી તહીં ફરનારી, (અરજો) સાંભલનારી, તમામ કાંનોવાળી (ધ્યાંન દેઈ સાંભલનારી), મિનોઇ આત્માવાળી, અશો છે, જેઓ તેમને જે કોઇ આરાધે છે તેમને ફત્તેહ આપે છે, જે કોઇ તેમને માન આપે છે તેમને મેહેરબાંની બક્ષે છે તથા દુઃખદરદને આરાંમ આપે છે;

૪૧ જેઓ હાડમંદ દુન્યાના સરદાર, બે પગો વાળી હાડમંદ દુન્યાના વડા, (દીનને લગતાં) દરેક કામમાં (મદદ આપવા માટે) આવેલા, સઘલા દુઃખદેનારાઓ માટે ભયંકર જરથુશ્ત્રએ કરવા મુજબની આરાધનાથી જે કોઇ તેમને વખાણે છે તેને ભલી કીર્ત્તિ આપે છે.

૪૨ જેઓ જ્યારે લાયક રીતે તેમની આરાધના કરવામાં આવેછે ત્યારે ઘણીજ મેહેરબાંની ભરી ખાશ્યતની થાય છે; જેઓ લાયક રીતે તેમની આરાધના થાયછે ત્યારે સારી હાલતનું કૌવત અને અહુરની પેદા કરેલી ફત્તેહ તથા ફત્તેહમંદ સરસાઈ, તેમજ ન્યામતો મેલવનાર તથા પવિત્ર બક્ષેસો અને સંપૂર્ણ પાવિત્રાઈથી કરેલી આરાધના તથા વખાણને લાયકની તૃપ્તી લાવનાર ફાયદો મેળવીને આકાશની ઊંચાઇએથી ગેબી રીતે મદદ કરવા આવે છે.

૪૩ તે (ફ્રવષિ)ઓ આકાશ અને જમીન વચ્ચે સતવએસ સેતારાને વેહેવારે છે કે જે (સેતારો) પોતાનો અવાજ સંભલાવતાં પાણીઓને વેહેવારે છે, જે ઢોરો અને માણસોનાં પોષણ માટે, આર્ય મુ-

લકોનાં પોષણ માટે, પાંચ પટાવાળી ગાયનાં પોષણ માટે, અશો મરદોના નીભાવ માટે ઝાડોને ઉગાડવા સારૂ પાણી વેહેવારે છે.

૪૪ આકાશ અને જમીનની વચ્ચે સતવએસ પોતાનો અવાજ સંભલાવતાં પાણીઓને વેહેવારતો, ગોસ્પન્દો તથા માણસોનાં પોષણ માટે, આર્ય મુલકોનાં પોષણ માટે, પાંચ પટાવાલી ગાયનાં પોષણ માટે, અશો મરદોના નીભાવ માટે પાણી વેહેવારતો અને પ્રકાશીત, ચલકતાં, રોશ્ણીવાળાં ઝાડો ઊગાડતો આગળ વધેછે.

૧૨.

૪૫ અશો લોકોની........ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ લોખંડની કોહોડાવાળી, લોખંડનાં હથ્યારોવાળી, લોખંડના બખ્તરવાળી છે; જેઓ લડાઈ મારનારી, ફત્તેહમંદ અને પુષ્કળ ચળકાટ્વાળી (અથવા પ્રકાશીત પોશાકવાળી), સેતાબ ચાલના ઘોડાઓવાળી, ભાલાઓથી હથ્યારબંધ થયલી અને જ્યારે માણસોએ (બાળેલી) બોય (સુગંધી)નો સુવાસ પવનના આકારે તેમની વચ્ચે ફુંકતો જાય ત્યારે હજાર દેવોને મારવા માટે ઘોડા ઉપર સ્વાર થઈ આગળ વધનારી છે.

૪૬ માણસો તે (ફ્રવષિ) ઓને ઓળખે છે કે જેઓમાં ફતેહનો સુવાસ હોય છે; તે(લડવૈયા)ઓ (દુશ્મનને મારવાનો) તીર પકડવા આગમચ, તેઓ પોતાની બાજુઓ ઊંચકે તે આગમચ, ભલી, બળવંત અને પવિત્ર ફ્રવષિઓને માટે ભેટો લાવેછે.

૪૭ જે તરફથી તેમને પુષ્કળ યકીનનાં મનથી, ખરાં અંતકરનથી પેહેલે આરાધવામાં આવેછે તે તરફ અશો લોકોની બળવંત ફ્રવષિઓ, મિથ્ર અને રશ્નુ તથા મનના બળવંત શ્રાપ તેમજ ફત્તેહમંદ પવન સાથે આવેછે.

૪૮ જેમની તરફ અશો લોકોની બળવંત ફ્રવષિઓ, મિથ્ર અને, રશ્નુ તથા મનના બળવંત શ્રાપ અને ફત્તેહમંદ પવન સાથે જાયછે તેઓનાં (દુશ્મનના) મુલકો(નાપેહેલવાંનો)માંના પચાસને સતઘ્નથી સોને હજહઘ્નથી, હજારને બએવરઘ્નથી, દશ હજાર ને અસંખ્ય દુશ્મનોને મારનારાં હથ્યારોથી ફટકા મારી મારી નાખેછે.

૧૩.

૪૯ અશો લોકોની ભલી, બહાદુર અને પવિત્ર ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ હમસ્પથમએધના વખત ઉપર (પોતાના) મોહોલ્લામાં આવે છે અને દશ રાત સુધી શું મદદ (તેમની કને માગવામાં આવેછે તે) જાણવાની ખાહેશથી ત્યાં ફરેછે[1] (અને બોલેછે):

૫૦ કોણ અમારી સ્તુતીનાં ગાયણો કરવા ઇચ્છે છે, કોણ અમને આરાધવા ઇચ્છે છે, કોણ અમને બુજોર્ગ મરતબો આપે છે, કોણ અમને આશીર્વાદ દેશે? કોણ અમને પકવાંન તથા વસ્ત્ર સાથના હાથોવતી પવિત્રાઇને પોહોંચનારી બંદગી સાથે આવકારૂ દેશે? અમારામાંના કોણનું નામ લેવામાં આવશે? તમારામાંના કોણનો આત્મા (અમને) આરાધનાથી વખાણશે? અમારામાંના કોણને ભેટો અર્પણ કરવામાં આવશે કે જે ભેટો ખાવા લાયકની અને હંમેશ સુધી નાશ પામે નહીં એવી હોય?

૫૧ અગરજો કોઈ માણસ તેમને પકવાનો તથા વસ્ત્રો સાથના હાથોવતી, અશોઇને પોહોંચનારી બંદગી સાથે આરાધના અર્પણ કરે તો પછી અશો લોકોની બાહાદુર, સંતોષી, ગુસ્સે નહી થયલી, ઇજા નહીં પામેલી ફ્રવષિઓ તેના ઉપર આશીર્વાદો (આ પ્રમાણે) વરસાવે છે:

૫૨ આ ઘરમાં ગોસ્પન્દોની તથા માણસોની વૃદ્ધિ થજો; અહીં સેતાબ ચાલના ઘોડાઓ તથા મજબુત રથો થજો. જે માણસ હંમેશ

---

1. [આ ઠેકાણે ફ્રવષિઓનો અર્થ ખુલ્લી રીતે ગુજરેલાંઓનાં રવાંનો પિતૃઓ થાય છે. હમસ્પથમએધ ગાહામ્બાર જે વરસની આખેરીએ પડેછે તે ગાહામ્બારને સમયે તેઓ પોતાનાં આ દુન્યામાંનાં વતનમાં આવેછે અને દશ રાત સુધી ત્યાં રહેછે, જે દશ દિવસો સ્પન્દારમદ મહિનો અને આસ્તાદ રોજથી શરૂ થઈ વહિશ્તોયશ્ત ગાથાની આખેરી સાથે સમાપ્ત થાયછે. એ દશ દિવસો રવાંનોને લગતી ક્રિયાઓ, જસનો અને દાનધર્મ કરવામાં રોકવા ફર્માવેલા છે. રોમનો તથા ગ્રીકો પણ એજ પ્રમાણે વરસની આખેરીના દિવસો ઉપર પોતાનાં ગુજરેલાંઓની આરાધના કરતા હતા.— તરજુમો કરનાર.]

અમને પકવાન તથા વસ્ત્રો સાથના હાથોંવતી, અશોઇને પોહોંચનારી ઝિંદગી સાથ આરાધના અર્પણ કરે તેને મજબુત ડાહપણ હોજો.

૧૪.

૫૩ અશો લોકોની ‥‥ ‥‥ ફ્રવષિઓને અમે વખાણયે છિયે, જેઓ મઝ્દનાં પેદા કરેલાં પાણીઓને તેમના પ્રકાશીત માર્ગો બતાવે છે, જે (પાણી)ઓ પ્રથમમાં લાંબો વખત સુધી એકજ જગાએ સ્થીર ઊભાં રહયાં હતાં.

૫૪ પણ હવે તેઓ અહુરએ ઠરાવેલા માર્ગોમાં, બધઓનાં બનાવેલાં વાતાવરણમાં, પાણીનાં ઠરાવેલાં મઠકોમાં ઠરાવેલે વખતે અહુરમઝ્દની ભલી મરજી માટે અમેશાસ્પેંનતઓની ભલી મરજી માટે વેહે છે.

૧૫.

૫૫ અશો લોકોની‥‥‥‥ફ્રવષિઓને અમે વખાણયે છિયે જેઓ ફળદ્રુપ ઝાડોને શોહાંમનું અને નીયમીત ઉગાંન બતાવે છે (યાને ઝાડોને ઉગાડે છે કે) જે (ઝાડો) પ્રથમમાં લાંબો વખત સુધી એકજ જગાએ ઉગવા વિના પડી રહયાં હતાં:

૫૬. અને હવે તેઓ મઝ્દના પેદા કરેલા માર્ગમાં, બધઓની બનાવેલી હવામાં અહુરની ભલી મરજી માટે, અમેશાસ્પેન્તઓની ભલી મરજી માટે ઠરાવેલા સમયે ઉગે છે.

૧૬.

૫૭ અશો લોકોની‥‥‥‥ ફ્રવષિઓને અમે વખાણયે છિયે, જેઓ સેતારઓ, ચંદ્ર, સૂર્ય, સરૂઆત વિનાની રોશણીઓને તેમના માર્ગો બતાવે છે કે જેઓ દેવોનાં કપટ, દેવોના હુમલાની ધાસ્તીથી પ્રથમમાં એકજ જગાએ સ્થીર પડી રહયાં હતાં.

૫૮ પણ હવે તેઓ ભલી ફ્રોકર્તેશને પોંહોંચવા માટે દૂર સુધી ગોળાકાર ફરે છે.[૧]

---

૧. યાને દુન્યાની આખેરી સુધીના વખતની નોંધ કરે છે, જે આખેરી વખતો, દિવસો તથા વરસોના ગુજરવાથી આવશે.

૧૭.

૫૯ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે જેઓ પ્રકાશીત વોઉરુકશ સમુદ્ર ઉપર ૯૯૯૯૯ની સંખ્યામાં સરદારી ભોગવે છે.

૧૮.

૬૦ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ હફ્તોઈરિંગ સેતારા ઉપર ૯૯૯૯૯ નીસંખ્યામાં સરદારી ભોગવેછે.

૧૯.

૬૧ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે જેઓ ગુરૂજ ઊંચકનારા ગએસુવાળા સામ કૅરસાસ્પનાં[1] કાલબુદનું ૯૯૯૯૯ની સંખ્યામાં રક્ષણ કરે છે.

૨૦

૬૨ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે જેઓ અશો જરથુશ્ત્રનાં તોખમનો[2] ૯૯૯૯૯ ની સંખ્યામાં રક્ષણ કરે છે.

૨૧.

૬૩ અશો લોકોની.......ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે જેઓ શ્રેષ્ટ સાહેબ અહુરમજદની જમની બાજુએ (ઊભાં રહી) લડત ચલાવેછે.

---

૨ પેહેલવાંન કૅરસાસ્પ એક તુરાંનીના ફટકાથી મરણ પામ્યો હતો પણ તેનાં કાલબુદની મિનોઈ ફ્રવષિઓ રક્ષણ કરે છે. કયામતને વખતે તે પાછો હેયાત અથવા જાગૃત થશે અને અઝિદહાક જે દેવોનો સરદાર છે તેને મારી નાખશે. ગએસુ શબ્દનો અર્થ હજી અચોકસ છે. જૅન્દ પેહેલ્વિ શબ્દકોશમાં તેનો અર્થ "બાલના મોટા ગુચ્છા" કરવામાં આવ્યો છે, પરંતુ પેહેલ્વિ સરેહ કરનાર એનો અર્થ લડાઇનું એક હથયાર કરે છે.

૩. [બુન્દેહેશનાં ૩૨માં પ્રકરણમાં કહે છે કે, જરથુશ્ત્ર ત્રણ મરતબે પોતાની બાનુ હોવ પાસે ગયો અને ત્રણ મરતબે તેનું તોખમ જમીન ઉપર પડયું; નર્યોસંઘ યજદે તે તોખમનો પ્રકાશ તથા કૌવત ઊંચકી લેઇને અનાહિદ ફરેસ્તાની સંભાલમાં સોંપ્યું જે ઘટતા પ્રસંગે તેને એક માતા સાથે આમેજ કરશે. કાંસવ સરોવરમાં નાહાવા જતાં એ તોખમથી ત્રણ બાનુઓ હંમેલદાર થઇ ત્રણ પુત્રોનો જન્મ આપશે જેમાંનો એક ભવિષ્યનો પેગમ્બર સોશ્યોસ છે.—તરજુમો કરનાર.]

તે અશો લોકોની બળવંત ફ્રવષિઓ પોતે ઇજા પામવા વિનાની, સંતોશી, ગુસ્સા વિનાની અને ખીજવાત વિનાની હોય છે ત્યારે તે અશો (અહુરમજ્દ) ખુશી થાય છે.

૨૨.

૬૪ અશો લોકોની........ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, જેઓ શબ્દોથી વર્ણવી શકાય તે કરતાં વધારે બુલંદ, વધારે બળવંત, વધારે સેતાબ, વધારે જોરેમંદ, વધારે ફત્તેહમંદ, લડાઇમાં વધારે કુશલ અને વધારે ચાલાક હોય છે; જેઓ મ્યજ્દ (ખોરાકની ભેટો)ની વચમાં દશ હજારની સંખ્યામાં આવે છે.

૬૫ અમે જ્યારે વોઉરુકષ દર્યામાંથી પાણીઓ તથા મજ્દનાં ઉત્પન્ન કરેલાં ખોરેહ આવે છે ત્યારે અશો લોકોની બળવંત ફ્રવષિઓ પુષ્કળ સંખ્યામાં, સેંકડોની સંખ્યામાં, હજારોની સંખ્યામાં દશ હજારોની સંખ્યામાં આગળ વધે છે.

૬૬ અને પોતાના દરેક ખેશીને માટે, પોતાના મોહોલ્લા માટે, પોતાના કસ્બા માટે, પોતાના દેશ માટે પાણી લેઈ જતાં તેઓ મોટા અવાજથી બોલે છે કે: “ અમારો દરેકનો મુલક આરામ અને ખુશાલીમાં રહે!”

૬૭ જે પ્રમાણે એક બાહાદુર લડવૈયો સારી પેહે ભેગી કરેલી દોલત માટે આતુરતા અને કૌવતથી લડે છે તે પ્રમાણે તેઓ લડાઇમાં પોતપોતાની જગા તથા મુલક માટે લડે છે, કારણ કે તેમનામાંના દરેકને તેમની જગા તથા મકાંનની સંભાલ સોંપેલી હોય છે.

૬૮ અને તેઓમાંથી જેઓ લડાઇમાં ફત્તેહ મેલવે છે તેઓ પોતાનાં દરેક ખેશી, પોતાના મોહોલ્લા, પોતાના કસ્બા અને પોતાના મુલક માટે પાણી લાવેછે અને બોલેછે કે: અમારા દરેકનો મુલક આબાદી તથા વૃદ્ધિમાં રહે!

૬૯ જ્યારે કોઇ મુલકના શ્રેષ્ઠ પાદશાહી ભોગવનાર સરદાર તરફતેના દુશ્મનો કપટથી જોઇને તેને હેરાંનગતી પોંહોંચાડે છે ત્યારે તે તેમને યાને અશો લોકોની પવિત્ર ફ્રવષિઓને (મદદે) વિનવે છે.

૭૦ અને અશો લોકોની બળવંત ફ્રવષિઓ જ્યારે તેઓ ઇજા પામેલી હોતી નથી, સંતોશી હોય છે, ગુસ્સે થયલી તથા ખીજવાયલી હોતી નથી તો તેની મદદે આવેછે; તેઓ ચાલાક પાંખોવાળાં એક પક્ષિ મિસાલે તેની તરફ ઊતરી આવેછે.

૭૧ મિનો દ્રુજે અને વરૅન્યન બુરાઓ અને દુઃખ દેવામાં મઝા લેનારા કયધ્ અને તમામ દુઃખ દરદનાં કારણ અહ્રેમઇન્યુ સામે તેઓ તેને માટે તરવાર, બખ્તર, હુમલો કરવાનાં સાધન, રક્ષણ મેલવવાના કોઠા સરખી છે. જેમ એક પેહેલવાન સો, હજાર અને દશ હજાર દુશ્મનોને પોહોંચી વળેછે તેમ તેઓ (તેની તરફથી) તેમને (યાને તેના ઉપલા દુશ્મનોને) હઠાવે છે,

૭૨ જેથી તેને સારી પેઠે તીક્ષણ કરેલી છરી, સારી પેઠે ઘુમાવેલો ગુર્જ, સેતાબથી જનારા તીર, જોશથી ફેંકેલો ભાલો, મજબુત બાજુઓથી ફેંકેલો પથ્થર પોહોંચી શકે નહીં.

૭૩ નહીં પોહોંચી શકાય એવી જગાએ બેસનારી, અશો લોકોની પવિત્ર, બાહાદુર ફ્રવષિઓ એ સઘલાં (હથ્યારો જેવી) (તેમને માટે) છે અને શું મદદ (તેમના કને જોઇયે છે તે) માટે પુછપરછ કરતી (આવેછે); (જુઓ ફકરો ૫૦ મો.)

૭૪ અમે આકાશને વખાણ્યે છિયે, મિનોઓને અમે વખાણ્યે છિયે, દીનને અમે વખાણ્યે છિયે. સઓશ્યન્તઓને અમે વખાણ્યે છિયે, પશુઓના, જમીન ઉપર ચાલનારા જનાવરોના, પાણીમાં રેહનારાં જનાવરોના, હવામાં રેહેનારાં જનાવરોના, પાંખવાળાં જનાવરોનાં, જંગલી જનાવરોના, ખરીવાળાં જનાવરોના આત્માઓને અમે વખાણ્યે છિયે. ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે.

૭૫ ઉદાર, બાહાદુર, ઘણીજ કૌવતમંદ, અશો, ઘણીજ પવિત્ર, બળવંત, પરોપકારી, મજબુત, ગાલેબ, અજીત, બળવાન, સઘલે ફેરનારી ઘણીજ તેજી, ચાલાક, ઘણીજ ચાલાક ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે.

૭૬ જેઓ યાને અશો લોકોની ભલી, બળવંત અને પવિત્ર ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે, કારણ કે બંને મિનોઓની પેદા-

એશમાં તેઓ ઘણીજ ચાલાક છે અને જ્યારે બંને મિનો-સ્પૅન્તમઇન્યુ તથા અહ્રેમઇન્યુ—એ પોતાની પેદાએશ બનાવી ત્યારે તેઓ ત્યાં (ભલી પેદાએશોને ટેકવવા માટે) તૈયાર ઉભેલી હતી.[1]

૭૭ જ્યારે અહ્રેમઇન્યુ અશો પવિત્રાઇની પેદાએશમાં દાખલ થયો ત્યારે વોહુમનો અને આતશ તેની સામે થવાને આવ્યા હતા.

૭૮ અને એ બંને ફીરેસ્તાઓએ બુરા અહ્રેમઇન્યુનાં કપટનો નાશ કર્યો જેથી પાણીઓને તેમના ઝરામાંથી વેહેતાં અને ઝાડોને તેમના મૂળમાંથી ઉગતાં તે (અહ્રેમઇન્યુ) અટકાવી શક્યો નહી. તે પછી તુરતજ બળવંત કીર્ત્તાર, પાદશાહ અહુરમજદનાં ફળદ્રુપ પાણીઓ વેહેવા લાગ્યાં અને ઝાડો ઉગવા માંડયાં.

૭૯ તમામ પાણીઓને અમે વખાણ્યે છિયે; વનસ્પતીને અમે વખાણ્યે છિયે. અશો લોકોની તમામ ભલી, બળવંત અને પવિત્ર ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે. પાણીઓને તેમનાં નામથી, અશો લોકોની ભલી, બાહાદુર, અને પવિત્ર ફ્રવષિઓને તેમનાં નામથી અમે આરાધ્યે છિયે.

૮૦ તમામ પેહેલી (યાને પુરાતમ વખતના અથવા મોટા દરજ્જાના લોકોની) ફ્રવષિઓને અમે અત્રે અરાધ્યે છિયે. ઘણીજ બુલંદ, ઉત્તમ ઘણીજ સોહામણી, ઘણીજ મજબુત, ઘણીજ બુદ્ધિમાન, સરસ બાંધાની, અશોઇમાં ઘણીજ બુલંદ અહુરમજદની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૮૧ જેનો આત્મા ચલકાતમંદ, રોશણીવાળો, દૂરથી પ્રકાશીત માંથ્ર સ્પૅન્ત છે, જેને તેમજ અમેશાસ્પૅન્તઓને તથા સેતાબ ચાલીના ઘોડાઓવાળી સૂર્યને અહુરમજદએ આપેલાં પ્રકાશીત તથા ચાલાક શરિરને અમે વખાણ્યે છિયે.

---

1 [બુન્દેહેશનાં ૬ ઠાં પ્રકરણમાં જણાવે છે કે, ફ્રવષિઓ ઘોડે સવાર થઇને અને હાથમાં ભાલાઓ રાખીને આકાશની આસપાસ ઉભી હતી અને બુરા મિનોને કાંઇબી જગા ઉભું રેહેવાને નહીં મળવાથી તે પાછો દોજખમાં નાહાસી ગયો અને તેના દેવોનો નાશ થતો તેને અફશોસ સાથે જોવો પડયો. —તરજુમો કરનાર.]

૨૩.

૮૨ અશો લોકોની, તેમજ પ્રકાશીત, ચાલાક આંખોવાળા, બુલંદ મદદ કરનાર, તેજી અને બહાદુર, અહુરમજદને લગતા, અમર્ગ, અશો અમેષાસ્પેન્તઓની ભલી, બળવંત અને પવિત્ર ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે.

૮૩ જે સઘળા સાત (અમેષાસ્પેન્તો)ઓ એકજ વિચારના, એકજ સખુનના, એકજ કામના છે, જેમના વિચાર, સુખન અને કામ એકજ છે અને જેમનો એકજ પિતા અને સરદાર પેદા કરનાર અહુરમજદ છે;

૮૪ જેઓ એક બીજાના આત્માને પવિત્ર વિચારો, પવિત્ર સુખનો, ભલા કામો, અને ગરોન્માન વિષે વિચાર કરતો જુએ છે, અને જેમના માર્ગો[1] (તમને અર્પણ કરાતી) ભેટો તરફ તેઓ આવે છે ત્યારે પ્રકાશીત અને બુલંદ ચલકાતના હોય છે.

૨૪.

૮૫ અશો લોકોની, તેમજ પવિત્ર અને બુદ્ધિમાન ઉર્વાજિશ્ત આતશ[2] ની તથા અશો, બળવંત, ચાલાક, દીનના અવતાર, દ્રઘ ચાલના, અહુર તરફ ભક્ત ભાવ રાખનાર સ્રઓષની અને નઈર્યોસઙ્હની ભલી, બહાદુર અને પવિત્ર ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે.

૮૬ રશ્નુ રાસ્તની અને બોહોળાં ખેતરોવાળા મિથ્રની, તથા માંથ્ર સ્પેન્તની, તથા આકાશની અને પાણીની, અને જમીનની અને ઝાડ પાંનની, અને ગોધાની તથા ગયોમરતન (ગયોમર્દ)ની તથા તમામ પવિત્ર પેદાએશની (ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે).

૮૭ ગયોમરતન (ગયોમર્દ)ની ફ્રવષિને અમે વખાણ્યે છિયે, જેણે અહુરના વિચારો તથા તેના હુકમો પ્રથમ સાંભળ્યા હતા, જેનામાંથી તેણે આર્ય મુલકોની નસલ તથા આર્ય મુલકોનાં તોખમો ઉત્પન્ન કર્યો.

૮૮ અશો અને પરેહજગાર જરથુશ્ત્રની પવિત્રાઈ અને ફ્રવષિને અમે વખાણ્યે છિયે, જે ભલું વિચારવામાં, બોલવામાં અને કરવામાં પેહેલો

૧. [વેદમાં એને મળતો શબ્દ દેવયાન મળે છે. —તરજુમો કરનાર.]

૨. [ઝાડોમાંનો આતશ.—તરજુમો કરનાર.]

૧૯

હતો, જે પેહેલો આથ્રવન (અથોરનાન), પેહેલો રથએસ્ત (પેહેલવાન), પેહેલો બુર્જીગર ભરવાદ હતો.[1] જે પેહેલો (દીન) શીખેલો અને પેહેલો શીખવનાર, જે પેહેલે ગોરપન્દ, પવિત્રાઇ, બેશારતના સુખનો, ઇશ્વરી સુખનો તરફ તાબેદારી અને બળ તથા મજદની પેદા કરેલી પવિત્રાઇનાં મુળવાળી તમામ ન્યામતો (મેળવવા) માટે લાયક થયો હતો અને જેણે પેહેલવેહેલી (એ ચોજો) (માનવીઓને) તેમની લાયકાત મુજબ આપી હતી.

૮૯ જે (જરથુશ્ત્ર) પેહેલો આથ્રવન, પેહેલો પેહેલવાન, પેહેલો બુર્જીગર ભરવાદ હતો, જેણે દેવોની તેમજ માનવિઓના જનમની આગી મચ આકાશી ગોળો ફેરવ્યો હતો,[2] જેણે પ્રથમમાં હાડમંદ દુન્યાન-પવિત્રાઇ વખાણી હતી, જે દેવોનો નાશ કરનાર, મજદયસ્નની તથા જરથોસ્તી દીન ઉપર એતેકાદ રાખનાર, દેવોની વિરૂધ્ધનો, અહુરની દીનનો સાગેર્દ હતો; જેણે પ્રથમમાં દેવોની સામે મંત્ર થઇ પડનારી, અહુરની દીનને અનુસરતી પવિત્ર પેદાએશને લગતી બંદગીના કલાંમ કહયા;

૯૦ જેણે પ્રથમમાં પવિત્ર પેદાએશને લગતી, દેવોની વીરૂધ્ધની, અહુરની દીનને અનુસરતી બંદગી જાહેર કરી; જે હાડમંદ દુન્યાની પેદાએશમાં જે કાંઇ દેવોને માટે ઉત્પન્ન કરવામાં આવેલું હતું તે આરાધના તથા વખાણને લાયક નથી એમ જાહેર કરવામાં પેહેલો હતો; જે હાડમંદ મુલકોમાં ઘણોજ બળવંત, સંપૂર્ણ જીંદગીનો અને વળી પેહેલો દીનદાર હતો.[3]

---

૧. [અથોરનાન પેહેલવાંન અને બુર્જીગર ભરવાદના ત્રણ વર્ગો પેહેલાં જરથુશ્ત્રએ સ્થાપી એ ત્રણે ધંધા ઉપર પોતાના ત્રણ છોકરાંઓ ઇસતવાસ્ત્ર ઊર્વતતનર અને હુર-ચિથ્રને વડા કર્યા હતા.—તરજુમો કરનાર.]

૨. 'અઓત' ને બદલે અહીં "હુત" વાંચો. 'ચખ્રમ'નો અર્થ અહીં દુન્યા અને તેની ગતી થાયછે. ગ્રીક તવારિખ કર્ત્તા દાયનના જણાવવા મુજબ ઇરાંનીઓ દુન્યાને અહુરમજદની રથ લેખતા હતા.

૩ પઓઇર્યોતકએષોનો અર્થ જરથુશ્ત્રની આગમચના અશો લોકો નહીં, પણ મજદયશ્ની ધર્મ પેહેલે અખત્યાર કરનારા, પેહેલા અહુરતકએષો થાય છે એમ આ ફકરો બતાવે છે.

૯૧ જેનેથી તમામ માંથ્ર, તમામ ભલા કલામો જાહેર થયા હતા, જે હાડમંદ દુન્યાનો સાહેબ તથા સરદાર, સર્વેથી બુલંદ, સર્વેથી સંપૂર્ણ, સર્વેથી સોહામણી અશોઇને વખાણનાર તથા અત્યાર સુધીમાં થઇ ગયલી દીનોમાંની સર્વેથી સંપૂર્ણ દીનનો પૂછનાર (યાને એવી દીનનો અહુરમજ્દથી અભ્યાસ કરનાર) હતો.

૯૨ જે (જરથુશ્ત્ર) ને અમેષાસ્પેન્તોએ સૂર્યની સાથે એકદીલની ખાહેશથી, પુરતા એતેકાદથી તથા ખરાં અંતઃકરણથી ઇચ્છયો; જે હાડમંદ દુન્યાનો સાહેબ તથા સરદાર, ઘણીજ બુલંદ અને ઘણીજ સંપૂર્ણ દીનનો વખાણનાર તથા અત્યાર સુધીમાં થઈ ગયલી દીનોમાંની સર્વેથી સંપૂર્ણ દીનનો પૂછનાર હતો.

૯૩ જે (જરથુશ્ત્ર)નાં જનમવાથી તથા ઉગવાથી પાણીઓ તથા ઝાડપાનો ખુશી થયાં, જેનાં જનમવાથી તથા ઉગવાથી પાણીઓ અને ઝાંડપાનો બુજોર્ગ થયાં, જેનાં જનમવાથી તથા ઉગવાથી સ્પેન્તમઇન્યુનાં તમામ પ્રાણીઓએ મુબારકબાદી જાહેર કરી (અને બોલ્યાં):

૯૪ "અમને મુબારકબાદી હોજો! તે અશો અથોરનાન જરથુશ્ત્ર જનમ્યો છે! તે જઓથ્રઓથી અને બાંધેલી બર્સમથી અમારી આરાધના કરે; હવેથી તમામ કેશ્વરો જેમની સંખ્યા ૭ ની છે તે ઊપર ભલી માજદયસ્ની દીન ફેલાવો પામે.

૯૫ "હવેથી બોહોલાં ખેતરોવાળો મિથ્ર દેશોની તમામ મુખ્ય ન્યામતોને ખીલવે, અને સાથે જોડાયલાઓ (મિત્રો)ને ખુશી કરે; હવેથી બળવંત અપાંમ્નપાત્ દેશોની તમામ મુખ્ય ન્યામતોને ખીલવે અને સાથે જોડાયલાઓને ખુશી કરે.

૨૫.

૯૬[1] આરાસ્તના છોકરા મઇધ્યોમાઓહની પવિત્રાઈ અને ફ્રવષિને અમે વખાણિયે છિયે, જેણે પેહેલવેહેલાં જરથુશ્ત્રનાં ફરમાનો

---

૧. અહીંથી પ્રખ્યાત પુરૂષોની એક લંબાન ટીપ શરૂ થાય છે, જેમાંના ઘણાક અવસ્તા જમાનાની દંત કથાને લગતાં છે, જ્યારે બાકીનાઓ વિષે બીજે કોઠે કશું જણાવેલું નથી. આ ઉપરથી સવાલ ઊઠે છે કે, આ પાછલા

અને દીનને સાંભલી.[1] અશો અસ્મો ખન્વાઓની ફ્રવષિને, અશો અ-વ્મો ખન્વાઓની ફ્રવષિને, અશો ગવ્યની, અશો પ્રકાશીત પર્વતગાઓ-

---

[1] નામો માત્ર કલ્પનાથી ઉપજાવેલાં છે કે નહીં? તેમનામાનાં ઘણાંખરાંઓના અર્થ ખુદ તેમની પોતાનીજ અંદરથી વાંચી શકાતા હોવાથી તથા તેમની ચોકસ નીયમીત ગોઠવણ ઉપરથી એવો વિચાર સ્વીકારવાને લાલચ થાય છે. દાખલા તરીકે §૧૦૧માં ચાર નામો 'અર્શ્તિ' એટલે ભાલા ઉપરથી નીકલ્યાં છે અને તેમને લગાડેલાં ચાર વિશેષણો એ હથીઆરનાં જુદાં જુદાં કદ બતાવે છે; §૧૦૨માં આઠ નામો 'આતરે' યાને આતશ ઉપરથી બનાવેલાં છે. વળી એ ઉપરાંત ટીકા કરવાની એ છે કે: (૧) એમાંના ઘણાંખરાં નામોના અર્થ જણાયલા નથી; (૨) જ્યારે અવસ્તામાં ટાંકેલાં નામોમાંનાં ઘણાંખરાંઓનો અર્થ હોય છે; (૩) વળી એકનાં એક નામો ત્રણ ત્રણ વખત ટાંકેલાં મલે છે અને એ ઉપરથી એમ પણ માની શકાય છે કે કર્તાએ પોતાનાં જમાનાંમાં જંન્દ સાહીત્યમાં વપરાતા સઘલાં વિશેષ નામો ટાંકી જવાની અત્રે ઇચ્છા રાખી હોય. પેહેલવાન પાદશાહોનાં નામો બીજાં નામોની વચમ વીએરી નાખવામાં આવ્યાં છે, કયામત વખતે નવી દુન્યા બનાવનાર પેગંમ્બરનાં નામ સાથે આ યશ્તના ૨૫, ૨૬ અને ૨૭મા કરદાઓનો છેડો આવે છે. એ ઉપરથી શું એમ પુરવાર થતું નથી કે આહીં ત્રણ જુદી જુદી ટીપોને સાથે જોડી નાખવામાં આવી છે? એક બીજો સવાલ છે અને તે એ કે અતરે જણાવેલાં ઘણાંખરાં નામો સાથે છઠ્ઠી વિભકિતમાં એક શબ્દ આવે છે, જે શબ્દ તે નામવાળા પેહલવાનના પિતાનું નામ લેખવું કે તેનાં વિશેષણ તરીકે ગણવું. એમાંથી કયો વિચાર પસંદ કરવો તે માટે લખાણ ઉપરથી મદદ મલતી નથી, પણ કેટલાકોના બાબમાં છઠ્ઠી વીભકિતમાં આવતો શબ્દ કોઈ જાણીતા પેહેલવાન પાદશાહનુ નામ જણાયછે અને તેથી આપણે એ છઠ્ઠી વીભકિતના શબ્દોને કોઈ પાદશાહ પેહલવાનનાં નામ તરીકેજ બીજા કોઈ અર્થની ગેરહાજરીમાં લેખાશું.

[1] ૧. મઇદ્યોમાઓંહ એ જરથુશ્ત્રનો પિત્રાઇ અને તેનો પેહેલો સાગેર્દ. આ ફકરામાં જે બીજાં નામો આવ્યાં છે તે આ છેલ્લાના સાથીઓ હશે. મઇદ્યો માઓંઘનો અર્થ પુનમનો ચાંદ થાય છે અને તે પછી જે બે નામો આવેછે તેમનો અર્થ આકાશ અને વાદલાં થાયછે. ૯૭મા ફકરામાં જે નામો

નો, સ્નવકના છોકરા વોહુ અસ્તિની, બળવંત, અશો વરાજની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૯૭ દુન્યામાં પ્રખ્યાત (અથવા અહ્રૂમ-સ્તૂત્‌ના છોકરા) સએનની ફ્રવષિને અમે વખાણ્યે છિયે, જે પેહેલવેહેલે દુન્યામાં સો સાગેર્દો સાથે ફર્યો હતો; અશો ફ્રદિધયની, અશો ઊસ્માંનર પેષતની, ફ્રાનના છોકરા અશો વોહુરઓચાઓની, ફ્રાનના છોકરા પવિત્ર અષોરઓચાઓની, ફ્રાનના છોકરા અશો વરસ્મોરઓચાઓની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૯૮ જરથુશ્ત્રના છોકરા અશો ઇસત-વાસ્ત્રની, જરથુશ્ત્રના છોકરા અશો ઉર્વતત્‌નરની, જરથુશ્ત્રના છોકરા અશો હુર્ચિથ્રની,[1] બાહાદુર અને અશો દએવો-ત્બિશ્‌ની, સ્પિતમને લગતા ત્રણની,[2] અશો અને ખુબસુરત દાઓહહુની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૯૯ બાહાદુર, દીનના તાબેદાર, દૃધ ચાલના, અહુરને લગતા અશો કવિ વીશ્તાસ્પની ફ્રવષિને અમે વખાણ્યે છિયે, જેણે આગળ કુચ કરતાં અશોઇને માટે વીસ્તીર્ન જગા મેળવવાને કોશેશ કરી, જેણે આગળ કુચ કરતાં અશોઇને માટે વીસ્તીર્ન જગા શોધી, જે અહુરની તથા જરથુશ્ત્રની દીનની બાજુ અને ટેકો હતો.

"રઓચાઓ"થી આબેર થાય છે તેમનો અર્થ સેતારાઓનો પ્રકાશ થાય છે. વળી એમાં જે સએન શબ્દ છે તેને સો સાગેર્દોવાળો એવું વિષેશણ લગાડવામાં આવ્યું છે અને તેથી તેનો અર્થ અહીં શિમુર્ગ પક્ષિ વરીકે જેમ કેટલાકો ધારે છે તેમ થઇ શકે નહીં. એવોજ વિચાર §૧૦૯માં આવતા અનુ તથા યનુ વિષે આપી શકાશે.

૧ જરથુશ્ત્રને ત્રણ છોકરા અને ત્રણ છોકરીઓ થઈ હતી: ઇસત વાસ્ત્ર, ઉર્વતત્‌નર અને હુર્ચિથ્ર; ફ્રેન, સ્રિત અને પોઉરુચીસ્તિ.

૨ કયાંમત પછી જે ત્રણ નવા પેગમ્બરો-હુશેદર બામી, હુશેદરમાંમી અને સોશ્યોસ-જનમવાના છે તેમને માટે અહીં ઘણુંકરીને ઇસારો છે.

૧૦૦ જેણે જાહેર રીતે હુનુઓ (ના હાથમાં)થી તે બંદીવાન થયલીને છોડવી[1] અને તેને (લોકોની) વચમાં બુજોર્ગ દરજજાની, અષ્ઉત, અશો, ગોશપન્દો અને ઘાસચારાને ઉછેરનારી; ગોશપન્દો અને ઘાસચારાને ચાહનારી તરીકે[2] બેસાડી.

૧૦૧ અશો જઇરિવઇરિની[3] ફ્રવષિને અમે વખાણ્યે છિયે, અશો યુખ્તવઇરિની, અશો સ્રીરઓક્ષ્તની; અશો કૅરૅસઓક્ષ્તની, અશો વનારની, અશો વરાંજની, અશો બુજીસવોની,[4] અશો બૅરૅજિ-અર્શિતની, અશો તીજિ-અર્શિતની, અશો પૅરૅથુ-અર્શિતની, અશો વીજયર્શિતની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૦૨ અશો નાપ્ત્યની, અશો વજાસ્પની, અશો હબાસ્પની, નઓતરના અશો વીસ્તઉરુની,[5] અશો ફ્રાંષામ્વૅરૅતની,[6] અશો ફ્રષોકૅરૅતની, અશો આતરૅવનુની, અશો આતરૅપાતની, અશો આતરૅદાતની, અશો આતરૅચિથ્રની, અશો આતરૅખ્વરેનોની, અશો આતરૅસવોની, અશો આતરૅજન્તુની, અશો આતરૅદહ્યુની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

---

૧ વીશ્તાસ્પએ હુનુઓના હાથમાંથી "દીન"ને પકડી છુટી કરી હતી અને પછી તેને બુજોર્ગ દરજજો આપ્યો હતો.

૨ કારણ કે જરથોસ્તી દીન ભટકતા લોકોને બદલે ઠરીઠામ પડી રહી ખેતી કરનારાઓની જીંદગીને પસંદ કરે છે.

[૩. જરિર. એ પાદશાહ ગુસ્તાસ્પનો ભાઈ થતો હતો (જુઓ યશ્ત પમી ફ૦ ૧૧૨) એ પછી જે બીજાં દશ નાંમો આવે છે તેઓ પણ પાદશાહ ગુસ્તાસ્પના ભાઇઓ હશે એમ બુન્દેહેશના ૩૧મા બાબના ૨૯ મા ફકરામાંથી ધારવામાં આવે છે.—તરજુમો કરનાર.]

[૪. પ્રોફેસર વૅસ્ત એને ગુસ્તાસ્પના ભાઈ પાત-ઓસ્રુ સાથે સરખાવે છે.—તરજુમો કરનાર.]

[૫. ધસ્તહમ. એ નોદરનો છોકરો થતો હતો (જુઓ યશ્ત પમી ફ૦ ૭૬) અજબ જેવું છે કે, અહીંઆ તુશ વીશે બોલવામાં આવ્યું નથી.—તરજુમો કરનાર.]

[૬. એ કદાચ ફ્રષીદ્વર્દ હશે. ફ્રષીદ્વર્દ ગુસ્તાસ્પનો છોકરો થતો હતો અને તે અર્જાસ્પના એક પેહલવાંનને હાથે માર્યો ગયો હતો. જેનું વેર તેના ભાઇ ઇસ્ફન્યારે (સ્પેન્તો-દાતએ) લીધું હતું. એની પછી આતરૅથી શરૂ થતાં જે નામો છે તે તેના ભાઇઓનાં હશે એમ માનવામાં આવે છે.—તરજુમો કરનાર.]

૧૦૩ અશો હુશ્કયઓથ્નની; અશો પષિશ્કયઓથ્નની, અશો અને બહાદુર સ્પેન્તોદાતની,[1] અશો બસ્તવઈરિની,[2] અશો કવારસ્મ-ની,[3] અશો ફ્રષઓશ્ત્ર-હ્વોવની,[4] અશો જામાસ્પ-હ્વોવની,[5] અશો અવા-ઓશ્ત્રીની ફ્રવષિને અમે વખાણુયે છિયે.

૧૦૪ ફ્રષઓશ્ત્રના ખાનદાનવાળા અશો હુશ્કયઓથ્નની, ફ્રષ-ઓશ્ત્રના ખાનદાનુવાળા અશો ખૂદએનની; જામાસ્પના છોકરા અશો હુહુરૂની, હુહુરૂના છોકરા અશો વર્ષ્નની, અવારઓશ્ત્રિના છોકરા અશો વોહુનેમોની ફ્રવષિને ખરાબ ઉંઘની સામે, ખરાબ સ્વપ્નાની સામે, ખરાબ ભુત પલીદો સામે, ખરાબ પઈરિકાઓ સામે અમે વખાણુયે છિયે.

૧૦૫ સીમએજીનો દીનદારોની મીજલસનો વડો, અએશ્રપઈતિ (અએર્પત્ અથવા હૅર્બદ) છોકરો અશો માંથ્રવાક[6] કે જેણે બુરી ખાહેશ-વાળા, પવિત્ર કીર્ત્તનોમાં ગોંધાટ કરનાર, સરદાર તથા ધર્મગુરૂ વિનાના, બુરી ઇચ્છાવાળા, ફ્રવષિઓ સામે લડનારા ઘણાખરા નાપાક અષેમઓઘ ઓ (અસ્મોઘો) ને મારી નાખ્યા હતા, તેની ફ્રવષિને અશો લોકોને દુઃખ દેનારાં કપટને અટકાવવા માટે અમે વખાણુયે છિયે.

[૧. ઇસ્ફેનદયાર એ ગુસ્તાસ્પનો પેહલવાંન દીકરો હતો અને તે રૂશતમના હાથે માર્યો ગયો હતો.—તરજુમો કરનાર.]

[૨. પ્રોફેસર વેસ્ત એને ફીરદોશીએ જણાવેલા નસ્તુર સાથે સરખાવે છે અને કહે છે કે તે જરીરનો છોકરો થતો હતો જેણે પોતાના બાપના ખુની વીદ્રફ્શને મારી નાખ્યો હતો.—તરજુમો કરનાર.]

[૩. પાછલા વખતનો ગુરૅજમ. તે (બુરહાંને કાતેહ મુજબ) ઇસ્ફેન-દયારનો અદેઓ ભાઈ થતો હતો અને પોતાના બાપ આગળ તેની નાલેસી કરી તેને બંદીખાને નખાવ્યો હતો. ફીરદોશી કહે છે કે તે ગુસ્તાસ્પનો એક સગો હતો.—તરજુમો કરનાર.]

[૪. એણે પોતાની છોકરી હ્વોવીને જરથુશ્ત્ર સાથે પરણાવી હતી.—તરજુમો કરનાર.]

૫. જુઓ યશ્ત ૫મી ફ૦ ૬૮.

૬. યાને દીનનો ફેલાવનાર, મીજલસોમાં દીનને લગતી વાએજીઓ કરનાર.

૧૦૬ મઇદ્યોમાઓંહના છોકરા અશો અષસ્તુની, શશ્તરૅવઘ્ર-ન્તાના છોકરા અશો અવરૅથ્રબમી, દાજ્ગરાસ્પના છોકરા અશો બુધ્રની, અશો જખ્યઉર્વાઓની, જખ્યઉર્વાઓના ખાનદાનના બળવંત, દિનના તાબેદાર, ચાલમાં દૃઢ, અહુરને લગતા કરસ્ન[1]ની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૦૭ જે (કરસ્ન)ના ઘરમાં ખુબસુરત અને પ્રકાશીત અષિવહુઉહી ખુબસુરત, ઘણીજ જોરેમંદ, દબદબાવાળી, બુલંદ કમરબંધવાળી, ચેહેરે નમુન, ઉમદા, જુવાન છોકરીના આકારમાં આવતી હતી, જે (કરસ્ન) લડાઇમાં ગુંતાતી વખતે પોતાની બાજુઓ વતી પોતાનાં શરીર માટે મોટો રસ્તો કાઢતો હતો; જે લડાઇમાં ગુંતાતી વખતે દુશ્મનો સામે પોતાની બાજુઓ વતી લડતો હતો.

૧૦૮ કરસ્નના છોકરા અશો વીરાસ્પની, કરસ્નના છોકરા અશો આઝાતની, કરસ્નના છોકરા અશો ફ્રાયઓધની, અશો વહુ-અર્ષ્યની, દાનેશમંદ અને મઝ્દયસ્નાનોમાં સર્વેથી દીનદાર અર્ષ્યની, અશો દારચત્રથની, અશો ફ્રયાત્રથની, અશો સકારચત્રથની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૦૯ અશો અર્શ્વાઓની, અશો બ્યર્શ્વાઓની, અશો પઇત્યર્શ્વાઓની, અશો ચમ્રુની, અશો અમ્રુની. અશો દ્રાતની, અશો પઇતિદ્રાતની, અશો પઇતિવહુહની, અશો ફ્રષાવક્ષની, અશો નૅમોવહુ વએધ્યહુહની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૧૦ અશો વિસધની, બિવાંદહુહના છોકરા અશો અષાવ્રહુની, પઇતિશ્તીરના છોકરા અશો જરીદહુ[2]ની, આથ્બ્યોજના છોકરા અશો

---

૧. [એ કદાચ સાસાન્યન જમાનાની તવારીખમાં અગતનો ભાગ બજાવી ગયલાં કારૅન કુટુંબનો વડો હશે; એ કુટુંબ પોતાની સરૂઆત ગુસ્તાસ્પના જમાનાથી લેખાવતું હતું.—તરજુમો કરનાર.]

૨. [બિવાંદહુના છોકરા અષાવહુને તેમજ પઇતિશ્તિરના છોકરા જરીદહુને પ્રોફેસર વૅસ્ત અૅર્જહિ તથા સવહિ કેશ્વરોના બુન્દેહેશ્માં જણાવેલા બે દસ્તુરો અષાષગઇદ-બુન્દયાંન અને હોઅજરીદધરિએ-પરે શત્યારો સાથે સરખાવેછે. પેગમ્બર સોશ્યોસ. જુઓ ફકરા ૧૧૭ તથા ૧૨૮.—તરજુમો કરનાર.]

નરમ્યજદની, અરના છોકરા અશો પૅરૅજિરનુની, અરના છોકરા કસુપતુની, અશો ફ્રયાની, અશો અસ્તવત્‌ઍરૅતો[1] ની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૨૬.

૧૧૧. અશો અને બાહાદુર, તમામ ન્યાંમતો સાથે ભેગી કરનાર અશો ગઓપિવહુની, અશો સ્તઓતવહિશ્તની, ક્ષતાવએનના[2] છોકરા અશો પોઉરુધાક્ષિતની, ક્ષતાવએનના છોકરા અશો ક્ષ્વિશ્પ્રાસ્પની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૧૨. પોઉરુધાક્ષિતના છોકરા અશો અયોઅસ્તિની, પોઉરુધાક્ષિતના છોકરા અશો ગયદાસ્તિની, પોઉરુધાક્ષિતના છોકરા અશો અષવજદાઓની, પોઉરુધાક્ષિતના છોકરા અશો ઉરૂધુની, ક્ષ્વિશ્પ્રાસ્પના[3] છોકરા અશો ક્ષથ્રોચિનોની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૧૩ ઇંરિતના છોકરા અશો અષાહુરની, અશો ફ્રાયજન્તની, ફ્રાયજન્તના છોકરા અશો ફ્રેનની, ફ્રાયજન્તના છોકરા અશો જરોવહુની, સાયુજિદ્રના છોકરાઓ અશો અશોવજદાઑ અને શ્રિતની,[4] વરકસના છોકરા અશો વોહુરઓચોની, અશો તુરાંની[5] અરૅજહ્‌હાઓની, અશો ઉસિનેમોનો ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૧૪ અશો યુખ્તાસ્પની, ગયદાસ્તિના છોકરા અશો અષરકયઓથ્નની, કતુના[6] છોકરા અશો વોહુનેમોની, કતુના છોકરા અશો વોહુઅજદાઑની, અષસર્યાંસના છોકરા અશો અષસરૅધની, અષજર્યાંસના છોકરા અશો અષસરૅધની, અશો ચાક્ષિનની, અશો સ્પ્રાવાસ્પિની, અશો કવિ પોઉરુશિતની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૧૫ મારનાર (યાને બાહાદુર લડવૈયા) અશો વર્સસ્પની, બાહાદુર, અશો નનરાશિતની, બાહાદુર, અશો જરજદર્તિની, અશો ગઍ-

૧. ભવીષ્યમાં થનારો પેગમબર સોશ્યોસ. જુઓ ફકરા ૧૧૭ તથા ૧૨૮.

૨. આગલ આપણે જે ક્ષતવિઓ માટે બોલી ગયા છિએ તે એહશે.

૩. જુઓ યશ્ત ૫મી ફ૦ ૭૨. ૪. જુઓ યશ્ત ૫ મી ફ૦ ૭૨.

૫. કદાચ આહીં એનો અર્થ "તૂરના છોકરા" થતો હશે.

૬. સરખાવો જુની ફ્રેંચ ભાષાનો બોલ=Katu લડાઇ, જે વિષેશ નામોની છેડે વપરાય છે અને જુની જર્મન ભાષાનો શબ્દ Kadhu.

વની–વોહુનેમોની, અશો અરેજવત્–સ્રુતો–સ્પાધની, અશો જરયહુઘ્ઓ-સ્પેન્તો–પ્રત્વાઓની, અશો વહ્નિ–વાઝેરજની, અશો ફ્રાચ્ય–તઉર્વાતિની, દીનનો ફેલાવો કરનાર અશો વહ્લદાથની, સધમાઓના છોકરા અશો ઉ-ર્વત્રની ફ્રવશિને અમે વખાણ્યે છિયે.

૧૧૬ અશો દહુફ્સૂતની, અશો દહુફ્રાદાઓની, અશો અસ્પો-પધો–મક્ષિતની, અશો પયહરે–મક્ષિતની, અશો ઉશ્તાજન્તની, અશો અષસવોનો, અશો અષોઉર્વથની, અશો હમોખ્ષ્રનોની, અશો વષ્નની ફ્રવશિને અમે વખાણ્યે છિયે.

૧૧૭ અશો ફ્રવની, અશો ઉસ્નાકની, અશો ખ્વન્વાઓની, અશો દએનવરેજોની, અશો અરેજઓનની, અશો અઇવિખ્શ્રનોની, અશો હુયજતની, અશો અરેધસ્પની, અશો પાજિનોની, અશો ખ્ષ્વક્ષથ્ર-ની, અશો અષોપઓઇર્યની, અશો અસ્તવત્ઍરેતોની ફ્રવશિને અમે વખાણ્યે છિયે.

૨૭.

૧૧૮ અશો હુગાઓની, અશો અહુયુની, અશો ગાઉરિની, ગાઉરિના છોકરા અશો યુશ્તની, અશો માંજદ્રાવહુની, અશો સ્રીર વહુની, અશો અયુતની, અશો સૂરોયજતની ફ્રવશિને અમે વખાણ્યે છિયે.

૧૧૯ અશો ઍરેઝ્રની, અશો કવિની, વિદ્યાવાન, દૂરસુધી વખણા-યલા, બુલંદ અશો ઉક્ષન્‌ની, પોતાના કાયદા મુજબ ચાલનાર વહુધાત-ની, વહુધાતના છોકરા અશો ઉજયની, અશો ફ્રૂયની ફ્રવશિને અમે વખાણ્યે છિયે.

૧૨૦ અશો અષેમ્–યહે–રઓચાઓની, અશો અષેમ્–યહે–વરેજની, અશો અષેમ–યહ્માઇ–ઉશ્તની,[1] ફ્રયાન ખાનદાનવાળા અશો યોઇશ્તની,[2] અશો ઉસ્માનર–પેષતનો, પઇતિસ્રીરના છોકરાઓનો ફ્રવ-શિને સગાંઓને દુઃખ દેનાર કપટને દુર કરવા માટે અમે વખાણ્યે છિયે.

---

૧. [દાદેસ્તાનમાં કહેછે કે, ખુનિરથના અમર્ગ હાકમોમાંનો તે એક છે અને ફ્રયાન ખાનદાનનો કેહેવાય છે, બુન્દેહેશ મુજબ તે નાઇવિતાક નદિવાળા જીલ્લીમાં રહેછે. તરજુમો કરનાર.]

૨. જુઓ યશ્ત ૫ મી ફકરો ૮૧ મો.

૧૨૧ ઉસ્પાંસ્નુના છોકરા અશો સ્પિતિ[1]ની, ઉસ્પાંસ્નુના છોકરા અશો ઍરજાસ્પની,[2] મનદયસ્નાન ઉસધનની, સ્તિવાતના છોકરા અશો ફ્રાદતવહુની, અશો રઓચસચએષમનની, અશો હ્વરચએષમનની અશો ફ્રસ્રૂતારની, અશો વીસ્રૂતારની, અશો બરેમ્નની, અશો વીસ્રૂની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૨૨ અશો હ્વાસ્પનો,[3] અશો ચથ્વરસ્પની[4] અશો દવ્રામએષિની, કુષના છોકરા અશો ફ્રઓરઓશ્ત્રની, કએવના છોકરા ફ્રીનાસ્પની, ગ્રવરેતુના છોકરા અશો ફ્રાદતનરની, આંખ્નોના છોકરા અશો વોહુઉશ્ત્રની, અઇન્યુના છોકરા અશો વીવારેશ્વાઓનો ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૨૩ તુરાંની અશો ફ્રારાજિની, પ્રકાશીત, અશો સ્તિપિની, ગન્દરેવના છોકરા અશો પર્ષન્તની, અશો, પવિત્ર અવષ્યની, માયવના છોકરા અશો અએતની, બ્યાતના છોકરા અશો યએતુશગાઓની, કવિ અશો ગરશ્તની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૨૪ જામના છોકરા અશો પોઉરૂબહુની, કાતના છોકરા અશો વોહુ દાતની, સાઓહુના છોકરા બાઓહુની, અશો હ્વરેજ તથા અંકસની, અશો મુલકવાળા અશો અરવઓશ્ત્રનો, ઉમદા અને અશો ફ્રાચિશ્નની, અઇન્યુના છોકરા અશો વોહુપૅરસની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૨૫ પુષ્કળ વરસાદવાળા મુલકના દાશ્તાગ્નિના છોકરા અશો પશેદસ્મની, ફ્રતુર અને બએષસ્તુરની, તુરાંની અશો અવરેગાઓ અને

---

૧ [ફ્રદધફ્શુ કેશ્વરમાંનો દસ્તુર (સ્પીતોઇદે ઓસપોસીનાન), બુન્દેહેશ બાબ ૨૯ ફ. ૧—તરજુમો કરનાર.]

૨ [વીદધફ્શુ કેશ્વરમાંનો દસ્તુર (અઇરીજ રાસ્પ ઓસપોસીનાન), બુન્દેહેશ બાબ ૨૯ ફ. ૧—તરજુમો કરનાર]

૩ [ઘણું કરીને વોઉરૂબરેશ્તિ કેશ્વરનો દસ્તુર હુવાસ્પ, બુન્દેહેશ બાબ ૨૯ ફ. ૧—તરજુમો કરનાર.]

૪ [ઘણું કરીને વોઉરૂજરેશ્તિ કેશ્વરનો દસ્તુર ચખ્રવાક, બુન્દેહેશ બાબ ૨૯ ફ. ૧—તરજુમો કરનાર.]

અઓઇધ્રિમતની, વારેઘડયે દવ પડનારા મુલકવાળા જવનોરઓજદયના છોકરા અશો ગાઓમતની, મોટા થઇ શકે એવા મુલકોને વધારનાર અશો અએવ-સરધ-ફ્રએશ્તની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૨૬. બુલંદ આકારવાળા સએન ખાનદાનના અશો તીરો-નકથ્વની, બાહોશીથી હુમલો કરનાર વિત્કએવિ સએનના છોકરા અશો ઉતયુતિની, જમીનને પવિત્ર કરનાર[1] સએન ખાંનદાનવાળા. અશો ફ્રોહક્ફ્રની, મોટાં કદવાળા અશો વર્સ્મોરઓચાઓની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૨૭ આ મુલકવાળા અશો અષનેમહ્હ અને વીદતગવની, અપક્ષીર (દુધ વિનાના) મુલકવાળા અશો પર્ષતગવ અને દાજ્ગરોગવની, કહર્કન (ખાંનદાનવાળા) અશો હુફ્રવાક્ષની, પીધ ખાંનદાંનવાળા અશો અકયધની, અપરજન્તના છોકરા અશો જામાસ્પની, અપરજન્તના છોકરા અશો મઇધ્યોમાઓહ્હની, અશો ઉર્વતત્નરોની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૨૮ અશો રઓચસચએષ્મનની, અશો હ્વર્ચએષ્મનની, અશો ફ્રાદત્ખ્રનોની, અશો વેરેદત્ખ્રનોની, અશો વોઉરુનેમોની, અશો વોઉરુસવોની, અશો ઉક્ષયત્અરેતની, અશો ઉક્ષયતનેમોની, અશો અસ્તવત્અરેતોની[2] ફ્રવષિને અમે વખાણ્યે છિયે;

૨૮.

૧૨૯ જે (અસ્તવત્અરેતો) ફત્તોહમંદ સઓષ્યન્ત નામ ધરાવશે, જે અસ્તવત્અરેતો નામ ધરાવશે; તે સઓષ્યન્ત[3] છે કારણ કે તમામ હાડમંદ દુન્યાને તે ફાયદો કરશે; તે અસ્તવત્અરેતો[4] છે કારણ કે તન

---

૧. મેરેજ-જેમ્ ઉપરથી; સરખાવો સંસ્કૃત मृज् क्ष्मा,

૨. આ ફકરામાંના છેલ્લાં ત્રણ નામો ઉક્ષયત્અરેતો, ઉક્ષયતનેમો અને અસ્તવત્અરેતો ભવિષ્યમાં થનારા ત્રણ પેગમ્બરો ઓષેદરમાહ, ઓષેદરબામી અને સઓષ્યન્તના છે.

૩. ફાયદો કરનાર.

૪. ગુજરેલાંઓને સજીવન કરનાર.

અને જાનવાળો હોઇને તે બે પગવાળા દુર્જેની સામે થવા માટે, અશો-ઇનો નાશ કરનારનાં કપટની સામે થવા માટે હાડમંદ. પ્રાણીઓના નાશ કરનારની સામે તે થશે.

૨૯.

૧૩૦ દેવોની ઉત્પન્ન કરેલી લાચારી, ખેતીવાડીના શત્રુ ટોપણી અને અમર્ગ[1] નાશ કરનારની સામે થવા માટે વિવંહાતના છોકરા બળવંત, પુષ્કળ ટોળાંઓ (મીજલસો) ના સરદાર અશો યિમની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૩૧ દુઃખદરદ, તાવ, રસ ઉતરવા, તાઢયા તાવ, બેશુદ્ધી તેમજ અગ્નિનાં ઉત્પન્ન કરેલાં નુકસાનને અટકાવવા માટે આથ્વ્યના છોકરા અશો થ્રએતઓનની ફ્રવષિને અમે વખાણ્યે છિયે. પોઉરુજિરના[2] છોકરા અશો અઓષ્નરની, તુમાસ્પના છોકરા અશો ઉજવની,[3] નરવના છોકરા અશો અઘ્રએરથની,[4] અઇર્યુના[5] છોકરા અશો મનુશ્ચિથ્રની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૩૨ અશો કવિ કવાતની,[6] અશો કવિ અઇપિવંહુની, અશો કવિ ઉસધનની, અશો કવિ અર્ષનની, અશો કવિ પિષિનોની, અશો કવિ

---

૧. અહીં અઇરયેજંહત વાંચવાની જરૂર છે.

૨. [પ્રોફેસર વૅસ્ત એનો અર્થ ઘણાંજ "ડાહપનવાળા અઓષ્નર" કરે છે.—તરજુમો કરનાર.]

૩. [શાહનામેહમાં એને તહમાસ્પના છોકરા ઝાબ કરી ઓળખ્યો છે અને તે નોદરના છોકરાનો છોકરો કેહેવાય છે.—તરજુમો કરનાર.]

૪. જુઓ યશ્ત ૯ ક૦ ૧૮.

૫. [થ્રએતઓન (ફ્રેદુન)ના ત્રણ છોકરાઓમાંનો સર્વેથી નાહીનો છોકરો અઇર્યુ અથવા એરચ, જેને તેના બે ભાઇઓએ મારી નાખ્યો હતો, પણ મનુશ્ચિથ્રએ (મિનોચિહરે) તેમના ઉપર વેર લઇ તેમને મારી નાખી બપાવાની ગાદી મેળવી હતી.—તરજુમો કરનાર.]

૬. [કયકોબાદ એ ઉજવનો પાળક છોકરો થતો હતો.—તરજુમો કરનાર.]

બ્યારષનનો,[1] અશો કવિ શ્યાવર્ષાનની, અશો કવિ હઓસવનની[2] ફ્રવષિને અમે વખાણુએ છિયે,

૧૩૩ જેથી સારાં ઘટમનું કૌવત, અહુરની પેદા કરેલી ફત્તેહ, (દુશ્મનને) મારનારી સરસાઈ, સારી શિખામનોની કેળવણી, મુર્ખાઈ દુર કરનારી કેળવણી, અજીત કેળવણી, દુશ્મનોને કચડી નાખવાની (શકિત),

૧૩૪ તેમજ તન્દરોસ્તી જાળવનારૂં કૌવત, મજદનું પેદા કરેલું ખોરેહ, શરીરની તન્દરોસ્તી, પોતાનીજ ઓલાદના અશો, શ્યાનાં બુદ્ધિવાન, પ્રકાશીત, ખુબસુરત આંખવાળાં, સંકટ ટાળનાર, ઘણા બાહાદુરીવાળાં ફરજંદો, ભવિષ્યની સારી જીંદગી તથા બેહેશ્તનો વધારો,

૧૩૫ તેમજ પ્રકાશીત પાદશાહી સત્તા, લાંબી જીંદગી, સઘલી બક્ષેસો તથા સઘળા ઇલાજો (અમને મળે), તથા યાતુઓ, પઇરિકાઓ, જુલમગારો, કવિઓ અને કરપનો, તેમજ જુલમીઓથી ઉત્પન્ન થતી ખરાબીની સામે અમે થઈ શકયે.

૧૩૬ ગએસુ[3] તથા ગુરૂજ ધરાવનાર અશો સામ કૅરેસાસ્પ[4]ની ફ્રવષિને ઘાતકી હાથ, સફસમારી ઉભેલાં, મોટા ઝુંડાઓવાળાં, ઊંચે ધરેલા ઝુંડાઓવાળાં, ઊંચે પકડેલા વાવટાવાળાં, ખુનખાર ઝુંડાવાળાં લશ્કરની સામે થવા માટે, તથા નાશનાં કારણ, ભયંકર ખુની, નીર્દય જુલમગારની તેમજ તેનાં કરેલાં નુકશાંનની સામે થવા માટે અમે વખાણએ છિયે.

---

૧. [અઇપિવહુ કયકોબાદનો છોકરો થતો હતો અને તેની પછી જે ચાર જણ છે અને જેમને શાહનામેહમાં કયકાઉસ, કયઅરિશ, કયપશીન અને કયઅર્મીનનાં નામથી ઓળખ્યા છે, તેઓ અઇપિવહુના છોકરા થતા હતા. એઓમાંથી માત્ર કયકાઉસજ ગાદી મેળવવાને શકિતવાંન થયો હતો. —તરજુમો કરનાર.]

૨. સ્યાવક્ષ અને ઓસુ માટે જુઓ યશ્ત ૫મી ફ. ૪૧ની નોત.

૩. જુઓ § ૬૧માની નોટ.

૪. જુઓ યશ્ત ૫મી ફ. ૩૭.

૧૩૭ હુસ્રવના છોકરા અશો આબ્રૂર[1]ની ફ્રવષિને બુરા હષિદેવની તેમજ દુન્યાઇ જણસોનો નાશ કરનાર લોભની સામે થવા માટે અમે વખાણ્યે છિયે. માજન્યનદેવો તથા વરૅન્યન બુરાઓ અને દેવોની કરેલી ખરાબીની સામે થવા માટે અશો હઓષ્યઙ્હની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૩૮ ખુન્બ[2]ના છોકરા અશો ફ્રદાક્ષિતની ફ્રવષિને ઝનુની અ-એષ્મની તથા અએષ્મને ટેકો આપનારા સઘલા બુરાઓની તેમજ અ-એષ્મની ઉત્પન્ન કરેલી ખરાબીની સામે થવા માટે અમે વખાણ્યે છિયે.

૩૦

૧૩૯ [3] અશો હોવિની, અશો ફ્રેનિની, અશો થ્રિતિની, અશો પોઉરુચિસ્તની, અશો હુતઓસની, અશો હુમાની, અશો જ્ઇરિચિની, અશો વીસ્પતઉર્વેસિની, અશો ઉશ્તવઇતિની, અશો તુશ્નામઇતિની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૪૦ ઉસૅનૅમોની બાનુ અશો ફ્રેનિની, ફ્રાયજન્તની બાનુ અશો ફ્રેનિની, ક્ષિવ્રાસ્પની બાનુ અશો ફ્રેનિની, ગયદાસ્તિની બાનુ અશો

---

૧. [હુસ્રવ (કયઓસ) ના છોકરા વિષે શાહાનામેહમાં તો કશું વર્ણન નથી, તેમાં જણાવ્યા મુજબ તો કય ઓસની ગાદી તેના એક દુરના સગા લોહોરાસ્પને મળી હતી.-તરજુમો કરનાર.]

૨. અથવા ખુમ્બ્ય. બુન્દેહેશમાં ખુમ્બ્ય પર્વતગાઓ નામે એક શખ્સ માટે કહેલું છે, જે એક જંગલમાં કયાંમતની રાહા જોતો આરામ કરી પડેલો છે. તેને ખુમ્બ્ય એટલા માટે કહે છે કે, અએષ્મની ધાસ્તીથી તેને ખુમ્બ યાને બરણીમાં ઊછેર્યો હતો.

૩. આ આખા ફરદામાં પ્રખ્યાત બાનુઓની ફ્રવષિને આરાધવામાં આવી છે, જેમાં પેહેલી પેગમ્બર જરથુસ્ત્રની બાનુ, બીજી ત્રણ એ નામદારની પુત્રીઓ, પછી પાદશાહા ગુસ્તાસ્પની બાનુ અને છેલ્લે તેની પુત્રી છે- [§ ૧૪૧માંની સ્રુતત ફેઘ્રિ તેમજ § ૧૪૨માંની વઙ્હુફેધ્રિ તથા ઍરેદતફેધ્રિ એઓ ભવિષ્યમાં થનારા ત્રણ પેગમ્બરો ઓષેદરબામિ, ઓષેદર માહ અને સોશ્યોસની માતાઓ છે, જેણીઓ કાંસવ સમુદ્રમાં નાહાવા જતાં જરથુશ્ત્રનાં તોખમથી હંમેલદાર થશે, જે તોખમો ત્યાં જાળવી રાખવામા આવેલાં છે.—તરજુમો કરનાર.]

ફ્રેનિની, પોઉરૂધાક્ષ્તિની બાનુ અશો અસ્બનિની, સ્તઓતવહિશ્તની બાનુ અશો ઉદ્ઘયેઇાન્તની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૪૧ અશો કન્યા વીધુતની, અશો કન્યા જધ્રુતની, અશો કન્યા ફ્રહ્હાધની, અશો કન્યા ઉરૂધયન્તની, અશો કન્યા પએસહ્હનુની, અશો હવરૅધિ કન્યાની, અશો હુચિથ્ર કન્યાની, અશો કનુક કન્યાની, અશો સુતત્ફૈધ્રિ કન્યાની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૪૨ અશો વહ્હફૈધ્રિ કન્યાની ફ્રવષિને તથા અશો ઍરૅદતફૈધ્રિ જેણીનું બીજું નામ વીસ્પતઉર્વઇરિછે, કારણ કે દેવો તથા બુરાં માણસોનાં તમામ કપટનો નાશ કરનાર દીકરા(અસ્તવત્ ઍરૅતો)નો તેણી જનમ આપનારી છે, તેણીની ફ્રવષિને જહિની ઉત્પન્ન કરેલી તમામ બલાઓને અટકાવવા માટે અમે વખાણ્યે છિયે.

૩૧.

૧૪૩ આર્ય મુલકોના અશો મરદોની, આર્ય મુલકોની અશો બાનુઓની, તુરાંની[1] મુલકોના અશો મરદોની, તુરાંની મુલકોની અશો બાનુઓની, સઇરિમ્યન[2] મુલકોના અશો મરદોની, સઇરિમ્યન મુલકોની અશો બાનુઓની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૪૪ સઇનિ મુલકોના અશો મરદોની, સઇનિ મુલકોની અશો બાનુઓની, દાહિ મુલકોના અશો મરદોની, દાહી મુલકોની અશો બાનુ-

---

૧ [ગોગોશસ્પ નામના અવસ્તાની સરેહ કરનાર એક દસ્તુરે કહ્યું છે કે, તુરાંની મુલકોના અશો લોકોની ફ્રવષિને આરાધવાના જે શબ્દો છે તે ઉપરથી દીસે છે કે, તમામ ધરમોવાળાઓમાં અશો મરદો હોય છે.— તરજુમો કરનાર.]

૨ [પાદશાહ થ્રએતઓનએ (ફ્રેદુને) દુન્યાને ત્રણ ભાગમાં પોતાના ત્રણ છોકરાઓને વેહેંચી આપી હતી: ઇરાંન, તુરાંન અને સઇરિમ (યાને એસિયા અને એશ્યાનો પશ્ચિમ ભાગ). પણ અહીં તો એ ઉપરાંત બે બીજા ભાગો દાહિ (કેસ્પ્યન સમુદ્રની પશ્ચિમનો ભાગ) અને સઇની (કોકેસસનો છેલ્લો ?), આપ્યા છે. પ્રોફેસર દાર્મેસ્તેતે દાહિને ચીનાઇ ભૂગોળ શાસ્ત્રીઓએ ઑક્ષસની દક્ષિણે જણાવેલા ત-હયા મુલક સાથે અને સાઇનિને ચીન સાથે સરખાવે છે.—તરજુમો કરનાર.]

ઓની, તમામ મુલકોમાંના અશો મરદોની, તમામ મુલકોમાંની અશો બાનુઓની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.'

૧૪૫ ગયોમરૅતનથીં ફ્રત્તેહમંદ સઓષ્યન્ત સુધાના તમામ અશો મરદોની ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે. અશો લોકોની પવિત્ર ફ્રવષિઓ જલદીથી અહીં આવે! તેઓ અમારી મદદે પોંહોંચે!

૧૪૬ જ્યારે અમે સંકટમાં હોઇએં ત્યારે અહુરમજદની તેમજ અશો અને બહાદુર સઓષની તથા સર્વજ્ઞાની, તેમજ જરથુશ્ત્રએ હાડમંદ દુન્યામાં પોતાના (ઇશ્વર) તરીકે દાખલ કરેલા અહુરમજદના, દેવોની વિરૂદ્ધના કાસદ માંથ્ર સ્પેન્તની મદદથી તેઓ અમને મજબુત સહાય થાય!

૧૪૭ અથ પવિત્ર પાણીઓ, ઝાડો અને અશો લોકોની ફ્રવષિઓ! તમે નીચે ઊતરો, અંહી પધારો! આ ઘરમાં વખાણ પામેલાં તથા આવકાર મેળવેલાં તમે થાઓ! અહીં મુલકોના આથ્રવનો (અથ્રનાનો) પવિત્ર અશોઇથી ભરેલા હમેશ હોય! ઓ બળવંતો! અમારી મદદ માટે, ઓ ફાયદેમંદો! તમારી આરાધના માટે હાથ ઊંચા પકડો.

૧૪૮ આરાધના કરવા જોગ આત્માઓ અને યાદ કરવા લાયક ફ્રવષિઓ ધરાવનારાં તમામ અશો મરદો અને તમામ અશો બાનુઓની ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે. અશો લોકોમાંના જેઓ અને જેણીઓ વિશે અહુરમજદ જાણે છે, જેમની આરાધનામાંની હાજરી અમારે માટે ઘણીજ મોટી ન્યામત છે અને જેઓમાં અહુરને માનવામાં જરથુશ્ત્ર પેહેલો તથા ઉત્તમ છે એમ કહેવાયલું અમે સાંભલ્યું છે તેમની ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે.

૧૪૯ પેહેલાં દીનદારો, ઇશ્વરી કેલવણી પેહેલે સાંભલેલાંઓ, અશોઇને માટે લડેલાં અશો મરદો તથા બાનુઓના સરદાર, દીન, બુદ્ધિ, આત્મા અને ફ્રવષિને અમે વખાણ્યે છિયે. નબાનજદિસ્તઓમાંના જે અશો મરદો તથા બાનુઓ અશોઇને માટે લડ્યાં છે તેમના સરદાર, દીન, બુદ્ધિ, આત્મા અને ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૫૦ ઘરો, મોહોલ્લાઓ, કસ્બાઓ તથા દેશોમાં થઇ ગયલા પેહેલા દીનદારોને અમે વખાણ્યે છિયે. ઘરો, મોહલ્લાઓ, કસ્બાંઓ તથા દેશોમાં જે પેહેલા દીનદારો (હાલ) છે તેમને અમે વખાણ્યે છિયે.

૧૫૧ ઘરો, મોહોલ્લાઓ, કસ્બાઓ તથા દેશોના પેહેલા દીનદારો જેઓએ ઘરો, મોહોલ્લાઓ, કસ્બાઓ અને દેશોને ચાહ્યા, અશોઇ, દીન અને તમામ પ્રકારની ન્યામતોને ચાહી તેમને અમે વખાણ્યે છિયે.

૧૫૨ અમે જરથુશ્ત્રને વખાણ્યે છિયે, જે તમામ હાડમંદ દુન્યાનો સાહેબ (પાદશાહ) અને સરદાર (દીનનો વડો), તથા પેહેલો દીનદાર છે, જે તમામ પ્રાણીઓમાં ઉત્તમ પેદા કરેલો, ઘણોજ બળવંત ઘણોજ દોલતમંદ, ઘણોજ પ્રકાશીત, આરાધના, વખાણ, કીર્તિ અને ખુશનુદી (મેળવવા માટે) ઘણોજ લાયક, અને જે, અમોને કેહવામાં આવ્યું છે કે, સંપૂર્ણ અશોઇને લીધે (સંપૂર્ણ અશોઇ તેનેથી મેળવવા માટે) ચાહાવા લાયકનો, તમામ પ્રાણીઓ તરફની આરાધના અને વખાણને પાત્ર છે.

૧૫૩ આ જમીનને, આ આકાશને, આ (આકાશ તથા જમીનની) વચ્ચે આવેલી તમામ અશો મરદો તરફની આરાધના, વખાણ તથા કીર્ત્તને લાયકની ન્યામતોને અમે વખાણ્યે છિયે.

૧૫૪ ઘોડેસ્વારો તથા ચાલનારાઓના આત્માઓને, કદી પણ જન્મેલાં અશો મરદો તથા અશો બાનુઓના આત્માઓને અમે વખાણ્યે છિયે કે જેમની પવિત્ર બાશ્થતોએ (બુરાઓ ઉપર) ફત્તેહ મેળવી છે, મેળવે છે અથવા મેળવશે.

૧૫૫ જે અશો મરદો તથા બાનુઓ અશોઇને માટે લડે છે, લડી છે અથવા લડશે તેમના સરદાર, દીન, બુદ્ધિ, આત્મા અને ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૧૫૬ અશો લોકોની, પેહેલા દીનદારોની, નબાનજિદશ્તઓની બાહાદુર, ગાલેબ, બળવંત અને ફતેહમંદ ફ્રવષિઓ આ ઘરમાં સંતોશ સાથે આવે ! આ ઘરમાં તેઓ ખુશી સાથે ફરે !

૧૫૭ તેઓ સંતોશી થઇને આ ઘરમાં આશીર્વાદો ફેલાવે, તેઓ પવિત્ર અષિને અહીં લાવે; પેદા કરનાર અહુર અને અમેંષાસ્પેન્તઓ માટે (આતશ આગળ) મેલાયલી ભેટો તથા વખાણના કીર્ત્તનો આ ઘરમાંથી તેઓ લઇ જાય. અમે મજદયસ્નાનોનાં આ ઘરોમાંથી તેઓ કદીબી ફર્યાદ કરતી જાય નહીં.

૧૫૮ યથા અહૂ વઇર્યો, ઇત્યાદી.

૧૪. બેહેરાંમ (વૅરૅથ્રઘ્ન) યશ્ત.

અહુરમજ્દ જરથુશ્ત્રને શીખવે છે કે, વૅરૅથ્રઘ્ન (બેહેરાંમ) સર્વેથી બળવંત યજત છે. વૅરૅથ્રઘ્ન તેની આગળ દશ વાર પવન, ગોધા, ઘોડા, ઊંટ, ભુંડ, પંદર વરસના જુવાંન્યા, વારઘ્ન પક્ષી, ગેંડા, બકરા અને લડવૈયાના મળી દશ આકારમાં જાહેર થઈ, યાતુઓ વગેરે સામેનું પોતાનું ફત્તેહમંદ બળ બતાવે છે §૧–૨૭ જરથુશ્ત્ર તેની આરાધના કરી તેની કનેથી બળ, તનદરોસ્તી અને કરો મસ્ય, આરસ્પી ઘોડા તેમજ ગરૂડ પક્ષિના જેવી તીક્ષ્ણ નજર શકિત મેળવે છે, § ૨૮–૩૩ જરથુશ્ત્ર અહુરમજ્દ કનેથી દુશ્મનોનો નાશ કરવા માટેનો ઇલમી માથ્ર મેળવે છે. §૩૪–૪૦. સએન પક્ષિ મિસાલે વૅરૅથ્રઘ્ન ઘરોનું રક્ષણ કરે છે, લડાઈમાં તેને આરાધવો, તથા ઇલમી માંથ્રને છુપો રાખવો § ૪૧–૪૬. મિથ્ર તથા રશ્નુ તરફથી વૅરૅથ્રઘ્ન જુઠા કોળ તોડનારાઓ ઊપર વેર લે છે, તેની આરાધનાને લગતી ક્રિયાઓ, વગેરે § ૪૭–૬૩.

વૅરૅથ્રઘ્નનેબી મિનો યજદોમાં ગણવો જોઇએ છે. તે ફત્તેહનો ફરેસ્તો છે. આ યશ્ત તેને અર્પણ કરેલી છે, તથા ૧૦ મી યશ્તમાંબી તેનું વર્ણન છે. તેનો હંમેશનો ખેતાબ "અહુરધાત"=અહુરનો પેદા કરેલો છે. આ વાત જાણવાજોગ છે કે, અવસ્તામાં જ્યાંબી વૅરૅથ્રઘ્ન વિષે બોલવામાં આવે છે ત્યાં તેને અહુરનો પેદા કરેલો કરી જણાવવામાં આવે છે. આ યશ્તમાં જણાવ્યા પ્રમાણે દશ જુદા જુદા પવન, ગોધા, ઘોડા, ઊંટ, ભુંડ, ખુબસુરત જુવાન્યા, પક્ષિ, ગેંડા, બકરા અને પેહેલવાનના–આકારોમાં જરથુશ્ત્ર આગળ તેણે દેખાવ આપ્યો હતો; દશમી યશ્ત મુજબ હુમલો કરવાને તલપી રહેલાં ભુંડના આકારે તે મિથ્રની પુંઠે ચાલે છે. આ યશ્ત મુજબ તે મરદાંનગી, હીંમત, લડવૈયાઓને અપાતા તથા મલતા જખમોનો કર્ત્તા છે. તેમજ તે લડવૈયાઓનું રક્ષણ કરનાર, લશ્કરને હરાવી તેનો નાશ કરનાર, અથવા તેને સહાય થઈ તેને ફત્તેહ અપાવનાર છે; મિથ્ર તથા રશ્નુના દુશ્મનોને ઢુંડી કાહાડી તેમનામાં ધાસ્તી અને મોહોતનો તે ફેલાવો કરેછે. તેણે જરથુશ્ત્રને બળ, તનદરોસ્તી અને તીક્ષ્ણ નજર શકિત આપી હતી; લડાઇમાં

રોકાતી વખતે ઠરાવેલા માંથ્રઓથી તેની આરાધના કરવી જોઇએ અને જે કોઇ તેને વખાણે છે તેનાં ઘરમાં ચલકાતમંદ રોશણી તે પાંઠરે છે.

આ ફરેસ્તાની ખાસ્યત અને તેનાં મૂળને લગતા સવાલ ઊપર હજી તકરાર ચાલે છે. એ સવાલનો સર્વેથી સેહેલો ફડચો તેને વેદીક वृत्रहन् સાથે સરખાવવામાં છે, કારણ કે એ બંને શબ્દોના ધાતુ એકજ છે. वृत्रहन् એ ઇન્દ્ર દેવતાનો ખેતાબ છે.અને તેનો અર્થ "वृत्रने મારનાર" થાય છે, જયારે वृत्र (ફત્તેહ કરનાર, અટકાવનાર) એક દેવ છે જે કાળાં વાદલાંઓમાં વરસાદને બંદીવાંન કરી જમીન ઉપર ટીપણી ફેલાવે છે. શું ઇરાંની વૅરેથ્રઘ્ન આવી ખાસ્યત ધરાવે છે? અવસ્તાનાં સંબંધમાં બોલયે તો બરચીત તે તેમ નથી. વીજળીનાં સંબંધમાં આપણે તેને કેહેવી જોતા નથી; જે ફરેસ્તાઓ સાથે તે સામાન્ય કામ કરે છે તે મિથ્ર અને રષ્નુ છે. તેનું કામ તેમની માફક એક સરખી રીતે આ પૃથ્વિ ઊપરના પેહેલવાંનોનું રક્ષણ કરવાને લગતું છે. પણ જો તે આવી રીતે અવસ્તાને લગતો ફરેસ્તો હોય તો પણ શું કુદરતી તોફાનને લગતી દંતકથા સાથે તેનાં મૂળને મેળવી ન શકાય? બરચીત એવી સરખામણી કરવાની ઇચ્છાથી શોધ કરે તો વેદમાંથી કેટલીક સરખામણીની નીશાનો મળી શકે; દાખલા તરીકે તેને રોશ્ણી, પક્ષિ અથવા પક્ષિનાં પીછાંનાં સંબંધમાં બોલવામાં આવ્યો છે, જે બીના વેદમાંના वृत्रहन માટે મળેછે.

પરંતુ ઘણાં મજબુત કારણો એઓ વચ્ચે મળતાપણું કબુલ રાખવાની સામે છે, જે ટુંકમાં નીચે આપ્યાં છે: ૧ લું વૅરેથ્ર અવસ્તામાં એક ચોકસ, નીસ્ચીત, હંમેશનો એકજ અર્થ ધરાવે છે જે બીના વેદીક वृत्रને તેનથી તદન બેગાંનો કરે છે.

વૅરેથ્રનો અર્થ બચાવ, રક્ષણ તથા બચાવ કરી તેમાં ફત્તેહ મેળવવી થાયછે. એ શબ્દ જ્યારે એકલો વપરાય છે ત્યારે વારેઘડયે તેનો અર્થ ફત્તેહ થાય છે. ફત્તેહમંદ, ફત્તેહ આપનાર તેમજ મેળવનારને માટે વૅરેથ્ર અવસ્તામાં ઘણોજ વપરાય છે, સઘલા પ્રકારનાં પ્રાણીઓ તથા ચીજો માટે તે વપરાય છે અને તેથી તેનાં ઘણાં રૂપાંતર થાયછે. તેનાં જુદાં જુદાં રૂપોમાં.આપણને વૅરેથ્રઘ્નિ, વૅરેથ્રજન્, વૅરેથ્રવન્ત જેમનો અર્થ वृत्रहन्‌ના જેવો છે તે મળવા ઉપરાંત વળી બીજો આકાર વૅરેથ્રવન્ મળેછે જેનો અર્થ "વૅરેથ્ર" ધરાવનાર યાને ફત્તેહ ધરાવનાર થાયછે.

કેહેવી "વૅરેથ્ર" ખરાબ અર્થે વપરાતો નથી. અસલ દંતકથામાં તે જે અર્થ ધરાવતો હતો તે અર્થ તેણે ખોહી દીધો હોય અને તે અર્થ તે જાલવી

શકયો ન હોય તો તે બનાવ ઘણોજ નવાઈ જેવો ઠરે. "વૅરથ્રઘ્ન" એ દુશ્મ-
નને હઠાવનાર, ફત્તેહ કરનાર છે. એ શબ્દમાંનો એક ભાગ "વૅરથ્ર" હંમેશ
એકજ કીમત, અર્થ ધરાવે છે. "અયો-વૅરથ્ર" એ લોખંડી બચાવ, બ-
ખ્તર છે, " વીસ્પો-વૅરથ્ર " એ સઘલાઓ ઉપર ફત્તેહ મેલવનાર છે,
"હાંમ્-વૅરથ્રિ" એ મરદાંનગી છે. વળી "વૅરથ્રજન્" શબ્દ જે वृत्रहन ને બ-
રાબર મળતો ઉતરે છે તે કદી પણ ફરેસ્તાનો અર્થ ધરાવતો નથી.

૨ જું ખુદ્ અવસ્તા પોતે વૅરથ્રઘ્નને ફરેસ્તા દાખલ ઓલખતા
માલમ પડતા નથી. સઘલે ઠેકાણે એ શબ્દનો અર્થ ફત્તેહ થાય છે અને
તે માત્ર એક સામાન્ય નામ છે. ખરૂં છે કે બે જગાઓએ-વંદિદાદ ૧૯,
૧૨૫ અને યશ્ત ૧૭, ૩૧માં તે ફરેસ્તાને અર્થે હોય એમ કેટલાકો ધારે
છે અને તેનો ટેકો તેઓ એક પેહેલવી સરેહ ઉપરથી મેળવે છે કે જે તેનો
અર્થ "યજદ વરહરાંન" યાને "યજત વૅરથ્રઘ્ન" કરી કરેછે. પણ એવો વિચાર
કરનારા આ વાત ભુલી જાયછે કે, સરેહ અને તરજુમો એકજ મૂળનાં નથી
અને આ ઠેકાણે સરેહ તથા તરજુમો એક બીજાંની વીરૂદ્ધ જાયછે. તરજુમા-
માં "વૅરથ્રઘ્ન"ને મળતો શબ્દ "પીરોજગર"=ફત્તેહમંદ આપવામાં આવ્યો છે.
જો તરજુમો કરનાર એને ફરેસ્તા દાખલ માનતો હતે તો શું તે
આ શબ્દ મેલતે ? અસલ લખાણ આ સવાલનો નીવેડો લાવવામાં મદદ
આપતું નથી, કારણ કે તેમાં તો ભાવવાચક નામોને ફરેસ્તાઓના નામ
સાથે ભેલી નાખવામાં આવ્યાં છે.

વંદીદાદ ૧૯, ૧૨૫ માં "વૅરથ્રઘ્ન=ફત્તેહ"નાં વિષેશણ દાખલ "બરો
ખ્ખૅરનફ્હ"="ઓરેહ ધરાવનાર" શબ્દ મળે છે. એજ એનો અર્થ કબુલ-
વામાં આવેલો છે તો જો કે વ્યાકરણના કાયદાની રૂહે "વૅરથ્રઘ્નૅમ્" સાથે
"બરોખ્ખૅરનફ્હ"ને જોડી શકાતો નથી; "અષખ્ખૅરનફ્હૅમ્," "દુશખ્ખૅર-
નફ્હૅમ્"ની માફક તે "બરોખ્ખૅરનફ્હૅમ્" થવો જોઇએ છે. "બરો" છુટો
શબ્દ છે અને તેને કર્મ વિભકિતને બદલે કર્તામાં મેલવામાં આવ્યો છે, એવો
વિચાર કેટલાકોનો છે, જે ઘણોજ થોડો સંભવીત છે.

૩ જું. વળી ઇરાંનને વીજલીના આતશે હઠાવેલા એક દેવને
લગતી દંતકથા પણ ખબર છે. પરંતુ એ દેવ "વૅરથ્ર" નહીં પણ "સ્પૅ-
ન્જઘ્ર" (વૃદ્ધિનો નાશ કરનાર) છે, અને તેને હઠાવી ફત્તેહ કરનાર "વા
જિશ્ત" નામનો આતશ છે. આથી આપણને એમ માનવાની જરૂર પડે
છે કે, "વૅરથ્ર" દેવ અને "વૅરથ્રઘ્ન" ફરેસ્તા વચ્ચેની લડાઈની વા-
જાણવા પછી ઇરાંનીઓએ દેવ અને ફરેસ્તાના નામો વચ્ચેનાં મલતાપ-

ણુંને બદલી નાખી તેમનો અર્થ ફેરવી નાખ્યો અને એ લડાઇના સંબંધમાં એક નવી દંતકથા ઊભી કરી તેનાં સંબંધમાં નવાં નામો જોડી કાહાડવાં હતાં. શું એ વિચાર સેહેજબી સંભવીત અને સેહેજબી વાજબી ઠરાવાય એવો છે?

દેખાવમાં વિરૂદ્ધ માલમ પડતી આ બીનાઓને મળતી કરવાની રીત ઘણીજ સાદી છે. वृत्रનો અર્થ સંસકૃતમાં "તોફાનનો દેવ"જ માત્ર થતો નથી, ત્યાં તે સામાન્ય નામ દાખલ લડાઇ, રક્ષણ, માણસો વચ્ચેની લડાઇને અર્થે પણ વપરાય છે. वृत्रहथानाम्=લડાઇનો સરદાર એ ખેતાબ સાધારણ રીતે વેદમાં ઇંદ્રને તેમજ સોમ, અગ્ની, અસ્વિનોને લગાડવામાં આવેછે.

હવે દેખાઇતી રીતે એક શબ્દનો ખરો અર્થ તેને કોઈ ખાસ રૂપ મળવાની આગમચ બીજો હોવો જોઇએ. આથી "वृत्र" નો અસલ અર્થ અવસ્તામાં જે છે તેજ હતો એમ ઠરેછે; वृत्रનો અસલ અર્થ બચાવની લડાઇ, રક્ષણ કરનાર, લડાઈ થતો હતો, અને "વૅરેથ્રધ્નનો" અર્થ દુશ્મનને હઠાવનાર, ફત્તેહ કરનાર થતો હતો. બંને આર્ય પ્રજાઓએ કુદરતી તોફાનની લડાઇમાં એક દેવને સામેલ કર્યો હતો, પણ તેઓ સાથે જોડાયલી હતી તે વખતે એ દેવને હજી वृत्र નામ મળેલું ન હતું. છુટું પડવા પછી બંને પ્રજાઓ પોત પોતાના વિચારો મુજબ કામ કરવા લાગી હતી. હીંદીવાનોએ वृत्रने એક ખાસ અર્થ આપી તેને તોફાની વાદલાંઓમાં છુપાયલા એક બુરા દેવનાં વિષેશણ તરીકે લાગુ કર્યો હતો; એ દેવને ફત્તેહ કરનાર દાખલ वृत्रहन् ઠેર્યો હતો. ઇરાને એથી ઉલટું એ શબ્દનો સામાન્ય અર્થ જાલવી રાખ્યો અને "વૅરેથ્ર"=બચાવની, સુખ આપનારી લડાઈ, ફત્તેહ, તથા "વૅરેથ્રધ્ન"=ફત્તેહ કરનાર, અથવા ફત્તેહ છે. ઇરાને વરસાદને અટકાવી રાખનાર અને આબાદીનો અટકાવ કરનાર તરીકે "સ્પૅન્જધ્ર" નામના દેવને ઉત્તપન કર્યો પણ તેના હરીફ, તેને ફત્તેહ કરનાર દાખલ તો વીજલીને-પોતાનેજ રેહેવા દીધી જેને અવસ્તામાં "વાઝિશ્ત" આતશનાં નામથી ઓળખવામાં આવેછે.

ખુશાલ રહો અહુરમજદ (ઇત્યાદી, જુઓ યશ્ત ૧ લી ફકરો ૦) અહુરના પેદા કરેલા વૅરેથ્રધ્ન તથા મારનારી સરસાઇને ખુશ્નુદ કરવા, તથા તેમની આરાધના, વખાણ અને કીર્ત્તિ ગાવા માટે હું કબુલ થાઊછું.

૧.

૧ અહુરના પેદા કરેલા વૅરેથ્રધ્નને અમે વખાણયે છિયે. જરથુશ્ત્રએ અહુરમજદને પૂછયું: ઓ અશો મિનો, હાડમંદ દુન્યાના પેદા

કરનાર ઓ અશો! તમામ મિનો યજદોમાં સર્વેથી ચાલાક (અથવા ઘણોજ હથ્યારબંધ) કોણ છે? અહુરમજદએ જવાબ દીધો: તે, ઓ અશો જરથુશ્ત્ર! મજદનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન છે.

૨ તે (જરથુશ્ત્ર)ની તરફ અહુરનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન પેહેલવેહેલે બળવંત, પ્રકાશીત, મજદના પેદા કરેલા પવનના આકારમાં ધસ્તો આવ્યો. તે પોતાની સાથે મજદનું પેદા કરેલું ભલું ખોરેહ, મજદનો પેદા કરેલો દબદબો તથા તે સાથે વળી તન્દરોસ્તી અને કૌવત લઈ આવ્યો.

૩ અને તે ઘણાજ જોરેમંદે (વૅરૅથ્રઘ્નએ) તે (જરથુશ્ત્ર) ને (કહ્યું): જોરમાં હું ઘણોજ જોરેમંદ છું, ફત્તેહમાં હું ઘણોજ ફત્તેહમંદ છું, ચલકાતમાં હું ઘણોજ પ્રકાશીત છું, બક્ષેસ કરવામાં હું ઘણોજ ઉદાર છું, હું ઘણોજ ઉપયોગી છું, તન્દરોસ્તી આપવામાં હું ઘણોજ કુશળ તબીબ છું.

૪ નુકશાન કરનારા સઘલાઓના નુકશાનનો તેમજ દેવો તથા બદમાણસો, યાતુઓ તથા પઇરિકાઓ, સાથ્રઓ (જુલમગારો), કવિઓ તથા કરપનોની ઉત્પન્ન કરેલી ખરાબીનો હું હવે નાશ કરીશ.

૫ મજદના પેદા કરેલા વૅરૅથ્રઘ્નને તેનાં નુર તથા ખોરેહને લીધે મોટા સાદે હું આરાધવા ઇચ્છું છું; મજદના પેદા કરેલા વૅરૅથ્રઘ્નને અહુરની પેહેલી પેદાએશનો સાથે ક્રિયાની ભેટોથી, હોમ, બર્સમ, ઇત્યાદીથી અમે વખાણ્યે છિયે.

૨.

૬ જુઓ ફકરો ૧ લો.

૭ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન બીજીવાર ખુબસુરત, સોનેરી કાનોવાળા, સોનેરી ખરીઓવાળા એક ગોધાના આકારમાં ધસ્તો આવ્યો, જે ખરીઓ ઉપર સારા ઘટમનું, ખુબસુરત કદનું કૌવત બેઠેલું હતું. મજદનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન તેની તરફ મજદનાં પેદા કરેલાં ભલાં ખોરેહ, મજદના પેદા કરેલા દબદબા તથા તે સાથે વળી તન્દરોસ્તી અને કૌવત પોતાની સાથે લેઇ આવ્યો.—જુઓ ફકરા ૩-૫.

૩

૮ જુઓ ફકરો ૧ લો.

૯ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન ત્રિજીવાર પ્રકાશીત રંગના, ખુબસુરત, સોનેરી કાંનોવાળા, પોળા પોશાક (સાજ)વાળા ઘોડાના આકારમાં ધસ્તો આવ્યો, જેનાં કપાલ ઉપર સારા ઘટમનું, ખુબસુરત કદનું કૌવત બેઠેલું હતું. મઝદનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન તેના તરફ મઝદના પેદા કરેલાં ભલાં ખોરેહ (ઇત્યાદી જુઓ ફકરા ૨–૫).

૪.

૧૦ જુઓ ફકરો ૧લો.

૧૧ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન ચોથીવાર ભારબરદારી, બાચકાં ભરનાર (અથવા તીક્ષ્ણ દાંતવાળા), જોશથી ધસનારાં, બુલંદ સાજવાળાં, પાળેલાં, હળી ગયલાં ઊંટના આકારમાં ધસ્તો આવ્યો,

૧૨ જે ભરજુવાંન મરદો માટે ઘણુંજ કૌવત તથા ઘણુંજ મોટું ડાહપણ લઇ જાય છે, જેને બાનુઓની વચ્ચે (આવેલો જોવાને) ઇચ્છવામાં આવે છે, કારણ કે તે ઓરતોનું વધુ સારૂં રક્ષણ થાય છે કે જેમને એક ભારબરદારી, જોરેમંદ અવયવોવાળું, કૌવતમંદ ખુંધવાળું, દાઢોવાલું, ચાલાક આંખોવાળું, પ્રકાશીત માથાવાળું, ઊંચાં કદનું અને ઘણાજ જોરવાળું ઉંટ રક્ષણ આપે છે.

૧૩ જે (બાનુ માટે) તેને બોલાવવામાં આવે છે (અથવા જેણીની મદદે તે જાય છે) તેણી ઘણી અંધારી રાતે પણ દૂરથી ઘણા મોટા તફાવત સુધી માણસોને જોઇ શકે છે; (ઊંટનાં આકારમાં હોઇને) તે (વૅરૅથ્રઘ્ન) પોતાની ખુશીથી, ભલું કરવાના પોતાના ઇરાદાથી પોતાનાં માથાં ઉપર સફેદ ફીન ફેંકે છે, અને દરેક રીતે એક સરદાર, પાદશાહની મીસાલે દેખાતો ઉભો રહે છે. જ્યારે તે આવ્યો ત્યારે પોતાની સાથે મઝદનું પેદા કરેલું ભલું ખોરેહ (ઇત્યાદી) લેતો આવ્યો. જુઓ ફકરા ૨–૫.

૫.

૧૪ જુઓ ફકરો ૧ લો.

૧૫ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન પાંચમીવાર (દુશ્મન) ઉપર હુમલો કરનારાં, તીક્ષ્ણ દાંતોવાળાં, નર, તીક્ષ્ણ ખરીઓવાળાં; એકજ ફટકે મારી નાખનાર ભુંડના આકારમાં, મોટા અને ચરબદાર અવયવોવાળાં, ખીજવાયલાં, ધસારો કરતાં, તેજી, લડત કરવા માટે તલપો

રહેલાં, અહીંથી તહી (દુશ્મનંની આસપાસ) જતાં ભુંડના આકારમાં ધસ્તો આવ્યો. તે પોતાની સાથે મઝ્દનું પેદા કરેલું ભલું બોરેહ, ઇત્યાદી, જુઓ ફકરા ૨–૫.

૬.

૧૬ જુઓ ફકરો ૧ લો.

૧૭ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન છઠ્ઠીવાર પંદર વર્સના, ખુબસુરત, પ્રકાશીત આંખોવાળા, નાહાની એડીવાળા, સોહામણા મરદના આકારમાં ધસ્તો આવ્યો. તે પોતાનો સાથે મઝ્દનું પેદા કરેલું ભલું બોરેહ, ઇત્યાદી જુઓ ફકરા ૨–૫.

૭.

૧૮ જુઓ ફકરો ૧ લો.

૧૯ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરૅથ્રઘ્ન સાતમીવાર વારઘ્ન[1] પક્ષીનાં આકારમાં ધસ્તો આવ્યો જે (પક્ષી) (શરીરના) નીચલા ભાગમાંથી ઊંચે જાય છે અને ઉપરના ભાગમાં જખમ કરવાને કોશેશ કરે છે, જે સઘલાં પક્ષીઓમાં ઘણુંજ સેતાબ (ઉડનારૂં,) તમામ ઉડનારાઓમાં ઘણુંજ હલકું છે.

૨૦ જે એકલું તમામ પ્રાણીઓમાં સેતાબ પગલાંથી જાય છે. તેજ અને બીજું કોઇ નહી સારા ઘોડા જોડેલી (ગાડીની મીસાલે) જાય છે, જે ઉગતો બામદાદનાં પેહેલાં કારણો તરફ ખુશાલી ભરેલું, અને રાત અંધારાં વિનાની તથા પેહેલી નબલી રોશણી બામદાદનાં જેવી[2] પ્રકાશીત થાય એવી ઇચ્છા કરતું જાય છે.

૨૧ પક્ષીઓના રાગો સાંભલવાની ખાહેશથી તે ડુંગરાઓની બાજુઓ, પાહાડોની ટોંચો, ખીણોનાં ઊંડાંનમાં, ઝાડોની ઊંચાઇએ ચહડે છે. તે પોતાના સાથે મઝ્દનું પેદા કરેલું ભલું બોરેહ, ઇત્યાદી જુઓ ફકરા ૨–૫.

૮.

૨૨ જુઓ ફકરો ૧લો.

---

૧. પુછડી વઠી મારનાર. એ ગરૂડ પક્ષી હોવું જોઇએ.

૧ સૂર્ય=“સૂર” યાને બામદાદને લગતું.

૨૩ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરેથ્રઘ્ન આઠમીવાર જંગલી,[1] ખુબ સુરત, વળેલાં શીંગ વાળા ગેંડાના આકારમાં ધસ્તો આવ્યો. તે પોતાની સાથે મજદનું પેદા કરેલું ભલું ખોરેહ, ઇત્યાદી, જુઓ ફકરા ૨–૫.

૯.

૨૪ જુઓ ફકરો ૧લો.

૨૫ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરેથ્રઘ્ન નવમીવાર લડાયક, ખુબસુરત, તીક્ષણ શીંગવાળા એક બકરાના આકારમાં ધસ્તો આવ્યો. તે પોતાની સાથે મજદનું પેદા કરેલું ખોરેહ, ઇત્યાદી, જુઓફકરા ૨–૫.

૧૦.

૨૬ જુઓ ફકરો ૧લો.

૨૭ તેની તરફ અહુરનો પેદા કરેલો વૅરેથ્રઘ્ન ખુબ સુરત, સોહામણા, મજદના પેદા કરેલા, સોનાની મુંઠ સાથેની, સીંગારાયલી, સઘલી જાતનાં ઝવેરાતથી મઢેલી તરવાર ધરાવનાર મરદ (પેહેલવાન)ના આકારમાં ધસ્તો આવ્યો. તે પોતાની સાથે મજદનું પેદા કરેલું ભલુ ખોરેહ, ઇત્યાદી, જુઓ ફકરા ૨–૫.

૧૧.

૨૮ મરદાનગી આપનાર, મોહોત આપનાર, નવી દુન્યા બનાવનાર, હફાવનાર, પોતાનીજ મેલે પાદશાહી ભોગવનાર મજદના પેદા કરેલા વૅરેથ્રઘ્નને અમે વખાણિયે છિયે. તેને અશો જરથુશ્ત્રએ વૅરેથ્રઘ્ન (અથવા ફત્તેહ) ના વિચાર, વૅરેથ્રઘ્નના સુખન, વૅરેથ્રઘ્નના કામો મુજબ, મનમાં કરેલી ફત્તેહમંદ બંદગીથી, ફત્તેહમંદ કલામોથી આરાધ્યો.

૨૯ તેને અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નએ સચ્ચાઇનો ઝરો, બાજુઓનું કૌવત, તમામ શરીરની તન્દરોસ્તી, તમામ શરીરનું સુખ, તથા

---

[1] અથવા અઉરુષ=પ્રકાશીત દેખાવના. [કહે છે કે, જ્યારે સાસાન્યનવંશનો સ્થાપનાર અરદેશીર અરદવાંનથી નાહાસતો હતો તે વેળાએ એક ખુબસુરત જંગલી ગેંડો તેની પુઠે દોડયો અને તેને પકડી પાડયો જે ઉપરથી અરદવાંન સમજી ગયો કે તેની પાદશાહી ગઈ છે અને તેના હરીફને તે મલી છે.—તરજુમો કરનાર.]

પાણીમાં રેહેનાર કરોમસ્યોના જેવી નજર શકિત બક્ષી કે જે અતીશે લાંબી, હજાર માણસોની (ઊંચાઇ જેટલી) ઊંડી રહુહા નદિમાં બાલ જેટલાં કદનું પાણીનું ટીપું જોઈ શકે છે. જુઓ ફકરો ૫મો.

૧૨.

૩૦ જુઓ ફકરો ૨૮.

૩૧ અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નએ તેને સચ્ચાઇનો ઝરો, બાજુઓનું કૌવત, તમામ શરીરની તન્દરોસ્તી, તમામ શરીરનું સુખ, તથા ઘોડાના જેવી નજર શકિત બક્ષી કે જે (ઘોડો) સેહેજબી રોશણી વિનાની, વાદલાંવાળી અંધારી રાતે જમીન ઉપર પડેલો પોતાનો બાલ જોઇ શકે છે તથા તે બાલ છેડા (પુછડી) તરફનો કે મથાલાં (માથાં) તરફનો છે તે પણ પારખી શકે છે. જુઓ ફકરો ૫ મો.

૧૩.

૩૨ જુઓ ફકરો ૨૮.

૩૩ અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નએ તેને સચ્ચાઇનો ઝરો, બાજુઓનું કૌવત, તમામ શરીરની તન્દરોસ્તી, તમામ શરીરનું સુખ, તથા વૃદ્ધ ઉમરનાં ગીધનાં જેવી નજર શકિત આપી કે જે ઘણા દુરના મુલકોથી એક મુઠી જેટલાં કદનું કાચું માંસ જોઇ શકે છે, જે તેને એક કોલસાના ચલકાત જેવું, બળેલા કોલસાની રોશણી જેવું (દીસે છે). જુઓ ફકરો ૫ મો.

૧૪.

૩૪ અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નને અમે વખાંણયે છિયે. જરથુશ્ત્રએ અહુરમજદને પૂછયું: ઓ ઘણાજ પવિત્ર મિનો, હાડમંદ દુન્યાના પેદા કરનાર ઓ અશો ! દુ:ખ દેવાની કોશેશ કરનારા ઘણાક (દુશમનો) નાં મંત્રો અને બુરા શ્રાપ મારી ઉપર થાય ત્યારે તે ખરાબીમાંથી બચવાનો ઉપાય શું છે ?

૩૫ અહુરમજદએ જવાબ દીધો: પુષ્કળ પીછાંઓથી ઢંકાયલી પીઠવાળાં પક્ષી વારઘ્નનું એક પીછું, ઓ અશો જરથુશ્ત્ર ! તું મેલવ; તે પીછાંવટી તારાં શરીરને તું મસલ,[1] તે પીછાં વડે તારા હરીફ સામેતું મંત્ર ભણ:

---

૧. [શાહનામેહમાં શીમુર્ગનાં પીછાં જે ભાગ ભજી બતાવે છે તેજ ભાગ અહીં આ વારઘ્ન પક્ષી બજાવતું માલમ પડે છે. રૂસ્તમને બાહાર

૩૬ જે આપણને ટેકો આપે છે તે એ જોરાવર પક્ષીનાં હાડકાં, એ જોરાવર પક્ષીનાં પીછાં છે.[2] બળવંત પુરૂષ તેને મારતો નથી, તેને હઠાવતો નથી; તે (પીછું) તેને માટે પુષ્કળ આદરમાન અને ગોરેહ લાવે છે; પક્ષીઓ (! પક્ષી)નું તે પીછું તે પક્ષીની મદદ માટે ખાતરી આપેછે.

૩૭ જુલમીઓનો પાદશાહ, પેહેલવાનોને નાશ કરનાર સો વખતે (કોશેશ કરવા છતાં) તેને મારી શકતો નથી, એક ફટકાથી તે મારી શકતો નથી, તે એકલુંજ મારે છે અને ગેબ થઇ જાયેં છે.

૩૮ સઘલા (પેહેલવાનો) જેમ મારાં (? પોતાનાં) તનને માટે તેમ એ પક્ષી માટે બીહે છે. તમામ બુરાઓ (તેનાં તનમાં) તેનાં તનની (શાહાનુમાઈ કરવા) માટે મેલાયલાં કૌવત, ફત્તેહમંદ જોર અને બુદ્ધિથી બીહે છે.

૩૯ સરદારોએ એ (પક્ષી)ને (મદદ માટે) વિનંતી કરવી જોઇએ, સરદારોને લગતાઓએ તેમજ પ્રખ્યાત પુરૂષોએ વિનંતી કરવી જોઇએ; એ (પક્ષી) તે છે કે જેને કવ ઉસ (કય કાઊસ) પાદશાહે આરાધ્યું હતું, જેને નર ઘોડો, ભારબરદારી ઊંટ, વેહેતું પાણી લઇ જાય છે (અથવા વખાણે છે);

૪૦ જેને જોરેમંદ પાદશાહ થ્રએતઓ ન લઈ ગયો, કે જેણે ત્રણ મોહોડાંવાળા, ત્રણ માથાંવાળા, છ આંખોવાળા, હજાર અવયવોવાળા દહાક સાંપને માર્યો કે જે બળવંત અને જોરેમંદ, દુન્યાને માટે નાશકારક,

---

કાહાડવા માટે જ્યારે રૂદાબેહેની પાંસલી તરફનો ભાગ ચીરવામાં આવ્યો ત્યારે તેણીનો જખમ તે ઉપર સીમુર્ઘનાં પીછાં મમલવાથી સાજો થયો હતો; વળી રૂસ્તમને ઇસ્ફેન્દયારે જખમી કીધો ત્યારે તે જખમથી એવીજ રીતે સાજો થયો હતો.—તરજુમો કરનાર.]

૨. [આ આખો વાક્ય લગાર ગુંચવાડા ભરેલો છે. દાક્તર ગેલ્દનર અસલ લખાણમાં સુધારો કરી આ મુજબ વાંચે છે; ' યો ના ("યા ના"ને બદલે) બરહતિ અસ્ત વા તખ્મહે મૅરૅઘએ પરૅન નએધ ચિશ રએવ મય્યો ("મય્ય"ને બદલે).' આ વાંચણથી અર્થ બંધ બેસતો થાય છે અને તે આ પ્રમાણે થાય છે: જે કોઈ શખ્સ આ બળવંત પક્ષીનું હાડકું, આ બળવંત પક્ષીનું પીછું ધરાવે છે તેને કોઈબી બળવંત શખ્સ મારી શકતો નથી, ઇત્યાદી.—તરજુમો કરનાર.]

ખારયતે બુશ, દેવીને લગતા અને ઘણાજ જોરેમંદ દુજેને અહ્રેમ-ઇન્યુશે આ હાડમંદદુન્યા સામે દુન્યા તથા અશોઇના નાશ માટે ઉત્પન્ન કર્યો હતો.—જુઓ ફકરો ૫ મો.

૧૫.

૪૧ અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નને અમે વખાણિયે છિયે. પોતાના ઝુંડાઓવટો તે આ ઘરને ખોરેહ (કીર્ત્તિ)થી વીંટાલે છે અને જે પ્રમાણે મોટું સએન પક્ષી,[1] જે પ્રમાણે પાણીથી ભરેલાં વાદલાં બુલંદ પાહાડો ઊપર વાંકાં વળે છે (અથવા પડે છે) તેજ પ્રમાણે તે તે (ખોરેહ)ને તે (ઘર) ઊપર ઊતારે છે.—જુઓ ફકરો ૫ મો.

૧૬.

૪૨ અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નને અમે વખાણિયે છિયે. જરથુશ્ત્રએ અહુરમજદને પૂછયું: ઓ ઘણાજ પવિત્ર મિનો! હાડમંદ દુન્યાના પેદા કરનાર ઓ અશો! અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નનું નામ કયારે[2] યાદ કરવું જોઇએ, કયારે તેની વખાણ ગાવી જોઇએ, કયારે તેની નમનતાઇથી બંદગી કરવી જોઇએ?

૪૩ અહુરમજદએ જવાબ દીધો: ઓ અશો જરથુશ્ત્ર! જે વેલાએ લશ્કરો એક બીજાં સામે ધસારો કરે અને બરોબર સફ સમારી ઉભાં રહે તે વેલાએ (તેની વખાણ ગાવી જોઇએ, તેની નમનતાઇથી બંદગી કરવી જોઇએ;) ત્યારે જેમના ઉપર ફટકા ટાંકયા હોય છે તેમને તે પોહોંચતા નથી, તેઓ માર ખાતા નથી.

૪૪ બંને (લશ્કરો)ના રસ્તા ભણી એ પીછાંઓને વીખેરી નાખ; જે તરફથી બળવંત, સારાં ઘટમના, બુલંદ દબદબાવાળા, અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નને પેહેલે આરાધવામાં આવે છે તે તરફ ફત્તેહ ચાલે છે.

૪૫ બે સરદારો, બે રક્ષણ કર્ત્તા, બે ટેકો આપનારાઓ અમ (કૌવત) અને વૅરેથ્રઘ્નને હું વખાણું છું, જેઓ બંને (દુશમનો ઉપર) દેખાન

---

૧. અહીં સુર્ય અસ્ત પામતી વખતે વાદલાંઓ અથવા દૃષ્ટિમર્યાદાને રતાશ આપનાર રોશ્ણીને અર્થે એ છે.

૨ અસલ લખાણમાં "જ્યાં" શબ્દ છે, પણ મતલબ "કયારે"ની છે.

કરે છે, તેમને હાંકી કાહાડે છે, નહસાડે છે, મારે છે, ઉખેડી નાખે છે, નાબુદ કરે છે.

૪૬ ઓ જરથુશ્ત્ર! આ માંથ્ર બાપ, દીકરા અથવા એકજ માતાથી જનમેલા ભાઇ અથવા ઘરના આથ્રવન (પંથકી) સિવાય બીજા કોઇને શીખવતો ના. એ કલાંમો તારે માટે બળવંત, મજબુત ટેકો છે, રયાના લોકોની મીજલસ માટે બળવંત, ફત્તેહ માટે બળવંત, તન્દરોસ્તી માટે બળવંત છે. એજ કલાંમો ગુનેહગાર માથાંને પવિત્ર કરે છે અને (મારવા માટે) ખેંચેલાં હથ્યારને દૂર ફેંકી દેઇ ભાંગી નાખે છે.—જુઓ ફકરો ૫મો.

૧૭.

૪૭ અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નને અમે વખાણીએ છિયે, જે સફ સમારી ઊભેલાં લશ્કરની વચ્ચે જગા લે છે અને મિથ્ર તથા રશ્નુની સાથે અહીંથી તહીં જઈ (આ પ્રમાણે) પૂછેછે: મિથ્રને ઠગવાની કોશેશ કોણ કરે છે? રશ્નુને કોણ બીજવે છે? હું કે જે દુ:ખદરદ અને મોહોત આપવાનેશકિતવાંન છું તે હું કોણને (દુ:ખદરદ) આપું?

૪૮ અને અહુરમજદએ કહયું: જયારે માણસો અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નને આરાધે છે, જયારે તેની નજદીક આરાધના તથા વખાણમાં અર્પણ થતી જણસોમાંની ઉત્તમ ચીજો હંમેશ મેલે છે, ત્યારે આર્ય મુલકો ઉપર નહીં લશ્કરો, નહીં તંગીમાં મેલનારી ખરાબીઓ, નહીં કોહોડ, નહીં ઝેરી જાદુઇ, નહીં દુશ્મનની રથ, નહીં ઊંચે પકડેલો વાવટો પસારો કરી શકે.

૪૯ જરથુશ્ત્રએ તેને પૂછયું: ઓ અહુરમજદ! અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નને સંપૂર્ણ પવિત્રાઇથી અને દીનને ઘણીજ અનુસરતી રીતે કરી શકાય એવી આરાધના અને વખાણ કઇ છે?

૫૦ અહુરમજદએ જવાબ દીધો: આર્ય મુલકો તેને માટે જઓથ્રઓ લાવે, તેના તરફ બર્સમ બાંધે, તેઓ શોહામણાં અથવા સોનેરી રંગનાં અથવા હઓમને મલતા આવતા કોઇબી રંગનાં પશુનું માથું પકાવીને તેને અર્પણ કરે.

૫૧ નહીં ગુનેહગાર, નહીં ખરાબ પેશો કરતી ઓરત, નહીં ગાથા નહીં ગાઇને દુન્યાને વેરાંન કરનાર તેમજ દુન્યાનો નાશ કરનાર અને અહુર તથા જરથુશ્ત્રને લગતી દીનની સામે લડત ચલાવનાર મજ્દયસનાન તે (અર્પણ કરેલી જણસો) પકડે (યાને તેમાં ભાગ પડે.)

૫૨ અગરજો કોઇ ગુનેહગાર, ખરાબ પેશો કરતી ઓરત, યા ગાથા નહીં ગાઇને દુન્યાને વેરાંન કરનાર, દુન્યાનો નાશ કરનાર અને અહુર તથા જરથુશ્ત્રને લગતી દીનની સામે લડત ચલાવનાર મજ્દયસ્નાન તેમાં ભાગ લે તો અહુરનો પેદા કરેલો વૅરેથ્રઘ્ન પોતાના તન્દરોસ્તી આપનારા ઇલાજો લેઇ મેલે છે.

૫૩ પછી આર્ય મુલકો ઉપર હંમેશ આફત પડશે, હંમેશ આર્ય મુલકો ઉપર લશકરો ધસી આવશે, હંમેશ આર્ય મુલકોના પેહેલવાનોમાંના પચાસ સતઘ્નથી, સો હજહરઘ્નથી, હજાર બએવરઘ્નથી, દશ હજાર અસંખ્ય દુશમનોને મારનારાઓથી માર્યા જશે.

૫૪ પછી અહુરનો પેદા કરેલો વૅરેથ્રઘ્ન આ શબ્દો બોલ્યો : પેદા કરનારના પેદા કરેલા ગોધાનું સ્વાન માણસોની આરાધના કે વખાણને લાયકનું હવે થવું જોઇતું નથી, કારણ કે હવે જુલમી દેવો, દેવોની આરાધના કરનાર માણસો લોહી રેડે છે અને તરેહવાર જાસ્તી ગુજારે છે.

૫૫ કારણ કે ઝનુની દેવો, દેવોની આરાધના કરનાર માણસો આતશ અગળ અપૅરેસિ નામનું ઝાડ લાવે છે, આતશ ઉપર નૅમેતક નામનું લાકડું બાળેછે; [1]

૫૬ કારણ કે ઝનુની દેવો, દેવોની આરાધના કરનાર માણસો હુમલો કરવા ધસેછે, લડાઇ માટે (લશકરની) વચમાં ટુટી પડવા ધસેછે અને સઘલી લડાઇઓ ઉભી કરેછે; જે કોઇ મારવા જાય છે તે પડી જાય છે અને મારી શકતો નથી, જે કોઇ મારી નાખવા જાય છે તે પડી જાય છે અને મારી નાખી શકતો નથી. કારણ કે ઝનુની દેવો, દેવોને

[૧ એ કોઇ જાતનાં લીલાં લાકડાં હશે, અને જરથોસ્તી ધરમ પ્રમાણે આતશ ઊપર લીલી કાઠી મેલાય નહીં.–તરજુમો કરનાર.]

આરાધનારા માણસો ખરાં (ફરમાંનો)થી દૂર પોતાની બુદ્ધિ રાખે છે તેથી આ ફરેસ્તો (વૅરૅથ્રઘ્ન) તેમની નજર શકિતનો નાશ કરેછે.—જુઓ ફકરો ૫મો.

૧૮.

૫૭ અહુરના પેદા કરેલા વૅરૅથ્રઘ્નને અમે વખાણ્યે છિયે. હું હ્મોમને આરાધું છું, કે જે બક્ષેસ કરવામાં ચઢયાતો છે; ફત્તેહ કરનાર હ્મોમને, રક્ષણ કર્ત્તા હ્મોમને હું આરાધું છું; રક્ષણ કર્ત્તા હ્મોમને મારાં શરીરનાં ભલાં માટે હું આરાધું છું. જેને તે ફટકામાંથી પાછો ખેંચે છે તે લડાઇમાંના દુશ્મન કનેથી છટકી આવે છે.

૫૮ જેથી હું તે લશ્કરને મારૂં, જેથી હું તે લશ્કર ઉપર ફત્તેહ મેલવું, જેથી મારી પુંઠે લાગનાર લશ્કરને હું ઉખેડી નાખું.—જુઓ ફકરો ૫ મો.

૧૯.

૫૯ અહુરના પેદા કરેલા વૅરૅથ્રઘ્નને અમે વખાણ્યે છિયે. અહુર પુથ્ર દશ હજાર સરદારો ધરાવનાર (દુશ્મનોના) છોકરા સામે પ્રકાશીત, તીક્ષણ ગોફણ લઇ ગયો. તે કે જેનું નામ ફત્તેહમંદ છે તે જોરેમંદ હતો, તે કે જેનું નામ જોરેમંદ છે તે ફત્તેહ કરનાર હતો.

૬૦ બીજા સઘલા આર્ય સરદારો મીસાલે હું ફત્તેહ મેલવું, જેથી હું લશ્કરને હફાવું, જેથી હું તે લશ્કરને જીતું, મારી પુઠે લાગેલાં લશ્કરને હું ઉખેડી નાખું.—જુઓ ફકરો ૫મો.

૨૦.

૬૧ અહુરના પેદા કરેલા વૅરૅથ્રઘ્નને અમે વખાણ્યે છિયે. ગોધાને કૈવત, ગોધાને નેમાજ, ગોધાને કીર્ત્તિ, ગોધાને ફત્તેહ, ગોધાને પોષણ, ગોધાને ચારો (હોજો)! અમારાં પોષણ માટે સંભાલ કરનાર ગાય માટે ચારો (હોજો)!—જુઓ ફકરો ૫મો.

૨૧.

૬૨ અહુરના પેદા કરેલા વૅરૅથ્રઘ્નને અમે વખાણ્યે છિયે. જે લશ્કરની હારોને વીખેરી નાખે છે, જે તેમને ગોઠવી પાછી ગુંચવી નાખે છે;

દેવો અને બદ માણસો, યાતુંઓ અને પઇરિકાઓ, સાથ્રઓ, કવિઓ અને કરપનોનાં લશ્કરોની હારોને અહુરનો પેદા કરેલો વૅરેથ્રઘ્ન મારે છે, વીખેરી નાખેછે, પાછી જોડે છે અને તેમને ઘણીજ ગુંચવી નાખે છે.—જુઓ ફકરો ૫મો.

૨૨.

૬૩. અહુરના પેદા કરેલા વૅરેથ્રઘ્નને અમે વખાણીયે છિયે, કારણ કે જયારે અહુરનો પેદા કરેલો વૅરેથ્રઘ્ન જોડાયલા મુલકોનાં સફમાં ગોઠવાયલા અને પુષ્કળ ઊમંગવાળા દુશ્મનોનાં લશ્કરોના તેમજ મિથ્રદુજોના અવથવો અટકાવો પકડે છે ત્યારે તે તેમની જોવાની શક્તિને ઢાંકી નાખે છે, તેમના કાનોમાંથી સાંભળવાની શક્તિ છીણવી લે છે, તેમના પગો ટેકવતો નથી, તેમને માટે (તેમની તરફથી) તે સરદારી કરતો નથી (યાને તેમને ફત્તેહ અપાવતો નથી.)—જુઓ ફકરો ૫મો. ઇત્યાદી.

૧૫. રામ (ખાસ્ત્ર) યશ્ત.

સ્પેન્ત મઈન્યુની પેદાએશને લગતા વાયુને નેમાજ § ૧.–તેની થયલી આરાધના અને તેનેથી અહુરમજદ તથા જુદા જુદા પાદશાહ પેહેલવાનો વગેરેએ મેલવેલો ફાયદો § ૨–૪૨.–વાયુનાં જુદાં જુદાં નામો અને તેમની કીર્ત્તિ તથા બળ, વગેરે § ૪૨–૫૮.

આ યશ્ત રામખાસ્ત્રને અર્પણ કરવામાં આવેલી છે, પણ તેમાં ઘણું ખરૂં વર્ણન વયુ (ગોવાદ) યજદનું છે. "વયુ" એટલે હવા થાય છે અને તેને એક ફરેસ્તાનું રૂપ આપવામાં આવેલું છે; તેને "વયુ" નામ એટલા માટે આપેલું અવસ્તામાં જણાવે છે કે, તમામ ભલાં તથા બુરાં પ્રાણીઓને તે ગતિમાં મેલે છે. જમીનથી ઘણે દૂર આવેલું વાતાવરણ, રોશણીવાળાં કીરણોમાં લપેતાયલો "ઇથર" એ છે, કારણ કે તેનાં વિષેશણ દાખલ "પ્રકાશીત" એ શબ્દ વપરાય છે અને તેને હદ વિનાની જગા તથા વખત સાથે આરાધવામાં આવે છે. તેને હંમેશ લગાડવામાં આવતું વિષેશણ "ઊપરો કઇર્ય" યાને ઊંચે કામ કરનાર છે. આ યશ્તમાં કહે છે કે, તે સોનાની રથ, સોનાનાં હથ્યાર, સોનાનાં વસ્ત્રોવાળો છે, તે ઘણોજ કૌવતમંદ, ઘણોજ પ્રકાશીત અને ઘણોજ કીર્ત્તિ-

મંદ છે. વયુ ઘણોજ બળવંત, જોરેમંદ, પવિત્રાઇ આપનાર છે. તે સઘળાંને પોંહોંચી વળે છે, મારે છે, હઠાવે છે. તેજ આરેહ છે, તેજ ચાલાકાતમંદ દબદબો છે. દુશ્મન વખતે, લડાઇમાં, હુમલો કરનારાઓ સામે, ધર્મ સંબંધી જુલમ ગુજારનારાઓ સામે, તેમજ બંધવાઓના છુટકા માટે તેની આરાધના કરવી જોઇએ છે. પુરાતન પેહેલવાનોએ તેને ઘણીક ભેટો અર્પણ કરી હતી અને તેઓએ તેના ઘણા મોટા બદલા મેળવ્યા હતા.

વયુની સાથે કેટલીકવાર એક બીજા ફરેસ્તા રામ ખાસ્ત્રને ભેલી ના ખવામાં આવે છે. તે પણ હવાનોજ એક ફરેસ્તો લેખાય છે, અને તે ખોરાકીને લેહેજત આપનાર તરીકે ઓળખાય છે. તે મિથ્રનો હમેશનો સાથી છે, કે જે પોતાની રેહણીથી અનાજને ઉગાડે છે તથા ઝાડોને રસાલ કરે છે. "વયુ" એ અસલ આર્ય જમાનાની ઉત્પત્તીનો છે, પણ રામખાસ્ત્ર ઇરાની ઊત્પત્તીનો છે. વળી "વયુ"થી જુદો એક બીજો ફરેસ્તો "વાત" એટલે પવન છે. "વાત" ઉતરતા દરજ્જાની હવા છે, જે જમીનને લાગે છે અને તેની ગતી જોશમાં હોય છે.

આ વાત ઘણી જાણવા જોગ છે કે, "વયુ" બેવડી ખાસ્યતનો છે, અથવા તેને બે ભાગમાં વેહેંચેલો છે, જેમાં એક ભાગ સારો યાને સ્પેન્તમઇન્યુને લગતો અને બીજો ખરાબ યાને અંગ્રમઇન્યુને લગતો છે, જેમાંના પેહલા ભાગનેજ આરાધવામાં આવેછે. એજ કારણને લીધે પવન કેટલીકવાર સારો અને કેટલીકવાર બુરો હોય છે; પાછલાનાં સંબંધમાં "વાતો દએવ" શબ્દ વન્દિદાદની ૧૦ મી ફર્ગરદમાં મળેછે.

---

૦ ખુશાલ રેહો અહુરમજદ ! (ઇત્યાદી, જુઓ યશ્ત ૧લી ફકરો ૦.) રામખાસ્ત્રની તેમજ ઉત્તમ કામ કરનાર અને સઘલા પ્રાણીઓથી ઊંચાઇએ રેહેનાર વયુ (હવા)ની તથા ઓ વયુ! તારે લગતો (પવન) કે જે સ્પેન્તમઇન્યુને લગતો છે તેની ખુશનુદી, આરાધના, વખાણ અને કીર્ત્તિ ગાવા માટે હું કબુલ થાઊં છું.

૧.

૧• પાણીના ફરેસ્તાને અને મારનારાં કૌવતને અને એ બંને ફરેસ્તાઓ જેઓ આબાદી આપેછે તેમને હું વખાણવા ઇચ્છું છું. આ મકાનને માટે મકાનના વડાને માટે, અને જઓથ્રઓ લાવનાર તથા ભેટો અર્પણ કરનાર માટે અમે આ વયુને વખાણવા ઇચ્છયે છિયે, તેને

આરાધવા ઇચ્છયે છિયે. ગોધાંનાં બદનની સંભાલ માટે આ ઘણાજ ઉત્તમ, વખાણને લાયકના અને દુશ્મનોને ફત્તેહ કરનાર યજતને અમે વખાણ્યે છિયે.

૨ પેદા કરનાર અહુરમજદએ સંપૂર્ણતાવાળાં અઇર્યન વએજમાં એક સોનેરી તખ્ત ઉપર, સોનેરી ગાલીચા ઉપર, સોનેરી તકયા ઉપર, બર્સમ બાંધીને તથા પુષ્કળ ભેટો વેહેતી કરીને તેને આરાધ્યો.

૩ અને તેણે તેની કને આ મેહેરબાની માગી:—ઉત્તમ કામવાળા ઓ વાયુ ! મને એવું આપ કે જેથી અહ્રેમઇન્યુશનાં પ્રાણીઓને હું મારી નાખું અને કોઇબી સ્પેન્તમઇન્યુશને લગતી પેદાએશને મારી નાખી શકે નહીં.

૪ પેદા કરનાર અહુરમજદએ ઇચ્છવા મુજબ ઉત્તમ કામવાળા વયુએ તેને તે મેહેરબાની બક્ષી.

૫ ઉત્તમ કામવાલા વયુને તેમજ ઓ વયુ ! તારો તે (પવન) જે સ્પેન્તમઇન્યુને લગતો છે તેને અમે વખાણ્યે છિયે. તેનાં નુર તથા ખોરેહને લોધે, ઇત્યાદી.

૨.

૬ જુઓ ફકરો ૧ લો.

૭ પરધાત હઓષ્યઙ્હએ લોખંડ ધરાવનારા તએર પાહાડ ઊપર, સોનેરી તખ્ત ઊપર, સોનેરી ગાલીચા ઊપર અને સોનેરી તકયા ઉપર બાંધેલી બર્સમ વટી તથા પુષ્કલ વેહેતી ભેટો સાથે તેને આરાધ્યો.

૮ અને તેણે તેની કને આ મેહેરબાની માગી : અય બળવંત કામ કરનાર વયુ ! મને એવું આપ કે જેથી માજન્યન દેવોનો તથા બુરા વરૅન્યનોનો [1] બે તૃત્યાંસ ભાગ હું મારૂં.

---

૧. કેટલાક વરૅન્યન દેવોને (ગ્રએતઓનવાળાં) ચાર ખુનાં સાથનાં "વરૅન"માં રેહેનારા દેવો ગણે છે, અને "વરૅન"ને તેઓ આકાશ તરીકે લખે છે, જેથી "વરૅન્યન દેવો" આકાશ ઊપર હુમલો કરનારા દેવો થાય છે. એ અર્થ ખચીત અસંભવીત છે અને વળી તે અર્થ સ્વીકારવાથી માજન્યન દેવોનો ખુલાસો મળી શકતો નથી.

૯ જુઓ ફકરે ૪-૫.

૩

૧૦ જુઓ ફકરા ૧લો.

૧૧ તમામ હથીઆરવાળા તખ્મ-ઉરૂપએ[1] સોનાનાં તખ્ત ઉપર, સોનાના ગાલીચા ઉપર, સોનાના તકયા ઉપર બાંધેલી બર્સમ વટી અને પુષ્કળ વેહેતી ભેટો સાથે તેને આરાધ્યો.

૧૨ અને તેણે તેની કને આ મેહેરબાની માગી: અય બળવંત કામ કરનાર વયુ! મને એવું આપ કે જેથી દેવો અને બુરા માણસો, યાતુઓ તથા પઈરિકાઓનો નાશ કરનાર હું થાઉં, કે જેથી ઘોડાનાં રૂપમાં બદલાયલા અંઘ્રેમઇન્યુશ ઉપર હું સ્વારી કરનાર થાઉં અને તેને તીસ વરસ સુધી પૃથ્વિના બંને છેડાઓ સુધી (લેઇ જાઉં).

૧૩ જુઓ ફકરે ૪-૫.

૪.

૧૪ જુઓ ફકરે ૧લો.

૧૫ નેક ટોળાંઓવાળા, પ્રકાશીત યિમએ સોનેરી તખ્ત ઉપર, સોનેરી ગાલીચા ઉપર, સોનેરી તકયા ઊપર બાંધેલી બર્સમ વટી અને પુષ્કળ વેહેતી ભેટો સાથે તેને આરાધ્યો.

૧૬ અને તેણે તેની કને આ મેહેરબાની માગી: અય બળવંત કામ કરનાર વયુ! મને એવું આપ કે જેથી તમામ જનમેલાં અને સૂર્યને જોનારાં માણસોમાં હું સર્વેથી પ્રકાશીત થાઉં, કે હું મારાં બળથી માણસો તથા ગોસ્પન્દોને અમર્ગ કરૂ, ઝાડપાનો અને પાણીઓ સુકાયા વિનાનાં કરૂં, જેથી નહી નાશ પામે એવી ખોરાકી ખાવાને મળે.

---

૧ [તખ્મ-ઊરૂપ અથવા તહમૂરાશ યિમનો એક ભાઇ થતો હતો. તેણે ૩૦ વરસ રાજ્ય કર્યું હતું. જે અરસામાં તેણે આહરિમનને પોતાનો ઘોડો બનાવી તેની ઉપર સ્વારી કરી હતી, પણ સેવટે તેની બાનુએ આહરિમનથી ફરેબ ખાઇને પોતાના ભરથારનાં બળનો ભેદ તેને જણાવી દીધો, જે ઉપરથી આહરિમન યુકતી રચી તેને ગળી ગયો હતો. પણ યિમએ આહરિમનનાં શરિરમાંથી પોતાના ભાઇનું શરિર ખેંચી કાહાડયું અને એ રીતે તહમૂરાશની સાથે ગેબ થયલા હુનરો અને સુધારાને પાછા હસ્તીમાં આણ્યા.— તરજુમો કરનાર.]

૧૭ જુઓ ફકરા ૪–૫.

૫.

૧૮ જુઓ ફકરો ૧ લો.

૧૯ ત્રણ મોહોડાંવાળા અઝિ દહાકએ સુકાયલાં અને વેરાંન જંગલ[1] નજદિક સોનેરી તખ્ત ઉપર, સોનેરી ગાલીચા ઊપર, સોનેરી તકયા ઉપર બાંધેલી બર્સમ વટી અને પુષ્કળ વેહેતી ભેટોથી તેને આરાધ્યો.

૨૦ અને તેણે તેની કને આ મેહેરબાની માગી: અય બળવંત કામ કરનાર વયુ ! મને એવું આપ કે જેથી પૃથિવના સાતે કેશ્વરોને રેહેવાસીઓ વિનાના હું કરી નાખું.

૨૧ પણ તે આરાધના કરનાર, વિનંતી કરનાર, યાદ કરનાર, ભેટો આપનાર અને ઝઓથ્રઓ લાવનારને તે બળવંત વયુએ તે મેહેરબાની બક્ષી નહીં.

૬.

૨૨ જુઓ ફકરો ૧ લો.

૨૩ આથ્વ્ય ખાનદાનના, પેહેલવાની ખાનદાનના નબીરા થ્રએતઓનએ ચાર ખુણાંવાળાં વરનની નજદીક સોનેરી તખ્ત ઊપર, સોનેરી ગાલીચા ઉપર, સોનેરી તકયા ઉપર બાંધેલી બર્સમ વટી, પુષ્કળ વેહેતી ભેટોથી તેને આરાધ્યો.

૨૪ અને તેણે તેની કને આ મેહેરબાનો માગી : ઓ બળવંત કામ કરનાર વયુ ! મને એવું આપ કે જેથી ત્રણ મોહોડાંવાળા, ત્રણ માથાંવાળા, છ આંખોવાળા, હજાર અવયવોવાળા, દેવીને લગતા ઘણાજ બળવંત દ્રુજે, પાપી, દુન્યાને માટે બુરા, હાડમંદ દુન્યા માટેનાં કપટથી

---

[1] ["ઉપકિવરિન્તંમ્" નો અર્થ પ્રોફેસર દાર્મેસ્તેતે કિવરિન્તનો (અથવા બગલા જનાવરના આકારનો) મેહેલ કરેછે.. હમઝા નામે ફારસી લખનાર કહેછે કે, અઝિદહાક બૅબિલોન ખાતે બગલાના આકારના એક મેહેલમાં રેહેતો હતો, જેને તે કુલંગદીસ યાને બગલાનો મેહેલ કેહેતો હતો અને રેહેવાસીઓ તેને દીસહેત કહેતા હતા. કુલંગદીસ એ જંદમાં કિવરિન્ત દએજ અને દીસહેત એ દુજિતને મલતો થાય છે. શાહનામેહમાં તેને દીજુખ્ત નામ આપવામાં આવેલું છે.—તરજુમો કરનાર.]

અશોઇનો નાશ કરવા માટે અહરેમઇન્યુશેં પેદા કરેલા ઘણાજ જોરેમંદ અજિદહાકને હું મારી નાખું, અને ફત્તેહમંદ થઇને તેને મદદ કરનારઓ અને તેની તાબેદાર ઘણીજ ખુબસુરત શરિરવાળીઓને હું બંદીવાન પકડી લાઉં, તથા જેઓ ઘણીજ કંગાલ હાલતમાં હોય તેમને છોડી દઇ જીંદગી બક્ષું.

૨૫ જુઓ ફકરા ૪–૫.

૭.

૨૬ જુવો ફકરો ૧ લો.

૨૭ મર્દાનેમર્દ કૅરસાસ્પએ મજદની પેદા કરેલી રંહા નદિનાં ઘણાં ઊંડાં મોહોડાં આગલ સોનેરી તખ્ત, સોનેરી ગાલીચા અને સોનેરી તકયા ઉપર બાંધેલી બર્સમ વડે, પુષ્કલ વેહેતી ભેટોથી તેને આરાધ્યો.

૨૮ અને તેણે તેની કને આ મેહેરબાની માગી:-અય બળવંત કામ કરનાર વયુ ! મને એવું આપ કે જેથી મારા ભાઇ ઉર્વાક્ષયનાં[1] (ખુનનું) હું વેર લેઇ શકું, કે હું હિતાસ્પને હફાઊં અને તેને જબ્બરીથી મારી રથ સાથે (ઘોડા તરીકે) જોડું. કારણકે પાણીમાં રેહેનાર ગન્દરૅવ દર્યામાં એકલો સરદાર, એકલો સાહેબ છે.

૨૯ જુઓ ફકરા ૪–૫.

૮

૩૦ જુઓ ફકરો ૧લો.

૩૧ દેશોના સરદાર અઉર્વસારએ સફેદ જંગલ નજદીક, સફેદ જંગલમાં, ગીચ જંગલના છેડા તરફ સોનેરી તખ્ત, સોનેરી ગાલીચા, સોનેરી તકયા ઉપર બાંધેલી બર્સમ અને પુષ્કળ વેહેતી ભેટો વડી તેને આરાધ્યો.

૩૨ અને તેણે તેની કને આ મેહેરબાની માગી: ઓ ઉત્તમ કામ કરનાર વયુ ! મને એવું આપ કે જેથી આર્ય મુલકોને સાથે જોડી એક પાદશાહાત બનાવનાર પેહેલવાન હુસ્રવ અમને મારે નહીં, કે હું કવિ હુસ્રવના હાથમાંથી છટકી જાઊં અને પછી કવિ હુસ્રવ તેને[2] ઇરિનનાં આપ્શાં જંગલમાં મારે.

---

૧ એ ઘણો દીનદાર અને ઇનસાફી પુરૂષ હતો. એને ગન્દરૅવ નામના રાક્ષસે માર્યો હતો, કે જેને અહીં હિતાસ્પનાં નામથી ઓળખ્યો છે.

૨ અસલ લખાણમાં "તૅમ્" સર્વનામ આવેલું છે જે ઉપરથી દીસે છે કે, વચમાંથી કોઇ ભાગ નીકલી ગયો છે, કારણ કે એ "તૅમ્" શબ્દ કોણ

૩૩ જુઓ ફકરો ૪-૫.

૯.

૩૪ જુઓ ફકરો ૧ લો.

૩૫ ઘણા ભાઈઓવાળી હુતઓસએ[1] નઓતર ખાનદાંન તરફથી સોનેરી તખ્ત ઊપર સોનેરી ગાલીચા ઉપર, સોનેરી તકયા ઉપર બાંધેલી બર્સમ વટી, પુષ્કળ વેહેતી ભેટો સાથે તેને આરાધ્યો.

૩૬ અને તેણે તેની કને આ મેહેરબાની માગી: અય બળવંત કામ કરનાર વયુ ! તું મને એવું આપ કે જેથી હું કવિ વીશ્તાસ્પનાં મકાનમાં ચહવાયલી અને સારી ઇચ્છાથી માન પામેલી થાઊં.

૩૭ જુઓ ફકરા ૪-૫.

૧૦.

૩૮ જુઓ ફકરો ૧લો.

૩૯ મરદોને હજી નહીં અપાયલી (યાને નહીં પરણેલી) કુંવારી કન્યાઓએ સોનેરી તખ્ત ઉપર, સોનેરી ગાલીચા ઉપર, સોનેરી તકયા ઊપર, બાંધેલી બર્સમવટી અને પુષ્કળ વેહેતી ભેટો સાથે તેને આરાધ્યો.

૪૦ અને તેઓએ તેની કને આ મેહેરબાંની માગી: ઓ ઊત્તમ કામ કરનાર વયુ ! અમને એવું આપ કે જેથી અમને જુવાંન અને ઘણાજ ખુબસુરત ઘટમના ઘરધણી મળે કે જે અમોને સઘલી જીંદગી સુધી સંપૂર્ણ પોષણ અને મદદ આપે, તથા શ્યાનાં, તાબેદાર અને સારૂં બોલનારાં ફર્જંદો મેલવી આપે.

૪૧ જુઓ ફકરા ૪-૫.

૧૧.

૪૨ જુઓ ફકરો ૧લો.

૪૩ ઓ અશો જરથુશ્ત્ર ! હું પોતાને વયુ કેહેવાડું છું. હું પોતાને વયુ કેહેવાડું છું કારણ કે, મારા ફુંકવાથી બંને પેદાએશોને—

સાથે સંબંધ રાખે છે તે માલમ પડતું નથી, પણ જો એ શબ્દ ભુલથી દાખલ થયલો ગણી તેને કાહાડી નાખ્યે તો પછી એનો તરજુમો એવો કરી શકાય કે, કવિહુસ્રવ સઘલા અનર્ઇર્ય (યાને ઇરાંની નહીં એવા) મુલકોને મારે છે, તે સઘલા અતઅર્ઇર્યઓને મારે.

[1] પાદશાહ ગુસ્તાસ્પની બાનુ.

સ્પૅન્તોમઇન્યુશ્નની તેમજ અહ્રેમઇન્યુશની પેદાએશને હું ગતીમાં મેલુછું; હું પોતાને પુંઠે લાગનાર કેહેવાડું છું અને હું એ નામ એટલા માટે ધરાઊંછું કે, બંને પેદાએશો—સ્પૅન્તો'મઇન્યુશ્નની તેમજ અહ્રેમઇન્યુશ્નની પેદાએશને હું (મારી આગમચ) હાંકી શકુંછું.

૪૪ હું પોતાને, એ જરથુશ્ત્ર! સઘલાને મારનાર કેહેવાડું છું, અને હું એ નામ એટલા માટે ધરાઊંછું કે, હું બંને પેદાએશો (ઇત્યાદી) ને મારૂં છું. હું પોતાને ભલું કરનાર કેહેવાડું છું, કારણ કે અહુરમજ્દ તથા અમૅષાસ્પૅન્તઓ તરફથી હું ભલું કામ કરૂં છું.

૪૫ હું પોતાને આગળ જનાર, પુંઠે લાગનાર, વાળી નાખનાર, આગળ ફૂંકનાર, મારનાર, નાશ કરનાર, ફૂંકનાર, સઘલાંને પોંહોંચી વળનાર, ખોરેહ મેલવનાર કેહેવાડું છું.

૪૬ હું પોતાને તેજી, ઘણોજ તેજી, સેતાબ, ઘણોજ સેતાબ, મજબુત, ઘણોજ મજબુત, જોરેમંદ, ઘણોજ જોરેમંદ, સેહેલાઇથી પાર કરી જનાર, સેહેલાઇથી વીખેરી નાખનાર, મારનાર, લાવનાર, દેવોને કાહાડી મેલવાનું કામ કરનાર, ચીરી નાખનાર તથા છુટું કરનાર કેહેવાડું છું.

૪૭ હું પોતાને બુરાઇથી ઊપર રેહેનાર, કપટનો નાશ કરનાર, મદદ માટે બળવંત, સહાય થવા માટે બળવંત, મારવામાં બળવંત, અશો, અશોઇ આપનાર, પવિત્રાઇ, ફત્તેહ, કોતરો, કોતરોમાં ગર્જના કરનાર, કોતરોમાં ફીણ ફૂંકનાર કેહેવાડું છું.

૪૮ હું પોતાને તીક્ષણ ભાલાવાલો, તીક્ષણ ભાલો, મોટા ભાલાવાળો, મોટો ભાલો, ભાલાનું ભોકાવું, હાલચાલ કરતો ભાલો, ખોરેહ, અતીશે ખોરેહમંદ કેહેવાડું છું.

૪૯ જયારે તું, અય જરથુશ્ત્ર! ખુનખાર લશ્કરની વચ્ચે, મુલકો મેળવવા માટે લડાઇમાં ધુંટાયલી ફોજો વચ્ચે (પોતાને જોય) ત્યારે આ જે મારાં નામો છે તેથી મને તું યાદ કર.

૫૦ જયારે કોઇ મુલકોનો સરદારી ભોગવનાર પાદશાહ (તારા મુલકો સામે) આવે, ધસારો કરે, હુમલો કરે, પોતાની રથો ચલાવે, ખોરાકોની ન્યામતો લુટવા ઇચ્છે, તનદરોસ્તીના ઇલાજો લુટવા ચાહે, ત્યારે એ અશો જરથુશ્ત્ર! તું આ નામો યાદ કરજે.

૫૧ જ્યારે કોઈ નાપાક આસમોગ ધસી આવે, દોડી આવે, હુમલો કરે અથવા સત્તા, ખોરાકીની ન્યામતો, તનદરોસ્તીના ઈલાજો લુટવાનો ખાહેશથી રથમાં આવે ત્યારે, ઓ અંશો જરથુશ્ત્ર! તું આ નામો યાદ કરજે.

૫૨ જ્યારે એક બંધવો બંદીવાન થયલો હોય, જ્યારે તેને બંદીવાન કરી ધસડવામાં આવે, જ્યારે તેને બંદીવાન હાલતમાં આંચકા મારવામાં આવે ત્યારે આ નામો, ઓ અશો જરથુશ્ત્ર! તું યાદ કરજે, જેથી તેને પકડનારાઓ દુર હાંકી મેલાય, તેની બેડીઓ છુટી પડી જાય.

૫૩ ઓ વયુ! તું સઘલા ઘોડાઓ તથા માણસોમાં ધાસ્તી તથા અંદેશો ઊત્પન્ન કરે છે, સઘલી તરફથી દેવોને તું હાંકી મેલે છે; ઘણીજ ઊંડી, હજાર ગણાં અંધારાંથી વીંટલાયલી જગાઓમાં જે કોઇ તેને (?તારે) માટે ઇચ્છા કરે છે તેની તરફ તે (?તું) જાય છે.

૫૪ વયુ તેજી, બુલંદ કમરબંધનો, દૃઢ, જોરેમંદ છે, તેને ઊંચા પગો, મોટી છાતી, મોટી જાંગ, શેહેનશાહાત ઉપર હકુમત ભોગવનાર સરદાર તેમજ સ્વતંત્ર સત્તાવાળા પાદશાહોના જેવી નહી ધુજે એવી નજર શકિત છે. કયિ આરાધનાથી હું તને આરાધું, કયિ આરાધનાથી હું તારી કીર્ત્તિ ગાઊં, કયિ આરાધનાથી હું તારૂં કીર્ત્તન સમાપ્ત કરૂં? [1]

૫૫ અય અશો જરથુશ્ત્ર! બામદાદનાં પેહેલાં કીરણો વખતે, સેતારાઓના જવાથી તે બામદાદ આવી પોંહોંચે તેટલા વખતમાં તારે બાંધવા માટે બર્સમ મેલવવી જોઇએ, બર્સમને માટે તેની દાંખલીઓ સંભાલથી શોધવી જોઇયે.

૫૬ અગર જો હું ઇચ્છું કે કોઈ મને આરાધે[2] તો હું તને મજદનું પેદા કરેલું પુષ્કળ ખોરેહ, તથા તનદરોસ્તોના ઇલાજોવાળો કલામ કહાશ, જે (કલામ)થી ખુની અહ્‌રેમઈન્યુશ, કે યાતુઓ અથવા તેમના પક્ષકાર દેવો અને બુરા માણસો દુઃખ દેઇ શકે નહીં.

---

૧ આ ફકરામાં જે બે વાકયો છે તે અસલ લખાણમાં ભુલથી ઉલટા ગોઠવાયલા લાગે છે અને તેથી અમે તેમને તરજુમામાં ફેરવીને મેલ્યા છે.

૨. આ વાકયનું લખાણ બગડેલું લાગે છે; અસલ મતલબ આ મુજબની હોવી જોઇએ અગર તું મને આરાધવા ઇચ્છે.

૫૭ અએ સેતાબ ચાલનાર વયુ! અમે તને આરાધિયે છિયે. અય બલવંત વયુ! અમે તને આરાધિયે છિયે. સેતાબ ચાલનારાઓમાં ઘણાજ સેતાબ, જોસવરોમાં ઘણાજ જોરેમંદ, સોનેરી કોલાહવાલા, સોનેરી તાજ વાળા, સોનેરી માળાવાળા, સોનેરી રથવાળા, (નસોબને લગતાં) સોનેરી ચક્રવાળા, સોનેરી હથ્યારવાળા, સોનેરી પોશાકવાળા, સોનેરી જોડાવાળા, સોનેરી કમરબંધવાળા વયુને, અમે વખાણિયે છિયે. અશો વયુને અમે વખાણિયે છિયે. જુઓ ફકરો ૫મો.

૫૮. યથા અહૂ વઈર્યો, ઈત્યાદી.

૧૬. દીન યશ્ત.

ડાહપનને નેમાજ. મુશ્કેલ જગાઓમાં તેમજ ખરૂં ધર્મ ફરમાન ફેલાવવા માટે જરથુશ્ત્ર તેની મદદ માગે છે § ૧-૪.—પવીત્રાઈ મેલવવા માટે તે તેને ભેટો અર્પણ કરે છે અને તે માટે તેની કને તે ફાયદા મેલવે છે § ૫-૧૩.—હ્વોવી તેની કને એવી માગણી કરે છે કે તેણીને જરથુશ્ત્ર સાથે પરણાવી આપે, ઇત્યાદી § ૧૪-૧૯.

"માંથ્રસ્પેન્ત, દાતેમ, દએન" એ ત્રણે શબ્દોનો અર્થ મજદયસ્નની કાયદો, ધર્મ થાય છે; વારે ઘડયે તેઓ સામાન્ય નામ દાખલ વપરાય છે અને વળી કોઈ વાર તેમને દીનની ફરેસ્તાનું રૂપ આપવામાં આવે છે. દએન એ સામાન્ય મજદયસ્નની કાયદો છે; આ શબ્દનું મુલ ચોકસ નથી. વળી આ બીનો ઘણો જાણવા જોગ છે કે, એજ શબ્દ અરબ, હિબ્રુ, ખાલ્દિક, સૅમૅરિતન, ઇત્યાદી ભાષાઓમાં જોવામાં આવે છે. દાતેમ ("ધા" ઊપરથી) કોઈ મુકરર કીધેલું ઠરાવેલું બંધારણ છે; જુની ફાર્સિ ભાષામાં પણ એ શબ્દ મળે છે. એ શબ્દ ખાસ કરી ન્યાયને લગતા કાનુનો બાબદમાં વપરાય છે. માંથ્રસ્પેન્ત (વૃદ્ધિ કરનાર કલાંમ) એ વારે ઘડયે મંત્રની બંદગી તરીકે વપરાય છે. વન્દિદાદ ફરગૅરદ ૨૨મી મુજબ તે દુઃખ દરદ સાજાં કરનાર ફરેસતો છે, અને ૧૩મી યશ્તમાં તેને સર્વજ્ઞાની, દેવોની બિરૂદ્ધના અહુરના કાસદ અને દુઃખ વખતે મજદયસ્નાનોને સહાય થનાર તરીકે વર્ણવ્યો છે. દએનને માટે આ યશ્ત

જોડાયલી છે, જે ઘણીજ ટુંકી અને થોડીજ અગત્યની છે. એમાં દએનને ચિશ્ત યાને ડાહપણ સાથે ગુંચવી નાખવામાં આવી છે. દએનને "ઊત્તમ ખોરાકીવાળી, પરોપકારી, અશો, સહાય થનાર, પ્રખ્યાત, બળવંત કામ કરનારી," ઇત્યાદી વિષેશણો લગાડયાં છે. જરથુશ્ત્રએ તેને ચાર વખત આરાધી ફાયદા મેલવ્યા હતા. વળી તેના ઉપરાંત જરથુશ્ત્રની બાનુ હ્વોવિએ, અથોરનાનોએ તથા ઇરાંની પાદશાહોએ તેને આરાધી હતી. તેનો સામાન્ય ખેતાબ "વંગુહીમ્ દએનાંમ્ માઝ્દયસ્નીમ્" છે. તેની મોટાઇ માટે જુઓ વન્દિદાદ ફર્ગરદ ૫,૬૯ અને ફર્ગરદ ૪ નો છેડેનો ભાગ.

---

૦ ખુશાલ રહો અહુરમજદ ! (ઇત્યાદી, જુઓ યશ્ત ૧ લી ફકરો ૦). મઝદનાં પેદા કરેલાં સાચાં, પવિત્ર ડાહપન તેમજ ભલી માઝ્દયસ્નની દીનની ખુશ્નુદી, આરાધના, વખાણ અને કીર્ત્તિ ગાવા માટે હું કબુલ થાઉં છું.

૧.

૧ ઘણાંજ સાચાં, મઝદનાં પેદા કરેલાં પવિત્ર ડાહપણને અમે વખાણયે છીયે; ઉત્તમ ખોરાકીવાળી, (આરાધના કરનાર તરફ) પરોપકારથી ઉતાવલે ધસનારી, ધર્મને લગતી આરાધનાઓ ઉપર સંપૂર્ણ હકુમત ભોગવનાર, જઓથ્રઓ પુરા પાડનાર, અશો, પુષ્કળ સદગુણોવાળી, પ્રખ્યાત, સેતાબ કામોવાળી, ઊતાવલાં કામો વાળી, રક્ષણ આપનારી, પવિત્રાઇ આપનારી ભલી માઝ્દયસ્ની દીનને અમે વખાણયે છિયે.

૨ જેને અશો જરથુશ્ત્રએ આરાધી (કહયું): અય ઘણાંજ સાચાં, મઝદનાં પેદા કરેલાં પવિત્ર ડાહપન! તું તારાં તખ્ત ઉપરથી આગલ વધ, તારાં (મિનોઇ) મકાનમાંથી આવ. જો તું (મારી) આગળ ચાલેલું હોય તો મારે માટે ખોટી થા, જો તું મારી પાછલ હોય તો મને પકડી પાડ.

૩ અમને તારી મદદ પોહોંચે જેથી રસ્તાઓમાં સારૂં રક્ષણ મળે, પાહાડો ચઢવા માટે સેહેલા થાય, ગીચ જંગલોમાં દાખલ થવાની સેહેલાઇ થાય, વેહેતાં પાણીઓમાંથી પસાર થવું સેહેલું પડે. ધર્મફર્માનોનો ફેલાવો કરવા માટે, તેને જાહેર કરવા માટે, અને (લોકો) તેમાં વધારેને વધારે ધ્યાન આપે એવો ફાયદો (હાંસલ કરાય) માટે તે આશીર્વાદ દે.

૪ ઘણાંજ સાચાં, મઝદનાં પેદા કરેલાં પવિત્ર ડાહપનને તેનાં નુર તથા ખોરેહને લીધે મોટા અવાજે હું આરાધવા ઇચ્છું છું, ઇત્યાદી.

૨.

૫ જુઓ ફકરો ૧ લો.

૬ જરથુશ્ત્રે તેને ભલા વિચારો, સારા કહેલા સુખનો, સારા કરેલાં કામો (મેલવવા) માટે આરાધ્યું.

૭ ઘણાંજ સાચાં, મજદનાં પેદા કરેલાં પવિત્ર ડાહપને તેને (એ મેલવવા માટે) આ બક્ષિસ આપી: પગો માટે કૌવત, કાનો માટે સાંભલવાની શકિત, બાજુઓ માટે જોર, તમામ તનની તનદરોસ્તી, તમામ તનનું સુખ અને પાણીમાં રેહેનારી કરો–મસ્યો (માછલી)ના જેવી નજર શકિત કે જે અતીશે લાંબી, હજાર માણસોનાં જેટલી ઊંડી રહુા નદિમાં એક બાલનાં કદ જેટલું પાણીનું ટીપું જોઈ શકે છે.—જુઓ ફકરો ૪.

૩.

૮–૯ જુઓ ફકરા ૧ લો તથા ૬ઠો.

૧૦ ઘણાંજ સાચાં, મજદના પેદા કરેલાં પવિત્ર ડાહપને (એ- મેલવવા માટે) આ બક્ષિસો તેને આપી: પગો માટે કૌવત, કાનો માટે સાંભલવાની શકિત, બાજુઓ માટે જોર તનને માટે તનદરોસ્તી, તનને માટે સુખ, અને નર ઘોડાના જેવી નજર શકિત કે જે અતીશે અંધારી રાતે જયારે વરસાદ પડેછે, બરફ વરસે છે, કરાં પડેછે તે વેળાએ માટીમાં ભેલાઇ ગયલો ઘોડાનો એક બાલ જોઈ શકે છે; (એટલુંજ નહીં પણ વળી)એ પુછડી તરફનો કે મથાલાં તરફનો છે તે પણ પારખી શકે છે.— જુઓ ફકરો ૪.

૪.

૧૧–૧૨ જુઓ ફકરો ૧ લો તથા ૬ઠો.

૧૩ ઘણાંજ સાચાં, મજદનાં પેદા કરેલાં પવિત્ર ડાહપને (એ મેલવવા માટે) આ બક્ષિસો તેને આપી: પગો માટે કૌવત, કાનો માટે સાંભલવાની શકિત, બાજુઓ માટે જોર, તનને માટે તનદરોસ્તી, તનને માટે સુખ અને વૃદ્ધ ઉમરનાં ગીધના જેવી નજર શકિત જેને અતીશે દૂર આવેલા મુલકથી મુઠી જેટલો માંસનો કકડો એક બળતા કોલસાની રોશણી મીસાલે, બલતા કોલસાના જેવો પ્રકાશીત દીસે છે.— જુઓ ફકરો ૪.

૫.

૧૪ જુઓ ફકરો ૧ લો.

૧૫ જેને અશો, સ્પાની હુવિએ આરાધી અને પોતાને માટે સુખો, નસીબવંતા ભર્થાર દાખલ અશો જરથુશ્ત્રને દીનનાં ફરમાનોને અનુસરતી રીતે વિચારવા, બોલવા તથા કરવા માટે ઇચ્છયો.— જુઓ ફકરો ૪.

૬.

૧૬ જુઓ ફકરો ૧ લો.

૧૭ દૂરની જગાઓમાં નેમાયલા આથ્રવને દીનનાં (ફરમાનોને) યાદ રાખવા માટે અને તનનાં કૌવત માટે દુવા ચાહતાં તેને આરાધ્યું.— જુઓ ફકરો ૪.

૭.

૧૮ જુઓ ફકરો ૧ લો.

૧૯ દેશોના પાદશાહે, દેશોના સરદારે દેશો માટે મદદ, તનને માટે કૌવત ઇચ્છતાં તેને આરાધ્યું.—જુઓ ફકરો ૪. યથા અહૂ વ-ઇર્યો ઇત્યાદી.

૧૭. અષિ યશ્ત.

અહુરની દીકરી તથા અમેશાસ્પેન્તઓની બેહેન, અષિવઙ્હુઈની મોટાઇ અને ખુબસુરતી; તેણીથી બુદ્ધિ અને આબાદી મળે છે § ૧-૩. હોમને નેમાજ, તેનોજ રસ અશોઇ સાથે મિત્રાચારી રાખે છે. અએષ્મ ગુસ્સાનો સાથી છે § ૪. જે ઘરોમાં અષિ આવે છે તે ઘરોને તે મોટાઈ અને દોલત બક્ષે છે § ૬-૧૪, જરથુશ્ત્રનો અવાજ તેણી સાંભળે છે, જેના જનમથી ઝાડપાન ખુશી થાય છે, અને દેવોનો નાશ થઇ અઙ્ગ્રેમઇન્યુશ નાહાસી જાય છે, અઙ્ગ્રેમઇન્યુશ જાહેર કરે છે કે, અહુનવઇર્ય તથા અષેમવોહૂની મારફતે તેને નહસાડવાની તથા બાળવાની શક્તિ જરથુશ્ત્ર એકલો ધરાવે છે § ૧૫-૨૦. અષિવઙ્હુઈ જરથુશ્ત્રને પોતાની આગળ બો-

લાવે છે તથા તેના ઉપર પ્યાર કરે છે. § ૨૧-૨૨. હુઓષ્યંઙ્ગહ વગેરેએ કરેલી તેણીની આરાધના અને મેલવેલા ફાયદા § ૨૩-૫૨. બદકામ કરનારી ઓરતો તથા મરદો વગેરે માટેનો તેણીનો વીલાપ અને અહુરમજ્દ તરફનો દીલાસો, ઇત્યાદી ૫૩-૬૨.

અષિ તેના નામ ઉપરથી દીસે છે તેમ અષ સાથે મલતી થાય છે; અષિ પોતે પવિત્રાઇ, અશોઇનો ફરેસ્તો છે. પણ મજદયસ્નાનોમાં તેણીએ એક બીજું ખાસ રૂપ લીધું છે, અને તેણી આશીર્વાદનો. નેકી કરવાથી તથા દીનને તાબેદાર થવાથી મલતા બદલાનો પ્રતિનિધી ફરેસ્તો છે; નૅર્યોસંઙ્ગહ વળી તેને લક્ષ્મિ સાથે ઓળખાવે છે. તેનો હંમેશનો એતાબ "વઙ્ગુહિ" છે, જે તેનાં નામનો એક ભાગ લેખાય છે. તેણી પુષ્કળ ચલકાતવાળી છે; સઘલી ખરાબીઓ સામે તેણી ઇલાજો ધરાવે છે; તેણી ઘણીજ પ્રકાશીત, દબદબાવાળી, જોરેમંદ, નુરમંદ, પરોપકારી છે. તેણી પારૅન્દિની સાથે દેખાવ આપે છે અને મિથ્રની પુંઠે ચાલે છે. તિશ્ત્ર્ય માટે તે રસ્તો ખુલ્લો કરી આપે છે, જેથી તે આ દુન્યામાં પોતાની બક્ષેસો વરસાવે છે. તેણી નુર, આબાદી, દોલત અને બુદ્ધિ બક્ષે છે. જુવાન છોડીઓને પરણાવી આપે છે. જરથુશ્ત્ર ઊપર તેણીએ ખાસ મેહેરબાની કરી હતી. જનમનારાઓને તેણી આશીરવાદ દે છે. જેઓ લગ્ન અને હંમેલ તોડે છે તેમના સંબંધમાં તેણી ફર્યાદ ઊઠાવે છે. તેણીની આરાધનામાં માત્ર પરણેલાંઓ અને છોકરાં જણી શકનારાઓથીજ ભાગ લેવાઇ શકાય છે. પુરાતમ પેહેલવાનોએ તેણીની બંદગી કરી ફાયદા હાંસલ કર્યા હતા. તેણીને એક જુવાન, ખુબસુરત, ચેહેરેનમુન અને રથમાં સ્વાર થયલી છોડીનું રૂપ આપવામાં આવે છે. તેણી જરથુશ્ત્રને પોતાના હાથોમાં દાબી તેના ઉપર પ્યાર કરે છે. તેણીને અહુરમજદ તથા આર્મઇતિની દીકરી, રશ્નુ, સ્રઓષ અને મિથ્ર તથા અમેષાસ્પંન્તઓની બેહેન તરીકે વર્ણવી છે.

૧ખુશાલ રેહો અહુરમજદ (ઇત્યાદી, જુઓ ફકરો ૦). અષિવઙ્ગુહિ, ચિશ્તિ વઙ્ગુહિ, પવિત્ર ઇનસાફ, પવિત્ર સચ્ચાઇ, ઓરેહ, મજદની ઉત્પન્ન કરેલી આબાદીને ખુશ્નુદ કરવા તથા તેમની વખાણ આરાધના અને કીર્ત્તિ ગાવા હું કબુલ થાઉં છું.

૧.

૧ પ્રકાશીત, બુલંદ, દબદબાવાળી, સંપૂર્ણ નેમાજને લાયકની; ખણખણ કરતાં પૈડાં (સાથની ગાડી) વાળી, જોરેમંદ, આબાદી આપવા આરાંમ આપવા માટે બળવંત, પુષ્કળ બાહાદુરી ધરાવનારી, પેહેલવાન, અષિવઙ્ઉહિને અમે વખાણ્યે છિયે.

૨ જેણી અહુરમજ્દની દીકરી, અને અમેંષાસ્પેંન્તઓની બેહેન છે, તમામ સઓષ્યન્તઓની બુદ્ધિ ખીલવવાને કબુલાત આપે છે, જાતી અક્કલ તેમને લાવે છે; તેમજ વળી જેઓ નજદીકમાં અને દૂર તેણીને આરાધે છે તથા જેઓ અષિવઙ્ઉહિને જ્ઓથ્રઓની ભેટોવડી વખાણે છે તેમની મદદે તેણી આવે છે.

૩ પવિત્ર અષિવઙ્ઉહિને તેણીનાં તથા ખોરેહને લીધે મોટા અવાજે હું આરાધવા ઇચ્છું છું, ઇત્યાદી.

૨.

૪ જુઓ ફકરો ૧ લો.

૫ હઓમને, માંથ્રને, અશો જરથુશ્ત્રને નેમાજ હોજો! હો મને નેમાજ હોજો, કારણ કે (હઓમના રસ સિવાયનું) બીજું સઘલું પીવાનું ઝનુનથી જંગલી બનેલા અએષ્મને લગતું છે; હઓમનું પીવાનું કાયદાસરનું, પવિત્ર અશોઇના કાનુન મુજબનું હોય છે.

૬ અય અષિ! તું ખુબસુરત છે, અષિ! તું કીરણો ફેંકે છે જેમાંથી ખુશાલી પંથરાય છે. અષિ! જે માણસો ઉપર તું મેહેરબાન થાય છે તેમને તું ભલું નુર બક્ષે છે. તું મોહો સુવાસ ફેલાવે છે. બલવંત દોસ્તીને ચાહનારી અષિવઙ્ઉહિ જે ઘરમાં પગ મેલે છે તે ઘરમાં જાદુકની મિત્રાચારી (સ્થાપવા) માટે તેણી સુગંધ ફેલાવે છે.

૭ ઓ અષિ! તું કે જે (તારે માટે) જે ઘરમાં ગાલીચો બીછાવેલું તખ્ત તથા બીજી કોમની ન્યાંમતો (તૈયાર કરેલી) હોય છે. ત્યાં સુગંધીઓનો પ્રસાર કરે છે, તે તું જે માણસો ઉપર મેહેરબાંની કરે છે. તે પુષ્કળ સત્તાવાળાં, પુષ્કળ પકવાનોવાળાં, પુષ્કળ બક્ષેસો કરનારાં, ફીણ ફેંકતા ઘોડાઓવાળાં, ખણખણ કરતાં પૈડાં સાંથની રથોવાળાં, ચકચકીત તરવારોવાળાં, (દુશ્મન કનેથી) પુષ્કળ (લુંટ) લેઇ જનાર, પુષ્કલ દો-

લ ાવાળાં હોય છે. જેના ઉપર તું મેહેરબાંન થાય છે તે સુખી હોય છે. અય બળવંત, અને પુષ્કળ પ્રકારોની ન્યામતો ધરાવનારી તું (અષિ) તું મને સહાય થા.

૮ અય પવિત્ર અષિ ! જે માણસો તરફ તું મેહેરબાન થાય છે, તેમનાં મકાનો મજબુત સ્થપાયલાં હોય છે, તેઓ (યાને તે મકાંનો) ઝુંડાઓ મોસાલે ઉભાં રહે છે, તેઓમાં પુષ્કળ પવિત્રાઈ હોય છે અને લાંબો વખત સુધી તેઓ રક્ષણ મેલવનારાં થાય છે. જે કોઇને અય પવિત્ર અષી ! તું સહાય થાય છે તે સુખી હોય છે; અય બળવંત અને પુષ્કળ પ્રકારોની ન્યામત ધરાવનારી ! તું મને સહાય થા.

૯ અય પવિત્ર અષિ ! જે માણસોને તું સહાય થાય છે, તેઓ હંમેશ ગાલીચાઓવાળાં, સારી રીતે સીંગારાયળાં, હુન્નરથી બનાવેલાં, તકયાથી શોભાયમાન થયલાં, સોનેરી ઢોળ ચઢાવેલા પેયા સાથનાં બીછાણાંઓ (યાને કોચો, પલંગો) પામેલાં હોય છે. જેના ઉપર તું મેહેરબાંન થાય છે, તે સુખી હોય છે. ઇત્યાદી.

૧૦ અય પવિત્ર અષિ ! જે માણસોને તું સહાય થાય છે તેમની આ મકાનમાં રેહેતી વાહાલીઓ તખ્ત ઊપર બેહેલી હોય છે, તેઓ પુષ્કળ નરમ તકયા ઉપર લેટે છે (આરામ કરે છે), તેઓ ચુડા પેહેરેલી, ચોરસ એરીંગો તથા સોનામાં મઢી લીધેલી લાકોતોવાળી હોય છે, (તેઓ વિચાર કરે છે કે): ઘરધણી અમારી પાસે કયારે પાછો આવશે ? તેનું તન રીઝે એવી રીતની ખુશાહાલી સાથે અમે કેમ તૈયાર થઇએ.

૧૧ જેઓને અય પવિત્ર અષિ ! તું સહાય થાય છે, તેમની જુવાન દીકરીઓ ઊંચાં મોજાં પેહેરેલી, નાજુક કંમરની, (ખુબસુરતી માટે) વખણાયલાં શરિરની, લાંબાં આંગલાંઓવાળી, અને તેમને જોનારાઓ ઇચ્છે એટલી બધી ખુબસુરતીવાળી હોય છે, ઇત્યાદી.

૧૨ જેઓને, અય પવિત્ર અષિ ! તું સહાય થાય છે તેમના ઘોડાઓ (દુશ્મનોમાં) ધાસ્તી ફેલાવે છે, ઝડપ ચાલના હોય છે, ફીણ ફૂંકે છે, પ્રકાશીત રથ ખેંચે છે, રથમાં જોડાઇને (સ્વારની) મરજી થાય ત્યાં કુંચ કરે છે; ઇશ્વિરી કીર્તન ગાતા; સેતાબ ઘોડાઓવાળા, મજબુત રથવાળા, તીક્ષણ ભાળાવાલા, લાંબી લાકડીવાળા, ઝડપથી જતા તીરો-

પાળા, દુર સુધી પોંહોંચનાર, દુશ્મનનો દુંબાલો પકડનારા અને દુશ્મનને તેનાં મોહોડાં આગળથી મારનાર પેહેલવાનોને (પોતાની પીઠ ઊપર અ-થવા રથમાં બેસાડી) તેઓ લેઇ જાય છે; ઇત્યાદી.

૧૩ અય પવિત્ર અષિ, જેમને તું સહાય થાય છે તેમનાં ઊંટો મજબુત ખુંધવાલાં, પાળી શકાય એવી સારી ખાશ્યત ધરાવનારાં, બોજો ઊંચકીને જમીન ઉપર ઝડપથી ચાલનારાં હોય છે; ઇત્યાદી.

૧૪ જેઓને, અય પવિત્ર અષિ! તું સહાય થાય છે, તેમનું સોનું અને રૂપું ઘણા દૂરના મુલકોમાંથી પુષ્કળ ખોરાકીની ભેટો તથા ઊંચાં વસ્ત્રો અને મીઠાઇઓ મેળવી આપે છે; ઇત્યાદી.

૧૫ ઓ બુજોર્ગ અષિ! મારા ઊપર તારી નજર ફેંક, મારા ઉપર તારી દયા લંબાવ! તું સારાં ઘટમનો છે, તું ભલાં તોખમની છે, તું તારી મરજી પ્રમાણે હકુમત ચલાવનારી છે; તું તનને માટે ઉત્પન્ન કરેલું ખોરેહ છે.

૧૬. અય સર્વેથી બુજોર્ગ યજત, સર્વેથી ઉત્તમ યજત! અહુરમજદ તારો પિતા છે. પવિત્ર આર્મઇતિ તારી માતા છે. અશો અને પવિત્ર સ-ઓષ, બુજોર્ગ અને બળવંત રશ્નુ તથા બોહોલાં ખેતરોવાળો, હજાર આં-ખોવાળો, દશ હજાર કાનોવાળો મિથ્ર તારા ભાઇઓ છે; મજદયસ્નિ દીન તારી બેહેન છે.

૧૭ યજતોથી વખાણાયલી, અશો લોકોથી કદીબી હાંકી નહીં કહડાયલી, બુજોર્ગ અષિવહુઉહિ રથમાં સ્વાર થઇને આ શબ્દો બોલતી ઊભી થાય છે: તું કોણ છે, તું કે જે મને આરાધે છે, અને જેનો અ-વાજ મને આરાધનારા સઘલા લોકોમાં ઘણોજ મીઠો મને સંભલાયોછે?

૧૮ એટલા ઉપરથી અશો જરથુશ્ત્ર આ પ્રમાણે બોલ્યો: (એ તો હું જરથુશ્ત્ર છું કે) જેણે માણસોમાં પેહેલવેહેલે સંપુર્ણ પવિત્રાઇથી કીર્તનો ગાયાં હતાં, જેણે અહુરમજદ તથા અમેંષાસ્પેન્તઓની આરાધ-ના કરી હતી, જેના જનમવા અને ઊછેરવા માટે પાણીઓ તથા ઝાડ-પાનો પ્યારથી કામ કરવા લાગ્યાં, જેના જનમવા અને ઊછેરવા માટે પાણીઓ અને ઝાડપાનો બુજોર્ગી પામ્યાં હતાં;

૧૯ જેનાં જનમવાથી. અને મોટો થવાથી આ ગોળ, વીસ્તીર્ન, અતીશે દૂરની હદવાળો પૃથિવ ઉપરથી અહ્રેમઇન્યુશ નાહાસી ગયો. તે બુરાઈના ઉત્પન્ન કરનાર, પુષ્કળ દુઃખ દરદોના કર્ત્તા અહ્રેમઇન્યુશે બુમ પાડી જણાવ્યું: કોઇબી યજત મને મારી મરજી ઉપરાંત હાંકી મેલી શકયો નથી, પણ જરથુશ્ત્ર એકલોજ મને મારી મરજી વીરૂદ્ધ નહસાડી મેલી શકે છે.

૨૦ તે મને અહુનવઈર્યથી મારે છે કે, જે "કત"ના જેટલી લાંબી ગોફન સરખું હથ્યાર છે. પીગલાવેલાં લોખંડ મીસાલે તે મને અષેમ્-વોહૂથી બાળે છે. તે ઘણોજ અશો જરથુશ્ત્ર જે એકલો મને નહસાડે છે તે આ જમીન ઉપરથી મારી અપવિત્રાઇઓ સાફ કરી નાખે છે.

૨૧ બુલંદ અષિવહુહુઈએ એ પછી જણાવ્યું: અય સાચા, અશો અને પવિત્ર (જરથુશ્ત્ર)! તું મારી ઘણીજ નજદીક આવી ઉભો રહે. મારી રથની નજદીક આવ. બાલેશ, અશો અને પવિત્ર જરથુશ્ત્ર તેણી-ની નજદીક ગયો, તેણીની રથ નજદીક પોહોંચ્યો.

૨૨ તેણી તેને ડાબા અને જમના તથા જમના અને ડાબા હાથ વડી પકડી પસવારવા લાગી અને આ પ્રમાણે બોલી: અય જરથુશ્ત્ર! તું ખુબસુરત છે, અય અશો! તું સારાં ઘટમનો છે, તને સુંદર પગો અને લાંબા હાથો છે. તારાં તનને ખોરેહ અને આત્માને ભલાઇ આપેલી છે કે જે બોના હું તને જાહેર કરૂં છું.—જુઓ ફકરો ૩જો.

૩–૯.

૨૩–૫૨ આ સઘલા ફકરાઓ માટે જુઓ યશ્ત હમીના ફકરા ૩–૬, ૮–૧૧, ૧૩–૧૫, ૧૭–૧૯, ૨૧–૨૩, ૨૫–૨૭, ૨૯–૩૨. એ સઘલાઓમાં ફરક માત્ર એટલોજ છે કે, "દ્રવાસ્પ"ને બદલે "અષિવહ્ઉહિ" પાસે દુવા માગવામાં આવે છે, તથા "દ્રવાસ્પ"ને ઘોડાઓ વગેરે પ્રાણીઓ અર્પણ કરવામાં આવતાં હતાં, તેમ અષિવહ્ઉહિને માટે કરવામાં આવતું નથી. વળી દુવા આહાનારની દુવા આમીન થવાને લગતો જે ફકરો આવે છે તેની ભાષામાં લગાર ફેર છે અને તે નીચે મુજબ છે:

બુલંદ અષિવહુઉહિ દોડી, તેની નજદીક પોહોંચી અને (ફલા-ણાએ) એ મેહેરબાનો મેલવી.

૧૦

૫૩ જુઓ ફકરો ૧લો.

૫૪ પછી બુલંદ અષિવહ્ઉહિ બોલી: સુકાઇ ગયલી મનીવાળો માણસ, દસ્તાન નહીં બેસતી વેશ્યા, નાજુક વયનું બાળક, મરદની નજદીક નહીં ગયલી (યાને કુંવારી) કન્યા મને અર્પણ કરાતા જશ્નોઓમાં ભાગ લીએ નહીં.

૫૫ જ્યારે સેતાબ ઘોડાઓવાળા, જુવાંનીનો પુષ્કળ (ઊમંગ અને કૌવત) ધરાવનારા તુરઓ (તુરાંનીઓ) મારી પુંઠે લાગ્યા ત્યારે મેં મારાં તનને બોજો ઊંચકી જતા ગોધાના પગ હેઠલ સંતાડયું. જ્યારે સેતાબ ચાલના ઘોડાઓવાળા અને જુવાંનીનો પુષ્કળ ઉમંગ ધરાવનારા તુરાંનીઓ મારી પુઠે લાગ્યા ત્યારે નાજુક ઉંમરના બાળકોએ અને નહીં પરણેલી કુમારીકાઓએ મને (મારો છુપી જગામાંથી) શોધી કાહાડી.

૫૬ પુષ્કળ બચ્ચાંકચ્ચાંવાળા એક ગેંડાની ગરદન નીચે મેં મારાં શરિરને સંતાડયું; પણ સેતાબ ચાલના ઘોડાઓવાળા અને જુવાંનીનો પુષ્કલ ઊમંગ ધરાવનારા તુરાંનીઓ મારી પુંઠે લાગ્યા ત્યારે નાજુક ઉંમરનાં બાળકોએ તથા નહી પરણેલી કન્યાઓએ મને શોધી કાહાડી.

૫૭ બુલંદ અષિવહ્ઉહિએ પોતાની પેહેલી ફર્યાદનો પોકાર છોકરાં નહીં જનનારી વેશ્યા માટે કર્યો હતો: તેણી તરફ પગલાં વધાર ના; (વેશ્યા) ની જમીન પર ચાલ ના. હું એ બાબદમાં શું કરૂં ? હું આકશમાં જાઉં કે જમીનની અંદર ભરાઉં ?

૫૮ બુલંદ અષિવહ્ઉહિએ પોતાનો બીજી ફર્યાદનો પોકાર પારકા મરદથી બાળકનો જનમ આપી તેને રસ્તા ઊપર મેલી આવનાર વેશ્યા માટે ઊઠાવ્યો હતો: હું એનાં સંબંધમાં શું કરૂં ? હું આકાશમાં જાઊં કે, જમીનની અંદર ભરાઊં ?

૫૯ બુલંદ અષિવહ્ઉહિએ પોતાની ત્રિજી ફર્યાદનો પોકાર ઉઠાવ્યો: જે બળવંતી કન્યાઓને પરણવાથી બાતલ રાખે છે અને લાંબો વખત તેમને ભરથાર વિના રાખી તેમનાં ફરજંદો લુંટે છે તેઓ મારી નજરમાં ઘણુંજ જુલમી કામ કરે છે. હું એ બાબદમાં શું કરૂં ? હું આકાશમાં જાઊં કે જમીનનો અંદર ભરાઉં ?

૬૦ ત્યારે અહુરમજદએ જવાબ દીધો: દાહુપનથી ઊત્પન્ન થયલી અય પ્રકાશીત અષિ ! આકાશમાં ના જતી તેમજ જમીનની અંદર ના ભરાતી, પણ પ્રકાશીત અને પાદશાહી બનાવતનાં મકાનની અંદર દાખલ થા.

૬૧ વીશતાસ્પએ દાઇત્ય નદી આગળ તારી જે આરાધના અને નેમાજ કરી હતી તથા જઓત (જોતી) એ મોટા આવાજથી તારાં જે કીર્ત્તન ગાયાં હતાં તેવી આરાધના અને નેમાજથી હું તને વખાણવા અને આરાધવા ઇચ્છું છું. દાહુપનથી ઊત્પન્ન થયલી અય પ્રકાશીત અષિ! હું તે આરાધનાથી, તે નેમાજથી તને વખાણવા, તારી કીર્ત્તિ ગાવા ઇચ્છું છું.

૧૮. આરતાદ (અરતાત્) યશ્ત.

અહુરમજદએ આર્ય લોકોનું બળવંત અને પ્રકાશીત ખોરેહ ઊત્પન્ન કર્યું, જે અગ્નિ, અહરેમઈન્યુશ અએષ્મ, બુશ્યાંસ્ત, અપઓષ, ઈત્યાદીને હાંકી કાહાડે છે ૬૧-૨. તેણે અષિય ઊહિને ઉત્પન્ન કરી જે જીંદગી, ખોરેહ, દોલત, ઈત્યાદી બક્ષે છે. § ૩-૬.—તિશ્ત્ર્ય, આર્ય ખોરેહ, હઓમ ઈત્યાદીને નેમાજ§ ૭-૮.

અરતાત એ દીનસાફનો ફરેસ્તો અને મિથ્ર, સઓષ તથા રશ્નુનો સાથી છે. અવસ્તામાં તેનું નામ અને તેને લગાડેલાં વિષેશણ સિવાય બીજુ કશું વર્ણન તેના માટે જોવામાં આવતું નથી. તેને સામાન્યરીતે "દુન્યાઈ ન્યામતોને આબાદી આપનાર તથા તેમની વૃદ્ધિ કરનાર" (ફ્રાદત્ ગએથ અને વરદત્ ગએથ) વિષેશણો લગાડવામાં આવે છે, કારણ કે અતીશે પરેહજગારી અને દીનની તાબેદારીનું એજ સ્વભાવીક પરીણામ નીપજે છે; વળી એજ બાબ્યતને લીધે તેને સવો ગએથ યાને આ દુન્યાને ફાયદો મેલવી આપનાર કેહેવામાં આવે છે. બે જગાઓએ (યજશ્ને હા ૫૬, ૧૩, ૧૫ અને યશ્ત ૧૧, ૧૯) અર્સ્તિ શબ્દ મલે છે જે ઘણું કરીને અરતાતને બદલે વપરાયલો છે અને તેનાજ જેવો અર્થ ધરાવે છે, પણ અરિતની સાથે "યજત" નો એતાબ મલતો નથી. આ યશ્તને જો કે અર્શતાત્ (આરતાદ) યશ્તનું નામ આપ્યું છે, તોપણ એમાં તેનું નામ વટીક કેડે વાપરેલું જોવામાં આવતું નથી.

૦ ખુશાલ રહો અહુરમજદ ! (ઇત્યાદી, જુઓ ફકરો ૦). મજદનાં ઉત્પન્ન કરેલાં આર્ય લોકોનાં ખોરેહને ખુશ્નુદ કરવા, તથા તેની આરાધના વખાણ અને કીર્ત્તિ ગાવા માટે હું એકરાર કરૂં છું. '

૧ અહુરમજદએ અશો જરથુશ્ત્રને કહયું: અય અશો જરથુશ્ત્ર! પુષ્કળ ગોસ્પન્દોવાળુ, પુષ્કળ ટોળાઓવાળું, પુષ્કળ ન્યાંમતોવાળું, પુષ્કળ ચલકાતવાળુ, બુદ્ધિમાં સારૂં બનાવેલું (સારૂં બુદ્ધિમાન), ચલકાતમાં શારૂં બનાવેલું, અગ્નિની સામે થનારૂં આર્ય ખોરેહ મેં ઉત્પન્ન કર્યું.

૨ પુષ્કળ દુ:ખદરદો ઉત્પન્ન કરનાર અહરેમઇન્યુને તે તોડે છે, ઝનુની, ઘાટકી અએષ્મને તે તોડે છે, તે સુસ્ત બુષ્યાંસ્તને તોડે છે, તે નજીસાતને તોડે છે જેને અડકવાથી અપવિત્ર થવાય છે, ખુની અપઓષ દેવને તે તોડે છે, આર્ય (ભલા) નહીં એવા તમામ મુલકોને તે તોડે છો

૩ મેં બુલંદ અષિવહ્ઉહિને પેદા કરી; તેણી જીંદગીનાં ભીત્તરમાં દાખલ થાય છે, તેણી સ્વચ્છ ચલકાતનાં, બાદશાહી કારીગરીનાં મકાનના વચલા ભાગમાં દાખલ થાય છે.

૪ પરેહજગારોને ખુશ્નુદ કરવામાં રાજી થનાર શખ્સને પુષ્કળ ચલકાતવાળી અષિવહ્ઉહિ પોતાની બક્ષેસો આપે છે; જીંદગીનાં ભીત્તરમાં તેણી દાખલ થાય છે, સ્વચ્છ ચલકાતવાળાં, બાદશાહી કારીગરીન. મકાનના વચલા ભાગમાં તેણી દાખલ થાય છે. સઘલા પ્રકારનાં ટોળાંઓ સાથે, બચાવના સઘલા પ્રકારના ઈલાજો સાથે. તમામ ડાહપન સાથે, તમામ ચલકાત સાથે જીંદગીનાં ભીત્તરમાં, સ્વચ્છ ચલકાતવાળાં, બાદશાહી કારીગરીનાં મકાંનના વચલા ભાગમાં તેણી દાખલ થાય છે.

૫ તેણી હજાર ઘોડાઓવાળી, હજાર ગોશ્પન્દોવાળી હોય છે, તથા તે ઉપરાંત વળી જાતી ફર્જન્દવાલી હોય છે (યાને તેણી હજારેં ઘોડાઓ, ગોશ્પન્દો અને ફર્જંદ મેલવો આપે છે). પુષ્કલ ચલકાત અને ખોરેહવાળો તિશ્ત્ર્ય સેતારો તથા મજદનો પેદા કરેલો બળવંત પવન, આર્ય ખોરેહ સાથે સરખી રીતે જોડાય છે (યાને એઓ સઘલાં સરખામણીમાં એક સરખાં ઉતરે છે).

૬ પાહાડોની સઘલી ટોંચો ઉપર સઘલી ખીણોનાં ઉંડાનમાં તેઓ આબાદી લેઇ જાય છે, સઘલાં ઉગતાં ઝાડપાનો, પ્રકાશીત ઝાડપાનો, સોનેરીરંગનાં ઝાડપાનો માટે તેઓ આબાદી લાવે છે. અપવિત્ર કરનાર નજીસાતને અને ખુની અપઓષ દેવને તેઓ દૂર હાંકી મેલે છે.

૭ પ્રકાશીત, નુરમંદ તિશ્ત્ર્ય સેતારાને, મજદના પેદા કરેલા બળવંત પવનને, આર્ય ખોરેહને નેમાજ હોજો. યથા અહૂ વઇર્યો, અષમવોહૂ.

૮ અહુનવઇર્યને અમે વખાણીયે છિયે; ઘણાજ ખુબસુરત, અમર્ગ, અષવહિશ્તને, સાચા બોલેલા, ફત્તેહમંદ અને તન્દરોસ્તી આપનારા ફલાંમોને, માંથ્રસ્પેન્તને, મજદયસ્નની દીનને, હઓમની આરાધનાને, આર્ય ખોરેહને અમે વખાણીયે છિયે. યંહે હાતાંમ, ઇત્યાદી.

૧૯ જમ્યાદ યશ્ત.

મુખ્ય પાહાડો (કલ્પીત તેમજ ખરા) નું વર્ણન § ૧-૬. પાહાડ ઊપર ચઢતી વખતે કરવી જોઈતી બંદગી અને ભેટો § ૭. સેવટની દુન્યા અને તેનું અમર્ગપણું ઊપજાવ કરનાર ખોરેહની વખાણ § ૮-૧૨. અહુરમજદ, અમેષાસ્પેન્તઓ, યજતઓ, પુરાતમ પેહેલવાનો વગેરેનું ખોરેહ છે § ૧૦, ૧૩-૪૪. યિમ જુઠું બોલવાથી ત્રણ વાર તેનું ખોરેહ વારઘ્ન પક્ષિના આકારમાં ઊડી ગયું હતું, અને તે મિથ્ર, થ્રએતઓન અને કેરેસાસ્પ પાછું મેલવી શકયા હતા. § ૩૩-૩૯. કેરેસાસ્પનાં જુદાં જુદાં પરાક્રમો § ૩૮-૪૪. ખોરેહ માટે અહ્રેમઇન્યુ અને અહુરમજદ વચ્ચે લડાઇ § ૪૬-૪૭. આતશ અને અજિ વચ્ચે તેની લડાઇ થતાં પાછલો છેલ્લે હારી નાહાસી જાય છે. § ૪૭-૫૦. અપાંમ નપાત વોઉરુકષમાંથી ખોરેહ મેલવે છે; તેની વખાણ ગાવાને અહુરમજદ આગ્રહ કરે છે § ૫૧-૫૪. ત્રણ વાર તરેહવાર ઠગાઈથી ફ્રંહરાસ્યને (અફ્રાસ્યાબે) તે મેલવવાને તજવીજ કરી પણ ત્રણે વાર તે નિષ્ફળ થયો હતો § ૫૫-૬૪. ખોરેહ ભલાંઓને બાઝે છે અને બુરાઓનો નાશ કરે છે § ૬૫-૬૦. કયાંનીઓને, હુસ્રવને, જરથુશ્ત્ર વગેરેને ખોરેહ મળ્યું હતું અને તેથી તેઓ ફત્તેહમંદ થતા હતા § ૭૧-૯૪. સઓષ્યન્ત સઘલી બુરાઇઓનો નાશ કરી, દુન્યાને અમર્ગિ આપશે § ૯૫-૯૬.

આ યશ્ત જે જમીનના ફરેસ્તાને અર્પણ કરવામાં આવી છે તેમાં માત્ર પેહેલા સાત ફકરાઓ કેટલાક પાહાડોનાં વર્ણનમાં રોકવામાં આવ્યા છે, પણ

બાકીના સઘલા ફકરાઓમાં "ખરૅનો" (ખોરેહ)ની તેમજ "ખરૅનો" ધરાવનારાઓનાં પરાક્રમો વગેરેની વખાણ કરવામાં આવી છે. અવસ્તામાં "ખરૅનો" ઘણોજ મોટો ભાગ બજાવે છે. કેટલીક દંતકથાઓ તેને રોશણીનો એક આકાર લેખે છે. "ખરૅનો" બે પ્રકારના છે અને તેઓ વચ્ચે થોડોક તફાવત હોય છે જે કેટલાકો કમનસીબે જોઈ શકતા નથી. પેહેલી જાતનો યાને સામાન્ય "ખરૅનો" ઇરાંનના પ્રકાશીત મિનોઈ ફરેસ્તાઓની આસપાસ કુદરતી રીતે વીંટલાયલો, રોશ્ણીવાળો પ્રકાશ છે. રોશણી તથા પાણીના પુરાતમ ફરેસ્તાઓ અનાહિત તેમજ સૂર્ય અથવા મિથ્રને લગતો તેમજ જરથોસ્તી ધર્મે ઊત્પન્ન કરેલા નવા ફરેસ્તા દીન, સ્રઓષ ઇત્યાદીને લગતો તે હોય છે. "ખુરૅનો" વધુ બોહોલા અર્થે દુન્યાની ભલી પેદાએશને, અશો મરદને, તેનાં મકાંનને અને વલી દુન્યાઇ પાણીઓને લગાડવામાં આવ્યો છે. આ બીજા પ્રકારનો "ખરૅનો" ઉપલીજ મિનોઈ રોશ્ણીનું એક કીરણ છે જે આકાશ ઉપરથી ઉતરી પવિત્ર જરથોસ્તી ભૂમીને, પેહેલવાની જમાનાના રાજાઓને અને ખાસ કરી જરથુશ્ત્રને બાઝયું હતું. યજશ્નેના પેહેલા સાત હા જે કાંઈ ઘણા પુરાતમ નથી તેમાંની આરાધનાઓમાં એ બીજા પ્રકારના "ખરૅનો" વિષે બોલવામાં આવે છે, જયાં તેને "કવિ"ઓ અથવા રાજાઓનો (કવએમ્) મજદથી ઉત્પન્ન થયલો બળવંત ખરૅનો, અનદીઠ (અખરૅત) ખરૅનો, આર્ય લોકોનો ખરૅનો, કરી કેહેવામાં આવે છે. તેને જમીન સાથે સંબંધ છે, કારણ કે દરેક ઠેકાણે તેને પાહાડો પછી આરાધવામાં આવે છે. અષિ યશ્તમાં જણાવવા મુજબ ખરૅનોને તનના ફાયદા માટે ઉત્પન્ન કરવામાં આવ્યું હતું અને જરથુશ્ત્રનાં તનને તેના આત્માનાં સુખ માટે તે બખશવામાં આવ્યું હતું. આ યશ્તમાં આ બીજા પ્રકારના ખરૅનોનું વર્ણન છે. આ ખરૅનો કોણ છે? પ્રથમ આ વાત ચોકસ છે કે તેની ઉત્પત્તી જરથોસ્તી ધર્મમાંજ થયલી છે અને આર્ય કે ઇન્દો યુરોપ્યન દંતકથાઓમાં તેને મલતુંકશું જોવામાં આવતું નથી. પવિત્ર જમીન, રાજાઓ, અશો લોકોનાં તનને બાઝતાં ચલકાતમંદ કીરણને વીજલી દાખલ લેખી શકાય નહીં. સંસ્કૃતમાં ખરૅનો સાથે કાંઇકિ મલતાપણું બતાવતા જે શબ્દો છે તે વીજલી સાથે સંબંધ ધરાવતા નથી. ખરૅનોને બરાબર મલતો શબ્દ સંસ્કૃતમાં નથી અને બાદશાહી ખરૅનોને તો કાંઇબી મલતો શબ્દ નથી. ખરૅનોને મલતો એક સંસ્કૃત શબ્દ "સ્વર્" એટલે આકાશી રોશણી, પ્રકાશીત 'ઇથિર'. ચલકાતમંદ રોશણી મળે છે; "સ્વરનર" સૂર્ય, અગ્નિ, હોમને લગાડવામાં આવે છે પણ વીજલીને કે તેને લગતાંઓને તે લગાડવામાં આવતો નથી.

૦ ખુશાલ રહો અહુરમજદ (ઇત્યાદી, જુઓ યશ્ત ૧ લી ફકરો૦), મજદના ઉત્પન્ન કરેલા, પવિત્ર ચલકાતવાળા પાહાડ ઉષિદરૅનની, મજદનાં ઉત્પન્ન કરેલાં બાદશાહી ખરૅનો (ઓરેહ)ની, મજદનાં ઉત્પન્ન કરેલાં અનદોઠ ખરૅનોની ખુશનુદી, આરાધના, વખાણ અને કીર્તિ ગાવા માટે હું કબુલ થાઉં છું.

૧

૧ અય અશો જરથુશ્ત્ર ! આ જમીન ઉપર પેહેલો ઉભો થયલો પાહાડ બુલંદ હરઈતિ[1] હતો. પાણીઓની વચ્ચે[2] આવેલા, પૂર્વ તરફ આવેલા મુલકોની હદ ઉપર તે (પાહાડ) લંબાય છે. બીજો પાહાડ જરૅધો હતો, જે અર્ધોમનુષ[3]ની પેલી તરફ પાણીઓની વચ્ચે આવેળા તેમજ વળી પૂર્વ તરફ આવેલા મુલકોની સિમા ઉપર આવેલો છે.

૨ એ પછી ઉષિધાઓ, ઉષિદરૅન,[4] એરૅજિફ્ય અને ફ્રઓરૅપ પાહાડો થયા હતા; છઠ્ઠો અરૅઝુર[5] હતો, સાતમો બુમ્ય,[6] આઠમો રઓઇધિત,[6] નવમો, મજિશિશ્વત્, દશમો અન્તરૅદહુશ્, અગ્યારમો ઍરૅજિષો, બારમો વાઈતિ-ગઍસ[8] હતો.

૩ પછી અદરન, બયન, બાજ પક્ષિના માળાવાળો ઇશ્કત,[9] ફ્રાંસોતફ્રેધ, વફ્ર, બે હમત્કુન્ પાહાડો, આઠ વસ્નો પર્વતો, આઠ મજબુત ફ્વાંકુ, આઠ વિદ્વાન ખીણો;

---

૧. પાછલા વખતનો અલબોર્જ. ૨ દુન્યાની આસપાસ વિંટલાયલો માહાસાગર.

૩ બુન્દેહેશના ૧૨મા બાબ મુજબ પાદશાહ મિનોચિહર એ પાહાડ ઉપર જનમ્યો હતો.

૪ આ પાહાડનાં સંબંધમાં એવી દંતકથા છે કે, તે એક જૂંગલમાં આવેલો છે અને તેની ઉપર ચઢીને જરથુશ્ત્રએ અહુરમજદ સાથે સવાલ જવાબ કર્યા હતા; પણ એ દંતકથા ઘણા પાછલા વખતની હશે; નહીતો આ યશ્તનો બનાવનાર તે વિષે બોલવાને ચુકતે નહીં.

૫ વનદીદાદ તથા બુન્દેહેશ મુજબ એ દોજખનો દરવાજો છે.

૬ બુન્દેહેશ મુજબ અરૂમ (એશ્યા માઈનર) તરફ તે આવેલો છે.

૭ બુન્દેહેશમાં એને રોયિશ્ન હોમન્દ કહે છે; તેનાં નામનો અર્થ એવો થાય છે કે તે ઉપર ભાજીપાલો ઉગે છે.

૮ હિરાત નજદીક આવેલો બાદઘેશ પાહાડ.

૯ બુન્દેહેશમાં એને અપાર્સેન કહે છે અને સિસ્તાન તથા સુસ્યાનાની વચ્ચે તે આવેલો છે.

૪ અઍંજંક ઇશ્વક, મેનખ, વાખેધ્રક, અસય, તુધસ્ક, ઇશ્તવ, દ્રઓષિશ્વાઓ, સાઇરિવાઍા, નકુહુશમાઍા, કકહ્યુ, અન્તરૅકહુ,

૫–૬ સિચિદવ,[10] અહુન, રઍમન, અષ–સ્તૅમ્બન, ઉરુન્યો–વાઇધ્રિકએ, અસ્નવાઍા, ઉષઓમ, ઉશ્ત–ખ્રૅનો, સ્યામક,[11] વફ્રયાઓ, વોઉરુષ, યચય, જતરશ, અધુતવાઓ, સ્પિતવરૅનો, સ્પૅન્તો દાત,[12] કદ્રવઅસ્પ,[13] કઓઇરિસ,[14] તઓર, બરોસ્રયન, બરનુ, ક્રાપાયોગિરિ, તથા ઉદ્રય અને રઓરંતગિરિ તથા બીજા સઘલા પાહાડો કે જેમને માણસોએ તેમની નજદીકી અને દેખાવને લીધે નામ આપ્યાં છે (તે પાહાડો નીકળ્યા હતા).

૭ અય સ્પિતમ જરથુશ્ત્ર! આ રીતે ત્યાં બે હજાર બસો ચુમાલીસ પાહાડો છે. જયારેબી (કોઇ શખ્સ) એ પાહાડો ઉપર ચઢે ત્યારે હંમેશ તે અથોરનાનો, પાદશાહ પેહેલવાનો, ખેડુત–ભર્વાડો માટે દરૂનના કકડા અર્પણ કરે.

૮ મજદનાં ઊત્પન્ન કરેલાં બળવંત, બાદશાહી ખોરેહને તેનાં તેજ તથા નુરને લીધે મોટા સાદે હું વખાણવા ઇચ્છુછું, ઇત્યાદી.

૨.

૯ ઘણીજ સર્દારી ભોગવનાર, પેહેલવાન, પ્રકાશીત, પરોપકારી, બીજી સઘલી પેદાએશમાં ઊત્તમ, ગાલેબ, બાદશાહી ખોરેહને અમે વખાણયે છિયે;

૧૦ જે અહુરમજદને લગતું છે, જેની મીશાલે અહુરમજદએ પુષ્કળ સુખવાળાં, ખુબસુરત, કોઇથી પોહોંચી વલાય નહીં એવાં પુષ્કળ વૃદ્ધિ તથા ચલકાતવાળાં પ્રાણીઓ ઊત્પન્ન કર્યાં.

---

૧૦ બુન્દેહેશ મુજબ એ પાહાડ કંગદેઝમાં આવેલો છે.

૧૧ સ્યામક અને વફ્રયાઓ એ બુન્દેહેસના સિયાક–ઓમન્દ (કાળો પાહાડ), અને વફ્ર–ઓમન્દ (બરફનો પાહાડ) છે, અને કહેછે કે તેઓ આ પાર્સીન પાહાડમાંથી નીકલી ચીન તરફ લંબાય છે.

૧૨ બુન્દેહેશ મુજબ રેવંદ પાહાડની નજદીક આવેલો પાહાડ સ્પેન્દયાદ.

૧૩ બુનદેહેશ મુજબ ખોરાસાંનનાં તુશ શેહેરમાં આવેલો કોનદરાસ્પ પાહાડ.

૧૪ બુનદેહેશ મુજબ ઇરાનવેજમાં આવેલો કોઇરાશ પાહાડ.

૧૧ જેથી તેઓ દુન્યાને પાછી તાજગી બક્ષે છે અને તેને બુઢ્ઢાપા વિનાની, અમર્ગ, કરમાઇ જવા વિનાની, કોહોવાત વિનાની, હંમેશ જીવતી, હંમેશ આબાદ, પોતાની ખાહેશ મુજબની સત્તા ધરાવનારી બનાવે છે, જેથી ગુજરેલાંઓ જાગૃત થશે અને ત્યારે જીવદાર પ્રાણીઓ અમર્ગ થશે, જેઓ દુન્યાને ઇચ્છવા જોગ હાલતમાં પાછી મેલશે.

૧૨ જે લોકો અશોઇની કેલવણી શિખ્યા છે તેઓ અમર્ગ થશે. અશો માણસને મારવા માટે પોહોંચતાં (યાને ધસતાં) વાર તુરતજ દુજે નાશ પામશે અને તે સાથે તે (દુજે) ની ઓલાદના સેંકડોઓનો નાશ થશે.

૧૩ યથા અહૂ વઇર્યો, (ઇત્યાદી જુઓ ફકરો ૮ મો).

૩.

૧૪ જુઓ ફકરો ૯.

૧૫-૧૭ જે પ્રકાશીત, ચાલાક આંખોવાળા,.......અમેશાસ્પેન્તઓને લગતુ છે, (ઇત્યાદી જુઓ યશ્ત ૧૩ ફકરા ૮૨-૮૪).

૧૮ જેઓ અહુરમજદની પેદાએશોમાં બનાવનારા, સુધારનારા, આકાર આપનારા અને હુકમ કરનારા, રક્ષણ કર્ત્તા અને છુટકો આપનારા છે.

૧૯ ૨૦ જુઓ ફકરા ૧૧-૧૨ તથા ૮.

૪.

૨૧ જુઓ ફકરો ૯.

૨૨ જે મિનોઈ દુન્યાના તથા આ દુન્યાના યજદો, જનમેલાઓ દુન્યાની વૃદ્ધિ કરનારા તથા આબાદી આપનારાઓને લગતું છે.

૨૩-૨૪ જુઓ ફકરો ૧૧-૧૨ અને ૮.

૫.

૨૫ જુઓ ફકરો ૯.

૨૬ જે લાંબો વખત સુધી[1] પરધાત (વંશના) હુઓષ્યહુહને વળગ્યું, જ્યારે તેણે સાતે કેશ્વરોવાળી આ પૃથિવ ઉપર, દેવો અને માણસો ઊપર, યાતુઓ અને પઇરિકાઓ ઊપર, કવિઓ તથા સાથ્રઓ

---

૧. બુન્દેહેશ મુજબ ૪૦ અને શાહાનામેહ મુજબ ૩૦ વરસ.

અને કરપનો ઊપર રાજ્ય કર્યું અને બુશ માઝ્યન તથા વરેન્યન દેવોના બે તૃત્યાંશ ભાગને મારી નાખ્યો હતો.—જુઓ ફકરો ૮.

૬.

૨૭ જુઓ ફકરો ૯.

૨૮ જે ચાલાક તખ્મઉરૂપ (તહમુરશ) ને વળગ્યું, જ્યારે તેણે સાત કેશ્વરોવાળી આ પૃથ્વિ ઊપર, દેવો તથા માણસો ઉપર, યાતુઓ તથા પઈરિકાઓ ઊપર, કવિઓ અને સાથ્રઓ તથા કરપનો ઊપર રાજ્ય કર્યું;

૨૯ અને તેણે દેવો તથા માણસોને, યાતુઓ અને પઈરિકાઓને હરાવી તાબે કર્યાં અને અંગ્રેમઇન્યુશને તાબે કરી તથા પોતાની મરજી મુજબ તેને ઘોડાનો આકાર આપી તીસ વરસ સુધી તેના ઊપર દુન્યાના બંને છેડાઓ સુધી સ્વારી કરી.—જુઓ ફકરો ૮.

૭.

૨૯ જુઓ ફકરો ૯.

૩૦ જે પ્રકાશીત, નેક ટોલાંઓના સરદાર યિમને લાંબો વખત સુધી[1] વળગ્યું, જ્યારે તેણે સાત કેશ્વરોવાળી આ પૃથ્વિ ઉપર, દેવો તથા માણસો ઊપર, યાતુઓ તથા પઈરિકાઓ ઊપર, કવિઓ અને સાથ્રઓ તથા કરપનો ઊપર રાજ્ય કર્યું;

૩૧ જેણે દેવો પાસેથી દોલત અને આબાદી એ બંને, પુષ્કળ ન્યામતો અને ગોસ્પન્દો એ બંને, પોષણ અને જીંદગી એ બંને લેઇ મેલ્યાં, જેના અમલમાં બંને (પ્રકારનો) ખોરાક જે ખવાય તથા પીવાય છે તે નહીં ક્ષ્માય એવો (થયો), માણસો તથા ગોસ્પન્દો અમર્ગા થયાં, પાણી તથા ઝાડપાન સુકાઇ નહી જાય એવાં થયાં.

૩૨ તેના અમલમાં નહીં થંડો કે નહીં સખત ગરમી, નહીં બુઢાપો કે નહીં મોહત કે નહીં દેવોની ઊત્પન્ન કરેલી અદેખાઇ જુઠાઇની ગેરહાજરીને લીધે, તેણે જુઠો અને ખોટો શબ્દ પોતાનાં મનમાં ઇચ્છ્યો તે આગમચ (હસ્તી ધરાવતાં) હતાં.

---

૧. બુન્દેહેશ મુજબ ૬૧૬ વરસ ૬ મહિના.

૩૪ પણ તેણે જુઠો, ખોટો સુખન મનમાં ઇચ્છ્યો. એટલે (તેને વળગેલું) ખોરેહ એક પક્ષિના આકારમાં દેખઈતી રીતે ઉડી ગયું. જ્યારે પ્રકાશીત, સરદાર યિમએ ખોરેહ વધુવાર દીઠું નહી ત્યારે તે દ-લગીરીમાં ગરક થયલો બુરા વિચારોને સોંપાયો; સત્તા વિનાનો થઈને જ-મીન ઉપર પંથરાયલો તે રહયો (યાને ભીક્ષુક જેવો થઇ ગયો).

૩૫ વિવહ્હતના છોકરા યિમ પાસેથી ખોરેહ પેહેલીવાર દૂર થયું, ઉડી ગયું ત્યારે તે વારઘ્ન પક્ષિના આકારમાં ગયું હતું.

૩૬ બોહોલાં ખેતરોવાળા, સાંભળવાની સારી શકિત ધરાવનારા કાનોવાળા, હજાર આંખોવાળા[1] મિથ્રએ તેને પકડી લીધું. તમામ દે-શોના સર્દાર મિથ્રને અમે વખાણ્યે છિયે કે જેને તમામ મિનો યજત-ઓમાં અહુરમજદએ ઘણોજ નુરમંદ બનાવ્યો છે.

૩૭ વિવહ્હતના છોકરા પ્રકાશિત યિમ પાસેથી ખોરેહ બીજીવાર દુર થયું, ઉડી ગયું ત્યારે તે વારઘ્ન પક્ષીના આકારે ગયું હતું; પેહેલવાની ખાનદાનના, આથ્વ્યન ખાંનદાનના પુત્ર થએતઓનએ (ફરિદુને) તેને પકડયું, કારણ કે જરથુશ્ત્ર સિવાયના સઘલા મનુષ્ય પેહેલવાનોમાં તે સર્વેથી ફત્તેહમંદ હતો.

૩૮ જેણે ત્રણ મોહોડાંવાળા, ત્રણ માથાંવાળા, છ આંખોવાળા હજાર અવયવોવાળા, દેવીને લગતા ઘણાજ બળવંત, આ દુન્યાને માટે ઘણાજ ભયંકર દ્રુજે દહાક સાંપને માર્યો, કે જે બુરા અને ઘણાજ બ-ળવંત દ્રુજેને અઙ્ગ્રમઇન્યુશે આ હાડમંદ દુન્યાની સામે, દુન્યા તથા પવિત્રાઈના નાશ માટે ઉત્પન્ન કર્યો હતો.

૩૯ વિવહ્હતના છોકરા પ્રકાશીત યિમ પાસેથી ખોરેહ ત્રિજીવાર દૂર[2] ગયું, ઊડી ગયું ત્યારે તે વારઘ્ન પક્ષિના આકારે ગયું હતું; મર્દાનગી

---

૧. અયોક્તિ: પેહેલ્વિમાં તેમજ નેર્યોસંઘે એનો અર્થ એવોજ કર્યોછે. રોશ્નિનોફરેસ્તો મિથ્ર નાહાસી જતી રોશ્ની (ઓરેહ) ને પકડે છે.

૨. [ઇરાંનના જરથોસ્તી પાદશાહો અથોરનાનો, પેહેલવાંનો અને ખેડુતોના સરદાર ગણાતા અને તે મુજબ એ ત્રણે વર્ગોનાં ઓરેહ—આદર ફ્રોબા, આદર ગુશસ્પ અને આદર બુર્ઝીન મિહિર તેઓ ધરાવતા હતા. યિમ કનેથી એ ત્રણે ઓરેહ એકેક પછી જતાં રહયાં હતાં.—તરજુમો કરનાર.]

ધરાવનાર કૅરૅસાસ્પએ તેને પકડયું કારણ કે તે પોતાની ભારી મરદાંનગીને લીધે જરથુશ્ત્ર સિવાયના સઘલાં બળવંત માણસોમાં ઘણોજ બળવંત હતો.

૪૦ કારણ કે મરદાંનગીની બળવંત હીંમત તેને આઝેલી હતી. કૅરૅસાસ્પને વળગેલી, જમના પગોવાલી (યાને ઘણીજ મજબુત), ઊંઘવિનાની, કુંચ કરવામાં સેતાબ ચાલનો, હંમેશ જાગૃત, મરદાંનગીભરી હીંમતને અમે વખાણ્યે છિયે.

૪૧ જેણે (કૅરૅસાસ્પએ) ઘોડાઓ તથા માણસો ખાઇ જનાર, ઝેરી, લીલા, સ્રુવર સાંપને માર્યો, જેની પીઠ ઊપર અંગોઠા જેટલાં કદનું લીલું ઝેર વેહેતું હતું, જેની પીઠ ઉપર કૅરૅસાસ્પએ મધ્યાંન બપોરને વખતે (ભુલથી) રસ પકાવવા વાસણ મેલ્યું હતું. તે ઘાટકી રાક્ષસ દાઝી ગયો અને કુંફારા મારવા લાગ્યો, તે વાસણ ઉપરથી દુર કુદી ગયો, ઊકલતું પાણી ઢોલાઈ ગયું અને મરદાંનગી ભરી હીંમત ધરાવનાર કૅરૅસાસ્પ બીહીને પાછળ હઠયો;[1]

૪૨ જેણે સોનેરી એડીવાલા ગન્દરૅવને માર્યો કે જે મોહોડું વકાસીને અશોઇને લગતી હાડમંદ દુન્યાના નાશ માટે ધસ્યો હતો; જેણે રસ્તાઓ ઉપર લુંટ ચલાવનારા નિવિક અને દાસ્તયાનિના છોકરા નવ હુનુઓનો માર્યા હતા; જેણે સોનેરી તાજવાળા હિતાસ્પને અને દાન્ય તથા પિતઓનના છોકરા પેહેલવાંન વરૅષ્યને માર્યા હતા;

૪૩ જેણે મરદાંનગીવાલા, બાહાદુર, ઉમંગી, ચંચલ, ચાલાક, વાંકા વળેલા, (દુશ્મન ઉપર) આગળથી ધસારો નહીં કરનાર (યાને ઓચીતો છાપો મારનાર), લડવાને ખુશી થનાર, અપસ્તનની કાઠી ઊંચકી જવાને શિખેલા, લડાઇમાં જતા અરૅજોષામનને માર્યો હતો;

---

૧. [એનેજ મલતી એક કથા અરેબ્યન નાઇટ્સમાં ૭૧ મી રાતે જણાવવામાં આવે છે. એ વાત મુજબ ખલાસીઓ એક ચોકસ જાતના મગર મછની પીઠને તાપુ સમજી ભુલથી તેની ઉપર ઊતારો કરી પોતાનો ખોરાક પકવે છે, પણ ગરમીથી તે રાક્ષસ જાગૃત થઈ નાહાસવા માંડે છે અને સાથે તે ખલાસીઓને ઘસડી જાય છે. (જુઓ દાર્મેસ્તેતે)—તરજુમો કરનાર.]

૪૪ જેણે ખરીઓ તથા શીંગણાં વડી લડનારા અને ગોરપન્દોને મારી નાખનાર સ્નાવિધકને માર્યો, જે પોતાના મનમાં એવું વિચારતો હતો કે: હું બાળક છું અને વૃદ્ધ ઉમરનો નથી, જો હું વૃદ્ધ ઉમરનો થાઉં તો જમીનને પૈડું અને આકાશને રથ બનાવીશ;

૪૫ પ્રકાશીત ગરો-માનમાંથી સ્પેન્તમઇન્યુશને હું નીચે લાવીશ, ભયંકર દોજખમાંથી અન્ગ્રેમઇન્યુશને ખેંચી લાવીશ; પછી તે વૃદ્ધિ કરનાર મિનો અને નાશ કરનાર મિનોને મારી રથ સાથે જોડીશ, જો બાહાદુર કેરેસાસ્પ મને મારી નાખે નહી તો. પણ બાહાદુર કેરેસાસ્પએ તેનો જીવ ગયો ત્યાં સુધી, તેનો જાંન તેનેથી છુટો પડયો ત્યાં સુધી તેને માર્યો.[1] —જુઓ ફકરો ૮.

૮.

૪૬ જુઓ ફકરો ૯.

૪૭ જેને માટે સ્પેન્તમઇન્યુ તથા અન્ગ્રેમઇન્યુએ લડાઇ કરી; તે અનદિઠ ખોરેહને (પોહોંચવા) માટે એઓ દરેકે ઘણાજ ચાબાક કાસદો ઉતાવલે મોકલયા. સ્પેન્તમઇન્યુ તથા વોહૂમનો; અને. અષવહિશ્તતથા અહુરમજદના છોકરા આતશ એઓએ પોતાના કાસદો છોડયા. અન્ગ્રેમઇન્યુએ તથા બુરા મિનો અકોમનોએ, ઝનુની ચાલના અએષ્મએ, અજિદહાકએ તથા યિમને વેહેરી નાખનાર સ્પિત્યુરએ[1] પોતાના કાસદ છોડયા.

૪૮ પછી અહુરમજદનો છોકરો આતશ આ પ્રમાણે વિચાર કરતો આગળ વધ્યો : હું તે અનદિઠ ખોરેહને પકડવા ઇચ્છું છું. પણ ત્યારે તેની પુઠે ત્રણ મોહોડાંવાલો અને બુરી ખાસયનો અજિ તેને બુજવિ નાખવાની કોશેશ કરવાની મતલબથી દોડયો.

---

૧ [આ બાબદ ઓદીસિમાં તાઇતેનિક ઓતસ અને ઇફાયલ્તિસનું જે વર્ણન કર્યું છે તેને મળતી આવે છે:—

‘Such were they youths! Had they to manhood grown,
Almighty Jove had trembled on his throne.
But ere the harvest of the beard began
To bristle on the chin, and promise man,
His shafts apollo aim'd. (Pope.)

(જુઓ દાર્મેસ્તેતે)–તરજુમો કરનાર.]

૪૯ અહુરના છોકરા અય આતશ ! તું તે દેખાડ; જો તેં તે અનદિઠ ખોરેહને રાખી મેલ્યું હશે તો હું તંને બુજવી નાખીશ કે જેથી અહુરની ઉત્પન્ન કરેલી ભુમીને તું રોશણી આપી નહીં શકે તથા દુન્યાની અશોઇનું રક્ષણ કરી ન શકે. પછી અજિ તેને બીહીવાડતો હતો તે ઉપરથી પોતાની જીંદગીના પ્યારની લાગણીને લીધે આતશે પોતાના હાથ ખુલ્લા કરી દીધા.

૫૦ પા૦ ત્રણ મોહોડાંવાળો, બુરી ખાશ્યતનો અજિ આ પ્રમાણે વિચાર કરતો આગળ ધસ્યો : હું તે અનદિઠ ખોરેહને પકડીશ; પછી આતશ અજિની પછવાડેથી આ પ્રમાણે બોલતો પાછો ધસ્યો.

૫૧ ત્રણ મોહોડાંવાળા, બુરી ખાશ્યતના અય અજિ ! જલદી આવ, તે મને બતાવ; જો તું તે અનદિઠ ખોરેહ રાખશે તો હું તારાં પાછળના મોહોડાં ઉપર ચઢીશ, હું તારાં મોહોડાંમાં બળીશ, એવી રીતે કે તું મજદની ઉતપન્ન કરેલી ભુમી ઉપર લુંટ કરવાને તેમજ દુન્યાની પવિત્રાઇનો નાશ કરવાને પાછો ફરી શકશે નહીં. આતશ તેને બીહીવાડતો હતો તે ઉપરથી પોતાની જીંદગીના પ્યારની લાગણીને લીધે અજિએ પોતાના હાથ ખુલ્લા કરી દીધા.

૫૨ તે ખોરેહ વોઉરુકશ દર્યાની સપાટી ઉપર ભેગું થયું, ત્યાં સેતાબ ચાલના ઘોડાઓવાળા અપાંમ્‌નપાતે તેને પકડયું. તે સેતાબ ચાલના ઘોડાઓવાળો અપાંમ્‌નપાત્ તે અનદિઠ ખોરેહને પકડવાની ખાહેશથી આગળ વધ્યો અને બોલ્યો: તે અનદિઠ ખોરેહને ઊંડા દર્યાના તલ્યામાં, પાણીના ઊંડા ચશ્માઓનાં તલ્યાંમાં પકડવા હું ઇચ્છુંછું.

૫૩ બુલંદ સાહેબ, પાદશાહી દરજજાના, પ્રકાશીત, સેતાબ ચાલના ઘોડાઓવાળા, મરદાંનગીવાળા અને પોતાની આરાધના કરનારને મદદ કરનાર અપામ્‌નપાત્‌ને અમે વખાણીએ છિએ, જેણે માણસને બનાવ્યો, આકાર આપ્યો. જે પાણીને લગતા યજતના કાનો તેની આરાધના થાયછે ત્યારે તે સંપૂર્ણતાથી સાંભલી શકે છે.

---

૧. [સ્પિત્યુર યિમનો ભાઇ થતો હતો, જેણે તેને દહાકના હુકમથી વેહેરી નાખ્યો હતો. ફરિદુનનાં સંબંધમાં બર્માયૂને તથા કતાયુને અને રૂસ્તમનાં સંબંધમાં શગાદે જે ભાગ બજાવ્યો હતો તેજ ભાગ સ્પિત્યુરે યિમના સંબંધમાં બજાવેલો માલમ પડે છે.—તરજુમો કરનાર.]

૫૪ અહુરમજદ્દએ એટલા માટે કહ્યું: અય અશો જરથુશ્ત્ર! માણસોમાંના તમે કોઇબી અથોરનાનોનાં અનદિઠ ખોરેહને ઉમંગથી ઇચ્છો. અથોરનાનોને (અર્પણ કરેલી) ભેટોથી નીપજતો પ્રકાશીત સંતોશ, અથોરનાનોને (અર્પણ કરેલી) ભેટોથી નીપજતો પુશ્કલ સંતોશ મેળવવાને તમે ઇચ્છો.

૫૫ તેને (યાને અથોરનાનોને ભેટ અર્પણ કરનારને) પુશ્કળ ચલકાતવાળી, બખ્તર રાખનારી, ગોશપન્દો તથા ખેતી (નાં રક્ષણ) માટે બળવંત અષિ વળગશે; ફત્તેહમંદ રક્ષણ તેને દરરોજ અને અચળ, તથા ફત્તેહમંદ બળ આખું વરસ વળગશે; ફત્તેહની મદદથી ખુનખાર લશકરો ઉપર તે જીત મેલવશે, તે રક્ષણની સહાયતાથી પોતાના તમામ દુશમનો ઉપર જીત મેલવશે—જુઓ ફકરો ૮.

૯

૫૬ જુઓ ફકરો ૯.

૫૭ જે (ખોરેહ) ને ગુનેહગાર તુરાંની ફ્રંગ્રાસ્યને (અફ્રાસ્યાબે) વોઉરુકષ દર્યામાંથી પકડવાને કોશેશ કરી; તેણે પોતાનાં કપડાં કાહાડી નાખ્યાં અને તે ફેંકી દઇ આર્ય મુલકોને લગતાં, જનમેલાઓ અને જનમનારાઓનાં અને ખાસ કરી અશો જરથુશ્ત્રનાં ખોરેહને પોંહોંચવા (મેલવવા) માટે કોશેશ કરવા માંડી. પણ તે ખોરેહ જતું રહયું, તે ખોરેહ નાહાસી ગયું, તે ખોરેહ દૂર જઇ પડયું. પછી વોઉરુકષ દર્યાનો (તેને નાહાસી જવાનો) એક ફાંટો બન્યો, જેને હુસ્રવાઓ[1] કરી કેહવામાં આવે છે.

૫૮ પછી અય સ્પિતમ જરથુશ્ત્ર! તુરાંની ફ્રંગ્રાસ્ય વોઉરુકષ દર્યામાંથી આ (મુજબ) ઘણીજ ઠગાઇની બુમો મારતો ઉતાવળથી નાહાસી ગયો: અહીં, આ ઠેકાણે તે ખોરેહ જે આર્ય લોકોને લગતું, હૈયાતી ભોગવનારાઓ તથા જનમનારાઓનું અને ખાસ કરી સ્પિતમ જરથુશ્ત્રનું છે તે હું મેલવી શકયો નથી તેથી

---

૧ બુન્દેહેશમાં એને હુસુનાં નામથી ઓળખે છે, જેને માટે જણાવવામાં આવે છે કે, તે ચએચસ્ત સરોવરથી ૫૦ ફર્સંગ દુર છે. પ્રોફેસર વેસ્ત એને ઉરુમ્યાહ સરોવર સાથે સરખાવે છે.

૫૯ હું સઘલાં આકાર લીધેલાં, પ્રાણીઓને તેમજ તોખમોને તેમની મોટાઈ, ભલાઈ અને ખુબસુરતી સાથે બગાડી નાખશ. અહુરમજદ ખુશી સાથે પોતાનાં પ્રાણીઓને પેદા કરતો તારી પાસે આવશે. એટલું કહીને તુરાંની ફ્રંગરશ્ય, અય અશો જરથુશ્ત્ર ! ઊતાવલથી વોઉરૂકષ દર્યા તરફ દોડયો.

૬૦ વળી બીજીવાર તે નાગો થયો, પોતાનાં વસ્ત્ર ફેંકી દીધાં અને આર્યે મુલકો, જનમેલાંઓ અને નહીં જનમેલાંઓને લગતું તથા ખાસ કરી અસો જરથુશ્ત્રને લગતું ખોરેહ મેલવવા માટે તેણે કોશેશ કરવા માડી, પણ તે ખોરેહ જતું રહયું, તે ખોરેહ નાહાસી ગયું, તે ખોરેહ દુર જઈ પડયું. અને પછી વોઉરૂકષ દર્યાનો (તેને નાહાસી જવા માટેનો) એક ફાંટો બન્યો, જેને વહુજદાઓ કરી કહેવામાં આવે છે.

૬૧–૬૨ જુઓ ફકરા ૫૮–૫૯.

૬૩ પછી ત્રિજીવાર તે નાગો થયો.......................... એક ફાંટો બન્યો જેને અવ્જદાનુ કરી કેહેવામાં આવે છે.

૬૪ જુઓ ફકરો ૫૮.

૬૫ આર્યે મુલકોનાં, જનમેલાંઓ અને નહીં જનમેલાંઓનાં તથા અશો જરથુશ્ત્રનાં ખોરેહને તે પોહોંચી શકયો નહીં.—જુઓ ફકરો ૮.

૧૦

૬૬ જુઓ ફકરો ૯.

૬૭ જે (ખોરેહ) જયાં પુષ્કળ પુલોવાળો કાંસુ સરોવર આવેલો છે, જયાં ઊષિધાઓ પાહાડ આવેલો છે કે જેની ઊપર પાહાડોને લગતાં પાણીઓ પેહેલ વેહેલાં ભેગાં થવા આવે છે, તે તરફ જે કોઈ સાહેબી ભોગવે છે [1] તેને વળગે છે, તેની તરફ તે ધસે છે, તે તેને માટે ખોરાકી, પુષ્કળ ઘોડા, પ્રકાશીત આબાદી, ખુબસુરત અને સુખી, બળ-

[1] કાંસુ સરોવરને માટે એક એવી દંતકથા છે કે, તેમાં અશો જરથુશ્ત્રના તોખમો જલવાયલાં છે અને તેમાં ભવિષ્યનો પેગમ્બર સઓશ્યન્ત જનમશે. બુન્દેહેશ મુજબ એ સરોવર તરફ કયાંની પાદશાહો સાહેબી ભોગવતા હતા. આ સરોવરને પ્રોફેસર વેસ્ત સીસ્તાનમાં આવેલાં હાલનાં ઝરેહ અથવા હમૂન સરોવર સાથે સરખાવે છે.

વંત, પરોપકારી અને ઉમદા તથા સોનેરી રંગના ઘાસચારાથી ભરપુર આબાદી લાવે છે.

૬૮ તે તેના તરફ દોડે છે, તે તેને માટે આ (ન્યાંમતો), અને માતબર, પ્રકાશીત (આબાદી) જે ચલકતાં હથ્યારોને મદદ કરેછે, પુષ્કળ સંકટોને ટાળે છે, તે તેને માટે લાવે છે.

૬૯ તેને ઘોડાનું, ઊંટનું અને માણસનું કૌવત તથા બાદશાહી ખોરેહ સહાય થાય છે. અય અશો જરથુશ્ત્ર ! બાદશાહી ખોરેહ તેને માટે (એટલું બધું સહાયકારી હોય છે કે) તે એકજ ફટકામાં આર્ય નહીં એવા મુલકોને બરબાદ કરી મેલી શકેછે:

૭૦ કે જેઓ (આર્ય નહી એવા મુલકોના બુરા લોકો) ને પછી ભુખ કેવી હોય છે તે, તેમજ ભુખ અને તરસ પીછાણે છે, તેઓ થંડી અને વીલાપ પીછાણે છે. એ પ્રમાણે બાદશાહી ખોરેહ આર્ય મુલકોનું, પાંચ પટાવાળી ગાયનું રક્ષણ છે, એ પ્રમાણે તે અશો મરદોને અને મઝદયસ્નની દીનને સહાય થાય છે.—જુઓ ફકરો ૮.

૧૧

૭૧ જુઓ ફકરો ૯મો.

૭૨ જે (ખોરેહ) કવિ કવાત, કવિ અઇપિવોહુ, કવિ ઊસધન, કવિ અર્શન, કવિ પિસિન, કવિ બ્યર્શાન, કવિ સ્યાવર્શાનને વળગ્યું.[1]

૭૩ જેથી તેઓ સઘલા બાહાદુર, તેજી, પેહેલવાન, ચાલાક, ઉપયોગી થયા હતા, એ સઘલા પાદશાહો ભારી પરાક્રમો કરનારા હતા. જુઓ ફકરો ૮મો.

૧૨

૭૪ જુઓ ફકરો ૯ મો.

૭૫ જે કવિ હુસ્રવને વળગ્યું એટલા માટે કે તેને સારૂં બનાવેલું કૌવત, અહુરની ઊત્પન્ન કરેલી ફત્તેહ અને ફત્તેહમંદ સરસાઈ અને સંપૂર્ણ કેલવણીનું ફરમાન અને અચલ ફરમાન અને કદી નાશ નહીં પામે એવું ફરમાન અને દુશ્મનોનું ઊખેડાઇ જવું;

---

૧ કયાંની પાદશાહોનાં નામો છે; જુઓ યશ્ત ૧૩મો ફકરો ૧૩૨.

૭૬ અને કૌવતમંદ જોર અને મજદનું ઉત્પન્ન કરેલું ખોરેહ અને તનદરોસ્તી તથા અશો, પવિત્ર, વિચારવંત, પ્રકાશીત, દૂર સુધી જોઇ શકનારૂં, દુઃખ ટાલનારૂં, પુષ્કળ માણસોવાલુ જાતી ફર્જંદ, બીજી દુન્યામાં સુખ આપનાર, બેહેસ્તનો માર્ગ ખોલવનાર ભાગ્યશાલી ફર્જંદ;

૭૭ પ્રકાશીત સત્તા, ઘણીજ લાંબી મુદતની જીંદગી, અને તમામ ન્યાંમતો અને તનદરોસ્તીના તમામ ઇલાજો (મલે).

૭૮ જેણે કવિ હુસ્રવને સાંકડા અને ઘણાજ ઢોલાવવાળા લાંબા માર્ગ ઉપર (જયારે તેણે આ મુજંબની બંદગી કરી ત્યારે મદદ કરી): મારે જંગલ પસાર કરવું જોઇએ નહીં કારણ કે ગુનેહગાર (તુરાંની અફ્રાશ્યાબ) પોતાના ઘોડાઓ ઉપર સ્વાર થઇ ત્યાં લહશે.' પાદશાહ કવિ હુસ્રવ સઘલા (પોતાના દુશ્મનો)નો પરાજય કરનાર થાય; ગુનેહગાર, બુરાં કૌવતવાળા ફ્રહ્રસ્યાનને જુલમથી મારયા ગયલા સ્યાવરષાનની દીકરીનો[1] અને નરૂનાં ખાંનદાનવાળા (અથવા બાહાદુર) અઘ્રએરથનો તે છોકરો (હુસ્રવ) પકડો બેડી ઘાલે. જુઓ ફકરો ૮

૧૩

૭૯ જુઓ ફકરો ૯.

૮૦ જે (ખોરેહ) અશો જરથુશ્ત્રને વળગ્યું, જેથી તે દીનની રાહે વિચારવા લાગ્યો, દીનની રાહે બોલવા લાગ્યો, દીનની રાહે કામ કરવા લાગયો;જેથી તે તમામ હાડમંદપેદાએશમાં ઘણીજ સંપૂર્ણ અશોઇવાળો, ઘણોજ બળવંત, ઘણોજ નુરમંદ, ઘણોજ બુલંદ દમદબાવાલો, ફત્તેહમાં ઘણોજ ફત્તેહમંદ હતો.

૮૧ દેવો તેની આગલથી દેખઇતી રીતે નાહાસી ગયા; દેખઇતી રીતે તેણે તેમની ઠગાઇનો નાશ કર્યો, તેઓએ દેખઇતી રીતે (પોતાની નાહાસ ભાગમાં) માણસોનાં તનમાંથી જનિઓને ખેંચી કાહાડી, જેઓ

---

૧ [અસલ વાંચનમાં "કઇને" છે તેને બદલે "કએને" વાંચીને "તે દીકરો જુલમાતથી માર્યા ગયલા પોતાના પિતા સ્યાવરષાનનો અને નરૂના ખાંનદાન વાળા અઘ્રએરથના કીનામાં પકડી બેડી ઘાલે" એવો અર્થ લેઇ શકાય.–તરજુમો કરનાર.]

આંસુ પાડવા લાગી તથા વીલાપ કરવા લાગા, દેવો જુલમ પોકારવા લાગ્યા.

૮૨ ત્યારે માત્ર અહુનવઈર્ય જે અશો જરથુશ્ત્ર બુલંદ અવાજે વારવાર અને દરેક વખત ઘણોજ બુલંદ સાદ કાહાડી ભણ્યો તેથી દેવોને પોતાની આરાધના અને નેમાજ ખોહીને જમીનમાં ભરાઈ જવાની ફરજ પડી.

૮૩ જરથુશ્ત્રના તે ખોરેહને સઘલા કેશ્વરો ઊપર પોહોંચવાને ખુની તુરાંની ફ્રહ્‌રસેએ કોશેશ કરી. સાતે કેશ્વરો ઊપર તે ખોરેહ જે જરથુશ્ત્રનું હતુ તે મેલવવાની કોશેશ કરતો તે ફર્યો, પણ તે ખોરેહ પાણી હેહલના મુલક તરફ નાહાસી ગયું.–તુરતજ તેઓ બંને મારાં કામમાં દાખલ (મસગુલ) થયાં, તેઓ મારી એટલે અહુરમજદના તથા મજદયસની દીનની ભલી મરજી મુજબ બરાબર રીતે ત્યાં આવ્યાં. જુઓ ફકરો ૮.

૧૪

૮૪ જુઓ ફકરો ૯.

૮૫ જે (ખોરેહ) કવિ વિશ્તાસ્પને વળગયું જેથી તે દીનને અનુસરતી રીતે વિચાર કરવા લાગ્યો, દીનને અનુસરતી રીતે બોલવા લાગ્યો, દીનને અનુસરતી રીતે કામ કરવા લાગ્યો, જેથી તેણે દીન જાહેર કરી, પોતાના દુશમનને માર્યા, નાપાક દેવોનો નાશ કર્યો.

૮૬–૮૭ જુઓ યશ્ત ૧૩ મી ફકરા ૯૯-૧૦૦

૮૮ બાહાદુર કવિ વીશ્તાસ્પ અંધારાને લગતાઓને અને નાપાક પેષનને અને બુરા દેવપરસ્ત અરૅજત અસ્પ અને બીજા સઘલા બુરા મહજબના ખ્યાઓનોનો પરાજય કરનાર હતો. જુઓ ફકરો ૮.

૧૫

૮૯ જુઓ ફકરો ૯મો.

૯૦ જે ઘણાજ ફત્તેહમંદ સઓષ્યન્તને તથા બીજા (સઓષ્યન્તો જેઓ) તેના સાથીઓ (છે તે મને) મલ્યું, જેથી તે દુન્યાને પાછી તાજગી બખ્સશે અને તેને બુધાપા વિનાની (ઇત્યાદી જુઓ ફકરો ૧૧મો.)

૯૧ જુઓ ફકરો ૧૨ અને ૮.

૧૬

૯૨ જુઓ ફકરો ૯.

૯૩ જેથી અહુરમજદનો કાસદ, વીસ્પત-ઉર્વર્ધરિનો છોકરો નેકોની (સેવટની) ફતેહ નીપજાવનારાં પુષ્કળ જ્ઞાનવાળો અસ્તુવત્‌એરેતો કાંસુ સરોવરમાંથી આવશે, જે (જ્ઞાનની) બાહાદુર થ્રએતઓનએ અઝિદહાક માર્યો ગયો ત્યારે વખાણ કરી હતી;

૯૪ જે (જ્ઞાન)ને તુરાંની ફ્રહરસે જયારે તે બુરો માર્યો ગયો અને ગાય મારી ગઈ તે વખતે વખાણી હતી, જેને કવિ હુસ્રવએ તુરાની ફ્રહરસ માર્યો ગયો ત્યારે વખાણી હતી, જેને કવિ વીશ્તાસ્પએ લશ્કરની પવિત્રાઈ (? ફતેહ) મેલવવા કોશેશ કરતી વખતે વખાણી જેથી તેણે (લશ્કરે) અશોઈનો દુન્યામાંથી દ્રુજેને હાંકી મેલી.

૯૫ તે (અસ્તુવત્‌એરેતો) બુદ્ધિની આંખોથી તમામ પ્રાણીઓને જોશે; બુરાં મુળમાંથી નીકલેલા પએસીસને તે મારશે. તમામ હાડમંદ દુન્યાને તે અમર્ગ હાલતમાં મજબુતીથી રાખશે.

૯૬ ફતેહમંદ અસ્તુવત્‌એરેતોના સાથીઓ પવિત્ર વિચાર, પવિત્ર સુખન અને પવિત્ર કામથી આગલ વધે છે; તેના સાથી એકબી શબ્દ જુઠો બોલતા નથી, તેમની જુબાંન બુલંદ (અને સાચી) છે. તેમની આગળ ઝનુની ગુસ્સાવાળો અને દુશ્મની ભરેલાં બોરેહવાળો અએશ્મ વાંકો વળી નમે છે. તે (અસ્તુવત્‌એરેતો) પાપી, બુરાંમૂળના, અંધારાંને લગતા દ્રુજેને મારશે. અકોમનો મારે છે (યાને નુકશાંન કરે છે પણ) વોહુમનો તેને (અકોમનોને) મારે છે (હરાવે છે); જુઠો શબ્દ મારે છે (પણ) સાચો શબ્દ તેને મારે છે. હઉર્વતાત્ અને અમેરેતાત્ ભુખ તથા તરસ એ બંનેને મારે છે. હઉર્વતાત્ અને અમેરેતાત્ બુરી ભુખ અને બુરી તરસને મારશે. બુરાં કામોનો કારીગર અંહ્રોમઈન્યુ અશક્ત થઈને હારેલો તેને નમશે. યથાઅહુવઈર્યો, ઈત્યાદી.

૨૦ વનંત યશ્ત.

વનંતની નેમાજ તથા આરાધના, જેથી ખ્રફસ્ત્રો અને નાપાકો અશકત થાય છે.

વનંત સેતારાનાં વર્ણન બાબદ જુઓ તિશ્ત્ર યશ્તને મુથાલે આપેલું વર્ણન એ યશ્ત તિશ્ત્ર યશ્તની પછી તુરત આવવી જોઇતી હતી.

---

૦ ખુશાલ સ્હો અહુરમજદ (ઇત્યાદી, જુઓ યશ્ત ૧લી ફકરો ૦). મજદના પેદા કરેલા વનંત સેતારાની ખુશ્નુદી, આરાધના, વખાણ અને કીર્તિ ગાવા માટે હું કબુલ થાઉં છું.

૧ અશોઇની દુન્યાના સરદાર, મજદના પેદા કરેલી વનંત સેતારાને અમે વખાણ્યે છિયે. બળવંત, પોતાનાં નામથી આરાધાતા, તનદરોસ્તી આપનાર વનંત સેતારાને તમામ ભયંકર અને નાપાક પ્રાણીઓના સામે થવા માટે, અહરેમઇન્યુનાં ખ્રફસ્ત્રોને હાંકી મેલવા માટે હું વખાણું છું.

૨ [1]યથા અહૂવઇર્યો ઇત્યાદી.

---

૧ [અહીં એક પાજંદ ફકરો આવે છે જેનો અરથ નીચે મુજબ છે:— "તમામ ઉંદર (તથા) બીલાડીની પેદાએશનાં જાનવરોનાં મોહોડાંને હું બાંધુંછું, કે જેથી કરીને તેઓ ઘરમાં નુકશાંન નહીં કરે. (મને) તનદરોસ્તી (તથા) મશહુરી હોજો! (દાદાર) હોરમજદનાં નામથી. (તથા) ફરેદુન (કે જે) ફરેદુન આથ્વ્યાનનો (છોકરો થાય તેના) કૌંવત (તથા) ઓરેહના નામથી તમામ ઉંદર તથા બીલાડીનાં મોહોડાને હું બાંધુંછું."
—તરજુમો કરનાર.]

૨૧ આફ્રીન પઇગમ્બર જરતુશ્ત.

જરતુશ્ત્ર પાદશાહ વીશ્તાસ્પને દુવા કરે છે કે તે પુરાતમ પાદશાહ પેહેલવાંનો જેવો સદગુણી અને આશીર્વાદ પામેલો તથા પ્રખ્યાત ફરેસ્તાઓના જેવું કૌવત ધરાવનારો થાય.

૧ હું સાચો છું, મારા સુખનો આશિર્વાદ છે. તું મારા તરફ-પુષ્કળ દબદબા સાથે આવે છે. અને જરથુશ્ત્રએ મને (એટલે) વીશ્તાસ્પને કહયું; મુલકોના અય સરદાર! હું તને મારા આશિર્વાદોથી લાંબી જીંદગી, બુઝોર્ગ જીંદગી, લાંબી જીંદગી ઇચ્છુછું. તારે ત્યાં મરદો તથા બાનુઓની વૃદ્ધિ થવા માટે તારાં પોતાનાં તનનાં (ખુનનાં) ફરજંદો જનમે.!

૨ તું જામાસ્પના જેવો થાય અને આ આશિર્વાદ વીશ્તાસ્પને તેમજ તેના મુલકોને આમીન થાય!

૩ મઝદના જેવો ઘણોજ ફાયદેમંદ, થ્રએતઓન જેવો ફત્તેહમંદ, જામાસ્પ જેવો બળવંત, કવઉસના જેવો ઘણોજ ચાલાક, અઓષ્નર[1] જેવો લાંબી જીંદગી વાળો, તખ્મ ઊરૂપ જેવો ખબરદારી સાથની ચાલાકી વાળો તું થાય!

૪ નેક મીજલસોના સરદાર, પ્રકાશીત યિમના જેવો નુરમંદ, બુરી ખાશ્યતવાળા અઝિ દહાક મીસાલે હજાર યુકતિઓવાળો, કૅરૅસાસ્પના જેવો જોરેમંદ અને બળવંત, ઉર્વાક્ષ્ય જેવો ડાહયો અને દુરઅંદેશ, સ્યાવર્ષાન જેવો ખુબસુરત અને બેગુનાહ તું થાય!

૫ આથ્વ્યના કુટુંબીઓ જેવો ગોશ્પન્દોથી માતબર, પોઉરુષસ્પ મિસાલે ઘોડાઓથી માતબર, અશો જરથુશ્ત્ર મિસાલે અશો તું થાય! વકનવાઝની માફક પાર કરવાને મુશકેલી નડે એવી મોટી રન્હા નદિ ઊપર બી તું સગ્દારી ભોગવનારો થાય! માણસો તરફ બદલો મેળવવાને અપાતી ભેટો મિસાલે યઝતઓથી તું ચહવાયલો થાય!

૧ પરધાત (પેશદાધન) ખાનદાનનો શાહાજાદો; જુઓ યશ્ત ૧૩ ફકરો ૧૩૧.

૬ તને દશ છોકરા અવતરે; તેઓથી તું આથ્રવન જેવા ત્રણ વર્ગો, પેહેલવાનો જેવા ત્રણ વર્ગો, અને ખેડુત-ભરવાદ જેવા ત્રણ વર્ગો વાળો થાય (યાને ત્રણ છોકરા અથોરનાન, ત્રણ પેહેલવાન અને ત્રણ ખેડુત ભરવાદ થાય) અને એક તારે માટે વિસ્તાસ્પના જેવો (યાને તારા જેવો) (પાદશાહ) થાય.

૭ સૂર્ય મિશાલે સેતાબ ચાલના ઘોડાઓ ધરાવનારો તું થાય! માહબોખ્તારના જેવો પ્રકાશીત, આતશના જેવો રોશનીવાળો, મિથ્રના જેવો (દુશમનોને પોહોંચવા માટેની) તીક્ષણ ઝડપનો, સરોશની માફક બુલંદ કદનો અને ફત્તેહમંદ તું થાય!

૮ રશ્નુની મિશાલે સચ્ચાઇથી ભરપુર ઇનસાફવાળો, અહુરના પેદા કરેલા વેરેથ્રઘ્ન મિશાલે દુશમનોનો પરાજય કરનારો, રામખાસ્ત્ર મિશાલે પુશ્કલ રામશનીવાલો, કવહુસ્રવ મિસાલે દુઃખ દરદ અને મોહોત વિનાનો તું થાય!

૯ આ મારી દુવાથી (જેને તે દુવા કરી હોય તે) અશો લોકોની સંપૂર્ણ, તમામ દબદબાવાળી પ્રકાશીત દુન્યામાં પોહોંચે છે. તે ત્યાં મારી આશિર્વાદની દુવા મુજબ પોહોંચે! જે ભલા વિચારો, ભલા સુખનો અને ભલાં કામો અહીં અથવા બીજે ઠેકાણે થયાં હોય અથવા હજી થવાના હોય તેમના અમે સઘલી ભલાઇઓ મિશાલે વખાણ ગાનારા અને નકલ કરનારા છિએ.—યથા અહુવઇર્યો, ઇત્યાદી.

૨૨ વીશ્તાસ્પ યશ્ત.

૧ તમામ દુન્યા માટે ઘણાજ ફાયદેમંદ સુખનો બોલનાર જરથુશ્ત્રએ કહ્યું: અય મારા દીકરા[1] કવિ વીશ્તાસ્પ! (જરથુશ્ત્ર મારી આગ

[1] [ધરમગુરૂઓ પોતાના યજમાનોના પિતા સમાન છે. આજેબી કેટલીક ધર્મગુરૂઓ પોતાનાં યજમાનોને પોતાના બાલકો તરીકે બોલાવેછે, અને યજમાનો ધર્મગુરૂઓને પિતા તરીકે ઓળખે છે.—તરજુમો કરનાર.]

ળ પુર ચલકાત સાથે આવે છે[1]) મારા દીકરા કવિ વીશ્તાસ્પ ! તું લાંબી જીંદગીનો, પુન્નેગ જીંદગીનો, લાંબી જીંદગીનો થાય. તારા (યાને તારે ત્યાંના અથવા તારે લગતા) મરદો તેમજ બાનુઓ એવીજ લાંબી જીંદગીના થાય; તને તારાં પોતાનાં તનનાં (પુનનાં) ખુબસુરત ફર્જંદો અવતરે !

૨ જરથુશ્ત્રના જેવો અશો, આથ્વ્યખાનદાનની માફક ગોશ્પન્દોથી માતબર, પોઉરુશસ્પ મીશાલે ઘોડાઓથી માતબર, કવિ હુસ્રવ માફક અશોઈનો વિચાર કરનારો, વક્રનવાજ મીશાલે પાર કરવાને મુશ્કેલી નડે એવા મોટા રહદા નદિ ઉપરબો સરદારી ભોગવનારો તું થાય.

૩ તને તારાં તનથી દશ છોકરા અવતરે, ત્રણ અથોરનાન[2] તરીકે, ત્રણ પેહેલવાન[3] દાખલ, ત્રણ ભર્વાદ–ખેડુત[4] દાખલ અને એક જામાસ્પ જેવો થાય ! એ સંપૂર્ણ ન્યામતો મેલવવા માટે તું બંદગી કર.

૪ પૅષોતનુ[5] માફક દુખઃદરદ અને મોહોત વિનાનો, મિથ્ર મીસાલે તીક્ષણ ઝડપનો, માહબોખતાર મીશાલે ચલકાતમંદ, આતશ મીશાલે પ્રકાશીત, માણસોમાના સર્વેથી દ્રવ્યવાંન માણસ મીશાલે દ્રવ્યવાંન તું થાય !

૫ એ પછી જે (બે ફરેસ્તા) ઓ[6] સ્વર્ગમાં લઈ જાય છે તેઓ તને હજાર વરસ સુધી અશો લોકોની સંપૂર્ણ, પ્રકાશીત, તમામ દબદબાવાળી દુન્યાને આપે.—અષેમ વોહૂ, ઈત્યાદી.

---

૧ આ ફકરો અંદર નકામો ઘુસ્યો છે, આ યશ્તનું લખાણ ઘણીજ ભાગી તુટી હાલતમાં જલવાઈ રહયું છે.

૨ પેહેલ્વી મુજબ આદરબાદ માહરૅસ્પન્દ જેવો. ૩ પેહેલ્વી મુજબ ઇસ્ફેન્દયાર જેવો. ૪ પેહેલ્વી મુજબ જવ (ઊજવ) જેવો.

૫ વીશ્તાસ્પનો દીકરો: જરથુશ્ત્રએ તેને ચોક્કસ ક્રીયા કરી થોડું દુધ પાવાથી તે અમર્ગ થયો હતો. જરથોશ્તી દંતકથા મુજબ દુન્યામાં સાત જણ અમરગ રહેલા છે જેઓ કયાંમત વખતે પેગમ્બર સઓશ્યન્તના મદદગાર થઈ પડશે, જેઓમાંનો એક આ પૅષોતનુ છે.

૬ અશાહથ્યતો ત્રિજો પુરૂષ દ્વિવચનમાં છે; અને તે સઓષ અને રશ્નુને લાગુ પડતો હોવો જોઇએ.

૨

૬ કૌવત અને ફતેહ આપો, ગોસ્પન્દોને તેમનો ખોરાક આપો. જરથુશ્ત્રએ કહ્યું: મારા દીકરા કવિ વીશ્તાસ્પને ગંભીર, વિચારવંત, અશો, દુશ્મનોને મારનાર, પેદાએશોને ખુશી કરનાર, પવિત્રાઇવાળાં, બુરાંઓને મારનારાં માણસો (ઓ યજદો) તમે આપો. !

૭ ઓ તમે નેમાજને લાયકના, પુષ્કળ નુરમંદ, આરાધનાને લાયકના, પુષ્કલ દુઃખદરદોને આરામ આપનાર (યજદો) ! તમે જાહેર રીતે બુલ્નેગી પામો !

૮ જરથુશ્ત્રએ કહ્યું: મારા દીકરા કવી વીશ્તાસ્પ ! તમે દેખીતી રીતે બુલ્નેગ થાઓ, આરાધનાઓનાં કામમાં મદદગાર થાઓ ! અને તમે અમને ખોરેહ મેળવવામાં મદદ આપો, આ બક્ષીસ અમને આપો; અપિવહુરીહિ અને બાહોલી નજરની ઉદારતા અમને પૂરી પાડો, અને ખુબ ખાણાત કરતી રથવાલી પાર્ંદિ અમને મદદગાર થાય !

૯ તેના (? મારા) છોકરા કવ વીશ્તાસ્પ મીશાલે તું પુરતાં ખોરેહવાળો થાય ! તું આબાદ થઇને બુલંદ સ્થંભો સાથનું આ ઘર મેલવે, જેથી પોતાની ઓલાદના નામાંકીત (અથવા માતબર) ખાનદાનના આથ્રવનની મીસાલે ખરાબ ખોરાકી સામે તેને ખાતરી મલે (યાને સારો ખોરાક મેલવવાને શકિતવાન થાય).[1]

૧૦ જરથુશ્ત્રએ કહ્યું: મારા દીકરા કવ વીશ્તાસ્પ ! માજદયસ્નની દીનને માટે, એક ભાઈ અથવા એક મિત્ર તરીકે તેના ભાઇ (અથવા મિત્રો) બદલે તું થા. માજદયસ્ની દીનનો તું વિચાર કરનાર થા. જે કોઇ તેને (દીનને) ચાહે (તેનું રક્ષણ કરે) તેને બદલો મલો !........... અશો જરથુશ્ત્ર.

૧૧ વળી જરથુશ્ત્રએ ફ્રષઓશ્ત્રને અને જામાસ્પને કહ્યું, મારા છોકરા ફ્રષઓશ્ત્ર ! ઘાસચારા (ખોરાકી) ઊપર દેખરેખ રાખ: તેની સંભાલ કર.

---

૧ [ફ્રેહલવીને આધારે પ્રોફેસર દાર્મેસ્તેતે એનો એવો અર્થ કરે છે કે : જો તું આથ્રવન તરફ ઊદાર થશે તો તારે ત્યાં પુષ્કળતા થશે; આથ્રવનને ખરાબ ખોરાક ના આપતો કારણ કે આથ્રવન તારા સર્વેથી સરસ ફર્જંદ જેવો છે.—તરજુમો કરનાર.]

૧૨ અહુરમજ્દએ એ પ્રમાણે કહયું: ઓ અશો જરથુશ્ત્ર અને જરથુશ્ત્રએ પાછું કહયું: મારા દીકરા કવ વીશ્તાસ્પ! તમે ખરાબ જઓત = જોતી, ક્રિયા કરનારા)°ના થતા, (અમેંષાસ્પેંન્તઓને) અનગમત જઓત ના થતા, કારણ કે એવા ક્રિયા કરનારાઓ ઘણુંજ નુકશાન પોંહોંચાડે છે; અમેંષાસ્પેંન્તઓને વખાણનારાઓ મીશાલે તું તારી ખાહેશો બતાવજે.

૩

૧૩ અને ઓ તુ! હુંતને મારા દીકરા વીશ્તાસ્પની મીશાલે કેહેવા ઇચ્છુંછું. તું કે જેણી ફરજંદોની ઇચ્છા કરે છે, દુધવાલી છે, તું કે, જેણી ગર્ભવંતી છે અથવા જેણી દુધાલી થઇ છે અથવા અમે તને કહયું છે તેમ બાલકને ધવાડે છે તે તને હું સો શીખાંમણો આપીશ.

૧૪ અને અહુરમજ્દ તથા અષિ અને મજ્દયસ્ની દીન એઓ સઘલાં સંપૂર્ણતાથી સઘલાં ઊપર હકુમત ભોગવે છે, સઘલું કરેછે, સઘલું સંપૂર્ણ કરે છે, એઓ મુરાદ હાંસલ કરે છે, એઓ દુન્યાની વૃદ્ધિ કરે છે, એઓ કાનોને સંભલાયલાં છે, એઓ અશો મરદોને ઘણાજ ખુશ કરે છે, અશો મરદોનું રક્ષણ કરનારાઓને ટેકો આપનાર એઓ છે.

૧૫ એમનાથી અશોઇ અને વિદ્યા આવે છે. અશોઇ પવિત્ર દુન્યાઓની વૃદ્ધિ કરે છે અને તું સઓષ્યન્ત જે અશો મરદ છે, જે અશોઇને પીછાણે છે તેની સાથે લડતી નથી. તમામ હાવનાનો, તમામ આતરેંવક્ષઓ, તમામ આબેંરેંતઓ, તમામ રએથ્વિશ્કરઓ, તમામ સઓષ્યરેંજઓ,

૧૬ તમામ અથોરનાનો, તમામ રથએશ્તારો, તમામ ખેદુત-ભરવાદો, ઘરના, મોહોલ્લાના, ટોલાના અને મુલકના તમામ સરદારો,

૧૭ ભલા વિચારો, ભલા સુખનો અને ભલાં કામોવાળા તમામ જુવાંન્યાઓ, બંદગી કરતા તમામ જુવાંન્યાઓ, તમામ ખ્વએત્વદથ કરનારાઓ (યાને સગપનમાં લગ્ન કરનારાઓ), તમામ દીનના દસ્તુરો, ડાહી શીખામણો આપવા માટે અહીંથી તહીં ફરનારા સઘલાઓ, તમામ ઘરધણીઓ,

૧૮ આ તમામ સરદારો, અશોઇની દુન્યાને લગતા સરદારો અહીં આવે કે જેઓ ૩૩ ની સંખ્યામાં યજશ્નેમાં વીંટલાય છે (યાને રોકાય છે). જેઓ દુન્યાના સરદારો, અશો, સંપૂર્ણ રક્ષણ આપનારા છે.

૧૯ મારા દીકરા વીશ્તાસ્પ! એ સઘલાઓને હીંમતવાન અને ખુશ દુશમનોને હઠાવવા માટે ઠરાવેલા છે; સો દુશમનો સામે તેઓ સોના સો (યાને દશ હજાર), હજારો દુશમનો સામે તેઓ હજારના હજાર (યાને દશ લાખ), દશ હજાર દુશમનો સામે દશ હજારના દશ હજાર (યાને દશ કરોડ), અસંખ્ય દુશ્મનો સામે અસંખ્યના અસંખ્ય જેવા તેઓ છે.

૨૦ આ કલાંમ જે અમે તને શીખવ્યો છે તે તે બોલે (? તું બોલ.) ન્યાંમતોના પેદા કરનાર અહુરમજદ! હું તને યજશ્નેથી આરાધીશ, હું તને તથા તે પેદાએશ જે અહુરમજદને લગતી છે તેને આ યજશ્નેથી વખાણીશ.

૨૧ દીકરા કવ વીશ્તાસ્પએ તેને પૂછયું: કયે યજશ્નેથી હું તને ઈજું, કઇ યજશ્નેથી તને તથા આ પેદાએશ જે અહુરમજદને લગતી છે તેને હું ઈજું?

૨૨ જરથુશ્ત્રએ જવાબ દીધો: અમે તને સહાય થવા ઇચ્છીયે છિયે. તું (અમારો) દીકરો કવ વીશ્તાસ્પ છે. (તું આ પ્રમાણે આરાધણા કર:) ઉગતાં ઝાડોમાં જે ઘણુંજ ખુબસુરત, બુલંદ, મજબુત ઝાડ છે ત્યાં હું જઇશ, અને હું આ કલાંમ બોલીશ: અહુરનાં સંપૂર્ણ પેદા કરેલાં ઓ પવિત્ર ઝાડ! તને નેમાજ.—અષેમ્‌વોહૂ.

૨૩ પછી બર્સમને એક વાર, બે વાર અથવા ત્રણવાર (અથવા એક, બે અથવા ત્રણ બર્સમ) કાપ, પછી તે બર્સમને કાયદા મુજબ બાંધ, ક્રિયા કરીને તેને બાંધ તથા છોડ. તે (બર્સમ) મદદ કરે છે, સર્વેથી નાહાની ચીજોમાં પોતાની મરજી મુજબ કામ કરે છે, પોતાની મરજી મુજબ (બદ) માણસોને મારે છે, અને પુષ્કળ સત્તા ધરાવનાર છે, (યાને ટુંકમાં કહયે તો બર્સમ ગોયા જાદુઇ શકિત ધરાવે છે).

૪

૨૪ અને જરથુશ્ત્રએ કહયું: મારા દીકરા કવિ વીશ્તાસ્પ! તારે માહુટે અરમજદને આરાધ (અને બોલ): અય પુષ્કળ ખોરેહવાળા અહુર-

મજદ ! પોતાના કાયદાવાળાં આકાશ, હદ્દ વિનાના વખત, ઉત્તમ કામ કરનારી હવા અને તું મજદના પેદા કરેલા બળવંત પવનને હું વખાણું છું.

૨૫ જે ફાયદાઓ ખોદાએ બખશ્યા હોય તે તું જાહેર કર. તું એક બાનુનો છોકરો છે. દ્રુજેઓને હું (જે) અશો અને જોરેમંદ (છું તે હું) મારૂં ! (મારા) દુશ્મનોને હંમેશ પીછાંણી લેવાની, દુઃખ દેવા ઇચ્છનારા બુરાઓને હફાવવાની, મારી સામે લડનારા ચાલાકો અને દુશ્મનોને ઉખેડી નાખવાની શક્તિ મને મળે !

૨૬ એ જાહેર કરેલો કલાંમ તું ભણ. (વિષયિ ખાહેશથી કરેલાં ગુનાહ ભરેલાં) કામોને તેના તનમાંથી તે (કલામ) ધોઈ કાહાડે ! મારા દીકરા કવ વીશ્તાસ્પ ! તું જોરેમંદ, પેહેલવાંન, ચાલાક, અહુરમજદનો છોકરો, આતશની તરફથી કવન્દ દેવ સામે લડનારો છે, જે (દેવ) પીવા વિના છાકટ થયલો હોય છે.—તે (? આતશ) દ્રુજને લગતાઓ, દેવોની પરસ્તેસ કરનારા બુરાઓ, ગુનેહગાર જીંદગી ગુજારનારા માણસો ઉપર ધસારો કરે છે.

૨૭ હદ વિનાના વખતમાં પેદા કરવામાં આવેલા માર્ગ ઉપર, પુષ્કળ ધાસ્તી સાથે બુરાઓને લગતું તેમજ અશોને લગતું (રવાંન) પોંહોંચે છે. જે પ્રમાણે એક વરૂ આગળ મેલાયલું મેંઢું વરૂથી બીહેછે તેજ પ્રમાણે તેઓ (દેવો) (અશો માણસનાં) રવાંનના સુવાસથી બીહેછે.

૨૮ ગોળાકાર, પ્રકાશીત, તમામ સીંગારોથી સીંગારાયલાં પવિત્ર કીર્ત્તનોના મેહેલમાં (યાને ગરોન્માન બેહેશ્તમાં) વખાણનાં બુજોર્ગ તથ-સંપૂર્ણ કીર્ત્તનો (સ્તઓત યસ્ન) બુલંદીથી મેલાય તથા લેઇ જવામાં આવે. (અશો લોકોનાં કીર્તનો અહુરમજદ ગરોન્માનમાં લેઇ જાય છે.) એ પવિત્ર કલાંમ ભણાયો હોય કે ન હોય તો અય જરથુશ્ત્ર ! માણસોએ તે સંપૂર્ણ કરવો. જરથુશ્ત્રએ કહયું, મારા દીકરા અય કવ વીશ્તાસ્પ જુવાંન તેમજ જઇફ ઓરતને તે શીખવ.

૨૯ કારણ કે વખાણનું આ કીર્તન સમાપ્ત થવા પછી, અય અશો જરથુશ્ત્ર ! એક તીખો ઘોડો એક છેડેથી બીજે છેડે જેટલા

વખતમાં દોડે છે એટલા વખતમાં સઘલે મુસાફરી કરે છે અને ઘણાજ બલવંત દુજેઓને મારે છે.

૩૦ એ દિવસે (યાને આ કીર્તન ભણાય ત્યારે) જેટલાં માણસો અને ઓરતો જાય (યાને એ કીર્ત્તનમાં સામેલ થાય) એટલાંને પુષ્કળ કૌવત, પુષ્કલ બુજ્રગી, અશોઇ જાય છે (મલે છે). જે માણસ પોતાની અશોઇથી લાયક થયો હોય તે માણસને તેના બદલા દાખલ જીંદગી મલે છે. અને હૈયાત દુન્યાને જે કોઇ આશ્રા સરખો થયલો હોય છે તેને તે બક્ષીસ મલે છે; અને જે માણસ આ દુન્યાને ઊપયોગી થશે, ફત્તેહ કરનાર થશે તેને જે મુબારકબાદી મલશે, તેના કરતાં વધારે સંપૂર્ણ મુબારકબાદી હોતી નથી.

૩૧ એ પ્રમાણે તેને બદલો મલશે અને જે કોઇ પાણીથી અને નહીં કે ગાયના ગોમેજથી હાથ પવીત્ર કરશે તે લાયકાત સાથે જોડાશે (યાને બદલો પામશે)........પણ તું હમેલદાર થનારી ઓરતનો છોકરોછે. જે કોઈ પવિત્ર સુખનોવાળો, પવિત્ર કામોવાળો નહોય તે પવિત્ર વિચારનો થાય.........મારૂં સાંભલો, મારી ઉપર દયા કરો.

૩૨ અય જરથુશ્ત્ર ! તારી તરફ અમે આવવા ઇચ્છયે છિયે, અમે તને આ દુન્યાની તેમજ મિનોઇ દુન્યાની લાંબી કીર્ત્તિ માટે, રવાંનનાં લાંબાં સુખ માટે જે કાંઇ ઊત્તમછે તે શીખવવા ઇછયે છિયે.

૩૩ શ્રેષ્ઠ સરદાર કે જે હું અહુરમજદ છું તેનેથી આત્માને તે (બક્ષીસ) મલતી હોવાથી તે ફાયદાકારક, બેહેસ્તને લાયકની, અહુરમજદનાં ગોળાકાર, પ્રકાશીત, તમામ સીંગારોથી સીંગારાયલા ગરોન્માનને લાયકની છે. જે કોઇ જાણવા માટે પૂછે છે તથા શીખે છે તેને પ્રકાશ દેખાડવામાં આવે છે; એવો (માણસ) હું અહુરમજદને લગતો હોય છે.

૫

૩૪ (મિનો યજદો) દોલત તથા ખોરેહ, આબાદી અને ત્યાંમતો, સેતાબ ચાલના ઘોડાઓ અને બુદ્ધિ તેને બક્ષે........તેઓ તેને પુત્રો આપે.........જરથુશ્ત્રએ કહયું. અય દીકરા કવ વીશ્તાસ્પ ! તે

(! તમે) પ્યારથી મજદયસ્નિ દીનને માટે, અમે જેમ તમને જણાવ્યું છે તેમ આવે, તે (તમે) બદલો મેલવવાને લાયક થાય (થાઓ) !

૩૫ આ પ્રમાણે તું હંમેશ (ભીક્ષુકને) કહેજે: "તું દરવાજા આગલ (ભીક્ષા માગતો) બેસજે; તેઓ પોતે જે પુષ્કલ ન્યાંમતો ધરાવે છે તેમાંથી ખોરાકના ટુકડા તને લાવી આપશે." કોઇબી તારી સામે જાય નહીં. બળવંત, પ્રકાશીત મજદયસ્નિ દીન દ્રુજેનો સરદારી ઉપર હુમલો કરે છે; તેણી તીશ ઘોડાને નાખો દે નહીં !

૩૬ (અય આળસુ !) તમામ હાડમંદ દુન્યા તને રદ કરવા માટે ઉભી (તૈયાર થઈ) છે, તમામ ભાઈબિંધો તૈયાર છે, ખોરાક માગવા આવનારા ભીક્ષુકોમાં તું પારકાને દરવાજે હંમેશ આવશે. હંમેશ તેઓ તને પારકાંને દરવાજે બેઠેલો જોશે અને તેઓ મજદની પેદા કરેલી પોતાની ઉત્તમ બક્ષેસો અશો માણસ આગળ(જ) લેઇ (જશે).

૩૭ જરથુશ્ત્રએ કહયું: નામાંકીત નરોના ખાંનદાનવાળા મારા દીકરા કવ વીશ્તાસ્પ ! તું વળી મજદયસ્નની દીનનો છોકરો છે, જેથી તેની સામે દુશ્મની ધરાવનારા બુરાઓ ઉપર તું ફત્તેહ મેળવે છે; અહરેમઈન્યુને લગતો ગુસ્સો તને ખરાબ કરે નહીં (યાને તું ગુસ્સાથી ખરાબ થાય નહી), કે જે પ્રમાણે ચાલવાથી લાશને બાળવા માટેનાં લાકડાં કાપનારાઓ, જાદુગરો, બીજાઓની ન્યામતોનો નાશ કરનારાઓ અથવા ઝાડપાનોનો નાશ કરનારાઓ પોતાની ઉત્તમ મુરાદો (ખરાબ કરે છે, ભ્રષ્ટ કરે છે.)

૩૮ જે કોઈ આતશ પાસે સુગંધી સાથે આવે છે તેને તે સંતોશ પામેલો, ગુસ્સે નહીં થયલો, તૃપ્ત થયલો (આ મુજબ) દુવા કરે છે; "તું ગોશપન્દોનાં ટોળાંઓવાળો થાય! વેંહેંચણી કરનાર અને અરજ કરનારને આપનાર તારે માટે બક્ષીસો લાવે!" સતવએસએ તને એ માટે, આ હાડમંદ દુન્યામાં પુષ્કળ ખોરેહ મેળવવા માટે (આ મુજબ) આરાધ્યો: ઓ મજદ! હું તારે માટે (=તારી તરફથી) ખોરેહ આપનારો, મારી મેળે આગળ વધેલો, ચળકાતમંદ, ખોરેહની સામે નહીં થનારો હું થાઉં !

૩૯ એ કલાંમો બોલતાં તેને કૌવત, ફત્તેહ, તન્દરોસ્તી, સુખ, ફરાગતી, વૃદ્ધિ, વધારો મળ્યો. એ સઘળો (બક્ષીસો)ને હું વખાણું છું

તથા તે માટે હું માગણી કરૂં છું. પવિત્ર કીર્ત્તનોના કલામો તું ગરો-મા-નમાં લેઇજા, જ્યાં અહુરમજદ પેહેલે દાખલ થયો હતો. તારે તેની પાસે એ આરાધનાઓથી બક્ષીસો માગવી.—અષેમ્‌વોહૂ.

૬

૪૦ અમેષાસ્પેન્તઓ બોલ્યા; જરથુશ્ત્રએ જવાબ દીધો: મારા દીકરા કવ વીશ્તાસ્પ ! અશો સ્રઓષ, બુલંદ દબદબાવાળો નર્યોસંઘ, અહુરમજદનો આતશ અને ફત્તેહ આપનાર બાદશાહી ખોરેહ પૂછે (સલાહ આપે) અને દેહને લગતાં જે કામો પુષ્કળ ખાહેશોથી કરવામાં આવ્યાં હોય તેની તેઓ તપાસ કરે.

૪૧ વળી ઓ તું પવિત્ર બુદ્ધિ ! તને આખી રાત સુધી તે પૂછે; તું આખી રાત સુધી બુદ્ધિની ખાહેશને ઊશ્કેરે છે. દિવસમાં ત્રણવાર ગોશ્પન્દનાં તંનનું પોષણ પુરૂં પાડ.

૪૨ આ તમામ ચીજોમાં, ઘણાજ દાનાવોમાં જરથુશ્ત્ર વડો થાય. આ ચીજોનો સરદાર જરથુશ્ત્ર અશોઇનો માર્ગ બતાવે. આ માર્ગ-જ્યાં ફત્તેહ છે, જે મજદયસ્નિ દીનને લગતો છે તે ઊપર (માણસે) ચાલવું. એ પ્રમાણે જે માણસ સંપૂર્ણ પવિત્રાઇની ખાહેશથી આગળ વધે છે તે દૂર સુધી વખણાયલા, બળવંત, સારી તકેદારીવાળા, પવિત્રાઇની તકેદારી હેઠલના ચિન્વત પુલ તરફ જાય છે.

૪૩ એ પ્રમાણે પ્રાણીઓને મોટી પવિત્રાઇ સાથે ઉત્પન્ન કરવામાં આવ્યાં છે. જરથુશ્ત્રએ કહયું: મારા દિકરા કવ વીશ્તાસ્પ ! ચંદ્ર તથા સૂર્ય જેઓ રક્ષણ આપે છે તથા નીગેહબાંની કરે છે તેમને તારે માટે આરાધ, જેથી બદલો મેલવવાને તું લાયક થાય. બદ ખોરેહવાળો અને પુષ્કળ દુ:ખ દરદોવાળો અહ્રેમઇન્યુ બોલ્યો, હું ત્યાં આફતના દેખાવો લઈ ગયો છું.

૪૪ જો કોઇને મારવા માટે ખુશી થનાર જુલમગાર, અથવા કોઇ ઠગારો અથવા પોતાના ખેશોઓનો દુશ્મન હોય, અને અગરજો તે બુદ્ધિહિન થઇને કુતરાને અથવા માણસને જખમ કરે, તો તે જે જખમ કર્યો હોય તે માટે તોજેશ કરે, કુતરાને જે જખમ તેણે કર્યો હોય તે માટે

બઓઘવશ્તની સજાથી તે તોજેશ કરે; જેથી પેહેલા દીનદારને તે મારી નાખે, જેથી પેહેલા દીનદારને જખમ કરે તેને માટે તેને કરેલા જખમ સારૂ બઓઘોવશ્તની સજાથી તે તોજેશ કરે.

૭

૪૫ અય અશો, મારા દિકરા કવ વીશ્તાસ્પ ! તું સો વરસની જીંદગી, દશ હજાર ટેકા, દશહજાર બચાવ તમામ વરસ સુધી મેલવે ! બુઢાપા વિનાનો, મોહત વિનાનો, કરમાયા વિનાનો, કોહોવાત વિનાનો, પુષ્કલ ગોરપન્દોવાળો, પુષ્કલ નયામતોવાળો, પુષ્કળ વસ્ત્રોવાલો, બીજા સઘલા મજદયસ્નાનો કરતાં વધારે માતબર તું થાય !

૪૬ મેં જાહેર કરેલી આ બક્ષિસો તેમજ અમેશાસ્પેન્તઓનું ખોરેહ તને મળે ! તેઓ તને દોલત તથા નુર; આબાદી આપનારી ન્યામતો, સેતાબ ચાલના ઘોડાઓ અને બુદ્ધિ બક્ષે; તને પેહેલવાન છોકરા અવતરે તથા સર્વેથી સરસ ચીજો મલે, જેથી અહુરમજદની દોલતની ખુબી ગાવાને તું શક્તિવાંન થાય !

૪૭-૪૮ સ્પેન્તમઇન્યુ અને અહરેમઇન્યુ એઓ બંનેએ તેની દોસ્તી અને આરાધના મેલવવા માટે તેને ઇચ્છયો; જો તે તે (! અહરેમઇન્યુ) ને વલગશે તો તે અમારી વખાણ તથા કીર્ત્તિ માટે (વિરૂદ્ધ) ગુનાહ ભરી સત્તા ભોગવશે. તે (! સ્પેન્તમઇન્યુને વળગવાથી) ગેરકાયદે હકુમત ભોગવશે નહી. જયાં તે (! અહરેમઇન્યુ) મુલકોનો વડો છે ત્યાં ગેરકાયદેની હકુમત ચાલે છે. ત્યાં યાને જયાં સારી (ઇન્સાફી) રાજયનીતી ચાલતી હોય ત્યાં, અય જરથુશ્ત્ર ! ઘોડાઓ પોતાના સ્વારોને સારી પેઠે લેઇ જાય છે, ત્યાં રથો સારી રીતે ચાલે છે.

૪૯ જુઓ વન્દિદાદ ફર્ગરદ ૨૧ ફકરા ૬-૭.

૫૦ ઓ બુરા ! તું મારા ઉપર હુમલો ના કર (અથવા તું મારી તરફ જોવું ના કર). ઓ બુરા ! જો તું બુરાઇથી મને તાપ લાવે તો તેને માટે સ્પેન્ત આરમેઇતેને સખત સજા કરવા સારૂ ઠરાવેલી છે. બુરા કનેથી તે બક્ષિસ લેઇ મેલો કે જે તેણી (સ્પેન્ત આરમેઇતિ) કનેથી મલે છે, જે બક્ષિસ હજી નહીં ધવાયલું ઓરતોનું દુધ છે.

૫૧ દુઃખમાં બુરો ફતેહ મેળવે છે. આતશ ઊપરનો ખુશગ્ગો, પેદા કરનાર અહુરમજ્દની ખુશાલી છે, જેને તે લુંટીને દૂર લેઇ જાય છે. ભલું મન (ભલી અક્કલ) તારે માટે (તું બુરા માટે) નથી, કારણ કે તારી પકાવેલી ભેટોથી તથા તારી બંદગીથી સ્પેન્તમઇન્યુને લગતાં હૈયાતી ધરાવનારાં તમામ પ્રાણીઓને ઇજા પોહોચે છે.

૫૨ જેને માટે મિથ્ર તથા રશ્નુરાસ્ત દૂરથી વિચાર કરે છે તે મજ્દયસ્નની દીન છે. (એજ પ્રમાણે જે માણસો વિષે તેઓ દૂરથી વિચાર કરે છે) તે માણસો તેઓ છે, કે જેઓ હું તમારી આગલ જાહેર કરૂંછું તેમ તે (દીન)ને માટે વિચાર કરે છે, તેની ક્રિયા સંપૂર્ણ કરે છે, તેના કાનુનો પ્રમાણે ચાલે છે, તેની કેલવણી આપેછ તથા તેની વખાણ ગાય છે.

૮

૫૩ વહિશ્તોઇશ્તિ(? ઉશ્તવઇતિ) ગાથાનાં કીર્તન ગાવાં. ખચ્ચીત તેને મુબારકબાદી છે, ઓ મારા દીકરા અશો વીશ્તાસ્પ! તેને મુબારકબાદી છે કે જેને શ્રેષ્ટ પાદશાહ અહુરમજ્દ તે આપવા ઇચ્છે છે.

૫૪ તે (અશો)નું રવાંન તે (પેહેલી) રાતે કયાં રહે છે? ત્યારે અહુરમજ્દએ જવાબ દીધો: અય મારા દિકરા ઝરથોસ્ત્ર! તે તે રાતે પોતાનાં માથાં આગલ ઊશ્તવઇતિ ગાથા ગાતું અને મુબારકબાદી મેલવવાની મુરાદથી (આ પ્રમાણે) બોલતું રહે છે: મુબારકબાદી તેને, મુબારકબાદી કોઇનેબી. પેહેલી રાતે હુખ્ત (સારા સુખનોની જગા)માં, બીજી રાતે હ્વર્શ્ત (સારાં કામોની જગા) માં અને ત્રિજી રાતે (બેહેશ્ત તથા દોજખ તરફ જવાના) બેવડા માર્ગ (ચિન્વતપુલ) ઉપર રહે છે.[1]

૫૫ જ્યારે ત્રિજી રાત ખતમ થઈ બામદાદ થાય છે ત્યારે અય મારા છોકરા ઝરથોસ્ત્ર! અશો મરદનું રવાંન ઝાડોની વચ્ચે પોહોંચે છે. (ઝાડોમાંથી) તેને સુગંધી પોહોંચે છે. સુગંધી હવા, બીજા સઘલા પવન

---

૧ આ યશ્તનો અહીંથી બાકી રહેલો સઘલો ભાગ હાદોખ્તનસ્કમાંથી ઊછીનો લેવામાં આવેલો છે.

કરતાં વધારે સુગંધી પવન તેને પોહોંચે છે. અશો મરદનું રવાંન તે પવન દમમાં લે છે, અને તે પુછે છે કે, મેં મારાં નાંકવટી કોઇબી વાર દમમાં લીધેલા પવન કરતાં વધારે સુગંધી આ પવન કયાંથી વાય છે?

૫૬ આ સુગંધીમાંથી તેનું અંતઃકરણ ખુબસુરત, પ્રકાશીત, રૌશન બાજુઓવાળી, જોરેમંદ, નુરમંદ, ઊંચાં કદની અને સીધી, ખુબસુરતી માટે વખણાયલાં શરિરવાળી, ઊમદા, પ્રખ્યાત ખાનદાંનની, પંદર વરસની ઊંમરની, ઘણાંજ પ્રકાશીત ગણાતાં પ્રાણીઓ કરતાં વધારે પ્રકાશીત શરિરવાળી એક જુવાંન છોડીના આકારમાં તેના તરફ આવે છે.

૫૭ પછી તે અશોનું રવાંન તેની સાથે બોલ્યું અને પુછયું: તું કોણ છે, તું કે જે મેં જોયલી કોઇબી જુવાંન છોડીઓ કરતાં વધારે ખુબસુરત છે?

૫૮ ત્યારે તેનાં તે અંતઃકરને જવાબ દીધો: હું, અય જુવાંન માણસ! તારા ભલા વિચારો, તારા ભલા સુખનો અને તારાં નેક કામો, તારાં ખુદ શરિરમાંનું અંતઃકરન છું. (પછી તે રવાંને તેને પૂછયું): કોણે તને આવી બુઝોર્ગિવાળી, શ્રેષ્ટ, ખુબસુરત, આટલી બધી સુગંધીવાળી, ફત્તેહમંદ, દુશમનો ઊપર સરદારી ભોગવનારી, તું મને હાલ દેખાય છે એવી બનાવી? (તેણીએ જવાબ દીધો અય જુવાંન શખસ તેંજ મને એવી બનાવી છે અને) તારા ભલા વિચારો, તારા ભલા સુખનો, તારાં નેક કામો, તારાં પોતાનાં શરીરમાંનાં અંતઃકરનથી હું એવી બુઝોર્ગ, શ્રેષ્ટ, ખુબસુરત, સુગંધીવાળી, દુશમનો ઊપર સરદારી મેલવનારી, બળવંત ફત્તેહવાળી થઇછું.

૫૯ જ્યારે (ફાંની દુન્યામાં) અમે કોઇને તારી સામે જાદુના ઇલાજો કરતાં, અથવા આડે માર્ગે લેઇ જઇ ગુનેહગાર બનાવતાં, અથવા (ગરીબોની) માગણીઓ તુચ્છકારથી ના પાડતાં અથવા ઝાડપાન ટોડી પાડતાં જોતા, ત્યારે તું મોટા અવાજે ગાથા ગાવા, પવિત્ર પાણીઓની અને અહુરમજદના છોકરા આતશની ન્યાએશ કરવા અને દૂરવેરથી તારી નજદીક (મદદ મેળવવા) આવેલા દીનદાર શખસને સંતોશ આપવાની કોશેશ કરવા બેસતો હતો.

૬૦ હું પોતે પ્યારને લાયકની હતી તો પણ તેં મને આ રીતે વધુ પ્યારને લાયકની બનાવી; હું ખુબસુરત હતીજ પણ તેં મને વધુ ખુબસુરત બનાવી; હું પસંદ કરવા જોગ હતી, પણ તેં મને વધુ પસંદ કરવા જોગ બનાવી; હું બુલંદ બેઠક ઊપર બેહેલી હતી, પણ તે મને તારા પોતાના ભલા વિચારો, ભલા સુખનો અને ભલાં કામોથી વધુ બુલંદ બેઠક ઉપર બેસાડી છે.

—એ પ્રમાણે માણસો આવી રીતે (ચાલીને) હું લાંબાં વખતથી વખણાયલા તથા સવાલો પૂછાતા અહુરમજદને (ગોયા) વખાણે છે.

૬૧ તે અશોનાં રવાને પોતાનું પેહેલું પગલું ભર્યું અને હુમતમાં દાખલ થયું: તેણે બીજું પગલું ભર્યું અને હુખ્તમાં દાખલ થયું; તેણે ત્રિજું પગલું ભર્યું અને હ્વર્શ્તમાં દાખલ થયું; તે અશો રવાંને ચોથું પગલું ભર્યું અને હદવિનાની રોશણીવાલી જગામાં તે જઈ પોહોચ્યું.

૬૨ પછી તેની આગમચ ગુજરેલું એક અશો રવાંન તેની સાથે બોલ્યું અને તેને પૂછ્યું: અય અશો! તું કેમ મરણ પામ્યો, જે રેહેથાનોમાં ગોશ્પન્દોનાં ટોળાં રહેછે ત્યાંથી, પુષ્કળ વંશવેળામાંથી, ફાંની દુન્યામાંથી આ અમર્ગિની દુન્યામાં તું કેમ આવ્યો? હંમેશાગીનાં સુખને તું કેમ પોહોચ્યો?

૬૩ ત્યારે અહુરમજદએ તેને કહ્યું: તે શખ્સ જેને તું પૂછેછે તે શરિર તથા બુદ્ધિના છુટાં પડવા પછી ઘણાજ ભયંકર અને ઘણાજ ધાસ્તી ભરેલા માર્ગ પસાર કરી આવ્યું છે અને તેથી તેને તું (હમણાં) પૂછ ના.

૬૪ નેક વિચારોવાળા, નેક સુખનો વાળા, નેક કામોવાળા, પવિત્ર વર્તણુકવાળા જુવાંન શખ્સને તેનાં મરણ બાદ જે ખોરાક લાવી આપવામાં આવેછે તે ખાવા લાયક ઊત્તમ ખોરાક વસંતનુ તેલ (શરબત?) (અમૃત) છે; (કારણ કે વસંતમાંજ સર્વેથી સરસ ફુલફળાદી, થાયછે.) જે બાનુએ ઘણાજ ઉમદા વિચારો વમાસ્યા હોય, નેક સુખનો બોલ્યા હોય અને નેક કામો કર્યાં હોય, હંમેશ સારી વર્તણુક ચલાવી હોય તથા

ભર્થારને તાબેદાર રહી હોય તેણી માટે મરણ બાદ એજ ઘણો લાયક ખોરાક છે.

૬૫ અશો જરથુશ્ત્રએ કહ્યું: દીકરા કવ વીશ્તાસ્પ (પાપી રવાંન પેહેલી રાતે બોલેછે:) હું કયિ જમીન તરફ જાઉં ? કયિ દીશા તરફ હું જાઉં ? [1] અર્ષેમ્વોહુ.

હાધઓખ્ત નસ્ક [2] (ફ્ર્ગરદ ૧)

૧ જરથુશ્ત્રએ અહુરમજદને પુછયું: હાડમંદ, દુન્યાના પેદા કરનાર અય ઘણાજ ફાયદેમંદ મિનો, અય અશો ! તે બંદગી કયિ છે કે જે પોતામાં તમામ ભલાઇઓ, પવિત્રાઇનાં મુળવાળી તમામ ચિજોનું વર્ણન ધરાવે છે ?

૨ અહુરમજદએ જવાબ દીધો: તે, અય અશો જરથુશ્ત્ર ! અષેમ્વોહૂની બંદગી છે.

૩ જે કોઇ તે બાલેશ મનથી અને ખરાં જીગરથી ભણે છે તે ગોયા હું અહુરમજદને વખાણે છે, તે પાણીને વખાણે છે, જમીનને વખાણે છે, ગોશ્પન્દને વખાણે છે, ઝાડપાનોને વખાણે છે; મજદની ઉત્પન્ન કરેલી અને પવિત્રાઇનાં મૂળવાળી તમામ ન્યામતોને વખાણે છે.

૪ કારણ કે તે બંદગી સાચી રીતે કરવાથી, ભણવાથી અહૂનવઇર્ય ને પહોંચે છે, (યાને તેના જેટલી કીમતી થાય છે) અને રવાંન તથા દીનનાં કૌવત અને ફત્તેહને વધારે છે.

૫ અર્ષેમની એક બંદગી, અય અશો જરથુશ્ત્ર ! એક અશો મરદની ક્ષનઓથ્ર(બરનુદી) સો વખતની રાતની આસાએશ, હજાર વખત

---

૧. પાપી રવાંનના ગભરાતને લગતો એ ભાગ છે, જેની સંપૂર્ણ વીગત હાદોખ્ત નસ્કમાંથી મલશે.

૨ અવસ્તાનું ૨૧ મું નસ્ક જેમાં ભલાં કામો અને ચમત્કારોનું વર્ણન હતું. અસલ તેની ૩૦ ફ્રગંદો હતી જેમાંની બેજ જલઘાયલી છે.

મોટાં ગોશ્પન્દનું ખાનું ખાવા, દસ હજાર વખત નાહના ગોશ્પંદનુ ખાણું ખાવા, તમામ રવાંનોનાં અમર્ગ થવા જેટલી કીંમતની અને ઊપયોગની છે.

૬ કયિ વખતે ભણેલી અષૅમ્ બીજીવાર ભણેલી અષૅમ કરતાં મોટાઈ, બુજોર્ગી અને શ્રેષ્ટતામાં દશ ગણી વધારે થાય છે ?

૭ અહુરમજદએ જવાબ દીધો: અય અશો જરથુશ્ત્ર ! જયારે કોઈ જમતી વખતે હઉર્વેતાત્ અને અમૅરતાત્નાં માનમાં અને નેક વિચારો, નેક સુખનો અને નેક કામોની વખાણ ગાતાં, બુરા વિચારો, બુરા સુખનો અને બુરાં કામોને રદ કરતાં, પવિત્રાઈથી તે ભણે છે ત્યારે.

૮ કયિ વખતે ભણેલી અષૅમ્ બીજી વાર ભણેલી અષૅમ્ કરતાં મોટાઇ, બુજોર્ગી અને શ્રેષ્ટતામાં સો ગણી વધારે થાય છે?

૯ અહુરમજદએ જવાબ દીધો: અય અશો જરથુશ્ત્ર ! જયારે કોઇ શખ્સ (યજશ્ને માટે) ગાલેલા હોમનો રસ સઘલા નેક વિચારો, નેક સુખનો, અને નેક કામોની વખાણ ગાતાં, તમામ બુરા વિચારો, બુરા સુખનો અને બુરાં કામોને રદ કરતાં પીવા પછી તે ભણે છે ત્યારે.

૧૦ કયિ વખતે ભણેલી અષૅમ્ બીજી વાર ભણેલી અષૅમ્ કરતાં મોટાઈ, બુજોર્ગી અને શ્રેષ્ટતામાં હજાર ગણી વધારે થાય છે ?

૧૧ અહુરમજદએ જવાબ દીધો: જયારે કોઇ શખ્સ આસાયેશ લેવા માટે સેજ્રીને ઊંઘ આવવાને વખતે નેક વિચારો, નેક સુખનો અને નેક કામોને વખાણતાં અને બુરા વિચારો, બુરા સુખનો અને બુરાં કામોને રદ કરતાં તે ભણે છે ત્યારે.

૧૨ કયિ વખતે ભણેલી અષૅમ્ બીજી વાર ભણેલી અષૅમ્ કરતાં મોટાઇ, બુજોર્ગી અને શ્રેષ્ઠતામાં દશ હજાર ગણો વધારે થાય છે ?

૧૩ અહુરમજદએ જવાબ દીધો: અય અશો જરથુશ્ત્ર ! જયારે કોઇ શખ્સ ખાબમાંથી બીદાર થઈને પોતાનાં વસ્ત્ર ગોઠવતો અને તમામ નેક વિચારો, નેક સુખનો અને નેક કામોની વખાણ ગાતાં, બુરા વિચારો, બુરા સુખનો અને બુરાં કામોને રદ કરતાં તે ભણે છે ત્યારે.

૧૪ કયિ વખતે ભણેલી અષૅમ્ આ કેશ્વરખનિરથ, તે માંહેલા સઘલા રેહેવાસીઓ, ગોશ્પન્દો તથા રથોની બરાબર છે ?

૧૫ અહુરમજદએ જવાબ દીધો: જ્યારે અય અશો જરથુશ્ત્ર ! કોઇ શખ્સ પોતાની જીંદગોની આખેરે અશોઇથી અને નેક વિચારો, નેક સુખનો અને નેક કામોની વખાણ ગાતાં, બુરા વિચારો, બુરા સુખનો અને બુરાં કામોને રદ કરતાં તે ભણે છે ત્યારે.

૧૬ કયિ વખતે ભણેલી અષૅમ્ આકાશ તથા પૃથિવ ઉપર જે કાંઇ છે તે તેમજ આ પૃથિવ અને સેતારાઓ તથા અશોઇનાં મૂળવાળી તમામ ન્યામતોના જેટલી મોટાઈ તથા બુજ્રગીવાળી થાય છે ?

૧૭ અહુરમજદએ જવાબ દીધો: જ્યારે કોઇ તમામ બુરા વિચારો, બુરા સુખનો અને બુરાં કામોથી દૂર રહીને તે ભણે છે ત્યારે.

૨૪ હાધઓખ્ત નસ્ક (ફ્રગરદ ૨.)

૧ જરથુશ્ત્રએ અહુરમજદને પૂછયું: હાદમંદ દુન્યાના પેદા કરનાર અય ઘણાજ પવિત્ર મિનો, ઓ અશો ! જે દિને એક અશો માણસ મરણ પામે છે તે દિને રાતે તેનું રવાંન કયાં વાસો કરે છે ?

૨ ત્યારે અહુરમજદએ જવાબ દીધો: તેનાં માંથાંની નજદીક ઉશ્તવઇતિ ગાથા ગાતું, મુબારકબાદીના કલાંમ (આ પ્રમાણે) ભણતું રહે છે: મુબારકબાદી ખચીત તેને છે, મુબારકબાદી ખચીત તે માણસને છે, કે જેને પોતાની મરજી પ્રમાણે હકુમત ભોગવનાર અહુરમજદ તે (મુબારકબાદી) આપવા ઇચ્છે છે. તમામ જીવતી દુન્યાને મલે એટલી બધી ખુશાલી તેને (એકલાને) તે રાતે મલે છે.

૩ બીજી રાતે તેનું રવાંન કયાં રહે છે ?

૪ અહુરમજદએ જવાબ દીધો: તેનાં માથાં નજદીક (ઇત્યાદી, જુઓ ફકરો ૨જો.)

૫ ત્રિજી રાતે તેનું રવાંન કયાં રહે છે ?

૬ અહુરમજદએ જવાબ દીધો: તેનાં માથા નજદીક. ઈત્યાદી, જુઓ ફકરો ૨જો.)

૭ જયારે ત્રિજી રાત ખતમ થાય છે અને બામદાદ થવા માડે છે ત્યારે તે અશોનું રવાંન ઝાડપાનોની વચ્ચે આવી પોહોંચે છે; ઝાડોમાંથી તેને સુગંધ પોહોંચે છે.

૮ જે પવન તે (સુગંધ) તેની કને લાવે છે તે દક્ષિણ તરફના મુલક ભણીથી, દક્ષિણ તરફના મુલકો ભણીથી આવે છે; તે પવન બીજા સઘલા પવનો કરતાં વધારે સુગંધી હોય છે. અશોનું રવાંન આ પવનને નાકવટી દમમા લે છે, (અને વિચાર કરે છે કે) આ પવન જે મેં આગળ કદી બી નાકવતી દમમાં લીધેલા પવન કરતાં ઘણોજ સુગંધી છે તે કચાંથી વાય છે?

૯–૧૮ જુઓ યશ્ત ૨૨ ફકરા ૫૬–૬૪

૧૯ જરથુશ્ત્રએ અહુરમજદને પૂછયું: હાડમંદ દુન્યાના પેદા કરનાર ઓ ઘણાજ પવિત્ર મિનો, ઓ અશો!

૨૦ જયારે એક પાપી માણસ મરણ પામે ત્યારે તે (પેહેલી) રાતે તેનું રવાંન કયાં વાસો કરે છે?

૨૧ અહુરમજદએ જવાબ દીધો:તે, અય અશો જરથુશ્ત્ર! તેનાં માથાંની આસપાસ ગાથાનો આ શ્લોક મોટા અવાજે બોલતું ભટકેછે: કયિ ભૂમી તરફ હું જઈશ; કયાં હું નાહાસું? તમામ હાડમંદ દુન્યા જેટલું દુ:ખ વેઠે એટલું બધું દુ:ખ તે તે રાતે વેહેછે.

૨૨ બીજી રાતે તે કયાં રહેછે?—જુઓ ફકરો ૨૧.

૨૩ ત્રિજી રાતે તે કયાં રહેછે?—જુઓ ફકરો ૨૧.

૨૪ જયારે ત્રિજી રાત ખતમ થાય છે અને બામદાદ થવા માંડે છે ત્યારે પાપોનું રવાન ભયંકર (જગાઓમા) આવે છે અને તેને ઘણોજ સખત ગંધ આવે છે. જે પવન તે બદબો લાવે છે તે પશ્ચિમ તરફના મુલક ભણીથી, પશ્ચિમ તરફના મુલકો ભણીથી વાય છે અને તે જે બદબો ફેલાવે છે, તે બીજા સઘલા પવનોની બદબો કરતાં વધારે સખત હોય છે:

૨૫ પછી તે પાપીનું રવાંન એ પવનને નાકવટી દમમાં લે છે (અને વિચારમાં પડે છે કે) આ બદબોનો પવન જે આગળ મેં કદી બી નાક વટી દમમાં લીધેલા બદબો મારતા પવન કરતાં વધારે બદબો મારે છે તે કયાંથી વાય છે ?

૨૬–૩૨ [એટલા ફકરાઓનું લખાણ ખોહોવાઇ ગયું છે, પણ પેહેલવી વીરાફનામાં તથા મિનોખિરેદમાં તે જલવાઇ રહેલા છે; એને માટે જુઓ મારો વીરાફનામાંનો તરજુમો. અશો માણસને સુગંધી પવનમાંથી પોતાનું અંતકરણ જયારે એક ઘણીજ સરસ કન્યાના આકારમાં દીસે છે, ત્યારે પાપી માણસને આ બદબો મારતા પવનમાંથી તેનું અંતઃકરણ એક ઘણીજ બીહામણી અને વેશ્યા ઓરતના આકારમાં દેખાવ દે છે, અને તે તે રવાંનને તેની પાપી વર્તણુક માટે દોશ દે છે. પાપીનું રવાંન પેહેલું પગલું દુશ્મત, બીજું પગલું દુઝુખ્ત અને ત્રિજું પગલું દુઝવરશ્ત દોજખમાં મેલે છે.–તરજુમો કરનાર.]

૩૩ તે પાપીનું રવાંન ચોથું કદમ ભરે છે, અને હદ વિનાનાં અંધારમાં જઇ ભટકે છે.

૩૪ પછી તેની આગમચ ગુજરેલું એક પાપીનું રવાંન તેની સાથે બોલે છે તથા પુછે છે: અય પાપી ! તું કેમ મરણ પામ્યો, જે રેહેઠાંનોમાં ગોશ્પન્દોનાં ટોળાં રહે છે ત્યાંથી, પુષ્કળ વંશવેળામાંથી, ફાંની દુન્યામાંથી આ અમરગિની દુન્યામાં તું કેમ આવ્યો ? હંમેશાગીનાં દુઃખ ને તું કેમ પોહોંચ્યો ?

૩૫ અહરેમન્યુ મોટેથી બોલ્યો: તે શખ્સ જેને તું પુછે છે તે શરિર તથા બુદ્ધિનાં છુટાં પડવા પછી, ઘણાજ ભયંકર અને ઘણાજ ધાસ્તી ભરેલા માર્ગ પસાર કરી આવ્યું છે અને તેથી તેને તું હમણા પુછ ના.

૩૬ બદ વિચારોવાળા, બદ સુખનોવાળા, બદ કામોવાળા, બદ વર્તણુકવાળા જુવાન શખ્સને તેનાં મરણ બાદ જે ખોરાકલાવી આપવામાં આવે છે તે ઝેર અથવા ઝેરનું મિશ્ર છે. બદશાહે જીંદગી ગુજારનારી, બદવિચારોવાળી, બદસુખનોવાળી, બદકામોવાળી, બદવર્તણુકવાળી તથા ભર્થારને તાબેદાર નહી રેહેનારી ઓરત માટે તેણીનાં મરણ બાદ એજ ખોરાક ઘણો લાયક છે.

૩૭ અસ્મોખ્ખુન્વાઍ નામવાળા અશો મરદની ફ્રવશિને અમે વખાણચે છિયે; તેની પછી બીજા અશો મરદોની ફ્રવશિઓને તેમની દીનદારી માટે અમે વખાણચે છિયે. અહુરની બુદ્ધિને પવિત્ર દીનને સમજવા માટે અમે વખાણચે છિયે. અહુરની યાદદાશ્ત શકિતને પવિત્ર દીનને યાદ રાખવા માટે અમે વખાણચે છિયે; અહુરની જુબાંનને પવિત્ર દીનનો ફેલાવો કરવા માટે અમે વખાણચે છિયે. ઉષિધા પાહાડને, ઉષિદરૅનને તથા દિવસ અને રાતને યજશ્નેના જઓઝ્રઓ • વટી અમે વખાણચે છિયે.

૨૫ શીરોજા.

શીરોજા એટલે ત્રિસ દિવસ અને શીરોજા યશ્તને ત્રિસ દિવસો ઉપર સરદારી ભોગવનારા ફરેસ્તાઓનાં માનમાં જોડવામાં આવીછે. રવાંનના માસિસા તથા વરસીને દીવસે શીરોજાનાં આફ્રિગાંન તથા સ્તુમ ભણાયછે.

---

૦ ખુશાલ રહો અહુરમજદ ! (ઇત્યાદી જુઓ યશ્ત ૧લી ફકરો ૦)

૧ નુરમંદ અને પ્રકાશીત અહુરમજદને; અમૅષાસ્પૅન્તઓને;

૨ બીજી પેદાએશ ઉપર સરસાઇ ભોગવનાર મારનારાં કૌવતવાળા, જાતી બુદ્ધિવાળા, મજદના પેદા કરેલા વોહુમનો (બહમન)ને; કાનથી સાંભળીને મેળવાતી મજદની પેદા કરેલી બુદ્ધિને;

૩ ઘણાજ ખુબસુરત અષવહિશ્તને; અઇર્યમન ઇષ્યને; મજદનાં પેદા કરેલાં કૌવતને; બોહોલી નજરવાળા, મજદના પેદા કરેલા પવિત્ર અને અશો સઓકને;

૪ ક્ષથ્રવઇર્યને; ધાતુને; ગરિબોનું રક્ષણ કરનાર દયાને;

૫ પવિત્ર અને ભલી આર્મઇતિ (સ્પન્દારમદ)ને; બોહોલી નજરવાળી, મજદની પેદા કરેલી, પવિત્ર અને અશો ઊદારતાને;

૬ હઊર્વતાત્ (ખોર્દાદ) રતુ (સર્દાર)ને; વરસની આબાદીને; પવિત્ર દુન્યાના સરદારો પવિત્ર વરસોને;

૭ અમૅરૅતાત્ (રતુ)ને; ચરબદાર ગોસ્પન્દોને, ભલાં ઉગાંનના અનાજેને; મજદનાં ઊત્પન્ન કરેલાં બળવંત ગઓકરૅનને; (હાવન

ગેહે હોય તો):બોહોલાં ખેતરોવાળા મિથ્રને; રામ ખાસ્ત્રને; (રપિથ્વિન ગેહે હોય તો): અષવહિશ્તને તથા અહુરમજદના આતશને; (ઊજિરન ગેહે હોય તો): બુલંદ સાહેબ અપાંમ્ નપાતને; મજદનાં ઉત્પન્ન કરેલાં પાણીને; (અઇવિ સુથ્રમ્ ગેહે હોય તો):અશો લોકોની ફ્રવષિને; મરદો સાથે જોડાયલી (પરણેલી) બાનુઓને અને વરસની આબાદીને; સારાં બનાવેલાં, ખુબસુરત કૌવતને, ફત્તેહને, ફત્તેહમંદ સરસાઈને; (ઊષહિન ગેહે હોય તો):અશો, ફાયદેમંદ, ફત્તેહમંદ, દુન્યાની વૃદ્ધિ કરનાર સઓષને તથા રશ્નુરાસ્તને અને દુન્યાની ન્યામતોની વૃદ્ધિ કરનાર તથા તેમને આબાદ કરનાર અર્શતાત્ (આસ્તાદ)ને;

૮ (દય–પ–આદર રોજ:) નુરમંદ અને પ્રકાશીત અહુરમજદને તથા અમેશાસ્પેન્તઓને;

૯ ફાયદેમંદ અને ઘણાજ બુલંદ યજત, અહુરમજદના છોકરા આતશને, મજદનાં ઉત્પન્ન કરેલાં ખોરેહ તથા આબાદીને, મજદનાં પેદા કરેલાં આંર્ય ખોરેહને, મજદનાં પેદા કરેલાં બાદશાહી ખોરેહને, અહુરમજદના છોકરા આતશને, કવ હુસ્રવને, હુસ્રવ સરોવરને, મજદના ઉત્પન્ન કરેલા અસ્નવંત પાહાડને, મજદનાં ઊત્પન્ન કરેલાં ચએચસ્ત સરોવરને અને મજદનાં ઉત્પન્ન કરેલાં બાદશાહી ખોરેહને, અહુરના છોકરા આતશને, પવિત્ર, બળવંત, પુષ્કળ ખોરેહવાળા યજત, પુષ્કળ આરામ આપનારા ઇલાજોવાળા યજત આતશને, અહુરમજદના છોકરા આતશને, મજદના ઉત્પન્ન કરેલા રએવંત પાહાડને અને મજદનાં ઉત્પન્ન કરેલા પાદશાહી ખોરેહને, અહુરમજદના છોકરા આતશને બાદશાહી નાભવાળા તમામ આતશો સાથે, આરાધનાને લાયકના નઈર્યોસફ્હને;

૧૦ મજદનાં ઉત્પન્ન કરેલાં પાણીઓને; નિર્મળ આફ્ર અનાહિતને, મજદનાં ઉત્પન્ન કરેલાં તમામ પાણીઓને અને મજદનાં ઉત્પન્ન કરેલાં તમામ ઝાડપાનોને;

૧૧ અમર્ગ, પ્રકાશીત, સેતાબ ચાલના ઘોડાઓવાળા હુરક્ષએતને;

૧૨ ગોધાનું તોખમ ધરાવનાર ચંદ્રને, એકલા પેદા કરેલા ગોધાને, જુદી જુદી જાતના ગોધાઓને;

૧૩ પ્રકાશીત અને નુરમંદ તિશ્ત્રયને, પાણી વરસાવનારા બળવંત, મજદના ઉત્પન્ન કરેલા સતવએસને, પાણીનાં, જમીનનાં, મજદનાં ઉત્પન્ન કરેલાં ઝાડોનાં તોખમ ધરાવનાર સેતારાઓને, મજદના ઉત્પન્ન કરેલા વનંત સેતારાને, મજદના ઊત્પન્ન કરેલા, પ્રકાશીત, બળવંત, દુઃખ દરદોને આરામ કરનાર હુફતોઇરંગ સેતારાઓને;

૧૪ ગોસ્પાનાં તંનને, ગોસ્પાનાં રવાંનને, બળવંત, મજદના ઊત્પન્ન કરેલા, પવિત્ર દ્રુઆસ્પને;

૧૫ (દય-પ-મિહર:) પ્રકાશીત અને નુરમંદ અહુરમજદને, તથા અમેશાસ્પેન્તઓને;

૧૬ બોહોલાં ખેતરોવાળા, હજાર કાંનોવાળા, દશ હજાર આંખોવાળા, પોતાનાં નામથી આરાધાતા યજત મિહ્રને તથા રાંમ ખ્વાસ્ત્રને;

૧૭ પવિત્ર, બાહાદુર, દીનના અવતાર, દ્રઘ ચાલના, અહુરના તાબેદાર સ્રઓષને;

૧૮ રાસ્ત રશ્નુને; દુન્યાને આબાદ કરનાર તથા તેની વૃદ્ધિ કરનાર અરશ્તાતને, દુન્યાને ખીલવનાર સાચા કહેલા સુખનને;

૧૯ અશો, બળવંત, ગાલેબ ફ્રવશિઓને;

૨૦ સારાં બનાવેલાં, દબદબાવાળાં કૈવતને; મજદના ઉત્પન્ન કરેલા વેરેથ્રઘ્ન (બેહેરામ) ને, મારનારી સરસાઈને;

૨૧ રાંમ ખ્વાસ્ત્રને; બીજાં પ્રાણીઓથી બુલંદ, ઊત્તમ કામવાળા પવનને; અય પવન ! તારો જે ભાગ સ્પેન્ત મઈન્યુને લગતો છે તેને; પોતાની મેળે ચાલતાં આકાશને, હદવિનાના વખતને, લાંબી મુદતથી પોતાની મેલે ચાલતા આવેલા વખતને;

૨૨ ભલા પેદા કરેલા પવનને જે ઉપરથી તથા નીચેથી, આગળથી તથા પાછળથી દાખલ થાય છે; મરદાંનગી ભરી હીંમતને;

૨૩ (દય-પ-દીન રોજ): પ્રકાશીત અને નુરમંદ પેદા કરનાર અહુરમજદને, અમેશાસ્પેન્તઓને;

૨૪ મજદનાં ઉત્પન્ન કરેલાં ઘણાંજ સાચાં દાહપણને; ભલી અશો મજદયસ્નની દીનને;

૨૫ અષિ વહુઊહિને, પવિત્ર દાહપણને, પવિત્ર ઈનસાફને, પવિત્ર સચ્ચાઇને, ખોરેહને, મજદના ઊત્પન્ન કરેલા ફાયદાને, ખણખણાત

કરતી રથવાળી પાર્રેન્દિને, મજદનાં ઉત્પન્ન કરેલાં આર્ય લોકોનાં ખોરેહને, મજદનાં પેદા કરેલાં અનદિઠ ખોરેહને, અને મજદનાં પેદા કરેલાં જરથુશ્ત્રનાં ખોરેહને;

૨૬ દુન્યાની વૃદ્ધિ કરનાર અર્શતાતને, મજદના પેદા કરેલા, પવિત્ર ચલકાતવાળા ઊષિદર્રન પાહાડને;

૨૭ બુલંદ, બળવંત આસમાનને, અશો લોકોનાં પ્રકાશીત, તમામ ચલકાતવાળાં બેહેશ્તને;

૨૮ ઊત્તમ બારચતવાળા યજત જમીનને; જગાઓને, (અમારી આગળની આ) વસાયલી જમીનને; મજદના પેદા કરેલા, પવિત્ર ચલકાતવાળા ઊષિદર્રન પાહાડને; પવિત્ર ચલકાતવાળા, પુષ્કળ ચલકાતવાળા, મજદના પેદા કરેલા તમામ પાહાડોને; મજદનાં પેદા કરેલાં બાદશાહી ખોરેહને, મજદનાં પેદા કરેલાં અનદિઠ ખોરેહને;

૨૯ પવિત્ર અને ઘણોજ અસરકારક અશો દીનને; દેવોની વિરૂદ્ધની દીનને, જરથુશ્ત્રની દીનને, લાંબી મુદતની દીનની કેલવણીને; મજદયસ્નીની, જરથોશ્તી ભલી દીનને; મજદયસ્ની દીનને મનમાં યાદ રાખવાને, માંથ્રસ્પેન્તની સમજને; મજદની ઉત્પન્ન કરેલી જાતી અક્કલને, કાનોવટી સાંભલીને મેલવેલી મજદની ઉત્પન્ન કરેલી બુદ્ધીને;

૩૦ સરૂઆત વિનાની, પોતાની મેલે નીભતી રોશ્ણીઓને, પ્રકાશીત ગરોન્માનને, પોતાની મેલે નીભતાં હ્વિશ્વાન ગાતુશને, મજદના પેદા કરેલા ચિન્વત પુલને, બુલંદ સાહેબ અપાંમ્નપાત્‌ને અને મજદનાં પેદા કરેલાં પાણીને, પવિત્ર જન્મવાળા હોમને, અશો અને પવિત્ર અશિર્વાદને; મનના ભયંકર શ્રાપને, અશો લોકોની બળવંત, ગાલેબ ફ્રવષિઓને, પેહેલા દીનદારો તથા નબાનાંજદશ્તઓની ફ્રવષિઓને ખુશનુદ કરવા, તથા તેમની આરાધના, વખાણ અને કીર્તિ ગાવા માટે હું કબુલ થાઉં છું. (યથા અહૂવર્યો જઓતા. ઇત્યાદી. અત્રે ૧–૩૦ ફકરા પાછા ભણવામાં આવેછે. પણ તેમાં ફરક એટલોજ છે કે, દરેક ફકરેસ્તાને છેડે. "અમે વખાણયે છીયે" એવા શબ્દો ઊમેરવામાં આવેછે. એ પછી યજશ્નેનો ૨૬ મો હા આખો ભણવામાં આવેછે, જેની સેવટે ૧–૩૦ સધીના ઉપલા ફકરા પાછા ભણી જવામાં આવેછે, તથા સેવટે અશ્રાઇ રએશ્ચ વગેરે સરેસ્તાનો ભાગ ભણવામાં આવેછે.)

ન્યાયેશો.

૧ ખોરશેદ ન્યાયિશ.

૦ યજદાંનનાં નામથી હું સરૂ કરૂં છું. પ્રકાશીત, નુરમંદ, સર્વેગ્નાની, સંપૂર્ણ કામો કરનાર, સાહેબોના સાહેબ, પાદશાહોના પાદશાહ, સંભાલ કર્તા પેદા થયલાંઓના પેદા કરનાર. રોજીંદો ખોરાક બખશનાર, બળવંત, ભલા, જોરેમંદ, બુજોર્ગ, દયાલુ, માફી બખશનાર, ઘણોજ ચાહ બતાવનાર, બળવંત અને ડાહ્યા, પવિત્ર ટેકો આપનાર, પેદા કરનાર અહુરમજદને હું વખાણું છું તથા વીનવું છું. તારી વાજબી હુકુમત હંમેશ કાયમ થાય. અય પાદશાહ અહુરમજદ! અય વૃદ્ધિ કરનાર! અમર્ગ, પ્રકાશીત, સેતાબ ઘોડાઓવાળા ખોર્શેદનું નુર જ્યાદા થાઓ! મારાં સઘલાં પાપો માટે હું પતેત કરી પશિમાન થાઉં છું. જે સઘલા બુરા વિચારો, સુખનો અને કામો આ દુન્યામાં મેં વિચાર્યાં, બોલ્યાં અથવા કર્યાં હોય, જે મારેથી નીપજ્યાં હોય અને જેની સરૂઆત મારેથી થઈ હોય, તે તમામ મનને લગતા, વચનને લગતા, કરણીને લગતા તથા તન અને રવાંનને લગતા, આ દુન્યા તથા મીનાઈ જેહાંનને લગતા ગુનાહો માટે, ઓ સાહેબ! હું તારી પાસે માફી ચાહું છું અને ત્રણ વચનો (મનશ્નની, ગવશ્નની અને કુનશ્નનીથી) હું પસ્તાવો કરૂં છું.

૧ અય અહુરમજદ તને બીજી પેદાએશ આગમચ ત્રણવાર (અથવા બીજી પેદાએશ કરતાં ત્રણગણી વધારે) નેમાજ હું કરૂં છું. તમે અમેષાસ્પેન્તઓ જેઓ ખુશીથી ખોર્શેદની સાથે જોડાયલા છો, (યાને તેના મદદગાર થયા છો,) તે તમને હું નેમાજ કરૂં છું. એ નેમાજ અહુરમજદને પોહોંચે! અમેષાસ્પેન્તઓને અને અશો લોકોનાં ફરોહરોને તેમજ લાંબા વખતથી પોતાની મેલે કામ કરતા પવનને તે (નેમાજ) પોહોંચે!

૨–૪ ખુશાલ રહો અહુરમજદ, અહરેમઇન્યુનો તીરસકાર થાઓ (ઇત્યાદી, ફરસ્તુયેઃ જુઓ યશ્ત ૧લી ફકરો ૦)

૫ અહુરમજદને નેમાજ! અમેષાસ્પેન્તઓને નેમાજ! બોહોલાં ખેતરોવાળા મિથ્રને નેમાજ! સેતાબ ચાલના ઘોડાઓવાળા સૂર્યને નેમાજ! અહુરમજદની આંખોને નેમાજ! ગોધાને નેમાજ! ગયોમરતનને નેમાજ! અશો, પવિત્ર જરથુશ્ત્રની ફ્રવષિને નેમાજ! તમામ અશોઇની થઇ ગયલી, હાલની અને ભવિષ્યની દુનયાને નેમાજ! (હાવન ગેહેમાં:) વોહુમનો (બહમન), ક્ષથ્ર (શેહરિવર અને અષ (અર્દિબેહેશ્ત મારફતે તનનું સુખ વધાર.) (રપિથ્વિનમાં:) આ રોશણી (અને) બુલંદમાંની બુલંદ (આ રોશણી જે સૂર્યને નામે ઓળખાય છે તેને હું વખાણું છું.) (ઊજિરેનમાં:) જે કોઇનાં કામોથી દુન્યામાં પવિત્રાઇનો વધારો થાય છે તે શખસને, આર્મઇતિ તારી બુદ્ધિના કાયદાઓ શીખવે છે.

૬ પ્રકાશીત, અમર્ગ, નુરમંદ, સેતાબ ચાલના ઘોડાઓવાળા ખોર્શેદને અમે વખાણ્યે છિયે. બોહોલાં ખેતરોવાળા, સાચા સુખનવાળા, ડાહયા, હજાર કાંનવાળા, ખુબસુરત, દશ હજાર આંખોવાળા, બુલંદ, બોહોલા વીસ્તારને જોઈ શકનાર, બળવંત, ઉંઘ વિનાના, હમેશ જાગૃત મિથ્રનેઅમે વખાણ્યે છિયે.

૭ તમામ મુલકોના સરદાર મિથ્રને અમે વખાણ્યે છિયે, જેને અહુરમજદએ તમામ મિનો યજદોમાં ઘણોજ નુરમંદ પેદા કર્યો છે. ઉમદા અને બુજોર્ગ મિથ્ર તથા અહુર એ પ્રમાણે અમારી મદદે પોંહોંચે. પ્રકાશીત, અમર્ગ, ખોરેહમંદ, સેતાબ ચાલના ઘોડાઓવાળા ખોર્શેદને અમે વખાણ્યે છિયે.

૮ તન્દરોસ્ત આંખવાળા તિશ્ત્રયને અમે વખાણ્યે છીયે; તિશ્ત્રય તથા તેને લગતાઓને અમે વખાણ્યે છિયે; ઘણાજ નુરમંદ તથા ખોરેહમંદ તિશ્ત્રય સેતારાને અમે વખાણ્યે છિયે. મજદના પેદા કરેલા વનંત સેતારાને તથા નુરમંદ અને ખોરેહમંદ તિશ્ત્રયને અમે વખાણ્યે છિયે. પોતાનાજ કાયદાવાળાં આકાશને, હદવિનાના વખતને અમે વખાણ્યે છિયે. લાંબો મુદત થઇ પોતાનાજ કાયદા મુજબ ચાલતા આવેલા વખતને[૧] અમે વખાણ્યે છિયે. પવિત્ર અને નેક ખાસ્યતના પવનને અમે

---

૧ સ્પેન્તમઇન્યુ તથા અઙ્રેમઇન્યુ વચ્ચેની આ દુન્યા સંબંધી લડાઇનો વખત.

વખાણ્યે છિયે. મજદની પેદા કરેલી પવિત્ર અને ઘણીજ સાચી બુધીને અમે વખાણ્યે છીયે. ભલી માજદયસની દીનને અમે વખાણ્યે છીયે. પોતાની મેલે નીભતા માર્ગને અમે વખાણ્યે છિયે. સોનેરી ચલકાતથી પ્રકાશીત, પુષ્કળ બળ સાથના દબદબાવાલી જંગાને[1] અમે વખાણ્યે છિયે. મજદના ઉત્પન્ન કરેલા રોશ્નીવાળા પાહાડને[2] અમે વખાણ્યે છિયે.

૯ તમામ અશો મિનો યજદોને અને આ દુન્યાને લગતા તમામ અશો યજદોને અમે વખાણ્યે છીયે. અમે અમારા આત્માને વખાણ્યે છિયે. અમે અમારી ફ્રવષિને વખાણ્યે છિયે. અશો લોકોની તમામ ભલી, બળવંત અને અશો ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે. પ્રકાશીત, અમર્ગ, તુરમંદ, સેતાબ ચાલના ઘોડાઓવાળા ખોર્શેદને અમે વખાણ્યે છિયે. અષેમવોહૂ.

૧૦ હું પોતાને મજદયસ્નાન, જરથુશ્ત્રના સાગેર્દ, દેવોના દુશ્મન, અહુરનો મજહબ પાળનારો હોવાનો એકરાર કરૂંછું; (હાવન ગેહમાં:) અશોઇનો દુન્યાના અશો સરદાર હાવનિનાં માનમાં તેમજ અશોઇનો દુન્યાના અશો સરદાર સાવંઘહિ તથા વીસ્યનાં માનમાં વખાણ, આરાધના, ખુશ્નુદી અને કીર્ત્તિ ગાવા માટે; (રપિથ્વિનમાં:) અશોઇની દુન્યાના અશો સરદાર રપીથ્વિન તથા અશોઇનો દુન્યાના સરદાર અશો ફ્રાદત ફેષુ અને જન્તુમનાં માનમાં તેમની વખાણ, ઇત્યાદી માટે; (ઊજિરેનમાં:) અશોઇની દુન્યાના સરદાર અશો ઉજયેઇરિન તેમજ અશોઇની દુન્યાના અશો સરદાર ફ્રાદતવિર અને દખ્યુમનાં માનમાં તેમની વખાણ, ઇત્યાદી માટે; પ્રકાશીત, અમર્ગ, તુરમંદ, સેતાબ ચાલના ઘોડાઓવાળા ખોર્શેદની ખુશ્નુદી માટે તેની વખાણ, આરાધના, ખુશ્નુદી તથા કીર્ત્તિ ગાવા માટે; પ્રકાશીત, અમર્ગ, તુરમંદ, સેતાબ ચાલના ઘોડાઓવાળા ખોર્શેદને અમે વખાણ્યે છિયે. કારણ કે સૂર્ય જયારે (ઇત્યાદી જુઓ–યશ્ત ૬ ફકરા ૧–૬.)

---

૧ પેહેલવી મુજબ આકાશ.

૨ જયાંથી સુર્ય ઊગેછે તે પાહાડ.

૨ મિહિર ન્યાયિશ.

૧–૧૦ જુઓ ન્યાયિશ ૧લો ફકરા ૧–૧૦

૧૧–૧૫ જુઓ યશ્ત ૧૦મી ફકરા ૧૪૪–૧૪૫ અને ૪–૬.

૩ માહ ન્યાયિશ.

૧–૩ જુઓ યશ્ત ૭ મી ફકરા ૧–૬.

૪ ગોધાનું તોખમ ધરાવનાર ચંદ્રને, એકલા જનમેલા ગોધાને, પુષ્કળ જાતોવાળા ગોધાને આરાધના, વખાણ, બળ અને કૌવત હું ઇચ્છુછું.

૫ કૌવત અને જોર અમને આપો, ગોસ્પન્દોની ચલકાતમંદ ખુબસુરતી, ભકિત ભાવવાળાં અને બુદ્ધિવાન, મારનારાં પણ માર નહીં ખાનારાં, લડાઈ મારનારાં, દુશ્મનોને હઠાવનારાં, હંમેશ ખુશાલી ફેલાવનારાં, ખુશીથી મદદ આપનારાં માણસોનાં પુષ્કળ ટોળાં અમને આપો.

૬ અય પુષ્કળ ખોરેહવાળા યઝદો, અય તનદરોસ્તીના પુષ્કળ ઇલાજોવાળા યઝદો ! તમારી બુજોર્ગી પ્રકાશીત થાઓ ! તમારી આરાધનાઓનું ઊપયોગીપણું દેખીતું થાવો ! જે કોઈ પાણીઓની વખાણ કરે તેને, ઓ તમે યઝદો! હમેશ પ્રકાશીત ખોરેહ બક્ષો. અષેમ્‌વોહૂ.

૪ આબાંન ન્યાયિશ.

૧–૨ ખુશાલ રહો અહુરમઝદ ! જુઓ યરત ૫ મી ફકરા ૧–૫.

૩ મારાં તે પાણીને વખાણ, કે જે હું ઘર, મોહોલ્લા, કસબા અને દેશની આબાદી માટે, ઘણા જોરાથી વેહેવારૂં છું. એટલા માટે સ્પેતઓત યશ્તની બંદગી, અહુનવઈર્યની બંદગી, અષેમ્ વહિશ્તેમ્‌ની બંદગી હું કરીશ. એ પવીત્ર કીર્તનોની બંદગીથી ભલાં પાણીઓને હું વખાણીશ, પવિત્ર કરીશ. ગરોન્માનમાં અહુરમઝદ પ્રથમ દાખલ થયો છે, અને તેણે એ પ્રમાણે મેહેરબાંની બક્ષીછે.

૪ જુઓ યશ્ત ૫ મી ફકરે ૯ મો.

૫ આતશ બેહેરાંમ ન્યાયિશ.

૧ ઓ અહુર! મને (સહાય થવા) માટે તું ઉઠ, ડાહપન મારફતે કૈવત અને વૃદ્ધિ આપ; ઓ મજદ! ઓ ઘણાજ પવિત્ર મિનો! આરાધનાની આ પવિત્ર અર્પણ કરેલી ભેટોને કારણે આ બક્ષેસ તું મને કર. અષની મારફતે મને બળવંત કૈવત, અને વોહુમનો મારફતે સરદારી આપ. મારી ખુશાલીને માટે, વીસ્તીર્ન દૃષ્ટી મર્યાદામાં, તમે ઓ અહુર! જે પુષ્કળ પવિત્રાઇ ધરાવોછો અને જે (પવિત્રાઇ) ક્ષથ્રવઈર્યની તેમજ વોહુમનોનીછે, તે હું જોઇ શકું એવું કરો.—અય સ્પેન્ત આર્મઇતિ! પવિત્રાઇના કાયદા મને શીખવ. જરથુશ્ત્ર પોતાનાં તનનો જાંન, પુષ્કળ ભલો વિચાર, તેનાં કામોની પવિત્રાઈ અને આ બે ચીજો–ધર્મ ફર્માનો માટેની પોતાની તાબેદારી અને (પોતાનું સઘલું) કૈવત અર્પણ કરેછે. અહુરનાં બાદશાહી પાણી! અમે તને ભલા વિચારોની જઓથ્રઓ (ક્રિયાની ભેટો)થી વખાણ્યે છિયે. અહુરનાં બાદશાહી પાણી! અમે તને ભલા સુખનોની જઓથ્રઓથી વખાણ્યે છિયે. અહુરનાં બાદશાહી પાણી! અમે તને ભલાં કામોની જઓથ્રઓથી વખાણ્યે છિયે.

૨ અય ફાયદેમંદ, ઘણાજ બુલંદ યજદ, અહુરના આતશ! તને નેમાજ. અષેમવોહૂ. હું મજદયસ્નાન, ઇત્યાદી હોવાનો એકરાર કરૂંછું.

૩ અહુરમજદના છોકરા ઓ આતશ! તને, અહુરના છોકરા આતશને, મજદના ઉત્પન્ન કરેલાં ખોરેહ તથા આબાદોને, મજદનાં ઉત્પન્ન કરેલાં આર્ય લોકોનાં ખોરેહને, મજદનાં ઉત્પન્ન કરેલાં બાદશાહી ખોરેહને, અહુરમજદના છોકરા આતશને અને કવહુસ્રવને તથા હુસ્રવ સરોવરને, મજદના પેદા કરેલા અસ્નવંત પાહાડને, મજદના પેદા કરેલા ચએચસ્ત સરોવરને, તથા મજદનાં પેદા કરેલાં બાદશાહી ખોરેહને; અહુરમજદના છોકરા આતશને, મજદના પેદા કરેલા રએવંત પાહાડને અને મજદના પેદા કરેલાં બાદશાહી ખોરેહને; અશો, બાહાદુર, પુષ્કળ ખોરેહવાળા યજદ, આરાંમ આપનારા પુષ્કળ ઇલાજોવાળા યજદ, અહુરમજદના છોકરા આતશને; અહુરના છોકરા આતશને તમામ આ-

તશો સાથે, બાદશાહી નાભને, નઇર્યોસન્ગ્હ યજદને ખુશાલ કરવા, તેમની આરાધના, વખાણ અને કીર્ત્તિ ગાવા માટે હું કબુલ થાઊં છું.

૪-૫-૬ જુઓ યજશ્નેનો મારો તરજુમો, ૬૧ મો હા આઓ.

૭ વખાણને લાયકના, બાદશાહી નાભવાળા, અહુરમજદના છોકરા આતશ, તથા નઇર્યોસન્ગ્હને આરાધના, વખાણ, કૌવત તથા બળ હું ઇચ્છું છું: અષેમ્‌વોહૂ.

૮ અય બળવંત, સેતાબ ચાલના અને જોરેમંદ આતશ! તું કે જે દુન્યાને ખુશાલ કરે છે તથા પોતાનાં નુરથી મદદ કરે છે, પણ જેઓ તેને ખીજવે છે તેને પોતાનાં બળવંત કીરણોથી, જાહેર રીતે સજા કરે છે, તે તને પવિત્રાઇના કાનુન મુજબ અમે વખાણએ છિયે, (જુઓ યજશ્નેનો ૩૪મો હા ફકરો ૪થો.) અષેમ્ વોહૂ.

નીરંગે આતશ.

૧ ઉત્તમ બક્ષેસોવાળા બુલંદ યજદ, અહુરમજદના ઓ આતશ! તને નેમાજ. અષેમ્‌વોહૂ. હું મજદયસ્નાન, ઇત્યાદી, હોવાનો એકરાર કરૂં છું. અહુરમજદના છોકરા આતશના માન માટે, અહુરમજદના છોકરા આતશને ખુશ્નુદ કરવા માટે, તેની આરાધના, વખાણ અને કીર્ત્તિ ગાવાને હું કબુલ થાઊં છું.

૨ અય આતશ ભલા વિચારોની જઓથ્રઓથી હું તને વખાણું છું. અય આતશ તને ભલા સુખનોની જઓથ્રઓથી હું વખાણું છું. અય આતશ તને ભલાં કામની જઓથ્રઓથી વિચારો, સુખનો તથા કામોને રોશની આપવા માટે હું વખાણું છું.

૩ જુઓ મારો યજશ્નેનો તરજુમો હા ૩૩ ફકરો ૧૧, હા ૩૫ ફકરા ૪-૬, હા ૩૩ ફકરા ૧૨-૧૪ અને હા ૬૧ આઓ.

આફ્રિગાનો.

૧ આફ્રિગાને ગહમ્બાર.

વખતના વીભાગો ઊપર સરદારી ધરાવનારા ફરેસ્તાઓને નેમાજ અને ભેટો. ભેટો માણસના ગુંજાશ મુજબની હોવી જોઇએ § ૧-૬. દરેક ગહમ્બાર માટે ઠરાવેલી ભેટો નહીં આપનારને સજા; તેના વાંકના પ્રમાણમાં તેને ક્રિયા, બંદગી, ચાશનીમાંથી બાટલ કરવામાં આવે છે; તેની ફનેનાં જનાવરો અથવા બીજી મીલકત જપત કરવામાં આવે છે; અથવા સેવટે ન્યાત બાહાર મેલવામાં આવે છે § ૭-૧૩.—પાદશાહ માટે બંદગી; આબાદી, ફત્તેહ, પવિત્ર જીંદગી અને બેહેસ્ત માટેની માગણીઓ § ૧૪-૧૮.

યથા અહૂ વઈર્યો—અષૅમ્‌વોહૂ—

૧ દિવસોના, ગેહોના, મહિનાઓના, વરસોના અને ઋતુઓના સરદારોની, અશોઇમાં બુલંદ સાહેબની, દીવસો, ગેહો, મહિનાઓ, વરસો તથા ઋતુઓના સરદારોની, હાવંન ગેહના વખતમાં ક્રિયાઓ ઉપર સરદારી ભોગવનાર મેણાજ બુઝર્ગ સરદારોની આરાધના, વખાણ, ખુશનુદી અને કીર્ત્તિ ગાવા માટે, મજ્દયસ્નાન, ઇત્યાદી, હોવાનો હું એકરાર કરૂંછું.

૨ મઇધ્યોઝરૅમય મઇધ્યોશૅમ, પઇતિશહ્ય, અયાથ્રેમ, મઇધ્યાઇર્ય અને હમસ્પથ્મએધય સરદારોને ખુશાલ કરવા માટે તેમની આરાધના, વખાણ અને કીર્ત્તિ ગાવાને હું કબુલ થાઊંછું.

૩ અય મજ્દયસ્નાનો ! આ ભેટો, આ બંદગી, અને આ મયઝદ જે, મઇધ્યોઝરેમયને લાયકની છે તે, યાને ચરબદાર, પુષ્કળ દુધ આપનારી જુવાન ગાય તમારીથી બની શકે તો તમે આપો.

૪ જો નાહી બની શકે તો એટલીજ કીમતનો કોઈ મીઠો પ્રવાહી તમે અર્પણ કરો અને તે વટી સઓષને આ પ્રમાણે બોલતાં વખાણો:

અય ઘણાજ ડાહયા, ઘણાજ સાચા, અશોઇમાં ઘણાજ અશો, કૌવતમાં ઘણાજ કૌવતમંદ, મુદ્દલ દુ:ખ વિનાના, ઘણીજ ખુશાલીવાળા, ઘણાજ દયાલુ, ગરીબોના ઘણાજ બળવંત રક્ષણકર્ત્તા, પવિત્રાઇના કાનુનોને ઘણીજ સરસ રીતે પીછાંણનાર, ઓરતો મારફતે ઊત્પન્ન થતો બજાંનો (છોકરાં) મેલવી આપનાર !

૫. જો એમ બની શકે તો તેમ, અગર નહીં તો, વડા ધર્મગુરૂનાં ઘરમાં સારાં ઘંટમનાં સુકકાં બાળવાનાં લાકડાં જાડાં અને મોટાં કદનાં લાવી આપો. જો એમ બની શકે તો તેમ, અગર નહીં તો વડા ધર્મગુરૂને ત્યાં સારાં ઘટમનાં, સુક્કાં બાલવાનાં લાકડાં, કાંડી, બાજુ અથવા હાથ સુધી પોંહોચી શકે એવા ટુકડાઓમાં પોંહોંચાડો.

૬ જો એમ બની શકે તો તેમ, અગર નહીં તો અહુરમજદ કે જે ઘણીજ સંપૂર્ણ હકુમતવાળો છે તેને માટે પોતાની ઇચ્છાઓથી (આ પ્રમાણે બોલીને) હકુમત લેઈ જવી (યાને કોઈ શખ્સ અતીશે લાચાર હોય અને તે અર્પણ કરવાની જણસો મેલવવાનો ખરચ ન કરી શકે તો તેણે આ મુજબની બંદગી માત્ર પોતાનાં મનમાં કરવી): "શ્રેષ્ટ સાહેબને સત્તા હંમેશ હોજો ! એટલા માટે અમારૂં જે કાંઇ છે તે તેને સોંપ્યે છિયે, તેને માટે અમે તે ભેગું કર્યેછિયે. અમે તે સઘલું તેનુંજ યાને અહુરમજદનું અને અષવહિશ્તનું ઠરાવ્યે છિયે." એ પ્રમાણે તેને મ્યજદ અપાય છે, જે ધર્મના સરદારોને સંતોશ પમાડે છે.

૭ મઇધ્યોજરૅમય ગહમબારનાં માન માટેની પેહેલી મ્યજદ અર્પણ નહીં કરે તો, હક ધરાવનાર રતુ (દસ્તુર) એવી રીતે અર્પણ નહીં કરનાર જે મજદયસ્નાન તેની સત્તા હેઠલનો હોય, તેને યજશ્નેની ક્રિયાઓમાંથી બાટલ કરે.

૮ અય અશો જરથુશ્ત્ર ! જો મઇધ્યોષૅમ ગહમ્બારની બીજી મ્યજદ કોઈ અર્પણ ન કરે તો હક ધરાવનાર રતુ એવી રીતે નહીં અર્પણ કરનાર મજદયસ્નાનને જાહેર બંદગી (જસંન) માંથી બાટલ કરે.

૯ અય અશો જરથુશ્ત્ર! જો પઇતિષહ્ય ગહમબારની ત્રિજી મ્યજદ અર્પણ ન કરે તો, હક ધરાવનાર રતુ, એવી રીતે અર્પણ નહીં કરનાર પોતાની સત્તા હેઠલના મજદયસ્નાનને ચાશ્નીમાં દાખલ થવાથી નાલાયક ઠરાવે.

૧૦ અય અશો જરથુશ્ત્ર! જો અયાથ્રેમ ગહમબારની ચોથી મ્યજદ અર્પણ ન કરે તો, હક ધરાવનાર રતુ, એવી રીતે અર્પણ નહીં કરનાર પોતાની સત્તા હેઠલના મજદયસ્નાનનાં કબજામાંથી મોટાં કદનું પશુ લેઇ મેલે.

૧૧ અય અશો જરથુશ્ત્ર! જો મઇધ્યાઇર્ય ગહમબારની પાંચમી મ્યજદ અર્પણ ન કરે તો, હક ધરાવનાર રતુ, એવી રીતે અર્પણ નહીં કરનાર પોતાની સત્તા હેઠલના મજદયસ્નાનને આ દુન્યાની ન્યામતોમાં-ના તેના હીસ્સાથી બાટલ કરે.

૧૨ અય અશો જરથુશ્ત્ર! જો હમસ્પથમએદય ગહમ્બારની છઠ્ઠી મ્યજદ અર્પણ ન કરે તો, હક ધરાવનાર રતુ, એવી રીતે અર્પણ નહી કરનાર પોતાની સત્તા હેઠલના મજદયસ્નાનને અહુના મહજબ-માંથી બાટલ કરી મેલે.

૧૩. એ પછી એક નિર્દોષ મજદયસ્નાન તેની સામે પોકાર ઉઠાવે અને તેને હાંકી મેલે; એ પછી એક નિર્દોષ મજદયસ્નાન તેને એક ખુનીની હાલતમાં લેખે; એ પ્રમાણે રતુ દીનદારો તરફથી, અને દીનદારો રતુ તરફ કામ કરે. અષેમવોહૂ.

૧૪. નુરમંદ અને તેજવાળા અહુરમજદને લગતા હકુમત-ભોગવનારા સરદારોને માટે, મારી દુવાની બંદગીની મારફતે બળ, સંગીન સત્તા, લાંબી મુદતની સત્તા, લાંબી મુદતની જીંદગી, તનની તનદરોસ્તી માંગું છું, જેથી તેઓ સઘલાઓ ઉપર કૌવત, બચાવ અને સત્તાની બાબતમાં સરસાઇ ભોગવે.

૧૫ સારૂં બનાવેલું, દબદબાવાળું, ફત્તેહમંદ, મેંજદનું ઊત્પન્ન કરેલું કૌવત અને મારનારી સરસાઇ, ઈજા કરવાની કોશેશ કરનારાઓને જોઇ લેવાની, દુશ્મનોને હફાવવાની, ચાલાક અને પુશ્કળ કપટવાળા હરીફોને નાશ કરવાની બક્ષેસ (હું તેમને માટે ઇચ્છું છું).

૧૬ હું આ દુવાની બંદગી કરૂં છું કે જેથી હરીફો સાથની લડાઇ માં, ઇજા કરવાનો કોશેશ કરનાર દરેક દુશ્મન ઉપર, નાલાયક વિચારો, નાલાયક સુખનો અને નાલાયક કામોથી ઇજા કરવાને કોશેશ કરનાર દરેક બુરા ઉપર, દીનદાર સરદાર ફત્તેહ મેલવે.

૧૭ જેથી તે લાયક વિચારો, લાયક સુખનો અને લાયક કામોથી તમામ દુશ્મનો ઊપર, દેવોને લગતા તમામ લોકો ઉપર ફત્તેહ મેલવે; ઊત્તમ બદલો, સારો નેકનામી, તથા સંપૂર્ણ સુખની હાલત પોતાનાં રવાનને માટે મેલવે.

૧૮ મારી બંદગીથી હું વીનવું છું કે, અશો માણસોને સહાય થવા માટે અને ગુનેહગારોને સખત શીક્ષા કરવા માટે તે લાંબો વખત જીવે, પુષ્કળ કૌવત-સાથે જીવે ! અશો લોકોનું નુરમંદ, દબદબાવાળું બેહેશ્ત હું માગું છું. જે પ્રમાણે હું ઇચ્છું છું તે પ્રમાણે આમીન થાઓ !

૧૯ યથા અહૂ વઇર્યો, ઇત્યાદી. દિવસો, ગેહો, મહિનાઓ, વરસો, ઋતુઓના સરદારોને; ઉત્તમ અશોઇવાળા સાહેબને, દિવસો, ગેહો, મહીનાઓ, વરસો, ઋતુઓના સરદારોને, અશોઇની દુન્યાના સરદારોને, અશોઇની દુન્યાના સરદારોમાંના સર્વેથી બુજોર્ગ સરદારોને, હાવનિગેહને, તેમની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિ ગાવા માટે, આરાધના, વખાણ, કૌવત, જોર ઇચ્છું છું. મઇધ્યોજરેમય રતુ, મઇધ્યોશૅમ પઈતિશ્હેય રતુ, અયાથ્રેમ રતુ, મઇધ્યાઇર્ય રતુ અને હમસ્પથ્મએદય રતુની તેમની આરાધણા, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિ માટે ખુશ્નુદી થાઓ ! યથા અહૂવઇર્યો.

૨ આફ્રિગાન ગાથા.

૧ યથા અહૂ વઇર્યો, અશૅમ્‌વોહૂ. નુરમંદ અને દબદબાવાળા અહુરમજદ, અમૅષાસ્પેન્તઓ, વખત ઊપર સરદારી ભોગવનારા પવિત્ર અને અશો ગાથાઓ, અહુનવઇતિ ગાથા, ઉશ્તવઈતિ ગાથા, સ્પેન્તમઇન્યુ ગાથા, વોહુક્ષથ્ર ગાથા, વહિશ્તોઇશ્તિ ગાથાની વખાણ ગાવા માટે, હું મજદયસ્નાન તરીકે હોવાનો એકરાર કરૂંછું.

૨ અશો, બાહાદુર, ગાલેબ, પેહેલા દીનદારોની અને નબાનજિદશ્તઓની ફ્રવષિઓની તેમની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિ માટે ખુશ્નુદી થાઓ.

૩ નુરમંદ, દબદબાવાળા અહુરમજદને અમે વખાણ્યે છિયે; અમેષાસ્પેન્તઓને અમે વખાણ્યે છિયે; વખત ઉપર સરદારી ભોગવનાર પવિત્ર અને અશો ગાથાઓને અમે વખાણ્યે છિયે; અશોઇની દુન્યાના સરદાર અશો અહુનવઇતિ ગાથાને અમે વખાણ્યે છિયે; અશોઇની દુન્યાના સરદાર અશો ઉશ્તવઇતિ ગાથાને અમે વખાણ્યે છિયે; અશોઇની દુન્યાના સરદાર અશો સ્પેન્તમઇન્યુ ગાથાને અમે વખાણ્યે છિયે; અશોઇની દુન્યાના સરદાર અશો વોહુક્ષત્ર ગાથાને અમે વખાણ્યે છિયે; અશોઇની દુન્યાના સરદાર અશો વહિશ્તોઇશ્તિગાથાને અમે વખાણ્યે છિયે.

૪–૫ જુઓ યશ્ત ૧૩ મી ફકરા ૪૯ થી ૫૨ અને ૧૫૬–૧૫૭.

૭ જુઓ આફ્રીગાન ૧ લું ફકરા ૧૪થી ૧૮.

૩ આફ્રિગાન રપિથ્વિન.

૧ યથા અહૂ વઇર્યો—અશોઇની દુન્યાના અશો સરદાર રપિથ્વિન અને અશોઇની દુન્યાના અશો સરદારો ફ્રાદતફ્શુ તથા જન્તુમનાં માનમાં તેમની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્ત ગાવા માટે હું એકરાર કરૂંછું.

૨ નુરમંદ અને દબદબાવાળા અહુરમજદ, અમેષાસ્પેન્તઓ, અષવહિશ્ત, અને અહુરમજદના છોકરા આતશ, મિનો દુન્યાના તથા આ દુન્યાને લગતા તમામ યજદો, પેહેલા દીનદારોની ફ્રવષિઓ, જબાન જિદશ્તઓની ફ્રવષિઓની ખુશ્નુદી, આરાધના, વખાણ અને કીર્ત્તિ ગવાઓ! યથા અહૂ વઇર્યો.

૩ એ પ્રમાણે પછી અહુરમજદએ અશો જરથુશ્ત્રને રપિથ્વિનની બંદગી શીખવવા માટે કહ્યું: અય અશો જરથુશ્ત્ર! તારે જે માગવું જોઇએ તે તું માગ. કારણ કે જે કાંઇ તારેથી અમારી કને માગવામાં આવે છે તે એવું અસરકારક હોય છે, કે જે કોઇને તારેથી કૌવત મલે છે તે કૌવત મેલવવાની માગણી કરનારો ખાહેશો સંપૂર્ણતાથી પાર પાડી શકે છે.

૪ જરથુશ્ત્રએ અહુરમજદને પૂછયું: હાડમંદ દુન્યાના પેદા કર-નાર અય સર્વેથી પવિત્ર મિનો, અય અશો અહુરમજદ ! તે માણસને કેટલી (ન્યાંમતો) મલેછે, તે કેટલા વીસ્તારની પવિત્રાઇ મેળવે છે, તેને શું બદલો મળે છે,

૫ કે જે શખસ રપિથ્વિનનાં માનમાં ઠરાવેલી દુવાની બંદગી મારફતે, હાથ ધોઇને, હાવનિ (હોમ છુંડવાની ખાંડણી) ધોઇને, બરસમ બાંધીને અને હોમ (આકાશ તરફ) ઊંચે પકડીને, (સુગંધી કાઠી વગેરે નાખી) આતશની રોશની તેજ આપનારી બનાવીને અહુન-વઇર્ય પઢતાં, હોમના રસથી જુબાંન ભીંજવીને, દીનને લગતી ફરજો બજાવવા માટેની તાબેદારી બજાવનારાં શરીરથી રપિથ્વિનનો આરા-ધના કરે છે ?

૬ અહુરમજદએ જવાબ દીધો: જે પ્રમાણે જે દીશા તરફ રપિથ્વિન.સરદ.ને ભોગવે છે તે તરફથી, અય અશો જરથુશ્ત્ર ! પવન ફુંકીને હાડમંદ દુન્યાને આબાદ કરે છે અને બુજ્નેર્ગી આપે છે તથા પુષ્કળ ન્યાંમતો ખીલવી તેને ખુશાલ કરે છે, તેજ પ્રમાણે તે માણસને એટલી બધી ન્યાંમતો મલવાની તેનેથી ખાતરી મલે છે; તે માણસને બદલો એટલો મોટો હોય છે,

૭ કે જે શખસ (ઇત્યાદી, જુઓ ફકરો ૫ મો).

૮ અહુરમજદએ અશો જરથુશ્ત્રને રપિથ્વિન સરદારની વખાણમાં ભણવાનો કલાંમ જણાવેલો છે.—અશેંમવોહૂ.

૯ જુઓ આફ્રિગાન ૧ લું ફકરા ૧૪-૧૮.

૧૦ યથા અહૂ વઇર્યો—જુઓ ફકરો ૨ જો.

હું જેમ ઇચ્છું છું તે પ્રમાણે આમીન થાઓ.

---

૪. આફ્રિગાને દહ્માન.

આ આફ્રિગાનના તરજુમા માટે જુઓ મારો યજશ્નેનો તરજુમો હા ૫૯ મો આખો.

૫. આફ્રિગાને સરોષ.

આ આફ્રિગાનના તરજુમા માટે જુઓ મારો યજશ્નેનો તરજુમો હા ૫૬ માના પેહેલા ત્રણ ફરદા.

ગેહો.

૧ હાવનિ ગેહ.

૧ ખુશાલ રહો અહુરમજદ. અષૅમ્‌વોહૂ. અશોઇની દુન્યાના અશો સરદાર હાવનિની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિ ગાવા માટે; અશોઈની દુન્યાના અશો સરદારો સાવહ્‌હિ અને વીસ્યની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિ ગાવા માટે મજદયસ્નાન જરથોશ્તી, દેવોની વિરૂદ્ધનો અને અહુરના મહજબનો હોવાનો હું એકરાર કરૂંછું.

૨ ખોહોલાં ખેતરોવાળા, હજાર કાનોવાળા, દશ હજાર આંખોવાળા, પ્રખ્યાત નામવાળા યજદ મિથ્ર અને રામખ્વાસ્ત્રની આરાધના, (ઇત્યાદી માટે હું કબુલ થાઉં છું.)

૩ અશોઇની દુન્યાના અશો સરદાર અહુરમજદને અમે વખાણ્યે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર જરથુશ્ત્રને અમે વખાણ્યે છિયે. અશો જરથુશ્ત્રની ફ્રવષિને અમે વખાણ્યે છિયે.

૪ અશો અમૅષાસ્પૅન્તઓને અમે વખાણ્યે છિયે. અશો મરદોની પવિત્ર, બાહાદુર અને દબદબાવાળી ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે. હાઉમંદ દુન્યાના તથા મિનોઈ દુન્યાના ઘણાજ બુજોર્ગ સરદારોને અમે વખાણ્યે છિયે, અશોઇની દુન્યાના ઘણોજ આરાધનાને લાયકના, ઘણાજ સેહેલાઇથી પોહોંચનારા, ઘણીજ મદદ આપનારા સરદારોને, અશોઇની દુન્યાના અશો સરદારને ખુશ્નુદ કરવા માટે કરેલી બંદગીને અમે વખાણ્યે છિયે.

૫ અશોઇની દુન્યાના અશો સરદાર હાવનિને અમે વખાણ્યે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર હઊવૅતાત્‌ને અમે વખાણ્યે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર અમેંરૅતાત્‌ને અમે વખાણ્યે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર અહુરને લગતી કેલવણીને અને અશોઇની દુન્યાના અશો સરદાર હોરમજ્દી મહજબને, તથા અશોઇની દુન્યાના અશો સરદાર બળવંત અને અશો યશ્ન હપ્તહાઇતિને અમે વખાણ્યે છિયે.

૬ અશોઇની દુન્યાના અશો સરદારો સાવહિ અને વીસ્યને, અને અશોઇની દુન્યાના અશો સરદાર, બળવંત, કપટના દુશ્મન, કપટનો નાશ કરનાર, તમામ કપટને ટોડનાર, માંથ્ર તથા ગાથાઓ ભણતી વખતે પ્રથમ, વચલા ભાગમાં અને સેવટે આરાધાતી અઇર્યમઇશ્યને અમે વખાણ્યે છિયે.

૭ અને બોહોલાં ખેતરોવાળા મિથ્રને તથા રામખાસ્ત્રને તેમની આરાધના, ઇત્યાદી માટે, તેમજ અશોઇની દુન્યાના અશો સરદાર વીસ્યને અમે વખાણ્યે છિયે.

૮ બોહોલાં ખેતરોવાળા, હજાર કાંનોવાળા, દશ હજાર આંખોવાળા, પ્રખ્યાત નામવાળા યજદ મિથ્રને તથા રામખાસ્ત્રને અમે વખાણ્યે છિયે.

૯ અશોઇની દુન્યાના અશો સરદાર, અહુરમજ્દના છોકરા અય આતશ, તને અમે વખાણ્યે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર આબર્સમને જ્ઓથ્ર તથા પવિત્ર કુસ્તી સાથે અમે વખાણ્યે છિયે. અપામ્ નપાત્‌ને અમે વખાણ્યે છિયે. જોરેમંદ, અશોઇમાં ઘણાજ બુલંદ, વખાણને ઘણાજ લાયકના નઇર્યોસંહને, ગુજરેલાંઓનાં રવાંનો જે અશો લોકોની ફ્રવષિઓ છે તેમને અને સર્વેથી શ્રેષ્ટ સાહેબ અહુરમજ્દ જે અશોઇમાં ઘણોજ બુલંદ, અશોઇના વધારા માટે ઘણોજ બળવંત છે તેને અમે વખાણ્યે છિયે. જરથુશ્ત્રના તમામ કલાંમોને અને થયલાં તથા થવાનાં સઘલાં ભલાં કામોને અમે વખાણ્યે છિયે.—યેંહે હાતાંમ્.

૧૧ યથા અહૂ વઇર્યો. બોહોલાં ખેતરોવાળા, હજાર કાંનોવાળા, દશ હજાર આંખોવાળા, પ્રખ્યાત નામવાળા યજદ મિથ્રને અને રામ

શાસ્ત્રને તેમની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્ત ગાવા માટે આરાધના, વખાણ, સત્તા અને કૌવત હું ઇચ્છું છું. અષેમ્‌વોહૂ ઇત્યાદી.

૨. રપિથ્વિન ગેહ.

૧–૨ ખુશાલ રહો અહુરમજદ. અષેમ્‌વોહુ. અશોઇની દુન્યાના અશો સરદાર રપિથ્વિન, તથા અશોઇની દુન્યાના અશો સરદારો ફ્રાદતફ્ષુ અને જન્તુમ્ તેમજ અષવહિશ્ત તથા અહુરમજદના છોકરા આતશની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિ ગાવા માટે હું મજદયસ્નાન જરથોશ્તી, દેવોની વિરૂદ્ધનો અને અહુરના મહજબનો હોવાનો એકરાર કરૂં છું.

૩–૪ જુઓ હાવનિ ગેહ ફકરા ૩–૪

૫ અશોઇની દુન્યાના અશો સરદાર રપિથ્વિનને, અશોઇની દુન્યાના અશો સરદાર અહુનવઇતિ ગાથાને, અશોઇની દુન્યાના અશો સરદાર ઉશ્તવઇતિ ગાથાને, અશોઇની દુન્યાના અશો સરદાર સ્પેન્તમઇન્યુ ગાથાને, અશોઇની દુન્યાના અશો સરદાર વોહુક્ષથ્ર ગાથાને, અશોઇની દુન્યાના અશો સરદાર વહિશ્તોઇશ્તિ ગાથાને અમે વખાણ્યે છિયે.

૬. અશોઇની દુન્યાના અશો સરદાર ફ્રાદતફ્ષુ જન્તુમને, અને સાચા સુખનોવાલી બંદગીને, દેવોને હઠાવનાર ફત્તેહમંદ કલામે ફ્ષૂષ માંથ્રને અમે વખાણ્યે છિયે. પાણી, ઝાડપાન, જમીન, અને ન્યામતો આપનાર તથા અશો મિનો યજદોને, તથા અશોના[1] અમેશાસ્પેન્તઓને અમે વખાણ્યે છિયે.

૭. ભલી, બળવંત, અને પવિત્ર અશો લોકોની ફ્રવષિઓને અમે વખાણ્યે છિયે. અષવહિશ્તને લગતી સરસ ભલાઇઓને, મુખ્ય માંથ્રઓને, ઘણાંજ ઉત્તમ કામોને, ઘણાજ અગત્યના ફત્વાઓને, ઘણાજ અગતનાં જાહેર કામોને, તથા મજદયસ્નની દીનથી મલતી ઘણીજ મોટી ન્યામતોને અમે વખાણ્યે છિયે.

---

[1] અશો લોકોથી આરાધાતા. કદાચ આહીં "અમેષેસ્પેન્તે"નો અર્થ અમેષાસ્પેન્તઓથી રક્ષણ પામતી જગાઓ થતો હશે.

૮ જન્તુમની વખાણ અને કીર્ત્તિ ગાવા માટે અશો માણસનાં રક્ષણ માટે બનાવેલી (સ્વર્ગની) ઊંચી જગાઓ ઉપર અમેષાસ્પેન્તઓ-નાં સાથે મલવા તથા જોડાંણને અમે વખાણ્યે છિયે. અશોઈની દુન્યાના અશો સરદાર જન્તુમને અમે વખાણ્યે છિયે.

૯ અષવહિસ્તને તથા અહુરમજદના છોકરા આતશને અમે વખાણ્યે છિયે.

૧૦–૧૧ જુઓ હાવનિ ગેહ ફકરા ૯–૧૦.

૧૨ યથા અહૂવઈર્યો. અષવહિશ્તને તથા અહુરમજદના છોકરા આતશને હું આરાધના, વખાણ, જોર તથા સત્તા ઇચ્છું છું. અષેમ્‌વોહૂ ઇત્યાદી.

૩. ઉજિરેન ગેહ.

૧–૨ ખુશાલ રહો અહુરમજદ! અશોઈની દુન્યાના અશો સરદાર ઉજયેઇરિન તથા અશોઈની દુન્યાના અશો સરદારો ફ્રાદતવીર અને દખ્યુમ, તેમજ બુલંદ સરદાર અપામ્‌નપાત્ અને મજદનાં પેદા કરેલાં પાણીઓની આરાધના, વખાણ, ખુશનુદી અને કીર્ત્તિ ગાવા માટે હું મજદયસ્નાન જરથોશ્તી, દેવોની વિરૂદ્ધનો તથા અહુરના મજહબનો હોવા વિષે એકરાર કરૂં છું.

૩–૪ જુઓ હાવનિ ગેહ ફકરા ૩–૪.

૫ અશોઈનો દુન્યાના અશો સરદાર ઉજયેઇરિનને, અશોઈની દુન્યાના અશો સરદાર જઓતર (જોતિ) ને, અશોઈની દુન્યાના અશો સરદાર હાવનાનને, અશોઈની દુન્યાના અશો સરદાર આતરૅવક્ષને, અશોઈની દુન્યાના અશો સરદાર ફ્રબૅરેતને, અશોઈની દુન્યાના અશો સરદાર આબૅરેતને, અશોઈની દુન્યાના અશો સરદાર આસ્નાતરને, અશોઈની દુન્યાના અશો સરદાર રએથ્વિશ્કરને, અશોઈની દુન્યાના અશો સરદાર સ્રઓષાવરૅજને અમે વખાણ્યે છિયે.

૬ અશોઈની દુન્યાના અશો સરદાર ફ્રાદતવીર દખ્યુમને, સેતારા, ચંદ્ર, સૂર્ય, મિનોઇ રોશનીઓ, સરૂઆત વિનાની રોશનીઓ, વખાણના

કીર્ત્તનોનો પ્રકાશ જે બુરા માણસોનો નાશ છે તેને, અશોઇની દુન્યાના અશો સરદાર સચ્ચાઇને અને પાછલા વખતના કાયદાને અમે વખાણુંયે છિયે.

૭ પવિત્ર પેદાએશો બનાવનાર પવિત્ર સચ્ચાઇને દિવસે તેમજ રાતે આરાધનાઓ સાથે અર્પણ કરેલી જઓથ્રઓ વટી દફ્યુમ સરદારની વખાણ અને કીર્ત્તિ ગાવા માટે અમે વખાણુંયે છિયે.

૮ સેતાબ ચાલના ઘોડાઓવાળા, બાદશાહી કરનાર, ચલકાતમંદ, બુલંદ સાહેબ અપાંમ્નપાત્‌ને તથા મજદનાં પેદા કરેલાં પવિત્ર પાણીઓને અમે વખાણુંયે છિયે.

૯–૧૦ જુઓ હાવનિ ગેહ ફકરા ૯–૧૦.

૧૧ યથા અહૂ વઇર્યો.—બુલંદ સાહેબ અપાંમ્નપાત્‌ને તથા મજદનાં પેદા કરેલાં પાણીઓને હું આરાધના, વખાણ, સત્તા અને જોર ઇચ્છું છું. અર્ષમ્‌વોહૂ.

૪. અર્દાવિસુરેમ ગેહ.

૧–૨ ખુશાલ રહો અહુરમજદ. અર્ષમ્‌વોહૂ.—અર્દાવિસુરેમ અર્દાબીગચ અને જરથુશ્ત્રોતેમ જેઓ જીંદગીની તમામ ખુશાલીઓને ખીલવે છે અને જેઓ અશોઇની દુન્યાના અશો સરદારો છે તેઓની, તેમજ અશો લોકોની ફ્રવષિઓની, મરદો સાથે જોડાયલી બાનુઓની, અને વરસની આબાદીનો, સારાં બનાવેલાં ખુબસુરત, ફત્તેહમંદ, ઊત્તમ ફત્તેહવાલાં કૌવતની આરાધના, વખાણ, ખુશ્નુદી અને કીર્ત્તિ ગાવા માટે, હું મજદયસ્નાન જરથોસ્તી, દેવોની વિરૂદ્ધનો અને અહુરના મહજબનો હોવાનો એકરાર કરૂં છું.

૩–૪ જુઓ હાવનિ ગેહ ફકરા ૩–૪.

૫ અશોઇની દુન્યાના અશો સરદાર અર્દાવિસુરેમને, અશોઇનિ દુન્યાના અશો સરદારો અર્દાબિગચ, અહુરમજદના છોકરા આતશ, પથ્થરની હાવનિ, લોખંડની હાવનિને, અમે વખાણુંયે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર કાયદાસર બાંધેલી બરસમને જઓથ્ર તથા

કુસ્તી સાથે, તેમજ પાણીઓ અને ઝાડપાનો તથા આત્માના ફાયદાને અમે વખાણિયે છિયે.

૬ અશોઇની દુન્યાના અશો સરદાર ફ્રાદત્ વીસ્પાંમ્ હુજ્યાઇતિને અમે વખાણિયે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર જરથુસ્ત્રને અમે વખાણિયે છિયે; અશોઇની દુન્યાના અશો સરદાર માંથ્રસ્પેન્તને અમે વખાણિયે છિયે; અશોઇની દુન્યાના અશો સરદાર ગોધ્રાનાં રવાંનને અમે વખાણિયે છિયે; અશોઇની દુન્યાના અશો સરદાર જરથુસ્ત્રોતેમને અમે વખાણિયે છિયે; અશોઇની દુન્યાના અશો સરદાર જરથુસ્ત્રને અમે વખાણિયે છિયે.

૭ અશોઇની દુન્યાના અશો સરદાર આથ્રવનને અમે વખાણિયે છિયે; અશોઇની દુન્યાના અશો સરદાર રથએસ્તારને અમે વખાણિયે છિયે; અશોઇની દુન્યાના અશો સરદાર ખેડુત ભરવાદને અમે વખાણિયે છિયે, અશોઇની દુન્યાના અશો સરદાર ઘરના ધણીને, મોહોલ્લાના પતિને કસ્બાના પતિને અને દેશ પતિને અમે વખાણિયે છિયે.

૮-૯ પવિત્ર વિચારોવાળા, સુખનોવાળા અને કામોવાળા, ભલી માજદયસ્ની દીનને લગતા, અશોઇની દુન્યાના અશો સરદાર જુવાંન શખ્સને અમે વખાણિયે છીયે. અશોઇની દુન્યાના અશો સરદાર બંદગી કરનાર જુવાંનને અમે વખાણિયે છિયે. નજદીકનાં સગપણમાં પરણેલા અશોઇની દુન્યાના અશો સરદારને અમે વખાણિયે છિયે. ડાહપણને લગતી કેલવણી આપવા માટે અહીંથી તહીં ફરનાર અશોઇની દુન્યાના અશો સરદારને અમે વખાણિયે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર, ભલા વિચારોવાળી, સુખનોવાળી, કામોવાળી, ભલી રીતિ ચાલનારી, પોતાના ભરથારને તાબેદાર રેહેનારી ઘર ધન્યાણીને અમે વખાણિયે છિયે. ડાહી અને અશો બાનુને અને આ બાનુઓ જે, એ અહુમજદ ! તારે લગતી છે, તેમને અમે વખાણિયે છિયે. પવિત્ર વિચારો, સુખનો અને કામોવાળો અશો મરદ, જેનામાં નેકી સમાયલી છે, જેનામાં બુરાઇ નથી, અને જેનાં કામોથી દુન્યાની પેદાએશ પવિત્રાઇમાં વધારો કરે છે તેમને, અને અશોઇની દુન્યાના અશો સરદાર જરથુસ્ત્રોતેમને અમે વખાણિયે છિયે.

૧૦ અશો લોકોની ભલી, બાહાદુર અને પવિત્ર ફ્રવષિઓને અમે વખાણિયે છિયે. મરદો સાથે જોડાયલી બાનુઓને અમે વખાણિયે છિયે.

વરસની આબાદીને અમે વખાણ્યે છિયે. સારાં બનાવેલાં ખુબસુરત કૌવતને અમે વખાણ્યે છિયે. ફત્તેહને અમે વખાણ્યે છિયે. મારનારી સરસાઇને હમે વખાણ્યે છિયે.

૧૧-૧૨ જુઓ હાવનિ ગેહ ફકરા ૯-૧૦.

૧૩ યથા અહૂ વઇર્યો. અશો લોકોની ભલી (ઇત્યાદી) ફ્રવષિઓને હું આરાધના, વખાણ, સત્તા અને કૌવત ઇચ્છું છું. અશેમ્‌વોહૂ.

૫. ઉષહિન ગેહ.

૧-૨ ખુશાલ રહો અહુરમજદ. અશેમ્‌વોહૂ. અશોઇની દુન્યાના અશો સરદાર ઊષહિનને, અશોઇની દુન્યાના અશો સરદાર બૅરેજિન્માન્યને, ખુબસુરત, ફત્તેહમંદ, દુન્યાની ફરાગતિ કરનાર અશો સ્રઓષને, રશ્નુ રસ્તને અને દુન્યાની આબાદી તથા વૃદ્ધિ કરનાર અરસ્તાતને, તેમની ખુશનુદી, આરાધના, વખાણ, ખુશનુદી અને કીર્ત્ત ગાવા માટે હું મજદ-યસ્નાન જરથોશ્તી, દેવોની વિરૂદ્ધનો, અહુરના મહજબનો હોવાનો એકરાર કરૂં છું.

૩-૪ જુઓ હાવનિ ગેહ ફકરા ૩-૪.

૫ અશોઇની દુન્યાના અશો સરદાર ઉષહિનને અમે વખાણ્યે છિયે. ઘણીજ ખુબસુરતીવાળાં દિવસનાં પેહેલાં કીરણોને અમે વખાણ્યે છિયે. સેતાબ ચાલના ઘોડાઓવાળી ચળકાટમંદ બામદાદને અમે વખાણ્યે છિયે, જે માણસોને મદદ કરે છે, પેહેલવાંનોને મદદ કરે છે, જેનું ઘર પુષ્કળ ચલકાતમંદ છે. તેજી, સેતાબ ચાલના ઘોડાઓવાળી બામદાદને અમે વખાણ્યે છિયે, જે સાતે કેશ્વરોવાળી જમીન ઊપર લબાય છે. દિવસની આ પેહેલી શેરનીને અમે વખાણ્યે છિયે. અશોઇની દુન્યાના સરદાર અશો અહુરમજદને અમે વખાણ્યે છિયે. વોહુમનોને અમે વખાણ્યે છિયે. અષવહિશ્તને અમે વખાણ્યે છિયે. ક્ષથ્રવઇર્યને અમે વખાણ્યે છિયે. પવિત્ર સ્પેન્ત આરમઇતિને અમે વખાણ્યે છિયે.

૬ અશોઇની દુન્યાના અશો સરદાર બૅરેજયને પવિત્ર અશોઇની બાહેશથી, ભલી માજદયસ્નો દીન માટેના પ્યારથી, ન્માન્ય રતુની

વખાણ અને કીર્ત્તિ ગાવા માટે .અમે વખાણ્યે છિયે. અશોઇની દુન્યાના અશો સરદાર ન્માન્યને અમે વખાણ્યે છિયે.

૭ ખુબસુરત, ફત્તેહમંદ, દુન્યાની ફરાગતિ કરનાર, અશોઇની દુન્યાના અશો સરદાર અશો સ્રઓષને અમે વખાણ્યે છિયે. રશ્નુ રાસ્તને અમે વખાણ્યે છિયે. દુન્યાની આબાદી કરનાર તથા વૃદ્ધિ કરનાર અર્શતાત્ને અમે .વખાણ્યે છિયે.

૮-૯ જુઓ હાવનિ ગેહ ફકરા ૯-૧૦.

૧૦ યથા અહૂ વઈર્યો. ખુબસુરત, ફત્તેહમંદ, દુન્યાની ફરાગતિ કરનાર સ્રઓષ અશોને, રાસ્ત રશ્નુને, અને દુન્યાની આબાદી તથા વૃદ્ધિ કરનાર અર્શતાતને હું આરાધના, વખાણ, સત્તા અને કૌવત ઇચ્છુંછું. અષૅમ્વોહૂ. ૦.

દુવા વીસ્પ હુમત.

૧ સઘલા ભલા વિચારો, સઘલા ભલા સુખનો, સઘલાં ભલા કામો બુદ્ધિનાં કામો હોયછે. સઘલા બુરા વિચારો, સઘલા બુરા સુખનો, અને સઘલાં બુરા કામો અવિચારી કામો છે.

૨ સઘલા ભલા વિચારો, સઘલા ભલા સુખનો અને સઘલાં ભલાં કામો બેહેશ્ત મેલવવાને લાયકનાં છે, સઘલા બુરા વિચારો, બુરા સુખનો અને બુરાં કામો દોજખમાં જવાને લાયકનાં છે. સઘલા ભલા વિચારો, સઘલા ભલા સુખનો અને સઘલાં ભલાં કામો બેહેશ્તને લગતાં છે, એ બીના મહસુર છે.

યજશને તથા વન્દિદાદના તરજુમા વિષે યુરોપ્યન-વિદ્વાનોના અભીપ્રાય.

પ્યારા સાહેબ,

માત્ર ૫૦ વરસ અગાઉ, એકબી એવી ચોપડી ન હતી, કે જેમાથી જાતે સોધ કરવા ઇછનાર પારસી, પોતાના ધર્મના મૂળ કાનુનો મેલવી શકે. અવસ્તાનું અસલ લખાણ તો તે જાણતોજ ન હતો, અને તેનો ગુજરાતી તરજુમો, જે અવસ્તાને આધારે નહીં, પણ પેહેલવી તરજુમા ઉપરથી કરવામાં આવેલો હતો, તેને તે સતાવાર તરજુમા જેટલી કીંમત કદાચજ આપી શકતે. એટલા માટે તમાગ જે સ્વદેશીઓ જરથુશ્તના સ્વચ્છ ધર્મને મજબુત બાઝેલા છે તેઓએ, પારસી ધર્મની મુખ્ય બાબતો સંક્ષેપમાં વારતા ફ્મે પ્રથમમાં ગુજરાતી ભાષામાં બાહાર પડી, કે જે યુરોપમાં, લનડનની યુનીવરસીટીના આગલા ગુજરાતી ભાષાના પ્રોફેસર મી૦ દાદાભાઈ નવરોજીએ તેના ઈંગ્રેજીમાં કરેલા તરજુમાથી જાણીતીછે, ત્યારે તેને ખુશી સાથે આવકાર દીધેલો હોવો જોઇએ. એ નાહાની ચોપડી બાહાર પડવા પછી મામલો ઘણો ફેરવાઇ ગયોછે, અને તે સઘલો, હું વધારવાને ખુશીછું કે, તમારા સ્વદેશીઓના લાભમાં ફેરવાયોછે. કારણકે એજ વખતથી હીંદુસ્તાનના પારસીઓ અને તમારી પવિત્ર કેતાબોના અભ્યાસમાં રોકાયલા યુરોપ્યન વિદ્વાનો વચ્ચે જાથુકનો વેહેવાર ચાલુ થયો છે. હીંદુસ્તાનમાંના તમારા હમદીનોએ યુરોપ્યન વિદ્યાનાં ફળનો લાભ લેવામાં હંમેશ વધતી જતી ખાહેશ બતાવી છે. એજ કારણથી ઉધરતા જમાનાના સઘલા કેલવાયલા પારસીઓ ગુજરાતી ઉપરાંત ઈંગરેજી ભાષા જાણેછે અને તે ઘણી છટા સાથે લખી વાંચી જાણે છે. ઘણીવાર તેઓ અમારી યુનીવરસીટીઓની ભેટ લે છે, અને અમે કેવી ઢબથી અભ્યાસ કર્યે છીયે તે જોઇને, પોતે શીખેલું પોતાના સ્વદેશીઓને સમજાવી તેમનો અભ્યાસ વધારવા માટે પાંછા ફરેછે. એ રીતે પોતાના દેશમાં મોભો ધરાવતા કેટલાક પારસીઓ લનડનની યુનીવરસીટીમાં ધારાનો અભ્યાસ કરવા આવી ગયા છે, કેટલાકો એરલાંનગન અને મારબોર્ગની પાઠશાલાઓમાં પ્રોફેસર શ્પીગેલ અને ફરદીનાન્દ યુશ્તીનાં ભાષણો સાંભલી ગયા છે, કે જેમનાં કાબેલ લખાણો પારસીઓના હાથમાં છે, અને તેમના હાથથી તેમની લાયક વખાણ થઈ છે. એ બાબતના સંબંધમાં, જરથોશ્તી અભ્યાસમાં

મી० ખરશેદજી રૂસતમજી કામા, પ્રોફેસર સ્પીગેલ વિષે ઝંદ અભ્યા-
સને આગલ વધારનાર મુખ્ય વિદ્વાન તરીકે કેવી રીતે બોલેછે, તેની મને
તમને યાદ આપવા દેશો.

વિદ્યાનાં સારાં ભાયગે હવે તે વખત વહી ગયો છે કે, જ્યારે આંકવે
ટીલ દુપેરોં તરફ પારસીઓ અતીશે અવિશ્વાસથી જોતા હતા, અને માત્ર
નાણાંની ભેટો વટી જરથુસ્ત્રના સાગેર્દોની ભાષા અને ધર્મ વિષે ખબર મે-
લવવામાં તે ફતેહમંદ થયો હતો. ત્યાર બાદ ડાક્ટર માર્તિન હા-
ઉગ અને કેલવાયલા પારસીઓ વચે એટલોબધો દીલસોજી ભરે-
લો વેહેવાર ચાલુ થયો હતો, તથા તેઓએ પોતાની ભાષા, રીતભાત,
રેવાજ અને ધર્મની ક્રિયાઓ વિષેની સઘલી ઘટતી ખબરો, એટલી
બધી સારી લાગણીથી તેને પુરી પાડી હતી, કે તે યુરોપ પાછો ફર્યો
ત્યારે તેના વિચારો સદનતર ફેરવાઇ ગયા હતા. જે ઘણી ૧૮૫૮ માં
ગાથાઓની સમજ મેલવવા માટે માત્ર ધાતુઓનોજ આધાર પકડી
બેઠો હતો, અને જે જમીન ઘટતી રીતે ઈરાંની જબાંનશનાસીને લગતી
હતી તે જમીન ભાષાઓની વિદ્યાને આપી બેઠો હતો, તે આ-
એરે પારસીઓની દંતકથાઓની કીંમત બુજવા લાગ્યો હતો; આગળ તે માત્ર
ધાતુ ઉપરજ આધાર રાખનારો હોવાને લીધે આગલા વખતની યાદદાસ્તને
ધીઃકારનારો હતો, પણ પાછલથી પેહેલવી તરજુમા અને અવસ્તાનાં
સંબંધમાં પારસીઓની તરફના ખુલાસાઓના અભ્યાસનો તે આતુર હીમા-
યતી થયો હતો. એ બીના તેનાં પાછલાં લખાણો ઉપરથી, અને ખાસ કરી
૧૮૭૨ માં મ્યુનીચ ખાતે તેણે પ્રગટ કરેલા અહુન વઇર્યને લગતા નીબંધ
ઉપરથી પુરવાર થાયછે. એ પછી વર્ઝબર્ગવાલા પ્રોફેસર જોલીને આજના
પારસીઓ તરફથી દીલસોજભરેલો આવકાર મળ્યો હતો, કે જેઓ
પોતાના ધર્મ તથા શાહીત્યમાં લાભ લેનારા સઘલાઓને એજ મુજબ આવ-
કાર દેછે. પ્રોફેસર જોલીએ આ બીના ખાસ કરી પોતાના એક નીબંધમાં
જણાવીછે. તે કહેછે કે, યુરોપમાં જેઓ પારસીઓની પવિત્ર કેતાબોના અભ્યાસ
ઉપર મજબુતીથી રોકાય છે તેમના ઉપર તેઓ ઘણીજ સંભાલથી ધ્યાન રાખે
છે, અને એ અભ્યાસને લગતી નાહાનામાં નાહાની કેતાબબી તેમની ચાલાક
આંખો આગળથી છટકતી નથી. યુરોપયન અભયાસીઓને પારસીઓ તર-
ફથી આપવામાં આવતા આવકારની સરસ સાબેતી, વીએનાની શેહેનશાહી
એકેદેમીના આશ્રા હેઠલ, ત્સુબીનજેનવાળા પ્રોફેસર ગેલ્દનરે અવસ્તાની
જે સુંદર આવૃતી બાહાર પાડવાને માથે લીધુંછે, તેનાં સંબંધમાં તેઓએ

તેને મિટ્ર આપેલાં તેમનાં કીમતી હસ્તકૃત લખાણો ઊપરથી મલેછે. એ વિદ્વાને પારસીઓ તરફની એ મદદ પોતાનાં દીબાચામાં સ્વીકારીછે, અને તેમાં તે દસ્તુરો પેશોતનજી બેહેરામજી, મીનોચેહેરજી જામાસપજી, હોશંગજી જામાસપજી તથા મુંબઇની મુલ્લાંફીરોજ લાયબ્રેરીની કારોબાર મંડલીએ બતાવેલી આતુરતાની ખાસ વખાણ કરે છે.

અરસપરસની એવી મદદથી ગુજરાતી શાહીત્યના વધારા ઉપર ઘણીજ ફાયદાકારક અસર થઇછે. અવસ્તાને લગતાં કીતનો અને ક્રિયાઓને લગતાં આગળનાં સઘલાં લખાણો બાજુએ મેલતાં, છેલાં ૨૦ વરસમાં પુષ્કળ બાહોશી ભરેલાં પુસ્તકો બાહાર પડયાંછે, જે બાહાર પાડનારાઓનો અભયાસ ઘણોજ તારીફ લાયક ઠરેછે. એ સઘલાંનાં નામો આપી જવાની મારી મતલબ નથી. પણ એઓ મધે ૧૮૬૭માં પુણાવાળા દસ્તુર હોશંગજીએ તથા પ્રોફેસર હાઊગે બાહાર પાડેલી જંદ પેહેલ્વી શબ્દ કોશ, મુંબઇવાળા દસ્તુર પેશોતનજી તરફના દીનકર્દના તરજુમા, બુન્દેહેશનો (૧૮૭૭નો) નવો ગુજરાતી તરજુમો, દાદાભાઈ કાવસજીએ બાહાર પાડેલું અવસ્તા બા માયનીનું ગુજરાતી પુસ્તક. અને દસ્તુર મીનોચેરજી જામાસપજીની પેહેલ્વી-ગુજરાતી-ઇંગરેજી શબ્દકોશ, બહમનજી બેહેરામજી પતેલનો પારસી પ્રકાશ અને બેહેરામજી મેરવાનજી મલબારીએ બાહાર પાડેલો મેક્ષમુલરનાં હીબર્ત ભાષણોનો ગુજરાતી તરજુમો, એમનાં નામ હું ખાસ આપવા માગું છું.

અવસ્તાના લખાણો ઊપર ધ્યાન આપનારાઓ માટે એ સઘલાં પુસ્તકો ખાસ જરૂરના છે. એઓની સાથે જે ચોપડી હાલ મારા હાથમાં ત મારી કલમથી લખાયલી મેલાઈ છે, અને જેનું નામ "યજશ્ને તથા ગાથાઓનો તરજુમો" છે તે સાબાસી સાથે રજુ કરી શકાય. અવસ્તાના અભ્યાસના લાભ અર્થે આ બીના ઘણીજ સંતોષકારક છે કે, ઊગમન તરફની ભાષાઓના ઘણાજ મેહેનતુ બેલજીક વિદ્વાન પ્રોફેસર સી. ડી. હર્લેની ઉપરથી, તમારા સ્વદેશીઓની હજુર તેમની પોતાની ભાષામાં અવસ્તાનો તુરજુમો તમે રજુ કરોછો. વળી તમે યજશ્નેના તરજુમા સાથે ગાથાઓનો તરજુમો પણ આપો છો, જે અવસ્તાનો ઘણોજ પુરોતમ ભાગ માલમ પડેછે. જો તમે માત્ર અસલ લખાણનો તરજુમોજ આપીને રહયા હતે, તો તમારૂં પુસ્તક અધુરૂં ગણાતે. એટલા માટે દરેક પાને દીસ્તી બેહદ "નોટો" નાખી, તરજુમો આપવામાં તમે ડાહપણ કરયું છે, કારણ કે અસલ લખાણ સમજવા માટે તેની ખાસ જરૂર છે. એ "નોટો"

સાથે વળી તમે સેવટે પ્રોફેસર હાર્લેના સુંદર દીબાચામાંથી વધારા તરીકે કેટલીક બાબતો આપી છે.

તમે જેમ વાજબી વકી રાખોછો તેમ વધારાની બાબતોથી એ ચોપડીના વાંચનારાઓ ખુશી થશે. એ વધારામાં તમે અવસ્તાની બાબત અને તેની વીગત, અવસ્તા અને જંદ એ શબ્દોનો ખુલાસો, તેમજ અવસ્તામાં જણાવેલા કેટલાક ફરેસ્તાઓ વગેરેનું વર્ણન આપ્યું છે. ગાથાઓની સમજ માટે હજી જબાંનશનાસીઓને ઘણી મુશ્કેલી નડેછે, અને તેથી તેનો જે ટુંકમાં સામાન્ય ખુલાસો તમે આપ્યો છે તે તેમજ અવસ્તામાં જણાવેલા પેહેલવાનોને શાહાનામેહનાં વર્ણન સાથે સરખાવી બતાવ્યા છે, તે તમારા વાંચનારાઓને ઓછા ખુશી કરશે નહી.

અસલી ઈરાનીઓની ધર્મની કેતાબો સમજવા તથા સમજાવવા ઉપર યુરોપ્યન વિદ્વાનો જે ઊમંગ બતાવે છે, સચ્ચાઈ શોધવા માટે જુદી જુદી તરફથી જે ભેગું બળ રોકવામાં આવેછે, તે જોતાં તમે પ્રગટ કીધેલું આ નવું પુસ્તક, જે તમારા હમદીનોને ઘણુંજ જાણવાજોગ થયા વિના રેહેશે નહીં, તેને હું એક સારા સગન સમજું છું, અને તમને તમારાં માથે લીધેલાં કામમાં દરેક પ્રકારની ફતેહ ઇચ્છું છું. સેવટે ઊમેદ રાખું છું કે, તમારી વખાણવાજોગ આતુરતાને હજી આગળ વધારી, તમારાં પુસ્તકો મારફતે, વિદ્યાને લગતી અમારી મેહેનત વિષે તમારા સ્વદેશીઓ અને હમદીનોને વાકેફ કરતા રેહેશો.—હું છું, ઈત્યાદી.

પ્રોફેસર યુજેન વિલહેમ.

યેના, તા૰ ૨૮ મી ડીસેમ્બર ૧૮૮૫.

પ્યારા મિત્ર,

વન્દિદાદના તમારા તરજુમા વિષે મારો અભિપ્રાય હું આ જોડે મોકલી આપું છું:—

પેલા મેહેનતુ પારસી દસ્તુર મી૰ અર્એર્વત મેહેરજીભાઈ પાલનજી માદનેએ યજશ્નેનો ગુજરાતી તરજુમો બાહાર પાડવા પછી, થોડાજ વખતમાં લુવેનની યુનીવરસીટીવાળા પ્રોફેસર ડી. હાર્લેના ફરેંચ તરજુમા ઉપરથી, વન્દિદાદનો ગુજરાતી તરજુમો આમને પોહોંચાડયો છે. એ ચોપડીમાં દીબાચા માટે ત્રણ સફા રોકવા બાદ બે સફામાં ઊગમણુ તરફની ભાષાઓના બેલજીક વિદ્વાન સી. ડી. હાર્લેનું જન્મ ચરિત્ર ટુંકમાં આપવામાં આવ્યું છે, કે જેણે પ્રથમ અને ઘણીજ લાયક રીતે અવસ્તાનો

સંપૂર્ણ તરજુમો ફ્રેંચમાં બાહાર પાડયો છે. એ ફ્રેંચ તરજુમો તેણે લીજ ખાતે પ્રથમ ૧૮૭૫–૭૭માં બાહાર પાડયો હતો અને ત્યાર બાદ ટુંક વખતમાં યાને ૧૮૮૧માં તો તેની બીજી આવૃતી ઘણા મોટા વધારા તથા સુધારા સાથે પેરીસ ખાતે બાહાર પડી હતી. વન્દિદાદના દિબાચા તથા તરજુમામાં ૨૨૧ સફા રોકાયા છે. યજશ્નેના તરજુમા માફક અહીંબી પુષ્કળ "નોટો" આપવામાં આવી છે. પણ યજશ્નેના તરજુમામાં જ્યારે એ કાબેલ પારસી માત્ર દી હાર્લેની બીજી આવૃત્તીમાંની સરસ "નોટો" આપીનેજ અટકયો છે, ત્યારે આ તરજુમામાં તેણે પોતાની તરફના ઘણાક ખુલાસા વલ્લાયામાં આપ્યા છે, જેમાં ખાસ કરો પેહેલવી સરેહને લગતો ભાગ હું કીમત ધારૂં છું.

૨૨૨થી ૨૨૯ સુધીના સફાઓમાં જે વીગતવાર સાંકલ્યું આપ્યું છે તે એ ચોપડી વાપરવામાં ઘણી સેહેલાઈ કરી આપે છે. અમે ઊમેદ રાખયે છીયે તથા ઇચ્છયે છીયે કે, એ ચોપડીનો કરતા જલદીથી યશ્તોનો તરજુમો ગુજરાતીમાં પોતાના સ્વદેશીઓને માટે રજુ કરશે અને તેમાં તે યુરોપ્યન વિદ્વાનોની શોધોનો લાભ લેવો ચાલુ રાખશે.

ડાકટર યુજેન વીલહેમ,

પ્રોફેસર.

યેના, તા૦ ૨૮મી જુલાઇ ૧૮૮૯.

મારા પ્યારા સાહેબ,

તમારાં વિદ્વતા ભરેલા તરજુમાની મેહેરબાની ભરી તમારી તરફની ભેટ માટે હું તમારો ઘણો આભાર માંનું છું, અને હું તમને ખાતરી આપું છું કે, યુરોપમાં અમે જે મેહેનત લેઇએ છીયે, તેમાં તમે જે લાભ લેવો છો, તે ઘણો ઊપકાર માનવા જોગ અને અમને ઉલટ આપનારો છે. એક પુરાતમ ધર્મનાં ફરમાનો ઊંઘાડા પાડવાનેજ નહીં પણ એશયાના કેટલાક આગેવાન લોકોને એક હજી જીવતા મહજબની તવારીખ શોધી કાહાડવામાં મદદ આપવાને અમે કોશેશ કરયે છીયે.—મોટાં માન સહીત હું છું, ઇત્યાદી.

એલ. એચ. મીલસ.

લીપજીગ, જરમની.

બેલજયમની બાદશાહી એકેડેમી તરફના પુસ્તકના ૧૧મા અંકમાં નીચલી નોંધ જોવામાં આવે છે:—

મુંબઇ અને ગુજરાતનો જરથોસ્તી ટોળોજ આજ દીન સુધી હૈયાત રહેલો છે. અવસ્તાનાં લખાણો જાલવી રાખવા માટે આપણે એ ટોળાના આભારી છીયે, કે જે લખાણોને એ ટોળો ઘણા અસલના વખતથી પોતાનાં ભણતર અને ક્રીયામાં સમજવા વિના વાપરતો આવ્યો છે. જયારથી યુરોપવન વિદ્યા અવસ્તાની ખરી સમજ શોધવામાં ફત્તેહમંદ થઇ છે, ત્યારથી પશ્ચિમના વિદ્વાનોની મેહેનતનાં પરીણામોનો લાભ મેલવવાને, અને તેમની હાલની સ્વભાષા ગુજરાતીમાં પોતાનાં ધર્મશાસ્ત્રોનો તરજુમો આપવાને જરથોસ્તીઓ ખાહેશ બતાવતા આવ્યા છે. અને આપણા વીદ્વાન ભાઇ મો૰ ડી હાર્લેના પુસ્તક ઉપરથી તેઓએ તરજુમો રચવાને કોશેશ કરી છે. જાહેર ક્રીયાઓમાં વપરાતી યજશને તથા ગાથાઓનો તરજુમો ગુજરાતી ભાષામાં મો૰ ડી હાર્લેનાં પુસ્તક ઉપરથી ખુલાસાવાર નોંધો સાથે આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે, તથા તે સાથે વધારા તરીકે અવસ્તા અને ગાથાઓને લગતા અગતના સવાલોની તેમજ યિમ, કેરેસાસ્પ, ઇત્યાદી જે મુખ્ય પુરૂષો વિષે અવસ્તામાં જણાવેલું છે, તેમનો ખુલાસો આપવામાં આવ્યો છે, જે પણ મો૰ ડી હાર્લેનાં અવસ્તાને લગતાં મોટાં પુસ્તક ઉપરથી ઉછીનું લેવામાં આવ્યું છે. છેક ઉગમન તરફના વિચારથીએ આપણા મેહેનતુ ભાઇની કાબેલ્યતને જે માન આપ્યું છે, તે માન ગોયા બેલજયમને મલ્યું છે, અને તેની ખબર આપણી પાઠશાલા આગલ રજુ કરતાં મને ખુશાલી ઊપજે છે.

પીયર વીલ્યમસ.

“ધી ટેબલેટ” નામનાં ઇંગ્રેજી પત્રમાં નીચે મુજબના વિચારો દરશાવ્યા છે:—

‘મુંબઇના પારસીઓને વારેવાર અને વાજબી રીતે યાહુડીઓ સાથે સરખાવવામાં આવ્યાછે. જે કોમો સાથે તેઓ આટલી બધી સદીઓ થયાં તેઓ વસ્તા આવ્યા છે, તેઓમાં પોતાની અતીશે નાહાની સંખ્યા છતાં, તેઓ અજાયબ જેવી રીતે જુદા રહી શકયા છે, તેઓ પોતાના પુરાતન મજહબ તરફ અતીશે મજબુત લાગણીથી વળગી રહયા છે, અને પોતાની માનવંતી પવિત્ર કેતાબોનો આતુરતાથી અભયાસ કરે છે—એ સઘળી બી-

નાઓ તેમજ તેઓ ધર્મગુરૂઓનો એક સંપૂર્ણ વર્ગ ધરાવેછે તે સાથે. લેતાં તેમની યાહુડીઓ સાથની સરખામણી વધારે મજબુત થાયછે. ઇસ્રાએલનાં બાળકો મીસાલે તેઓ પોતાનાં અસલ વતનથી ભટકયા છે, તેઓએ પોતાનાં મહજબ માટે કેટલીક સદીઓ સુધી પુશ્કળ દુઃખ વેઠયું છે. યાહુડીઓનીજ મીસાલે તેઓ વેપારથી માતબર થયા છે, અને બ્રીટીશ હિંદુસ્તાનના બાદશાહી વેપારીઓ, જીજીભાઈઓ, કામાઓ, અને વાડીઆઓને તેમની દોલત તથા ઉદારતા માટે યુરોપના રૉથ્સચાઇલ્ડો અને મૉન્તિફીયોરો સાથે સરખાવી શકાય, પણ તેઓ વચ્ચે તફાવત એ છે કે, પેહેલાઓની સખાવત તમામ દુન્યાના લાભને માટેની હતી. વળી તેમનો ધર્મ—જેમ હજી ઘણાક પશ્ચિમના કેલવાયલા લોકો ભુલથી માનેછે તેમ "આતશની પુંજા"નો મૂર્તિપૂંજક ધર્મ નથી, પણ જરથુશ્ત્રનો ખાલેસ એક ખોદાને માનવાનો ધર્મ છે, અને બીજા કોઇબી ધર્મ કરતાં, ઇસ્લામી મહજબનેબી બાદ નહીં કરતાં, જુના તથા નવા તેસ્તામેંટમાં જણાવેલી એક ખોદાની આરાધના તેને વધુ નજદીક મલતી છે, અને વળી તેમાં નીતીના જે કાનુનો છે, તે બીજા ધર્મોમાંના કોઇનાબી કરતાં, ઘણો હોકાર મચાવી રહેલા ખ્રીસ્ત ધર્મ કરતાંબી ઘણાજ ઉંચા છે. આજના જમાનાના આગેવાન પારસી ધર્મગુરૂઓને પોતાનાં પવિત્ર લખાણોને જાલવી રાખી તેમનો અભયાસ કરવા માટેજ નહીં, પણ યુરોપ્યન વિદ્વતાનાં સરસ પરિણામો સ્વિકારવાની તેમની દીલસોજી માટે વખાણ ઘટે છે. આપણા પશ્ચિમના વિદ્વાનોનાં પુસ્તકોની કીંમત મુંબઇના દસ્તુરો તથા હેરબદો જેટલો બુજે છે એટલી બીજું કોઇ બુજતું નથી. એનો એક જાણવા જોગ દાખલો અમારી આગળ રજુ થયલું પુસ્તક છે. અવસ્તાના મોટા ભાગનો તરજુમો પારસીઓ પોતે પોતાની શકિતથી તેમની હાલની સ્વભાષા ગુજરાતીમાં કરી ચુકયા છે. પણ યુરોપ્યન વિદ્વતાની શોધો અને પરિણામો વધુ સોંઘા આકારમાં રજુ કરી શકે એવો તરજુમો આપવાની જરૂર વિચારવામાં આવી હતી. એટલા માટે અમે થોડાંક અઠવાડયાં આગમચ જાહેર કરવા મુજબ લુવેનવાળા પ્રોફેસર ડી હારલેનો ફ્રેંચ તરજુમો પસંદ કરવામાં આવ્યો હતો; અને એ અગતનાં પુસ્તકના પેહેલા ભાગનો ગુજરાતી તરજુમો ૨૦૦ સફાનાં "ઓકતેવો" કદનાં પુસ્તકમાં હાલ બાહાર પડયો છે. તરજુમો કરનાર મી૦ મેહેરજીભાઈ પાલનજી માદન એક હેરબદ અથવા અએથ્રપત (એટલે "અએથ્રપઇતિ" જેનો બોલે બોલ અર્થ આતશનો ગુરૂ થાય છે, જે પારસી ધર્મગુરૂઓની એક પંકતી છે) અને સર જમશેદજી જીજીભાઈ કાલેજનો એક આગલો વિદ્યાર્થી છે. આ જાણવા લાયક પુસ્તક માટે મુંબઈ

વાળા એ કામેલ પારસી ધર્મગુરૂને કે લુવેનના વિદ્વાન અને અથાગ પ્રોફે-સરને ઓળખાણથી ઘટે છે તે કહેવું મુશ્કેલ છે. અમે ઉમેદ રાખિયે છિયે કે. પારસી ધર્મશાસ્ત્રના બાકીના ભાગોના તરજુમો પણ કબુલાત મુજબ જલદી બાહાર પાડવામાં આવશે.

ડાકટર એલ. કેસારતેલી.

મનચેસ્તર. જાનેવારી ૧૮૮૬.

પ્યારા સાહેબ,

તમારી મેહેરબાંનીભરી વન્દિદાદના ગુજરાતી તરજુમાની ભેટ માટે હું તમારો ઘણો આભારી થયોછું, અને હું જેટલે સુધી તેને તપાસી શકયોછું, એટલે સુધી હું ધારૂંછું કે, તમારો તરજુમો તમારા સ્વદેશીઓને ઘણો ઉપયોગી થઈ પડશે. એ ગુજરાતી તરજુમો પારસીઓને વન્દિદાદનું અસલ લખાણ સમજવા માટે ઘણો મદદગાર થઈ પડશે. એ લખાણનો ઘણો ભાગ સેહેલો છે, પણ તેમાં કેટલાક મુશ્કેલ ભાગોબી છે, જેને માટે તરજુમાઓ કરનારની બાહોશી ઘણાક વરસો સુધી રોકાવી જોઈશે, કારણ કે ગ્નાનની હાલની હાલતમાં તેમના અર્થ માત્ર અટકલથીજ નક્કી થઈ શકે. જ્યાં અસલ લખાણ ખામી ભરેલું હોય—કે જેમ કેટલેક ઠેકાણેનું લખાણ ખચીત છે, ત્યાં ઈરાનમાંથી કોઈ સ્વતંત્ર હસ્તકૃત લખાણ મલવાથી ભવીષ્યની રોશણી પડવા માટે આપણે ઉમેદ રાખીશું. પણ માત્ર અટકલથી કામ લેવું જોખમ ભરેલું છે, અને હંમેશ નવીજ અટકલ સરસ હોતી નથી.

પારસીઓએ અને મુખ્ય કરી ધર્મગુરૂઓએ યુરોપયનોએ તૈયાર કરેલા તેમના ધરમની કેતાબોના તરજુમાઓથી, તેમાં સુચવેલા જુદા જુદા ખુલાસાઓ ધ્યાનમાં લેવા સારૂ, વાકેફગાર રેહેવું જોઇએ છે. એકજ ફકરાની જુદા જુદા કેવા અર્થ થાય છે તે તેઓ ત્યારેજ જોઇ શકશે. પણ કોઈ નવો બિચાર સ્વીકારતી વખતે સંભાલ રાખવી કે, તે પુરતી રીતે પુરવાર થયલો હોય અને બીજી બેશક ગણાતી વીગતોથી ઉલટો જતો ન હોય. હંમેશ યાદ રાખવું કે એક નવી સુચણા કરનાર પોતાની તકરારોનો અપક્ષપાત ન્યાયાધીસ હોતો નથી, અને કોઈબી સવાલને, તેમની આગમચ થઈ ગયલાઓના અભીપરાયને બદલેની પોતાની અટકલ રજુ કરવા

આગમચ. જેમ સઘળી બારદુઓથી તપાસવો જોઇએ, તેમ વિદ્વાનો સુધાં થોડાંજ માણસો તપાસે છે —સારી ઇચ્છાઓ સાથે. ઇત્યાદી.

ઈ. ડબલયુ. વેસ્ત.

મ્યુનીચ, જરમની, તા૦ ૨૭ જુન.

મુંબઇ વાલા પેલા વિદ્વાન અએરપત જેણે ઊગમન તરફની ભાષાઓના મેલજીક વિદ્વાન મો. ડી હાર્લેના તમામ પુસ્તકનું જ્ઞાન પારસીઓને આપવાને માથે લીધું છે, તે પોતાનાં કામમાં ઝડપથી આગળ વધ્યો જાય છે. યજશ્નેનો તરજુમો આખો પ્રગટ કરવા પછી, થોડા મહિનામાં તમામ વન્દિદાદનું બીજું પુસ્તક તેણે બાહાર પાડયું છે. આ પુસ્તક પણ આગળાં પુસ્તકના જેવીજ બાહોશી અને કાબેલ્યત બતાવે છે; અમે એ વિદ્વાન કર્તાને મુબારકબાદી આપિયે છિયે. તદન બીનસ્વાર્થિ નેમ અને વિદ્યાને લગતી આતુરતાથી તેણે એ શ્રમ માથે લીધું છે, અને તે માટે તેને આપણે સાબાશી આપ્યા વિના ચાલતું નથી. પોતાના સ્વદેશીઓને યુરોપ્યન વિદ્યાનાં ઉત્તમ પુસ્તકોનો લાભ કેમ આપવો મી૦ મેહેરજીભાઇએ તેની સારી રીત શીખવી છે, અને તેમની ખરી સેવા બજાવી છે. મોટા તફાવતે છુટા પડેલા અને બીજો કાંઇબી સંબંધ નહીં ધરાવનારાઓને વિદ્યા કેવી રીતે સાથે જોડે છે, તે એ ઉપરથી માલમ પડે છે.

પ્રોફેસર જે. ડી. ગરૂતરસ.